હિંદુસ્તાનનો ઈતિહાસ

ભાગ પેહેલો.

(મુસલમાન અને મરેઠી રાજ્યનું વર્ણન.)

ગુજરાતી અને ઇંગ્રેજી નિશાળના વિદ્યાર્થીઓને માટે.

ત્રીજી આવૃતિ.

મુંબઈ,

ધી રીપન પ્રીનટિંગ પ્રેસમાં છાપ્યું.

૧૮૮૬.

કિંમત ત્રણ આના.

હિંદુસ્તાનનો ઈતિહાસ.

પ્રકરણ ૧ લું

હિંદુસ્તાનનું અસલ નામ ભરતખંડ અને તેથી પણ જુનું નામ આર્યાવર્ત છે. અસલના વારામાં એ દેશના લોકો બહુ સુશીલ, ભલા, એક એકના મિત્ર, અને સત્ય બોલનારા હતા. દેશ પણ બહુ રસાળ હતો, તથા લોકો પણ પૈસે ટકે સુખી હતા. હિંદુસ્તાનમાં દોલત ઘણી છે એવું સાંભળીને દુર દેશના રાજાઓ એ દેશ લલચાઈને લૂટવા આવતા. મુસલમાનોએ એ દેશ જીતી લીધો તે પેહેલાં ઈરાનના બાદશાહ દારાયસે ઈ. સ પૂર્વે ૫૧૮ માં હુમલો કરીને સિંધુ નદીને કાંઠે આવેલો મુલક જીતી લીધો હતો. તેના પછી માસિદનના શેહેનશાહ અલેકઝાન્ડર અથવા સિકંદરે પંજાબના હાકેમ પોરસને સતલજ નદીને કાંઠે હરાવ્યો ને પંજાબનો કેટલોક ભાગ જીતી લીધો—ઈ. સ. પૂર્વે ૩૨૭. પોરસ કેદ પકડાયો પણ તે પોતાના દેશના બચાવને માટે લડયો હતો, તેથી તેને ઘણું માન આપીને સિકંદરે તેનું રાજ પાછું સોંપ્યું.

સિકંદરના મરણ પછી તેના રાજ્યના ભાગ થયા. તેમાંનો મોટો ભાગ સેલ્યુકસ નામે તેના એક સરદારને મળ્યો. એ સરદારે મગધ અથવા બહાર પ્રાંતના રાજા ચંદ્રગુપ્ત સામે સ્વારી કરી, પણ કંઈ ફાવ્યું નહીં ત્યારે તેની સાથે સલાહ કીધી. ચંદ્રગુપ્તનું વંશ મૌર્ય વંશને નામે ઓળખાય છે. ચંદ્રગુપ્તના પૌત્ર અશોકના વખતમાં બોધ ધર્મનો ફેલાવો ઘણો થયો હતો. ત્યાર પછી ઘણે વરસે મુસલમાનોએ ઉપરા સાપરી હુમલા કરવા માંડયા અને એ પ્રમાણે મુસલમાન રાજ્યનો પ્રવેશ હિંદુસ્તાનમાં થયો.

ઈ. સ. ૭૧૨ માં આરબ લોકોએ બસરાનાં સૂબાના સરદાર મહમદ કાસમની સરદારી તળે સિંધ પ્રાંત જીતી લીધો. ત્યાંનો રજપૂત રાજા દાહીર માર્યો ગયો, ને તેની રાજધાની દેવલનગર (કરાંચી) લુંટાઇ, ને ત્યાંની વસ્તીનો નાશ થયો. મહમદ કાસમને ઈ. સ. ૭૧૪ માં ખલીફે પાછો તેડાવ્યો, અને રીબાવીને મારી નાંખ્યો, ત્યારથી આરબોએ સિંધ પ્રાંત ખોઈ દીધો.

ઘઝનવી વંશ.

દશમી સદીની શરૂઆતમાં મધ્ય એશિઆમાં બુખારામાં સામાનીસ વંશનું રાજ્ય હતું. એમાંના એક રાજાના ગુલામ અલપ્તગીને ઘઝનીમાં સ્વતંત્ર રાજ સ્થાપ્યું. તેની પછી તેનો જમાઇ સબકતગીન ગાદીએ બેઠો. તેના મરણ પછી તેનો દીકરો મહમૂદ ગાદીએ બેઠો.

મહમુદ ઘઝનવી ૯૯૭–૧૦૩૦ સુધી.

એ ૯૬૭ માં જનમ્યો હતો. એના બાપનું નામ સબકતગીન હતું. એ ઘણો બહાદૂર તથા લોભી હતો. એ વિદ્યા તથા ખેતીવાડીને ઉત્તેજન આપતો. પણ હિંદુસ્તાનમાં ઘણી દોલત છે તે મેળવવા માટે તથા ત્યાંના લોકો મુર્તિપુજક ધર્મ પાળે છે તેનો નાશ કરી મુસલમાની ધર્મ ફેલાવવાના ઇરાદાથી તેણે હિંદુસ્તાન પર બાર સ્વારી કરી.

પહેલી સ્વારી ઇ. સ. ૧૦૦૧:—મહમદે ૧૦૦૦૦ વીણી કાઢેલા સ્વારો લઇને પેશાવરની નજદીક લાહોરના જેપાલ રાજા ઉપર સ્વારી કરી, ને તેને હરાવ્યો. એ રાજાને આગળ સબકતગીને હરાવ્યો હતો અને આ વખતે મહમદે હરાવ્યો તેથી તે પોતાની આબરૂ જતી રહી એમ સમજી પોતાને હાથે ચેહ ખડકી બળી મુઓ.

બીજી સ્વારી ઈ. સ. ૧૦૦૪ :—આ લડાઈમાં મહમદે ભાટીઆના રાજા વિજયરાયને મુલતાનની પાસે હરાવ્યો.

ત્રીજી સ્વારી ઈ. સ. ૧૦૦૫ :—મહમદે મુલતાનના સરદાર અબ-દુલ ફાટેહોદીનને હરાવ્યો.

ચોથી સ્વારી ઈ. સ. ૧૦૦૮–૯ :—આ સ્વારીમાં મહમદને અટ-કાવવાને લાહોરનો રાજા અનંગપાલ પોતાના મોટાં લશ્કર સહીત દિલ્હી, કનોજ, ઉજ્જન, ગ્વાલયર, કલીંજર, અને અજમેરના રાજાને લઇને આવ્યો. અને લડાઇ થઇ તેમાં બંને તરફવાળાનાં ઘણાં માણસ મરણ પામ્યાં પણ કોઇની પૂરેપૂરી ફતેહ થઇ નહીં. એટલામાં અનંગપાળનો હાથી આગના ગોળાથી ચમકયો ને પોતાના સ્વારને લઇ લડાઇના મેદાન-માંથી નાઠો. આ ઉપરથી એના લશ્કરે એમ ધાર્યું કે અનંગપાળ પોતાનો જીવ બચાવવાને નાઠો હશે તેથી તેઓમાં ફુટ પડી અને સઘળા જીવ લ-ઇને નાઠા. મહમદના લશ્કરે તેમની પછવાડે જઇને તેમનામાંના ઘણા-કને મારી નાંખ્યા. ત્યાંથી મહમદ નગરકોટ ગયો, ત્યાંના દેરાંનો નાશ કર્યો, અને તેમાંથી પુષ્કળ દ્રવ્ય મેળવ્યું.

પાંચમી સ્વારી ૧૦૧૦ :—આ વખતે મહમદે મુલતાન હાથ કીધું.

છઠી સ્વારી ઈ. સ. ૧૦૧૪ :—મહમદે જમના અને સરસ્વતી વચ્ચે આવેલા થાનેશ્વરના દેરાં ઉપર લુટ ચલાવી. એ સ્વારીમાં પણ તેણે સોનું રૂપું ઘણું મેળવ્યું.

સાતમી અને આઠમી સ્વારી ઈ. સ. ૧૦૧૫ :—મહમદે કાશ્મીરપર બે વાર સ્વારી કીધી; પણ બંને વખત માર ખાઇ પાછું હઠવું પડ્યું.

નવમી સ્વારી ઈ. સ. ૧૦૧૮–૧૯ :—આ વખતે મહમદ ૧૦૦૦૦૦ ઘોડેસ્વાર તથા ૨૦૦૦૦ પાયદલ લઇને પેશાવરથી નિકળ્યો અને પંજા' ઓળંગી કનોજ આવી પોહોંચ્યો. તે કાળે હિંદુસ્તાનના દેશી રાજાએ

કનોજ ઘણું ચઢીઆતું ગણાતું હતું. ત્યાંનો રાજા પોતાને હિંદુસ્તાનનો શેહેનશાહ કેહેવડાવતો હતો. એ લડાઇ કર્યા વિના મહમદને તાબે થયો. મહમદ ત્રણ દિવસ ત્યાં રહ્યો ને કાંઈ નુકશાન કર્યા વગર પાછો ફર્યો. અહિંથી નિકળી મહમદ હિંદુઓના દેવ કૃષ્ણની જન્મ ભૂમી મથુરા તરફ ગયો અને ત્યાંની સોના તથા ઝવેરથી મઢેલી મૂર્તિનો નાશ કરી સઘળો ખજાણો ઊંટપર લાધી તથા ૫૩૦૦૦ કેદીઓ પકડી ઘિજની ગયો. ત્યાં તેમને બબે રૂપીએ વેચ્યા.

દશમી અને અગીઆરમી સ્વારી ઇ. સ. ૧૦૨૨-૨૩ :—કનોજનો રાજા લડયા વિના તાબે થયો માટે કલીંજરના રાજાએ તેનાપર સ્વારી કરી તેને માર્યો. આ સાંભળી મહમદે કલીંજરના રાજ્ય ઉપર ચઢાઇ કરી અને તે રાજાને હરાવ્યો.

બારમી સ્વારી ઇ. સ. ૧૦૨૪ :—આ છેલ્લી સ્વારી મહમદે ગુજરાતમાં સોમનાથના દેરાં ઉપર કરી. અજમેરથી નિકળી ગુજરાતની અસલી રાજધાની અણહિલવાડ સૂધી વગર અટકાવે મહમદ આવી પોહોંચ્યો. આ દેરાંનો બચાવ કરવાને જે રજપૂત રાજા તથા ગુજરાતના મુખ્ય સરદારો આવ્યા હતા તેમાં ચામુડનો પાટવી કુંવર વલભસેન તથા તેનો ભત્રિજો ભીમદેવ મૂખ્ય હતા. એ લડાઇ ત્રણ દિવસ સૂધી ચાલી તેમાં આખરે રજપૂતો હાર્યા; અને મહમદે દેરાંમાં પેસી મૂર્તિનો નાશ કર્યો. પાછા ફરતી વખતે જે રસ્તે મહમદ હિંદુસ્તાનમાં આવ્યો હતો તે રસ્તો ભીમદેવ એક મોટાં લશ્કરસાથે ઘેરી બેઠો હતો તેથી તેને સિંધુની પૂર્વના રેતીના મેદાનને રસ્તે જવું પડયું. એ મેદાનમાં પાણીની તંગાસને લીધે તેનાં હજારો માણસો મરી ગયાં. એ રીતે બાપડા હિંદુઓને મારી નાંખવા જે મુસલમાનો હોંસે હોંસે આવ્યા હતા તેઓ ખરે પોરે પાણી વિના તરફડી તરફડીને મુઆ. મહમદ ફરીથી હિંદુસ્તાનમાં

આવ્યો નહીં, પણ ઇરાન જીતી લીધા પછી થોડેક દહાડે ૬૩ વરસની ઉમરે મરણ પામ્યો—ઈ. સ. ૧૦૩૦. પોતે એકઠી કરેલી દોલત જોઇને એને ઘણું રડવું આવ્યું.

એણે ગિઝનીમાં એક મદ્રેસા સ્થાપી હતી. એના વખતમાં શાહાનામાનો બનાવનાર ફીરદુશી વગેરે બીજા વિદ્વાનો થઇ ગયા. એને "આઇકોનો કલેસ્ટ" એટલે મૂર્તિનો તોડનાર કહે છે. એણે એક મસીદ બંધાવી હતી, જેને "સીલેસચિઅલ બ્રાઇડ" કહેતા.

મહમદના વંશજો:—સુલતાન મહમદના મરણ પછી એના વંશમાં કુસંપ ચાલવાથી એણે જે જગાઓ જીતી લીધી હતી તે સઘળી હિંદુ રાજાઓએ પાછી હાથ કરી લીધી. એ વંશનો છેલ્લો રાજા ખુશરૂ લાહોરમાં રાજ કરતો હતો. તેના ઉપર મહમદ ઘોરીએ ચઢાઇ કરી તે રાજ જીતી લીધું.

ઘોરી વંશ* ૧૧૭૩ થી ૧૨૦૫.

મહમદ ઘોરી ૧૧૭૩-૧૨૦૫.

એણે બેરામના દીકરા ખુશરૂને લાહોરમાંથી હાંકી કાઢયો અને તે રાજ પોતાને હાથ કર્યું. એ ઈ. સ. ૧૧૭૩માં ગીજનીની ગાદીએ બેઠો. ત્યાર પછી તણે મુલતાન તાબે કર્યું ને ગુજરાતપર ચઢી આવ્યો-ઇ. સ. ૧૧૭૮-પણ બાળમૂળરાજના કાકા ભીમદેવે તેને હરાવી પાછો કાઢયો. ૧૧૯૧ માં મહમદ ઘોરીએ અજમેર ઉપર ચઢાઇ કીધી પણ ત્યાંના રાજા પૃથુરાજે

* અફગાનીસ્તાનની ઉતરે આવેલાં ઘોર પ્રગણામાં મહમદ ઘોરી જન્મ્યો હતો તેથી એ વંશનું નામ ઘોરીવંશ પડયું.

તેને પાનીપત આગળ હરાવ્યો. પછી રજપૂતો માંહોમાંહે લડીને કમજોર થઇ ગયા હતા તેવામાં સને ૧૧૯૩માં મહમદ એક વધારે બળવાન ફોજ લઇને પાછો આવ્યો, પછી થાનેશ્વર આગલ લડાઇ થઇ તેમાં પૃથુરાજ હાર્યો અને માર્યો ગયો. પછી કુતબુદ્દીન નામે તેના ગુલામને હિંદુસ્તાનનો સૂબો ઠરાવી તે સ્વદેશ ગયો. એ સૂબાએ દિલ્હીમાં રાજધાની કરીને બીજાં શેહેરો જીત્યાં. ૧૧૯૪ માં મહમદ ઘોરીએ આવી કનોજના રાજા જયચંદરાયને હરાવી, તેનો દેશ જીતી લીધો, ને કાશી જઇ ત્યાંનાં દેહેરાં ભાંગી તથા શિવલિંગો અને મૂર્તિઓને તોડી શેહેરો અને ગામડાં લૂટ્યાં. મહમદ ઘોરીએ સુલતાન મહમદની માફક નવ વખત હિંદુસ્તાન પર ચઢાઇ કીધી. છેલ્લી સ્વારી પછી ઘિજની તરફ પાછો ફરતાં તે સિંધુ નદીને કાંઠે છાવણી નાંખી સૂતો હતો તે વખતે પંજાબની ઉત્તર તરફના પાહાડોની એક ગક્ખર જાતની ટોળી તેના તંબુમાં પેઠી અને ચોકીવાનને મારી તેને મારી નાંખ્યો-ઇ. સ. ૧૨૦૫.

ગુલામી વંશ ૧૨૦૬ થી ૧૨૯૦.

કુતબુદ્દીન ૧૨૦૬-૧૨૧૦.

એ ગુલામી વંશનો પેહેલો બાદશાહ હતો. નીસાપુર નામે ઇરાનમાં એક શેહેર છે. ત્યાંના રહેવાસીનો એ ગુલામ હતો. એ ઘણો ચંચળ માલમ પડવાથી એના ધણીએ એને વિદ્યા તથા હુનરમાં સારી તાલીમ આપી હતી. એના ધણીના મરણ પછી એને શાહબુદ્દીન ઘોરીએ વેચાતો લીધો, અને એ ઘણો વફાદાર, વિશ્વાસુ, તથા હિંમતવાન માલમ પડવાથી તે ધીમે ધીમે મોટી પદવીએ ચડાવ્યો, તથા પોતાને કાંઇ પુત્ર ન

હતો તથી તને પોતાનો છોકરો કરી લીધો, કુતબુદ્દીન ઘણો ઉદાર, પ્રમાણીક અને દયાલુ હતો. શાહબુદ્દીન જીવતો હતો તે વખતમાં તેણે અજમેર જીતી લીધું હતું. તથા ગવાલિયરનો કિલ્લો લાંબી મુદત સુધી ઘેરો ઘાલીને લીધો હતો, તથા ગુજરાતમાં પેસી અણહિલપુર લીધું હતું. એણે દિલ્હીમાં એક મિનારો બંધાવ્યો તેને કુતબમિનાર કહેછે. એ ૧૨૧૦માં મરણ પામ્યો. એની પછી એનો છોકરો આરામ ગાદીએ બેઠો.

આરામ ૧૨૧૦–૧૨૧૦.

એ ઘણો નબળો હોવાથી એના વખતમાં દરેક ઠેકાણે બળવા ઉઠયા. એનો બનેવી અલ્તમસ એને ગાદીએથી ઉઠાડી મુકી પોતે બેઠો.

અલ્તમસ ૧૨૧૦–૧૨૩૫.

એ એક તુર્કિ ગુલામ હતો. એ ઘણો હિમતવાન હોવાથી આગળે જતાં મોટી પદવીએ ચઢયો, અને કુતબુદ્દીને પોતાની છોકરી સાથે એને પરણાવ્યો. એણે બંગાલા, બ્હાર, ગ્વાલ્હેર, તથા ઉજ્જન જીતી લીધાં, અને વિક્રમ રાજાનું બાવલું ભાંજી નાંખ્યું. જંઘીસખાં નામનો તુર્કિ લોકનો સરદાર એના વખતમાં ઇ. સ. ૧૨૧૭ માં એક જબરી ફોજ લઇ સિંધુ નદીનો સઘળો મુલક ઉજડ કરતો વધી આવ્યો. અલ્તમસ ૧૨૩૫ માં મરણ પામ્યો પછી એનો છોકરો રૂકનુદીન ગાદીએ બેઠો.

રૂકનુદીન ૧૨૩૫–૧૨૩૬.

રૂકનુદીન માઠી ચાલનો રાજા હતો. એણે માત્ર સાત મહિના રાજ કર્યું એટલામાં એની બેન રજીઆ બેગમે એને ગાદી ઉપરથી ઉઠાડી મુકયો.

રજીઆબેગમ ૧૨૩૬-૧૨૩૯.

એ ઘણી ખુબસુરત, ભણેલી અને ચાલાક સ્ત્રી હતી. એણે કેટલાએક દીવસ સુધી પોતાનું રાજ બહાદુરીથી ને વાજબી રીતે ચલાવ્યું, પણ પાછલથી જમાલ નામના ગુલામ સાથે પ્યારમાં પડવાથી એના રાજમાં બખેડા થયા અને એક અલતુન્યા નામના તુર્કિ સરદારે તેને કેદ કરી; પણ જયારે તેની સાથે પરણવાનો કોલ આપ્યો ત્યારે તે સરદારે તેને છોડી મુકી. ઇ. સ. ૧૨૩૯ માં એના ભાઇ બેહરામે એને પાછી કેદ પકડી મારી નખાવી.

બેહરામ ૧૨૩૯-૧૨૪૧.

એ બેઅકલ ને તામસી, તથા નબળો અને ઘાતકી રાજા હતો, ઇ. સ. ૧૨૪૧ માં મોગલ લોકોએ લાહોર ઉપર હુમલો કર્યો, તેઓને કાઢવાને એણે લશ્કર મોકલ્યું, તેણે બંડ કરી એને મારી નાખ્યો.

મસુદ ૧૨૪૧-૧૨૪૬.

એ રૂકનુદીનનો છોકરો હતો અને ઘણો ઘાટકી તથા નઠારી ચાલનો હતો. એના વખતમાં મોગલ લોક બે વાર ચઢી આવ્યા, પણ તેમને એણે હાંકી કાઢયા. ઇ. સ. ૧૨૪૬ માં નાશરૂદીન મહમદ તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકી પોતે બેઠો.

નાશરૂદીન ૧૨૪૬-૧૨૬૫.

આ સુલતાન સદગુણી હતો. એ વિદ્યાને ઉત્તેજન આપતો, પોતાની તનો બચાવ કરતો, ને ગરીબનો મિત્ર હતો. એ પોતાનો સઘળો ત અભ્યાસ કરવામાં ગુજારતો. ગ્યાસુદીન બલબન એનો મુખ્ય

પ્રધાન હતો. એના રાજનો સઘળો વહીવટ એજ ચલાવતો હતો. નાશરૂદ્દીન પોતાના વજીરની છોકરી સાથે પરણ્યો હતો. એ એક મોટા રાજનો ધણી હતો તે છતાં પોતાનો સઘળો ખરચ ચોપડી લખી ચલાવતો અને કોઇ ચાકર નહીં રાખતાં પોતાના ઘરનો સઘળો વહીવટ પોતાની સ્ત્રી પાસે કરાવતો હતો.

ગ્યાસુદીન બલબન ૧૨૬૫-૧૨૮૭.

નાશરૂદ્દીન મહમદના વખતમાં એણે ઘણી સારી રીતે રાજ્ય ચલાવ્યું હતું. તેથી નાશરૂદ્દીનના મરણ પછી ઉમરાવોએ એને ગાદી આપી. એ અલ્તમસનો ગુલામ ને જમાઇ હતો. તુર્ક ઉમરાવો નજરમાં આવે તેને ગાદીએ બેસાડતા ને ઉઠાડતા તેઓની સત્તા એણે તોડી. તાતાર લોકના હુમલાથી જે રાજા રાજ છોડી દઇ નાશી ગયા હતા તેઓ દીલ્હીમાં આવી એને આશરે રહ્યા હતા. એની દરબારમાં અમીર ખુશરૂ વિગેરે બીજા મોટા કવીઓ અને વીદ્વાનો હતા. મેવાડના રજપુતો એની સામે થયા માટે એણે તેઓમાંના એક લાખ માણસોને મારી નાંખ્યા. બંગાળાના હાકેમ તોગ્રલે બળવો કીધો હતો તે એણે સમાવ્યો. એનો પાટવીકુંવર મહમદ જે વિદ્વાને આશરો આપતો તે પંજાબમાં મોગલ લોકની સામે લડતાં માર્યો ગયો, એ દુખથી સુલતાન પોતે ૮૦ વર્ષની ઉમ્મરે ઇ. સ. ૧૨૮૭ માં મરણ પાંમ્યો. એણે પોતાના પાટવીકુંવર મહમદના છોકરા કેખુશરૂને પોતાની ગાદી સોંપી હતી.

કેકુબાદ ૧૨૮૭ ૧૨૯૦.

ગ્યાસુદ્દીને કેખુશરૂને રાજ આપવાને કહયું હતું તે છતાં ઉમરાવો ગ્યાસુદ્દીનના બીજા છોકરા બઘ્રાખાન જે બંગાળાનો સુબો હતો

છોકરા કૈકુબાદને ગાદીએ બેસાડયો. એ ઘણો આળસુ અને ખરાબ લતમાં પડયો હતો. એણે પોતાના પિતરાઈ ભાઈને મારી નખાવ્યો. એણે પોતાનું રાજ પોતાનાં વજીર નીજામુદ્દીનને સોંપ્યું હતું. તે લોકો ઉપર ઘણો જુલમ ગુજારતો અને જેઓ એની સામે થતા તેઓને મારી નાંખતો. એ વજીરે પાદશાહને ખોટું સમજાવીને તેના બાપ બકારાખાન સાથે કજયો કરાવ્યો ને તેની સાંમો લડવા મોકલ્યો, પણ તેઓએ સલાહ કરી. પછી તે વજીરને કૈકુબાદે ઝેર દઈ માર્યો. કૈકુબાદ ગુલામી વંશનો છેલ્લો પાદશાહ હતો. એના વખતમાં એટલે ઈ. સ. ૧૨૯૦માં જલાલુદ્દીન ખિલજી જેને એ બાદશાહે પાછળથી પોતાનો વજીર કીધો હતો તે આ સુલતાનને તથા તેના છોકરાને મારી નાંખી ગાદીએ બેઠો.

ખીલજી વંશ ૧૨૯૦-૧૩૨૦.

જલાલુદીન ખીલજી ૧૨૯૦--૧૨૯૫.

એ ખિલજી વંશનો પેહેલો બાદશાહ હતો. એને ફીરોજશાહ પણ કહેતા. અલાઉદ્દીન નામે એક શુરો પણ દુષ્ટ સરદાર એનો ભત્રિજો થતો. એ સરદારે બુદેલખંડ તથા માલવામાં ગડબડ મટાડી ત્યાં સારો બંદોબસ્ત કર્યો તેથી સુલતાને એને અયોધ્યાનો સુબો બનાવ્યો. જલાલુદીનનાં વખતમાં મોગલો દીલ્હીના ઝાંપા સુધી ચઢી આવ્યા પણ તેમને એણે હાંકી કાઢયા હતા. અલાઉદ્દીન ૮૦૦૦ ચિગુ ચઢેલા સ્વારો લઈ નર્મદા નદી ઓલંગી દેવગિરી જેને હમણા દોલતાબાદ કહેછે ત્યાં ગયો અને તેના રાજા રામદેવને તાબે કીધો. તેની કનેથી ઈલીચપુર શેહેર તથા પુષ્કળ ધન લઈ એ દીલ્હી પાછો ફર્યો. જલાલુદીન થોડા સ્વારો સહીત સામો ભેટવા ગયો એટલે તે દુષ્ટ ભત્રિજાએ દગાથી તેને મારી નાંખ્યો. આ ખબર

સાંભળતાં તેની બેગમે પોતાના બાળકુંવર ઇબ્રાહીમની દુવાઇ ફેરવી. પણ અલાઉદ્દીન બાદશાહનો ખિતાબ ધારણ કરી તેની સામો થયો ને તેને તથા બેગમને દગાથી પકડી મંગાવી નિર્દયપણે મારી નખાવ્યાં.

અલાઉદ્દીન ૧૨૯૫-૧૩૧૫.

એ સ્વભાવે જંગલી ને ઘાટકી હતો. એને ખુની પણ કહેતા. એના વખતમાં મોગલોએ સાત વાર હુમલા કર્યા. લડાઇઓમાં જે મોગલો પકડાતા તેને એ મારી નખાવતો. ઇ. સ. ૧૨૯૭ માં એણે ગુજરાત પર ચઢાઇ કરીને તેની રાજધાની અણહીલવાડનો નાશ કીધો. ત્યાંનો રાજા કરણ નાશી ગયો અને તેની રાણી કમળાદેવી જે હિંદુસ્તાનમાં સર્વથી ઘણી ખુબસુરત ગણાતી તેની જોડે એણે પાછલથી લગ્ન કર્યું. આ રાણીની છોકરી દિવાળી દેવી દક્ષિણમાં અલીફખાંની સ્વારીમાં પકડાઇ તેને અલાઉદ્દીને પોતાના વડા છોકરા ખિજરખાં સાથે પરણાવી. ખંબાતમાંથી અલાઉદ્દીને કેટલાક ગુલામો પકડયા હતા તેમાં એક ઘણો રૂપાળો ને બુધિવાન કાફુર નામે હતો, તેને અલાઉદ્દીને પોતાનો વજીર કીધો. સુલતાનનો ભત્રિજો સુલેમાન, બાદશાહને મારી ગાદીપતિ થવાની કોશેશમાં નિષ્ફળ થયો ને આખરે પોતેજ અલાઉદ્દીનના હાથથી માર્યો ગયો. એણે ઇ. સ. ૧૩૦૩ માં ચિતોડ હાથ કર્યું અને તેના રાજાને કેદ કીધો. ઇ. સ. ૧૩૧૫ માં એના વજીરે એને ઝેર દઇ મારી નાંખ્યો.

ઉમર ૧૩૧૫-૧૩૧૬.

કાફુરે અલાઉદ્દીનના નાની વયના ચોથા છોકરા ઉમરને ગાદી સોંપીને તેને નામે પોતે રાજ ચલાવવા માંડયું. જે બે શાહજાદાને તેણે કેદ કર્યા હતા તેમની આંખો ફોડીને ત્રીજા મુબારકનો જીવ લેવાને મારા મોકલ્યા

પોતાના બધાં રત્નો ને ઘરેણાં એ મારાને આપી તેમનાથી મુબારક બચ્યો. પછી તેજ ખુની લોકોએ કાફુરને મારી નાંખ્યો અને મુબારકે રાજ્યનો કબજો લીધો.

મુબારક ૧૩૧૬-૧૩૨૦

એણે પોતાના નાના ભાઈ ઉમરની આંખો ફોડી નખાવી અને જેની મદદથી પોતાને ગાદી મળી હતી તેઓને મારી નખાવ્યા. ખુશરૂખાં નામનો એક વટલેલ હીંદુ જે જાતે ઢેડ હતો તેને એણે પોતાનો વજીર કીધો. મુબારકે દક્ષિણ ઉપર સ્વારી કરી અને રામદેવના જમાઈ હરપાળને પકડી તેની જીવતાં ચામડી ઉતારી નખાવી. એ વિષઈ હતો અને મોજશોખમાં મચ્યો રહેતો તેથી તેના રાજમાં ઘણા બળવા થયા. એનો વજીર ખુશરૂખાં કેટલાક હથીઆરબંધ માણસો લઈ તેના સુવાના ઓરડામાં દાખલ થયો અને તેને તથા અલાઉદીનના પાદશાહી કુટુંબના એકેએક મરદને મારી નાખી પોતે ગાદીએ બેઠો—ઈ. સ. ૧૩૨૦. પણ તેજ વર્ષમાં ઘાજીખાં તઘલખ નામના પંજાબના હાકેમે ખુશરૂને મારી નાખ્યો.

તઘલખવંશ ૧૩૨૦ થી ૧૪૧૨.

ઘાજીખાં તઘલખ ૧૩૨૦-૧૩૨૫.

ખુશરૂના મરણ પછી ખિલજી વંશનો કોઈ પુરૂષ ગાદીએ આવવાને લાયક નહીં હોવાથી ઉમરાવોએ ખુશીથી પંજાબના હાકેમ ઘાજીખાં તઘલખને સુલતાન ઠેરવ્યો. એ ગાદીએ આવ્યો ત્યારે એનું નામ ગ્યાસુદીન પાડ્યું. એણે ખેડુતનાં હકમાં લાભકારી કાયદા કાઢ્યા. ઈ. સ. ૧૩૨૫ માં બંગાળા તરફથી પાછાં ફરતાં એની ઉપર એક ડેરો તુટીથી એ મરણ પામ્યો. એ ડેરો એના દીકરા શાહજાદા મહમદે

ઉલાકયા હતા અને તે વખત પોતે હાજર નહીં હતો તેથી એવો શક આવેછે કે એમાં એનું કંઈ કાવતરૂં હશે. ગ્યાસુદીને દિલ્હી પાસે તઘલખાબાદ નામે એક કિલ્લો બંધાવ્યો હતો.

મહમદ તઘલખ. ૧૩૨૫-૧૩૫૧.

એ ઉદાર, ચતુર, ને ભણેલો હતો. પણ એની પછવાડેની વર્તણુક એક ઘેલા માણસ સાથ સરખાવી શકાય એવી હતી. માળવાનો સૂબો એ બાદશાહનો ભત્રિજો થતો હતો, તેની એણે જીવતાં ચામડી ઉતારી નખાવી. એના રાજમાં જગે જગ બંડ થયાં તે એ સમાવી શકયો નહીં. એણે ઇરાન અને ચીન દેશ ઊપર હુમલો કરવા સારૂ એક લાખ માણસનું લસ્કર મોકલ્યું પણ હીમાલય પર્વત ઓળંગતાં સઘલાનો નાશ થયો. એણે પોતાની રાજધાની દિલ્હીમાંથી ફેરવી દક્ષિણે દોલતાબાદમાં લઇ જવાનો ઠરાવ કર્યો, અને પોતાની રૈયતને ત્યાં જઇ વસવાનું ફરમાવ્યું. તેથી હજારો માણસો રસ્તામાં રખડી મુઆં. જ્યારે જુલમ અને ભારે કરથી કંટાળી એની રૈયત જંગલમાં નાસી જતી ત્યારે પોતાના લસ્કર પાસે તેનો શિકાર કરાવતો. એક વખતે એનો દાંત પડી ગયો તેને બાદશાહી દબદબાથી દટાવી તે ઉપર એક કિમતી ઘોર ચણાવી. પિતળના નાણાં ચલાવવાની કોશેશ કરી તેથી પણ લોકની ખરાબી થઈ. સિંધમાં બળવાખોરોની પછવાડે જતાં ઇ. સ. ૧૩૫૧ માં ઠઠ્ઠા શેહેરમાં એ મરણ પામ્યો.

ફિરોજશાહ ૧૩૫૧-૧૩૮૮.

મહમદ તઘલખની પછી એનો ભત્રિજો ફિરોજશાહ ગાદીએ બે; એ પરોપકારી, ભોળો, અને દયાળુ હતો. શીકારોનો તેને ઘણો

હતો. સતલજ નદી ઉપર ફિરોઝાબાદ શેહેર વસાવાથી એને ફિરોઝુદીન પણ કહેતા. એણે સલાહ સંપજથી રાજકારભાર રૂડી રીતે ચલાવી પોતાની ર્યતને સુખી કરી. રૈયતના સુખને સારૂ પુલો, મસીદો, મદ્રેશા, વગેરે કેટલાંએક જાહેર બાંધકામો બંધાવ્યાં તથા ખેતીની આબાદીસારૂ નેહેરે બંધાવી. એણે પોતાના રાજમાંથી ધાતકી શિક્ષા કાઢી નાંખી. એ ઈ. સ. ૧૩૮૮ માં પોતાની ૯૦ વર્ષની ઉમ્મરે મરણ પામ્યો.

ગ્યાસુદીન બીજો ૧૩૮૮-૧૩૮૯.

એ ફિરોજનો પૌત્ર થતો હતો. રાજકાજ પ્રધાનોને સોંપી પોતે મોજશોખમાં મચ્યો રહ્યો. એવામાં શેહેરમાં બંડ ઉઠ્યું, તેમાં એ મરણ પામ્યો.

અબુબકર ૧૩૮૯-૧૩૮૯.

ગ્યાસુદીનના મરણ પછી ફિરોજનો અબુબકર નામે બીજો પૌત્ર સુલતાન થયો. એણે ઝાઝા દીવસ રાજ ભોગવ્યું નહીં. ફિરોજનો કુંવર નાશરૂદીન એને મારી ગાદીએ બેઠો.

નાશરૂદીન ૧૩૮૯-૧૩૯૨.

ત્રણ વરસ રાજ કરી એ મરણ પામ્યો. એની પછી એના છોકરા હુમાયુંએ સિકંદર નામ ધારણ કરી માત્ર ૪૫ દિવસ રાજ કર્યું. તેની પછી ફિરોજનો પૌત્ર બાજો મહમદ ઈ. સ. ૧૩૯૨ માં ગાદીએ આવ્યો.

બીજો મહમદ ૧૩૯૨-૧૪૧૨.

એ ઘણો નબળો બાદશાહ થઇ ગયો. એના વખતમાં ભારે બંડ થયાં ને બાકી રહેલા પ્રાંતોના સુબેદારો સ્વતંત્ર થયા. તૈમુર નામના એક

તુર્કિએ ઇ. સ. ૧૩૯૮ માં દિલ્હીપર સવારી કરી. મહમદશાહ ગુજરાત ભણી નાઠો, ને તૈમુર દિલ્હીમાં પેઠો. એણે પાંચ દિવસ સૂધી શેહેરમાં ભારે લૂટ અને કતલ ચલાવી. દિલ્હી શેહેર ઉજડ કરી, અને અગણિત બંધવાઓ લઇ એ પાછો ફર્યો. એવું કહે છે કે કુચ કરવામાં બંધવાઓ તરફથી એને હરકત પડી, તેથી ૧૫, વરસનાઓને રાખ્યા, બીજાઓને એણે કતલ કરાવ્યા. એના મુખ્ય શેહેરો બુખારા તથા સમરકંદ હતાં. તૈમુર ઇ. સ. ૧૪૧૩ માં સમરકંદમાં મરણ પામ્યો. તૈમુરના ગયા કેડે મહમદ ગુજરાતથી પાછો ફર્યો, ને ઇ. સ. ૧૪૧૨ સૂધી નામની બાદશાહી ભોગવી. એના મરણ પછી રાજનો અધિકાર દૌલતખાં લોદીને હાથ આવ્યો. એના હાથમાંથી ખીજરખાં નામે સૈયદે રાજ છીનવી લીધું. ઇ. સ. ૧૪૧૪.

સૈયદ વંશ ૧૪૧૪ થી ૧૪૫૦.

સૈયદ ખીજરખાં ૧૪૧૪-૧૪૨૧

તૈમુરે એને મુલતાનનો સુબેદાર ઠરાવ્યો હતો. એણે દિલ્હી જીતી લઇ સુલતાનપદ ધારણ કર્યા વિના સાત વરસ રાજ્ય કર્યું, તેટલો વખત ખાઇ પીને આળસમાં કાઢયો. એની પછી એનો છોકરો મુબારક ગાદીએ બેઠો.

સૈયદ મુબારક ૧૪૨૧-૧૪૩૩.

મોગલો એના રાજમાં ચઢી આવતા હતા તેઓ સાથે, અને રોહીલખંડ તાબે કરવાને એણે લડાઇઓ કીધી. એના વજીરે એને મારી નખાવી એના ભત્રીજા મહમદને ગાદી સોંપી.

સૈયદ મહમદ ૧૪૩૩-૧૪૪૩.

થોડો વખત સુધી એણે હોશીઆરીથી રાજ કર્યું પણ પાછળ મોજશોખમાં પડયો. જવાનપૂર તથા માળવાના સુલતાનોએ એના

જીતી લીધા. અમીરોએ એની સામે થઈ એના છોકરા આલમશાહને ગાદી સોંપી.

સયદ અલમ ૧૪૪૩-૧૪૫૦

એના વખતમાં બહલોલ લોદીએ દિલ્હીનો કબજો લીધો, ને આલમે રાજીનામું આપી ગાદી છોડી દીધી.

લોદીવંશ ૧૪૫૦ થી ૧૫૨૬.

બહલોલખાંલોદી ૧૪૫૦-૧૪૮૮.

એના વખતથી દિલ્હીનું રાજ સુધરવા લાગ્યું. એણે જુવાનપૂરના સુલતાન સામે ૨૬ વરસ લડાઈ કરીને આખરે તે પ્રાંત પોતાને તાબે કર્યો. પંજાબથી બંગાળા સુધીનો મુલક એને તાબે હતો.

સિકંદરલોદી ૧૪૮૮-૧૫૧૭.

બહલોલખાંલોદીના મરણ પછી એનો છોકરો સિકંદરલોદી ગાદીએ બેઠો. એણે બાહાર પ્રાંત પોતાના રાજ સાથે જોડી નાંખ્યો. એણે હિંદુઓના દેહેરાં તોડયાં ને તેમને ધર્મને માટે દુઃખ દીધું. એના રાજમાં ઘણાં બંડ થયાં તે એણે સમાવ્યાં. એની રાજધાની આગ્રામાં હતી. એની પછી એનો છોકરો ઇબ્રાહીમ ગાદીએ બેઠો.

ઈબ્રાહીમલોદી ૧૫૧૭-૧૫૨૬.

એ ઘણો નિર્દય અને અભીમાની હોવાથી તેના કારભારીઓને અણગમતો થઇ પડયો. આ કારણથી પંજાબના હાકેમ દોલતખાંલોદીએ બાબરને મદદે બોલાવ્યો. ઈ. સ. ૧૫૨૬ માં બાબર અને ઇબ્રાહીમને પાણીપતના મેદાનમાં લડાઇ થઈ તેમાં ઈબ્રાહીમ હાર્યો. ને લોદીવંશનો અંત આવ્યો.

પ્રકરણ ૨ જું.

મુગલવંશ ૧૫૨૬ થી ૧૮૫૭.

બાબર ૧૫૨૬–૧૫૩૦.

એ તૈમુરની ઓલાદનો છઠ્ઠો પુરૂષ હતો. એ ઈ. સ. ૧૪૮૨ માં જનમ્યો હતો, અને કાબુલની ઉત્તરે ફરઘાન નામના પ્રાંતમાં ૧૪૯૪ માં ગાદીએ બેઠો. ત્યાર પછી એણે ૧૫૦૪ થી ૧૫૨૬ સુધી કાબુલમાં રાજ કીધું. સમરકંદ, બુખારા, બલ્ખ, કાબુલ વગેરે શેહેરો બાબર અને તેના પિતરાઈઓને તાબે હતાં. તેમાં સમરકંદ શેહેર ત્રણ વાર તેને હાથ આવ્યું ને ત્રણ વાર તેને ત્યાંથી નાસવું પડયું. એ વખતે દીલ્હીનું રાજ ઈબ્રાહીમ લોદીના હાથમાં હતું. તે ઘણો નિર્દય અને મગરૂર હતો, તથા રૈયતપર ઘણો જુલમ પાડતો તેથી કંટાળીને, પંજાબના સરદાર દોલતખાંએ બળવો કર્યો, અને બાબરને દિલ્હીનું રાજ્ય જીતવાને બોલાવ્યો. ઈ. સ. ૧૫૨૬માં બાબરે ઇબ્રાહીમ લોદીને પાણીપતની લડાઈમા હરાવ્યો. એ મેદાન દિલ્હીની ઉત્તરે આવેલું છે. એ લડાઈમાં ઈબ્રાહીમ લોદી માર્યો ગયો, ને એ લડાઈથી દિલ્હી, ને આગ્રા શેહેરો, તથા તેઓની આસપાસનો થોડો મૂલક બાબરને હાથ આવ્યો, ને મુગલ વંશનો હિંદુસ્તાનમાં પાયો નખાયો. ઈ. સ. ૧૫૨૭ માં સિકરીની લડાઈમાં એણે અજમેર તથા મેવાડના રાજા સંગને હરાવ્યો. એ રજપૂત રાજાને હસનખાં તથા લોદીવંશના બીજા સરદારોએ એ લડાઈમાં મદદ આપી હતી તોપણ તે હાર્યો. ત્યાર પછી બાબરે ચંદેરીના કિલ્લાને ઘેરો ઘાલ્યો—ઈ. સ. ૧૫૨૮. એ વખતે રજપૂતોનો સરદાર મેદનીરાય હતો. રજપૂતોએ ઘણી બહાદુરીથી પોતાનો બચાવ કર્યો, પણ જયારે તેઓનું કાંઈજ ચાલ્યું નહીં ત્યારે તેઓએ પોતાન

બૈરાં છોકરાંને પેહેલાં મારી નાખ્યાં, અને પછી બધા રજપૂતો માર્યા ગયા ત્યાં સુધી તેઓ ઘણી બાહાદુરીથી લડયા. એ ઘેરા પછી એણે અયોધ્યા તથા બહાર પ્રાંત જીતી લીધા, અને બંગાળાના સૂબાને તાબા પોકરાવી તેથી તેણે સલાહ કરવાનું કહેવડાવ્યું.

સને ૧૫૩૦ માં એ મરણ પામ્યો. એ દારૂનો તથા ફુલનો ઘણો શોખી હતો. એ ઘણો માયાળૂ, ઉદાર, ને ચંચલ હતો. શૂર, ખરાબ હાલતમાં ધીરજ રાખવી, કાંઇ કામ પાછળ મંડયા રહેવું, વગેરે વખાણવા જોગ ગુણ એનામાં હતા. એણે રૈયતના સુખને સારૂ, તથા મુસાફરોની સગવડને સારૂ ઠેકાણે ઠેકાણે તળાવો તથા ધર્મશાળા બંધાવી હતી, ને આગ્રા, દિલ્હી, લાહોર ને પેશાવર, તરફ ટપાલ ચાલુ કરી હતી. એણે પોતાનું ચરિત્ર અતિશય ભોળાપણાથી લખ્યું છે. એના મરણ વિષે કહેછે કે એનો દીકરો હુમાયું ઘણોજ માંદો પડયો, ત્યારે તેના ખાટલાની આસપાસ ફરીને તેણે એવું માગ્યું કે, ઓ ઇશ્વર તું મને ઉપાડી લે ને મારા દીકરાને ઉગાર. એ ક્રિયાની અસરથી તે મરણ પામ્યો. એની પછી એનો છોકરો હુમાયું ગાદીએ બેઠો.

હુમાયું ૧૫૩૦-૧૫૪૦ ને ૧૫૫૫-૧૫૫૬.

એ ૧૫૦૭ માં જનમ્યો હતો. એ બહુ ઉદાર હતો. રાજ મળતાંને વાર તેણે પોતાના ભાઇઓને પંજાબ, કાબુલ વગેરે સારા સારા પ્રાંતો આપી દીધા. એ વખતે ગુજરાતમાં બહાદુરશાહ નામે સુલતાન રાજ કરતો હતો, તેણે માલવા જીતી લીધો હતો, તથા ખાનદેશ, વરાડ, અને અહમદનગરના સુલતાનોને ખંડીઆ કર્યા હતા. એ બહાદુરશાહને હુમાયુંએ ૧૫૩૫ માં હરાવ્યો, ને તેનો ચાંપાનેર નામે ડુંગરી કિલ્લો, જેમાં પુષ્કળ ખજાનો હતો તે કિલ્લો લઇ લીધો, અને પોતાના ભાઇ

મિરજા અસ્કરીને ત્યાંનો સૂબો ઠરાવી પોતે દિલ્હી તરફ ગયો. પણ એ દિલ્હી પોહોંચ્યો નહીં, એટલામાં તે કિલ્લો દુશ્મનોએ પાછો લઇ લીધો. એવામાં બંગાળા, ને બહારમાં શીરખાં નામે પઠાણ સરદારે બળવો કર્યો. હુમાયુંએ જઇ તેનો ચુનારગઢ જીત્યો. વરસાદની રૂતુ આવવાથી તે પટણા અને કાશીની વચ્ચે મુકામ કરીને રહયો હતો, ત્યારે શીરખાંએ એકાએક છાપો માર્યો. હુમાયું પોતે મુશકેલીથી બચ્યો, પણ તેની ફોજનો નાશ થયો, ને તેની રાણી શત્રુને હાથ ગઇ. શીરખાંએ રાણીને માન સાથે આગ્રે પોહોંચાડી. ભાઇઓની મદદ મળવાથી હુમાયું બીજી ફોજ લઇ ચઢયો. ઇ. સ. ૧૫૪૦ માં કનોજ આગળ તે હાર્યો. ત્યાંથી તે સિંધ નાઠો. સિંધથી મારવાડમાં આવ્યો, પણ તેને આશરો મળ્યો નહીં. પછી રેતીના મોટા રણમાં પાણી વિના બહુ પીડા પામી, માત્ર સાત સ્વારો લઇને અમરકોટ ગયો. ત્યાંના રજપૂત રાજાએ તેને આશરો આપ્યો. એ શેહેરમાં અકબરનો જન્મ થયો—ઇ. સ. ૧૫૪૩. અહીંથી તે ઇરાન નાઠો. ઇરાનના શાહ તમસ્પે તેને માન આપ્યું, અને હુમાયુંએ પોતાનો શુની પંથ છોડી શિહા પંથ પોતે પાળવો તથા પોતાની રૈયત પાસે પળાવવો એવું કબુલ કરાવી, હુમાયુંને ૧૪૦૦૦ સ્વાર આપી, ગયલું રાજ્ય પાછું જીતવા મોકલ્યો. હુમાયુંનો વજીર બેરામખાં પણ તેને આવી મળ્યો. એ લશકરથી તેણે કાબુલ, કંદહાર જીત્યાં, પણ ભાઇઓમાં સંપ ન હોવાથી કેટલાંક વરસ સુધી તે પોતાનું રાજ લઇ શકયો નહીં. પણ ઇ. સ. ૧૫૫૫ માં શીરશાહના વંશનો સિકંદર સુર નામે બાદશાહ દિલ્હીમાં રાજ કરતો હતો તેને હરાવી પોતે ગાદીએ બેઠો. પોતાના રંગ મેહેલની સીડી ઉપરથી ઉતરતો હતો તેવામાં તેનો પગ લપસ્યો, તેથી તે નીચે પડયો, ને ત્રણ દિવસ મંદવાડ ભોગવી, ૧૫૫૬ માં મરણ પામ્યો.

અફઘાન વંશ ૧૫૪૦ થી ૧૫૫૫.

શીરશાહ ૧૫૪૦--૧૫૪૫.

હુમાયુંને કનોજ આગળ હરાવ્યા પછી ઈ. સ. ૧૫૪૦માં એ દિલ્હીની ગાદીપર બેઠો. એને "શેરશાહસુર" એટલે સિંહનો ધણી કહેતા, કારણ કે એણે એક વેળા એક સિંહને એક ફટકાથી મારી નાખ્યો હતો. બંગાળામાં મુકેલા સૂબેદારે બંડ કરવાથી શીરશાહે તેને જીત્યો. પછી તે રજપુત રાજ્યોને તાબે કરવા પડ્યો. માળવામાં રૈસ્તન કિલ્લો એણે દગાથી હાથ કર્યો અને તેમાંના તમામ હિંદુઓને નિર્દયપણે પોતાના પીર એટલે ગુરૂની આજ્ઞાથી મારી નખાવ્યા. મારવાડના રાજાની ફોજને કપટથી ફોડવાની એણે તજવીજ કરી, ત્યારે માત્ર ૧૨૦૦૦ રજપૂતોથી તેની ૮૦૦૦૦ ની ફોજ લગભગ હરી ને તેનું રાજ જવાની તૈયારી હતી, તેવામાં તાજી મદદ આવી પોંચવાથી તે બચ્યો. ઈ. સ. ૧૫૪૫ માં બુંદેલખંડમાં કલિંજરના કિલ્લાને ઘેરો ઘાલતાં તેના દારૂખાનામાં આગ લાગ્યાથી તે દાઝ્યો અને તેજ દિવસે મરણ પામ્યો. ધર્મની બાબદમાં તે હિંદુઓપર જુલમ કરતો ન હતો, ને મુસાફરખાનાં, તથા રસ્તા બાંધી તથા રસ્તે ઝાડો રોપી, બીજા પઠાણ પાદશાહોથી વધારે સારો ગણાયોછે. બંગાલેથી સિંધુ નદી સુધી ચાર મહિનાની વાટ છે, તે બધો રસ્તો તેણે બંધાવ્યો હતો.

સલીમશાહ ૧૫૪૫-૧૫૫૩.

એ શીરશાહનો છોકરો હતો. એ શૂરો ને હોશીઆર હતો. એણે રાજ્યની આબાદી જાળવી હતી. એણે દિલ્હીમાં એક મેહેલ બંધાવ્યો તેને "સલીમગઢ" કહેછે.

ફિરોઝ ૧૫૫૩-૧૫૫૩.

એ સલીમનો છોકરો હતો. એણે માત્ર થોડાજ મહિના રાજ કર્યું. એવામાં એનો કાકો આદિલશાહ એને મારી નાખી ગાદીએ બેઠો.

આદિલશાહ ૧૫૫૩-૧૫૫૫.

એ શીરશાહનો વડો દીકરો હતો, પણ તેમાં કંઇ દમ ન હતો તેથી તેણે પોતાના ભાઇ સલીમશાહને રાજ્ય સોંપી દીધું હતું. એ ઘણો નબળો અને ધિક્કારવા લાયક જૂલમી હતો, એનું રક્ષણ એના વજીર હેમુએ કર્યું. એ હેમુ કોઇ નીચ વર્ણનો હિંદુ હતો. તે બહુ ચતુર ને બહાદુર હતો. વજીર થયા પહેલાં તે નાની જેવી દુકાન માંડતો. આદિલશાહે એ પ્રમાણે નીચા કુળના માણસોને રાજમાં મોટી મોટી પદવીઓ આપી અને પોતાનો સઘળો ખજાનો ખાલી કર્યો. ખજાનો ખાલી થયો ત્યારે પોતાના અમીર ઉમરાવોની જાગીરો જપત કરી, તેથી ઠામ ઠામ બખેડા થયા; અને દિલ્હી, આગ્રા વગેરે શેહેર એના હાથમાંથી જતાં રહ્યાં. એના રાજના પાંચ ભાગ થયા હતા, તેમાંનો એક સિકંદર શુરના હાથમાં હતો. હુમાયુંએ પોતાની આગલી પાદશાહી, એ સિકંદર શુરના હાથમાંથી પાછી મેળવી હતી.

અકબર ૧૫૫૦-૧૬૦૫.

એ ગાદીએ બેઠો ત્યારે એની ઉમર ૧૩ વરસની હતી, તેથી એનું રાજ એનો વજીર બેહરામ ચલાવતો હતો. બેહરામે સિકંદર શુર તથા મહમદ આદિલીના વજીર હેમુ સાથે પાણીપતના મેદાનમાં સને ૧૫૫૬ માં પાણીપતની ચોથી લડાઇ કાપી. આ લડાઇમાં હેમુ માર્યો ગયો ને સિકંદર શુર તેને તાબે થયો. આગલ ચાલતાં બેહરામે પોતાની સત્તા આડે માર્ગે વાપરવા માંડી. આથી અકબરની તેનાપર પતરાજી થઇ. અકબરે એકાએક

આગ્રેથી દિલ્હી જઈ રાજકારભાર પોતાને હાથ લઈ ઢંઢેરો ફેરવ્યો કે અમલદારોએ તથા રૈયતે મારા સિવાય બીજા કોઈનો હુકમ માનવો નહીં—૧૫૬૦. બેહરામે બળવો કર્યો, પણ અકબરની ફોજે તેની ફોજને મારી કાઢી. તેની આગલી સારી શેવા યાદ કરી અકબરે તેનો ગુનો માફ કર્યો. પછી મક્કે જતાં માર્ગમાં બેહરામને તેના કોઈ પઠાણ દુશ્મને મારી નાંખ્યો.

બધા મુસલમાન તથા મુગલ પાદશાહોમાં અકબર ઉત્તમ હતો. એણે મુગલ રાજ્યને મજબૂત પાયા ઉપર મૂક્યું, ને તેમાં ઘણો વધારો કર્યો. તેનામાં અસાધારણ અકલ અને ડહાપણ હતાં. તે વિદ્વાન, અતિ શૂરો લડાઈમાં ચતુર, મોટા દીલનો, અને મનને વશ રાખનાર હતો. તે કદમાં ઊંચો અને રૂપાળો હતો તથા સ્વભાવે મળતાવડો હતો. પ્રજાનું પાલણ કરવામાં ઉમંગી, શાણો, તથા દીનસાફી હતો. અંગકસરત તથા શિકાર કરવાનો તેને ઘણો શોક હતો.

ખાંનજહાંન, રાજબહાદુર, આદમખાં, અબદુલખાં, અને અસોફખાં વગરે અકબરના સૂબા હતા તે અકબરની સામે થયા. ઈ. સ. ૧૫૬૭ સુધીમાં અકબરે તેમને હરાવી તાબે કર્યા. ત્યાર પછી જેપુરનો રાજા, જોધપુરનો રાજા, અને બાબરની સામે થનાર સંગનો છોકરો ઉદયસિંગ અકબરની સામે થયા. પાંચ વરસ સુધી લડ્યા પછી ઈ. સ. ૧૫૭૨ માં અકબરે તેમને તાબે કર્યા. ૧૫૭૩ માં એણે ગુજરાત વશ કર્યું. ત્યાર પછી એના સરદારોએ બાહાર, બંગાળા અને ઓઢીઆ પ્રાંત જીતી લીધા. ૧૫૯૪ માં એણે કંદહાર શેહેર તાબે કર્યું. ઈ. સ. ૧૫૯૫ માં એણે પોતાના છોકરા મુરાદ તથા વજીર બેહરામના છોકરા બીરજાખાંને લશકર આપી અહમદનગર જીતી લેવાને મોકલ્યા. તે વખતે ચાંદબીબી નામની લડાયક સ્ત્રી ત્યાં રાજ કરતી હતી. એ સ્ત્રીએ લશ્કરની સરદારી લીધી, તથા હાથમાં સમશેર લઈ, મોંહપર બુરખો નાંખ્યો, અને લડાઈના

મેદાનમાં જઇ મુગલોનો પહેલો હુમલો પાછો હઠાવ્યો. એવું કહેછે કે એ બાઇની દારૂગોલી ખપી ગઈ ત્યારે સોના રૂપાનાં નાણાં તથા પોતાની પાસે ઝવેર હતું તે પણ દારૂગોલીને ઠેકાણે વાપર્યું હતું. ઇ. સ. ૧૫૯૯ માં ચાંદબીબીને તેના સિપાઇઓએ દગાથી મારી નાંખી, ત્યારે બીજી સ્વારીમાં મુગલોએ અહમદનગર લીધું, પણ ત્યાંના વજીર મલિકઅંબરે રાજયનો કેટલોક ભાગ બચાવી રાખ્યો. ખાનદેશને રાજ્યમાં જોડી દઇ, અને અબુલ ફાજલને દખણનો સુબેદાર ઠરાવી, અકબર સને ૧૬૦૧ માં આગ્રે પાછો ગયો.

હિંદુઓને રાજી રાખવા અકબર કેટલાક રજપૂત રાજાની કન્યાને પરણ્યો. જોધપુરના માલદેવની કુંવરી જોધબાને અકબર પરણ્યો. જહાંગીર એ રાણીનો કુંવર હતો. અકબરે હિંદુઓ અને મુસલમાનો વચ્ચે ફેર નહીં રાખતાં તેમને રાજમાં મોટી મોટી પદવી આપી. તોડરમલ નામના હિંદુને મેહસૂલ ખાતાંનો ઉપરી ઠર્યો હતો. એણે સતી થવાની ચાલ બંધ પાડી, હિંદુઓમાં બાળ લગ્ન કરવાની મના કીધી, રાંડેલી સ્રીઓને પુનર વિવાહ (નાતરૂં) કરવાની રજા આપી, કેટલાક ગેરવાજબી કરો તથા ઘાતકી શિક્ષા કાઢી નાંખી. જજીઆ વેરો રદ કર્યો, ને ધર્મ સંબંધી જૂલમ બંધ પાડયો.

એણે જુદા જુદા ધર્મનો અભ્યાસ કીધો હતો, ને સંસ્કૃત, ફારસી ને હિંદી ભાષાઓ એ પોતે શીખ્યો હતો. સરકારી કામ કરવાને નિયમ ઠરાવ્યા હતા, તે પ્રમાણે નેમેલે વખતે ખૂબ ધ્યાન દઇ તે બજાવતો. એ પાદશાહને બહુ સુખ હતું, તેના છોકરાઓ માત્ર દુઃખદાયક હતા. એશિઆમાં જે મહાન રાજા થયાછે તેઓમાં સૌથી સરસ અકબર ગણાયછે. એની ઉપજ વરસે વીસ કરોડ રૂપીઆની હતી. એના મુખ્ય મિત્રો અબુલફાજલ અને ફૈઇજી નામના બે ભાઇઓ હતા. અબુલે "આઇને અક-

બરી" નામનો ગ્રંથ રચ્યો હતો, જેમાં અકબરનું જન્મ ચરિત્ર, તથા રાજનીતિ, અને જાહેર તથા ખાનગી કામોનો હેવાલ આપેલોછે. એ ૧૬૦૫ માં મરણ પામ્યો. પછી એનો છોકરો સલીમ ગાદીએ બેઠો.

સલીમ અથવા જહાંગીર ૧૬૦૫–૧૬૨૭.

એ ઇ. સ. ૧૫૬૭માં જનમ્યો હતો. એણે ગાદીએ બેસતાંજ "જહાંગીર" એટલે દુનીઆને જીતનાર એવું નામ ધારણ કર્યું. શરૂઆતમાં એ પાદશાહ ડહાપણથી વર્ત્યો; બાપના કારભારીને કાયમ રાખ્યા સુધારા જારી રાખ્યા. સરકારી નોકરો જુલમ ન કરે તેવા ઉપાય કર્યા, ને ઇનસાફ માગવા આવનારને હરકત ન પડે તેવી ગોઠવણ કરી. પોતે મુસલમાની ધર્મ પ્રમાણે ચાલતો, પણ પ્રજા ઉપર ધર્મની બાબદમાં જુલમ કરતો નહીં. પોતે દારૂ ખુબ પીતો, પણ બીજાઓને દારૂ પીવાની એ મના કરતો.

એને પણ શાહાજાદા તરફથી પીડા હતી. એના કુંવર ખુશરૂએ બંડ કીધું. જહાંગીરે તેને પકડી કેદ કર્યો ને તેના ૭૦૦ દોસતોને ચીબાની ચીબાવીને માર્યા. મલિક અંબરને જીતવાને જહાંગીરે ફોજ મોકલી તેને તે સરદારે ફાવવા દીધી નહીં, ત્યારે જહાંગીરે દખણ તાબે કરવાને ભારે તૈયારી કરી. એનો કુંવર શાહજહાં જે ઉદેપુરના હઠીલા રાણાને નમાવી તથા પાદશાહી ફોજમાં તેના કુંવરને સરદારી આપી પ્રખ્યાત થયો હતો તેને જહાંગીરે દક્ષિણના સુલતાનોને વશ કરવા મોકલ્યો, ને જહાંગીરે પોતે માળવામાં આવી મુકામ કર્યો, અને બિજાપૂર, ગોલકોંડા, અને અહમદનગરનાં રાજ્યોને ખંડણીતથા મુલક આપવાની ફરજ પાડી.

કોઇ ગરીબ થઇ ગયલા ઇરાની ઉમરાવની જુવાન ખુબસુરત છોકરી અકબરના જનાનખાનામાં તેની મની સાથે જવી, તેણીની ખુબસુરતીથી

લલચાઈ જહાંગીરે તેને પરણવા ઇચ્છયું. પણ તેમ ન થાય માટે અક-બરે તે ખુબસુરત છોકરીને શિરઅફગાન નામના અમીર સાથે પરણાવી દીધી. પાદશાહ થયા પછી જહાંગીર તે અમીરને કતલ કરાવી તે બાઈ સાથે પરણ્યો—ઈ. સ. ૧૬૧૧, અને તેનું નામ નુરજહાં પાડ્યું. એ નુરજહાં જેવી રૂપવાળી તેવીજ બુદ્ધિવાન હતી. તેણીએ જહાંગીરને વશ કરી લીધો, અને રાજ્ય કરવામાં સારી મદદ કરી. નુરજહાંના બાપને મુખ્ય વજીરાત મળી, ને તેનાં ભાઈ અસોફખાંને મોટી સરદારી આપી. એ ત્રણે હોશીઆર અને રાજ કાજને લાયક હોવાથી કામ ઠીક ચલાવ્યું ને જહાંગીરની બુરી ટેવથી જે માઠાં પરિણામ થતે તે તમણે થવા દીધાં નહીં.

આ પાદશાહની સાથે વેપાર વિષે કરાર કરવાને ઇંગલાંડના રાજાએ સર ટોમસ રો નામે વકીલ મોકલ્યો હતો (૧૬૧૫). જહાંગીરે તેને માન આપી ઇંગ્રેજી વેપારને વધારે છૂટ આપી. જહાંગીરની દોલત અને તેની દરબારના ભપકાથી તે ઘણો અજબ થયો હતો.

નુરજહાંની આગલી દીકરીને, જહાંગીરના નાના કુંવર શેહેરીઆર સાથે પરણાવી હતી. એને જહાંગીરની પછી પાદશાહ કરવાની ગોઠવણ નુરજહાંએ કરવા માંડી, તેથી શાહજહાંએ બળવો કર્યો, તે બેસાડવાને કાબુલના સુબેદાર મહોબતખાંને તથા શાહજાદા પરવેઝને પાદશાહે મોકલ્યા. શાહજહાં બંગાલે નાઠો. પણ કેટલાક વખત પછી બાપ દીકરાને સલાહ થઈ. મોહબતખાં અને પરવેઝને દોસ્તી થઈ હતી, તે માટે તેનો ઘાટ ઘડવાને નુરજહાંએ તેનાપર સરકારી નાણું ખાઈ જવાનું તોહોમત મુક્યું અને તેને. જવાબ દેવાને તેને દરબારમાં બોલાવ્યો. મહોબતખાં પાંચ હજાર રજપૂત સ્વારો લઈને આવ્યો, અને જહાંગીર જેવો જેહલમ નદી ઉતરતો હતો તેવામાં તેનાપર હલ્લો કર્યો, ને તેને પોતાના કબજામાં લીધો. પછી તેને નામે તે અમલ કરવા લાગ્યો—ઈ. સ. ૧૬૨૬. એક

વરસ પછી નુરજહાંએ પોતાના ધણીને છોડાવ્યો. નુરજહાંએ મોહબતખાંને સમજાવવાને પોતાની તરફેણના માણસો તેની ફોજમાં રખાવ્યા તથા ફરતાં પરગણામાં પણ તેમજ કર્યું અને પછી તેની ફોજની કવાયત થતી હતી ત્યારે નુરજહાંના માણસો જહાંગીરની આસપાસ ફરી વળીને રજપૂતોને હઠાવી મુકીને જહાંગીરને લઇ ગયા. ત્યારે મહોબતે શાહજહાં સાથ મળી જઇ દક્ષિણમાં ફિતૂર મચાવ્યું. પરવેઝ જે શાહજહાંથી વડો હતો તે ૧૬૨૬ માં મરી ગયો, અને ૧૬૨૭ માં જહાંગીર મરણ પામ્યો તેથી ગાદી શાહજહાંને મળી. જહાંગીરમાં સારી સમજણ, સદભાવ, તથા ઇનસાફપર પ્રેમ, એ ગુણ હતા, પણ તેને દારૂનો શોક હતો, અને એ આકળા સ્વભાવનો હતો. એના વખતમાં તમાકુ ખાવા પીવાની ચાલ શરૂ થઇ હતી, તે અટકાવવાને એણે કોશેશ કરી હતી.

શાહજહાં ૧૬૨૭-૧૬૫૮.

જહાંગીરના મરણની ખબર સાંભળી શાહજહાં દક્ષિણથી ઉતાવળે આગ્રે ગયો. શેહેરીઆર સામો થયો, તેને હરાવી મારી નાખ્યો. શાહજહાંએ પોતાના કુંવરો સિવાય બાબરના વંશના બધા શાહજાદાને મારી નાખ્યા. અસોફખાં અને મહોબતખાંની મદદથી શાહજહાંને ગાદી મળી. દક્ષિણના સૂબા ખાનજહાં લોદીએ બંડ કર્યું, પણ તરત માફ માંગવાથી તેની માળવે બદલી કરી. વળી બીજીવાર તેણે બંડ કર્યું ત્યારે પાદશાહી ફોજે તેને દક્ષિણમાં નસાડ્યો. ત્યાં તેને અહમદનગરના પાદશાહે મદદ કરી. લડાઇમાં ખાનજહાં મરણ પામ્યો. પણ બિજાપૂર અને ગોલકોંડાના રાજાઓએ અહમદનગરને મદદ આપી તેથી મુગલ ફોજને કેટલાંક વરસ લડવું પડ્યું. એ લડાઇનો અંત શાહજહાંએ પોતે જઇને આણ્યો. તેણે બિજાપુર અને ગોલકોંડાને તાબેદાર ખંડીઆ રાજ કર્યા, અને

અહમદનગરના મૂલકને ખાલસા કર્યો (૧૬૩૭). પોર્તુગીજનાં થાણાં બંગાળામાં હતાં તે એણે લઇ લીધાં. ત્યાર પછી ૧૬૩૭ માં એણે કંદહાર તાબે કર્યું પણ તે પાછું ખોયું ૧૬૪૯. ત્યાર પછી પોતાના કુંવરોને મોકલી બલ્ખ શેહેર તથા આસપાસનો મુલક જીત્યો, પણ તે ઝાઝીવાર રાખી શકયો નહીં. એ સ્વારીઓમાં રજપૂતોએ બહુ પરાક્રમ કર્યાં.

શાહજહાંને ચાર છોકરા હતા, તેઓનાં નામ-દારા, શુજા, ઔરંગજેબ, અને મુરાદ. દારા શૂરો, ભોળો, ધર્મમાં સ્વતંત્ર વિચારનો, ઉદાર, પણ અવિચારી હતો. શુજા, બાયલો અને વિષયી હતો. ઔરંગજેબ બુદ્ધિવાન, રૂપાળો, લડાઇની કળામાં ચતુર, પણ ઘણો લોભી, દગલબાજ અને ધર્મને બહાને પોતાનું કામ કાઢી લે તેવો હતો. મુરાદ બહાદુર પણ કમઅકલ ને વિષયી હતો. દરેક શાહજાદાને સુલતાનનો ખેતાબ આપ્યો હતો, અને પ્રાંતોના સૂબા ઠરાવ્યા હતા. શુજા બંગાળાનો સુબો, મુરાદ ગુજરાતનો સુબો, અને ઔરંગજેબ દક્ષિણનો સુબો હતો. દારા ઘણો ખરો બાપની પાસે આગ્રે રહેતો.

સને ૧૬૫૭ માં શાહજહાં ઘણો માંદો પડ્યો ને જીવવાની આશા રહી નહીં, તેથી રાજ્યનો સઘળો કારભાર તેણે દારાને સોંપ્યો. એ સાંભળી શુજા એક મોટું લસ્કર લઇને બંગાળેથી આવ્યો, પણ દારાએ તેને કાશી આગળ હરાવી પાછા જવાની ફરજ પાડી. ઔરંગજેબે તાલમેલ કરી મુરાદને પોતાના પક્ષમાં લીધો. તેણે મુરાદને ખોટું સમજાવ્યું કે મારે તો મક્કે જઇ ભજન કરવામાં વખત કાઢવો છે, પણ પેહેલાં તારી મદદે આવા નાસ્તિક દારાને અને તેના કાફર સેનાપતી જસવંતસિંઘને જીતી તને ગાદી અપાવવાની ઇચ્છા છે, કેમકે બધા ભાઇઓમાં તું મને વધારે ગાદીને લાયક લાગે છે. ભોળા મુરાદે એ વાત ખરી માની, અને પોતાનું લસ્કર ઔરંગજેબના લશ્કર સાથે ભેળી નાંખ્યું. એ બેઉ

ભાઇઓની સામે દારાએ જસવંતસિંઘને મોકલ્યો, પણ મુરાદે ને ઔરં-ગજેબે તેને ઉજ્જન આગળ હરાવ્યો, પછી બેઉ ભાઇ આગળ ચાલ્યા. આગ્રેથી એક મંજલને છેટે દારા તેમને મળ્યો. બેઉ પક્ષનાં લશ્કર વચ્ચે જબરી લડાઇ ચાલી, દારાના હાથીને જખમ લાગવાથી તે તોફાન કરવા લાગ્યો, તેથી દારાને નીચે ઉતરવું પડ્યું. તેની અંબાડી ખાલી જોઇ દારાના સિપાઇઓએ વિચાર્યું કે તે માર્યો ગયો હશે, એવું વિચારી તેઓ નાઠા. ઔરંગજેબ ને મુરાદ ફતેહ પામ્યા. ત્રીજે દહાડે આગ્રે પહોંચી ઘરડા બાપ પાસે માગ્યું કે દારાને રાજપાટ ન આપો, પણ શાહજહાંએ તેનું કહ્યું ન માન્યાથી ઔરંગજેબે તેને કિલ્લામાં કેદ કર્યો. પછી મુરાદ ને ઔરંગજેબે દગાથી કેદ કીધો ને બહાનું કાઢી મારી નંખાવ્યો. તેણે દિલ્હી જઈ આલમગીર નામ ધારણ કરી પોતાની દુવાઇ ફેરવી—સને ૧૬૫૮. શાહજહાં બંદીખાને રહી ૧૬૬૫ માં મરણ પામ્યો. શાહજહાંની દરબારનો ભપકો ભારે હતો. મોરાસન નામે તખ્ત બનાવતાં એણે ૬II કરોડ રૂપીઆ ખરચ્યા હતા. પોતાની બેગમ મુમતાજ મહાલની યાદગારી કાયમ રાખવા, તાજમાહલ નામે સુંદર આરસપહાણની ઇમારત આગ્રામાં છે, તે તેણે કરાવી હતી. એ ઇમારત પાછળ એણે ૭૫ લાખ રૂપીઆ ખરચ્યા હતા. એ જાતનું એનાથી સરસ મકાન હજી કોઇથી થયું નથી. જ્યારે એના દીકરાએ એને કેદ કીધાં ત્યારે તેની તિજોરીમાં ૨૪ કરોડ રૂપીઆ નગદ હતા, તથા કરોડો રૂપીઆનું ઝવાહેર હતું. સામટી રીતે તપાસતાં શાહજહાં સારો ધનસારી રાજા હતો, તથા એના રાજમાં શાંતી, ને રૈયતમાં આબાદી હતી.

ઔરંગજેબ. ૧૬૫૮—૧૭૦૭

ઔરંગજેબ પોતાના ભાઇ ભત્રીજાને મારી નાંખી, તથા પોતાના બાપને કેદ કરી ઇ. સ. ૧૬૫૮ માં ગાદીએ બેઠો. એ ઇ. સ. ૧૬૧૮

માં જનમ્યો હતો. ગાદીએ આવ્યા પછી એણે "આલમગીર" એટલે દુનિઆનો જીતનાર એવું નામ ધારણ કર્યું. દારા નાસતો પકડાયો હતો, અને મુરાદ જે બંદીખાનામાં હતો તે બંનેને એણે ગરદન માર્યા, તથા એવું કહે છે કે તેમના છોકરાઓને ઝેર દઇ એણે મારી નખાવ્યા હતા. ૧૬૫૯ માં ઔરંગજેબે શુજાને કજવાની લડાઇમાં હરાવ્યો, તેથી શુજાને આરાકાનમાં નાશી જવું પડયું. ત્યાંનું રાજ લેવાને તેણે હુલ્લડ મચાવ્યું તેમાં તે તેના આખાં કુટુંબ સહીત માર્યો ગયો. જો કે આરંગજેબની ગાદીનો દાવો કરનાર કોઇ રહ્યું નહીં તોપણ એ નિરાંતે બેશી શકયો નહીં, કારણ કે દક્ષિણમાં મરેઠાઓએ પોતાના સરદાર શિવાજીની સરદારી તળે એને બહુ હેરાન કર્યો. એ ગાદીએ બેઠો તે પેહેલાં શિવાજીએ લડાઇ કરી દક્ષિણમાં ઘણી સત્તા મેળવી હતી તથા કેટલાક કિલ્લા જીતી લીધા હતા.

ઇ. સ. ૧૬૬૫ માં ઔરંગજેબે પોતાના સરદાર સહિસ્તખાંને એક લશ્કર આપી શિવાજીને તાબે કરવા મોકલ્યો. આ સરદારે તેના ઘણાએક કિલ્લા જીતી લીધા ને સિંગર આગળ તેને હરાવ્યો. જો કે ઔરંગજેબ જીવ્યો ત્યાં સુધી મરેઠાઓસાથે લડયો હતો તોપણ એ તેમને પુરેપુરા વશ કરી શકયો નહીં.

જજીઆ વેરો તથા બીજા કર જે અકબરે તથા બીજા પાદશાહોએ હિંદુઓપરથી કાઢી નાંખ્યા હતા, તે એણે પાછા લેવા માંડયા તેથી, હિંદુઓને સરકારી નોકરીમાં રાખવા નહીં એવો ધારો કાઢયાથી, તથા હિંદુઓને જુલમથી વટલાવવાએલાગ્યો તેથી, હિંદુ પ્રજા એનાપર નારાજી થઇ અને રજપૂતો જેઓ અત્યાર સુધી મુગલ પાદશાહોની નિમક હલાલીથી નોકરી કરતા હતા તેઓનાં દીલ ખાટાં થયાં હતાં.

દિલ્હીની નજદીકમાં નારોળ કરીને ગામ હતું ત્યાં સતરામી નામે પંથના હિંદુ હતા. તેઓએ બળવો કર્યો, અને તે હિંદુઓએ, સજા

કરવાને મોકલેલી કેટલીક લશ્કરી ટૂકડીઓને હરાવી, તેથી પાદશાહી ફોજ તેમની સામે જવાને બીધી. ઔરંગજેબે પોતે જઇને તેમને જીત્યા, ઘણાકને કતલ કર્યા ને તેમની બાયડીઓને પકડીને વેચી. વળી જોધપુરનો રાજા જસવંતસિંહ કાબુલનો સૂબો હતો તે ત્યાં મરણ પામવાથી તેની રાણી ને તેના બે કુંવરો પાછા હિંદુસ્તાનમાં આવ્યાં; ઔરંગજેબે તેમને કેદ કરવાની તજવીજ કરી. રજપૂતોએ તેમને તદબીરથી બચાવ્યાં, પણ ત્યારથી તેમની બેદીલી વધી. મુસલમાનની જુલમથી પંજાબમાં લડવૈયો શીખપંથ ગુરૂ ગોવીંદે આ પાદશાહના વખતમાં સ્થાપ્યો, પેહલાં તો એ લોકનું કાંઇ ચાલ્યું નહીં, પણ પાછળથી શીખ લોક જબરદસ્ત થયા.

ત્યાર પછી ઔરંગજેબે જોધપુર, ઉદેપુર વગેરે રજપૂત સંસ્થાનો જીત્યાં. ૧૬૮૬માં એણે બીજાપુર લીધું. ૧૬૮૭ માં ગોલકોંડા લીધું. ત્યાર પછી વીશ વરસ સુધી એ મરેઠા સાથે લડયો પણ તેમને પુરેપુરા તાબે કરી શક્યો નહી. મરેઠા સાથે લડતાં એણે દિલ્હીના રાજનો પાયો નબળો કરી નાંખ્યો. મરેઠા એક જગ્યાએ હારી જતા તો તરત બીજી જગ્યાએ હુમલા થતા, એ મરેઠી ગઢો જીતતો એટલે મરેઠા તેના પ્રાંતો લુટવા દોડતા, તેના લશ્કરની તુકડીઓને પીડા કરતા, અને કિલ્લાઓ પાછા લેતા. એ લોકોથી પાદશાહ ઘણો હેરાન થયો. મુગલાઇ પાદશાહીનો વિસ્તાર હિમાલયથી કન્યા કુમારી સુધી એણે વધાર્યો. એ પાદશાહી ટકી શકી નહીં કારણ કે એની પછીના પાદશાહો ઘણા નબળા થયા તેથી સુબાઓ પોતાને તાબેના મુલક પચાવી પડયા અને સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યા. ઔરંગજેબને એવી બીક રહેતી કે જેવી રીતે મેં મારા બાપને તથા ભાઇઓને દુઃખ દીધું હતું તેવી રીતે મારા દીકરાઓ મને દુઃખ દેશે, તેથી તે મુઓ ત્યાં સુધી તેમને પોતાની પાસે આવવા દેતો નહીં. એનો જીવ જતાં પેહલાં એણે જે જે પાપ કર્યાં હતાં તે બધાં એને

યાદ આવ્યાં, તેથી હવે તેના શા હાલ થશે તેની એને
"અરે! મને શી શીક્ષા થશે! કોણ જાણે મને કેવી સ
બોલતાં તેનો પાપી જીવ ગયો. તે સને ૧૭૦૭માં અઠ્ઠમદ
ઉમરે મરણ પામ્યો. એના મરણ પછી દિલ્હીનું રાજ્ય

ઔરંગજેબ અથવા પેહેલા આલમગીરના મરણ
શાહજાદા હતા. તેમના નામ મોઆજીમ, આજમ, અ
રાજ મેળવવા લડયા, તેમાં આજમ અને કામબક્ષ
મોઆજીમ બહાદુરસાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો.

બહાદુરશાહ ૧૭૦૭–૧૭૧૨.

એણે શાહુરાજા જેને આજમે છોડી દીધો હતો
કરી, ને પોતાની નબલાઈ દેખાડનાર તથા લાજ લગા
વાનો હક કબુલ રાખ્યો. રજપૂત રાજાઓ સાથે
સ્વતંત્ર જેવા થવા દીધા. જસવંતસિંહનો પુત્ર અ
રજપૂતોનો આગેવાન હતો. બાબરના વખતમાં કબ
હિંદુ તથા મુસલમાન શાસ્ત્રોમાંથી સાર કાઢી એક ન
હતો. તે પંથના શીખ લોક જોરપર આવ્યા હતા.
ગીરના જુલમથી હથીયાર બાંધવાની જરૂર પડી. બ
તમાં એ લોકે ફિતુર મચાવ્યું, તે તોડવામાં તે પાંચ
પાર પડયો નહીં, ને ૧૭૧૨ માં મરણ પામ્યો.

જહાંદારશાહ ૧૭૧૨–૧૭૧૩

બહાદુરશાહ પછી જહાંદારશાહ, જુલફિકારખાં
થી ગાદીએ બેઠો. ફરૂખશિયર નામે એનો ભત્રિજો એ

હારના સૂબેદાર સૈયદ હુસેન અલ્લીની અને તેના ભાઈ
બા સૈયદ અબદુલાની મદદ મળી. આગ્રા આગળ
ને માર્યો ગયો, અને ફરૂખશિયર ગાદીએ બેઠો.

ફરૂખશિયર ૧૭૧૩-૧૭૧૯.

. બેઠા પછી સૈયદોમાંનો એક ભાઇ મુખ્ય વજીર થયો,
ો થયો. જોધપુરના રાજા સાથે લડાઈ ચાલતી હતી
.શાહે પરણવી એવી શરતે માંડી વાળી. પંજાબમ-
ાર બંધુ, પાદશાહી પ્રાંતોને ઉજડ કરતો હતો તે પાં
ા તેના સાથીઓએ મરવું કબુલ કર્યું, પણ ધર્મ તજ-
વખત હજારો શીખની પંજાબમાં કતલ ચાલી. દ-
–મુલ્કને બદલે સૈયદ હસન ત્યાંનો સૂબો થયો.
દોસ્તી કરી, ને કેટલેક મુલક, ને આખા દક્ષિણની
ઃ કર્યો. એ કરારનામું મંજુર કરાવવાને તથા પો-
ત કરવાને પેશ્વા બાલાજી વિશ્વનાથને ૧૦૦૦૦ મ-
દલ્હી તે ા ગયો. ફરૂખશિયરે એ કરાર કબુલ કર્ય
ી છૂટવાને કોશેશ કરી, તેથી સૈયદ હુસનઅલીએ
પછી રાજ્ય કુટુંબમાંથી મહમદશાહ ગાદીએ બેઠો.

મહમદશાહ ૧૭૧૯—૧૭૪૮.

ાની હોશીઆરીથી સૈયદોથી છુટો થયો. ૧૭૨૦ માં
. નિઝામની વચ્ચે શાહાપુરની લડાઈ થઈ. તેમાં

શની નાદિરશાહ ચઢી આવ્યો. તેણે કર્નાલની લડા-
ને હરાવી, ને પછી દિલ્હી આવ્યો. પેહેલાં નાદિરે

પાદશાહ અને તેની રૈયતપર રહેમ રાખી હતી. પણ એવી ધુમ ઉરાડી કે નાદિર મરણ પામ્યો, તેથી દિલ્હી પરાની સિપાંઇઓને મારી નાખ્યા, તેથી ગુસ્સે થઈ ન તલ કરવાનો હુકમ કીધો. દુસ્મનોંએ ઠેકાણે ઠેકાણે હજારો માણસોને લુટી કાપી નાખ્યા. બીજે દિવસે મહમ કતલ અટકાવવાની અરજ કરી, તેથી નાદિરે ઠ ખ પછી પાદશાહી ખજાનો, મોરાસન, કોહીનુર વગેરે હીર લીધું. અમીરો, સાહુકારો વગેરેને પકડીને લુંટયા દાટેલું ધન કઢાવ્યું. પ્રાંતોના સુબેદાર પાસે લેવાય એ એમ કરોડો રૂપીઆ રોકડા, કરોડોનાં રત્નો, કરોડો પુષ્કળ હાથી, ઘોડા, ઊંટ, અને સેંકડો હોશિઆર કારી અભાગ્યા મહમદશાહને પાયમાલ થયેલી ગાદી સોંપી ગયો. એના મરણ પછી એના હાથ નીચે કેળવાય અબદલી અથવા દુરાની કંદહારનો સુલતાન થયો. તેણે ઉપર સ્વારી કરી, પણ શાહાજાદા અહમદ અને વજીર સરહિંદની લડાઇમાં હરાવી પાછો કાઢ્યો—સને ૧૭૪૮. છેલ્લી ફતેહ હતી. એ વરસમાં મહમદશાહ મરણ પા સમાં શાહુ રાજાનું પણ મરણ થયું. ઘરડા નિજામ એજ વરસમાં ૧૦૪ વરસની ઉમરે મરણ પામ્યો.

મહમદશાહના વખતમાં રોહીલા નામે પઠાણ લુટા જમાવી પડયા તે હાલ રોહીલખંડ કહેવાય છે.

અહમદશાહ ૧૭૪૮-૧૭૫૪.

હ પછી તેનો કુંવર અહમદશાહ બેઠો. એને રાજ્ય મળ્યું
એ સ્વારી કરી. ઉમરાવોએ તેની સામા થવાની સલાહ
નહીં ને પાદશાહે તેને લાહોર અને મુલતાન આપી
ેના વખતમાં મલ્હારરાવ હોલકરે એકાએક આવી દિલ્હી
ોને કબજે કર્યાં. નિઝામ-ઉલ-મુલ્કના પૌત્ર ગાજીઉ-
ાી અમીરોએ શાહને ગાદીએથી ઉઠાડી મુકયો, આંધળો
ત્યાં તે બિચારો ૧૭૫૪ માં મરી ગયો. ગાજીઉદ્દીને
ગીર બીજાને ગાદી આપી.

આલમગીર બીજો ૧૭૫૪-૧૭૫૯.

મુગલાઇ રાજ ઘણીજ ખરાબ હાલતમાં આવી તૂટી ગયું.
, ગુજરાત, માળવા, રોહીલખંડ દક્ષિણ વગેરે પ્રાંતોમાં
ાજ ચલાવતા હતા, અને દિલ્હીની ગાદીએ બેસનાર માત્ર
ગણાતા. પાદશાહનું કાંઇ ચાલતું નહીં. જેનું ફાવે તે
ારજીમાં આવે તેમ ચાલે. ગાજીઉદ્દીને અહમદશાહ અબદ-
લીધો તેથી અબદલી પાછો દિલ્હીપર આવ્યો ને ઘણું
ારામાં હિંદુ જાત્રાળુઓની કતલ કરીને દેશ લૂટયો. ગા-
ગા તે તેને મળ્યો. ગાજીઉદ્દીનની સલાહથી મરેઠાએ પંજાબ
. અબદલી ચોથીવાર આવ્યો; એ વેળા ગાજીઉદ્દીને
ગીર બીજાને મારી નાખ્યો, અને એક છોકરાને

ગાદીએ બેસાડયો. એ પાદશાહને કોઇએ માન્યો ન
દીનને નાસવું પડ્યું. અહમદશાહ પાછો દિલ્હી આ
લુટી, પણ ફોજમાં મરકી ચાલવાથી તે ત્યાંથી નીકળ્યો.
સરદારી તળે મરેઠી લશ્કરે રાજધાની લીધી. પછી
અફગાન અને મરેઠી લશ્કરો પાણીપતના મેદાનમાં લડ્યાં.
હાર પડી—૧૭૬૧.

શાહઆલમ બીજો. ૧૭૫૯–૧૮૦૬

અબદલીએ દિલ્હી આવી શાહઆલમને ગાદી
પછી મરેઠા પાછા દિલ્હી આવ્યા, ને શાહઆલમ તેમ
૧૭૮૬ માં ગુલામ કાદર નામે સરદારે ઘરડા શાહ
ફોડી. મરેઠાએ તેનાથી છોડવી સને ૧૮૦૩ સુધી તે
અને દરિદ્રતામાં રાખ્યો. એજ વરસમાં ઇંગ્રેજી સ
રેઠા પાસે દિલ્હી લીધું, ત્યારે આંધળા શાહને દુઃ
૧૮૦૬ માં મરી ગયો.

અકબર બીજો. ૧૮૦૬–૧૮૩૭.

પછી તેનો શાહજાદો બીજો અકબર રાજ વગરના
બચાવ ઇંગ્રેજ સરકારે કર્યો. તે ૧૮૩૭ માં મરણ પ
વર મહમદ બહાદુરશાહ નામનો પાદશાહ થયો.

મહમદ બહાદુરશાહ ૧૮૩૭–૧૮૫૭

તેને પણ ઇંગ્રેજે પાળ્યો. તે મુગલવંશનો છેલ્લો પા
માં દેશી પલટણોએ બળવો કર્યો, અને ઇંગ્રેજોને ત

ી રીતે મારી નાંખ્યાં, તે બળવામાં એ પાદશાહે ભાગ તેને દેશનિકાલ કર્યો, અને તેના પુત્ર અને પાત્રોને બે પ્રમાણે મુગલવંશનો અંત આવ્યો.

પ્રકરણ ૩ જું.

મરેઠી રાજ્ય.

શિવાજી.

નામ જીજીબાઈ તથા એના બાપનું નામ શાહજી ઈ. સ. ૧૬૨૭ મા કોંકણ પ્રાંતના શ્યુનરી નામે હતો. એને શીખવવા સારૂ એના બાપે દાદાજી કોંડે રાખ્યો હતો. શિવાજી કાંઈ શીખ્યો નહીં પણ વીર ાવતાં તથા બરછી અને ભાલા વગેરે લડાઈનાં હથિ- વાપરતાં શીખ્યો. એ શરીરે ઠીંગણો હતો, પણ દંડ ારતથી એનું શરીર કસાયલુ હતું. માત્ર ૧૯ વર્ષની . ફાટ કરવા માંડી અને પોતાની પાસે લસ્કર ભેગું થા પૂણાથી વીશ માઈલ છેટે આવેલી તોરનીઆની ી. ઈ. સ. ૧૬૪૬. નાનપણથીજ એ મુસલમાનોને ધિક્કા- સત્તા વધી ગયલી જોઈને વિજાપુરના રાજાએ અફઝલખાંને એને તાબે કરવા મોકલ્યો—ઈ. સ. વાજીએ તેને દગાથી મારી નાંખ્યો, અને લસ્કરને મફઝલખાંથી બીહીતો હોય એવું તેણે ડોળ દેખાડ્યું, વાની મરજી જણાવી. અને અફઝલખાંને એક અ-

કાંત જગ્યાએ મલાહના કોલકરાર કરવા બોલાવ્યો. ૧
પોતે સઘળાં હથીઆર બાંધીને તેપર એક ઝભ્ભો પેહેર
ડગલીની બેતંડુમાં એક વાઘ નખ નામનું હથીયાર છુપાવ
ઝલખાં કાંઇ દગો નથી એવું સમજીને તેને ભેટવા ગયો,
પોતાનાં છુપાવેલાં હથીયારે તેને મારી નાંખ્યો, તથા પોતા
તેણે પાહાડની કઢણમાં છુપું રાખ્યું હતું તેને નીશાણી ક
શ્કરે અફઝલખાંના લશ્કરપર તુટી પડીને તેને નસાડી મુ
શિવાજીના રાજનો વિસ્તાર ૧૦૦ માઇલનો હતો. એ
ઇ રાજ્યપર હુમલો કર્યો, અને આલમગીરનો મામો
પૂના કબજે કર્યું હતું તેને જખમી કર્યો. ૧૬૬૩ માં
૧૬૬૪ માં રાજાનું નામ ધારણ કરીને પોતાના નામનાં
૧૬૬૫ માં ઔરંગજેબે પોતાના સરદાર શહિસ્તખાંને એ
તેણે શિવાજીને સાંઘર આગળ હરાવીને તેના કેટલાક
૧૬૬૬ માં શિવાજીએ વિજાપુર તાબે કરવામાં મુગલોને
ઔરંગજેબે માનપત્ર મોકલી તેને મળવા સારૂ દિલ્હી બો
જી પોતાના કુંવર સંભાજીને લઇને દિલ્હી ગયો પણ એ
માં પેહેલાંથી દગો હતો તેથી તેણે બેઉ બાપ દીકરાને
સાધુઓને વાસ્તે જે ટોપલાઓમાં શિવાજી મીઠાઇ મોકલ
લાઓમાં ભરાઇને તેઓ નાશી ગયા, અને રાયગઢમાં
૧૬૭૦ માં એણે બીજી વાર સુરત લુટ્યું. ૧૬૭૪ માં
ધિરાજની પદવી ધારણ કીધી ને સોના રૂપાંથી પોતાની
સોનું બ્રાહ્મણોમાં વહેંચી દીધું. એ ૧૬૮૦ માં મરણ
જેવો મોટો પૂરૂષ આખા મરાઠાની જાતમાં કોઇ થયો નથી
એવું અભિમાન એણે હિંદુઓમાં ઉપજ કર્યું, તથી તેઓ

ઘડયા. અને કોઇ દહાડો પૂરેપૂરા વશ થયા નહીં. શિ-
મી શૂરો જોધ્ધો, ચતુર સેનાપતિ, ને કુશળ રાજકાર-
એ

—

સંભાજી ૧૬૮૦-૧૬૮૯.

જીની પછી ગાદીએ બેઠો. એણે નિર્દયપણે પોતાની સાવ-
ંખી હતી. એના બાપના જેવો એ બહાદૂર હતો, પણ
. એ કલુશા નામે કનોજીઆ બ્રાહ્મણની માઠી સોબતમાં
ક થઇ ગયો હતો. એક દિવસ એ તથા કલુશા છાકટ
તા, તેવામાં મુગલ સ્વારોએ આવી તેમને ઓચિંતા
રંગજેબની છાવની આવી ત્યારે સંભાજીની પાઘડી ઉં-
ને બાંધી ઊંટપર નાંખ્યો કે ફોજના લોક તેને જોઈ શકે.
કે મુસલમાન થાય તો તું બચે. સંભાજીએ ભાન
ારી શાહાજાદી પરણાવે તો મુસલમાન થાઉં,' એમ કહી
ો તિરસ્કાર કર્યો. આલમગીરે ગુસ્સે થઇને તેની આંખો-
તેને કતલ કરાવ્યો. કલુશાને પણ મારી નાંખ્યો—ઇ. સ.
 મરેઠા નબળા પડશે એવા વિચારથી સંભાજીની રાણી
ના કુમારને પાદશાહે પકડી કબજે રાખ્યાં, પણ મરાઠા
ત ન હારતાં સંભાજીના ઓરમાન ભાઇ રાજારામને

—

રાજારામ ૧૬૮૯-૧૭૦૦

ઠા પછી પોતાના સરદારોની સલાહથી રાજારામ કિલ્લે
ારયો. મુગલાઇ લશ્કરે જીંજીને ઘેરો ઘાલ્યો, પણ

૧૬૯૮ સુધી લેવાઇ શકાયો નહીં, ને લીધો ત્યારે લાંચ
તેમાંથી નાશી છુટયો. સને ૧૭૦૦ માં તે મરણ પામ્યો.
હતા તેમાંથી વડો શિવાજી દશ વરસનો હતો તેને ગાદી
મા તારાબાઇ હોશીઆરીથી રાજ કરવા લાગી. એ શિવાજી
થી ૧૭૦૮ સુધી રાજ કીધું.

શાહુ ૧૭૦૮–૧૭૪૮.

એ સંભાજીનો છોકરો હતો. જ્યારે એ અને
રના કબજામાં હતાં ત્યારે તેઓપર આલમગીરની દી
બતી. ઔરંગજેબ પોતે કુંવરને પોતાની પાસે બોલા
બણાવ્યો હતો ને પોતાની ફોજના આબરૂદાર મરેઠા
બે દીકરીઓ સાથે તેનાં લગન કર્યાં હતાં. શિવાજી એ
કહેતો માટે કુંવરનું નામ મશ્કરીમાં તેણે શાહુ પાડયુ
રના મરણ પછી શાહજાદા આજીમે તાબેદાર રહી મદદ
તેને છોડી દીધો. શાહુ રાજગાદી લેવા આવ્યો ત્યારે ત
અને કહ્યું કે એ શાહુ ન હોય પણ તેનું નામ ધારણ
ઘણા મરેઠા સરદારો શાહુ સાથે મળી ગયાથી તારા બાઇ
પડયું, ને શાહુએ સતારામાં રાજધાની કરી.

શિવાજીના સમયથી મુખ્ય પ્રધાન પેશ્વા કહેવા
પક્ષ જોડે વઢવામાં બાલાજી વિશ્વનાથ નામે બ્રાહ્મણે
સેવા બજાવી, તે માટે તેને પેશ્વાની પદવી આપી—સને

બાલાજી વિશ્વનાથ ૧૭૧૪-૧૭૨૦.

ાન પુરૂષ શાહુરાજાને મળવાથી તેણે પોતાનો અધિકાર
પોતે મુગલ દરબારમાં કેળવાયાથી એ વેળાનઃ મુગલોની
હ ભોગવવા લાગ્યો. બાલાજીએ પોતાની હુશિઆરીથી
ધાર્યું અને જોરપર આણ્યું. ઈ. સ. ૧૭૧૯ માં એ પેશ્વા
'પાદશાહ મહમદશાહના વજીર સૈયદ હુસેનની મદદે
દિલ્હી ગયો. વજીરે તેને દક્ષિણની ચોથનો, તથા
ના મુલકના સ્વતંત્રપણાંનો કરાર લખી આપ્યો. એ
ાના ઘણાં બ્રાહ્મણને નોકરીમાં રાખી તેમનું બળ વ-
૧૭૨૦ માં મરણ પામ્યો, ત્યારે તેની જગોએ તેના
ાને શાહુરાજાએ નીમ્યો. જે વરસમાં બાજીરાવ પેશ્વા
ાજનો સેનાપતિ ખંડેરાવ ડાભાડે તથા ઉપસેનાપતિ
રણ પામ્યા. ખંડેરાવની જગ્યા તેના દીકરા ત્રિંબક-
ામાજીની જગ્યા તેના ભાઈ જંકોજીના પુત્ર પિલાજી

બાજીરાવ બલ્લાલ ૧૭૨૦-૧૭૪૦.

મરેઠી રાજ્ય સ્થાપનાર શિવાજીના જેવો મહાનપુરૂષ
મમાની, ચતુર, શૂરવીર, મહાબુદ્ધિમાન, ને ભણેલો ગ-
. એ ભાષણ કરવામાં કુશળ હતો. એણે મરેઠી રા-
એ ચઢાવી આબાદ કર્યું. યુદ્ધ કરવામાં જેઓ કુશળ
ચી પદવીએ ચઢાવ્યા તથા જાગીરો અપાવી ઉત્તેજન
ારજી (મલ્હારરાવ) હોલકર, અને રાણોજી સિંધીઆ
જી જાતે શુદ્ર, અને ફોજમાં ઘોડેસ્વાર હતો. રાણોજી

ગરીબ અવસ્થામાં હોવાથી બાજીરાવનાં પગરખાં મલારજીના વંશજો ઇંદોરમાં, અને રાણોજીના વંશજ રાજ ભોગવેછે. એ પ્રમાણે ઘણાક લડાયક પુરૂષો ઊંચી બાજીરાવ સ્વભાવે સાદો ને મેહેનતુ હતો, તથા વહેમી લૂટવા અને જીતવામાં તે હુશિઆર હતો, પણ રાજ ન હતો. મુગલાઇ રાજ તોડી ભરતખંડના ધણી થવુ મુખ્ય મતલબ હતી. એ પેશ્વાનું મત એવું હતું પાદશાહીનો અંત આણવો એટલે દક્ષિણ વગેરે બીજા સહેલા પડશે.

૧૭૩૪ માં એણે માળવા પ્રાંત તાબે કીધો. અને તેના હરીફ ત્રિંબકરાવ ડાભાડેની વચ્ચે ડભોઇ તેમાં ત્રિંબકરાવ મરાયો અને તેનો પક્ષ હાર્યો. ૧૭૩૬ હિત તે દિલ્હી ગયો. આ સંકટમાં મુગલ પાદશાહે બમની મદદ માંગી. ભોપાળ આગળ મરેઠા અને થઇ. મરેઠી ફોજે મુગલ ફોજને ઘેરો લીધી. એ નિજામે આખો માળવા પ્રાંત નર્મદા અને ચંબલ વચ પચાસ લાખ રૂપિઆ પાદશાહ પાસેથી અપાવવાનો ક બે માસ સુધી ભારે લડાઇ કરી પેશ્વાના ભાઇ ચીમનાજી પાસેથી વસાઇનો કિલ્લો જીતી લીધો, તેથી બધા કોકણ થયું. ઘેરો ચલાવવામાં અને પૂરેપી ફોજને જીતવામાં મોટું પરાક્રમ હતું—સને ૧૭૩૯. પછી નિજામનો રાવે કોશેશ કરી, પણ કંઇ વળ્યું નહીં. સને ૧૭ પુરૂષ મરણ પામ્યો. જીતેલા મુલકનો બંદોબસ્ત રાખ ધ્યાન ન આપ્યું એ તેની મોટી ખોટ હતી.

ાનો વડો દીકરો હતો. રઘુજી ભોંસલે જેને બાજીરાવ
તો, તે બાલાજીને પેશ્વાઇ મળવામાં સામો થયો, પણ
ટ ગઇ, ને બાલાજી પેશ્વા થયો. ૧૭૪૮ માં શાહુરાજા
પામ્યો. તેની ગાદીએ પેશ્વાએ બીજા શિવાજીના કુંવર
ા, અને પોતે પુનામાં રાજધાની કરી સઘળો કારભાર
ામરાજાએ થોડીકવાર સામા થઇ રાજકાજ પોતે ચલા-
વી, પણ તેનું ફાવ્યું નહીં.

ાલાજી પેશ્વાએ પોતે કર્નાટકપર સ્વારી કરીને આર્કા-
મૂરના રાજા પાસે ખંડણી લીધી.

ગીર આગલ મરેઠા અને નિજામ વચ્ચે લડાઇ થઇ.
સદાશિવરાવ હતો. તેણે નિજામ સલાબતજંગને
માપવાની ફરજ પાડી.

માં મરેઠા અને અફગાનો વચ્ચે પાણીપતની પાંચમી
ફોજના સરદાર સદાશિવરાવ ભાઉ તથા પેશ્વાનોવડો
હતા. અફગાનોનો સરદાર અહમદશાહ અબદલી
: સરદારોને એ ભાઉસાહેબની કુમકે મોકલ્યા હતા.
રાજમેહેલ લુંટયો ને વિશ્વાસરાવને પાદશાહની ગાદીએ
રાજાધિરાજ ઠરાવવાનો મનસુબો કર્યો, પણ તે પાસ-
ાસે ૨૦૦ તોપો, ૧૫૦૦૦ કવાયદી પાયદળ, ૫૫૦૦૦
ા, નોકરો મળી બે લાખ માણસ હતા. અફગાનો
ળ, ૪૬૮૦૦ સ્વાર, અને ૭૦ તોપો હતી. એ લડા-
ઇ. હજારો મરેઠા લડાઇમાં માર્યા ગયા, ને હજારો
ને પણ અફગાનોએ કતલ કર્યા. ભાઉસાહેબ તથા

વિશ્વાસરાવ પણ લડાઇમાં માર્યા ગયા. આ હારની ખબર જી પેશ્વાને ઘણી દલગીરી લાગી ને થોડા માસમાં તે મરા કાયર, રંગીબાજ, આળસુ, અને ખંદો, પણ માયાળુ ઞ

માધવરાવ પેશ્વા ૧૭૬૧-૧૭૭૨.

બાલાજીનો વડો કુંવર વિશ્વાસરાવ પાણીપતનં ગયો. તેથી પેશ્વાની ગાદી તેના બીજા દીકરા માધવરાવને એ વેળા તેની ઉમર ૧૭ વરસની હતી, તેથી તેની વd ઘરાવ કારભાર કરવા લાગ્યો. આ વખતે મરેઠી રાજ હતો, તથા તે માઠી અવસ્થામાં હતું, તેવામાં હૈદરાબ અલીએ સ્વારી કરીને પૂણા લૂટયું. ત્યાર પછી મરે હરાવ્યો. એ ફતેહમાં જુવાન પેશ્વાએ ઘણી ચતુરાઇ આ પેશ્વાના અમલમાં રામ શાસ્ત્રી નામે પ્રખ્યાત બકરાવ'મામા અને હરીપંત નામે બે અકલમંદ ઃ બારામ બાપુ અને નાના ફડનવીસ નામે ઘણા ચતુ પુણાની દરબારમાં હતા. સને ૧૭૬૪ માં મ્હૈસુર મુલકપર ચઢાઇ કરી. માધવરાવે તેને હરાવી, ૩૨ લાખ પાછો કાઢયો.

(૧૭૬૬ માં મલ્હારરાવ હોલકરનું મરણ થયુ પેહેલાં મરણ પામ્યો હતો, ને પૌત્ર ગાદીએ બેશી ત્યારે તેની મા અહલ્યા બાઇએ પેશ્વાની રજાથી તુક નુભવી લડવૈયાને ખોળે લીધો, લશ્કરની સરદારી તેને એ બાઇએ ચલાવ્યું. તે બુદ્ધિવાન, ભણેલી, ઉદે વીશ વરસની ઉમરે વિધવા થઇ હતી. તેણીની સાર

ી ફુલાતી નહીં. તેણીના ભલા કારભારમાં રાજ્ય આબાદ
પામ્યા. તથા ઇંદોર શેહેર વસ્યું. મુઆ પછી દેવી
ની મુર્તિને પુજે છે.)

ત્વના કાકા રઘુનાથરાવે પોતાની બાયડી આનંદીબાઇની
નો અર્ધો ભાગ લેવાને બંડ કર્યું. માધવરાવે તેને
રમા કેદ કર્યો. ૧૭૬૯ માં મરેઠી લશ્કરે રજપૂત સં-
ોરે પાસથી ખંડણી ઉઘરાવી, ને દિલ્હીનો શાહઆ-
ત્રાણ્યો, તેથી રાજધાની તેમને હાથ આવી. ૧૭૭૨
સેણમાં લડાઇ ચલાવી, પણ મરેઠી ફોજે તેને ચેર-
ી લાભકારી સરતોએ સલાહ કરવાની ફરજ પાડી.
ઉએ માધવરાવ ૨૮ વરસની ઉમરે મરણ પામ્યો.
, અને પ્રજાને સુખી કરવાને આતુર હતો. મરેઠી
વવાની મના કરી હતી, એના વખતમાં મરેઠી રા-
રોડ રૂપીઆની હતી.

નારાયણરાવ ૧૭૭૨–૧૭૭૩.

ને પુત્ર ન હોવાથી તેનો ૧૮ વરસનો ભાઇ નારા-
ો. બીજે વરસે તેનું ખુન થયું. એ ખુન તેના
ઘોબા) પોતાને પેશ્વાઇ મળે એવી મતલબથી કેટ-
ા આપીને કરાવ્યું. સખારામ બાપુ, નાના ફડનવીસ
ામા થયા, અને મારી નાખેલા પેશ્વાની વિધવાને
ધી સરદારો અને લોક તેમને મળી ગયા. તેઓએ
માધવરાવને પેશ્વાની ગાદીએ બેસાડ્યો. રાઘોબા
ેણે મુંબઇના ઇંગ્રેજોના મદદ માંગી તે તેને મળી.

સવાઈ માધવરાવ ૧૭૭૪-૧૭૯૫.

મુંબઈની સરકારે મદદ કરવા જે લશ્કર મોકલ્
બી થઈ તેથી ઈંગ્રેજી નામને લાજ લગાડે એવા ક
આગલ ઈંગ્રેજોને કરવા પડ્યા-ઈ. સ. ૧૭૭૯. તે કરા
ઈંગ્લાંડમાં મંજુર રાખવામાં આવ્યા નહીં. (૧૭૭૭
રણ થયું.) ગવરનર જેનરલ વોરન હેસ્તિંગ્સે કલકતેથ
સરદાર ગાદર્દે લડાઈ પાછી ચલાવી, ને ડભોઈ તથા અ
ઈ. સ. ૧૭૭૯. એ વખતે નિજામ તથા હૈદરે મરેઠાને
કર્યા, ત્યારે ઈંગ્રેજે મરેઠા સાથે સલાહ કરી. એ સલ
ગ્રામ આગલ થઈ તેથી તેને સાલબાઈના કોલકરાર ક
સરતો નીચે પ્રમાણે:—

મરેઠાનો લીધેલો બધો મુલક ઈંગ્રેજે પાછો આ
પોર્તુગીઝ શિવાય બીજી કોઈ યુરોપી જાતને મરેઠી રા
નહીં. ભરૂચ સિંધીઆને આપવું. કર્ણાટકમાં હૈદરે
અપાવવામાં મદદ કરવી, ને રાઘોબાને મહીને રૂ. ૨૫
આએ આપવો.

ઈ. સ. ૧૭૯૫ માં નિજામે ચઢેલી ખંડણી ભરી
સરકારે તેના રાજ્યપર સ્વારી કરી. પેશ્વાના વાવટા ન
મરેઠી સરદારો પોત પોતાની ફોજ સાથે આવી મળ્યા.
બન્યો નહીં. કુર્દલાનાં મેદાનમાં લડાઈ થઈ તેમાં નિ
ગઈ (૧૭૯૫), અને પેશ્વાને ત્રણ કરોડ રૂપીઆ તથા
પવા કહી નિજામે સલાહ કરી. એ વેળા નાના ફડન
લતું હતું. સવાઈ માધવરાવ પેશ્વા ૨૧ વરસનો થયો
તને તેનો અધિકાર સોંપ્યો નહીં, તથા રઘુનાથરાવન

તેના ભાઈઓને કિલ્લામાં કેદ રાખ્યા હતા, તેમને
પ્ર કરી, પણ નાના આગળ તેનું કાંઈ ચાલ્યું નહીં,
ીએથી ભુસકો મારી આપઘાત કર્યો (૧૭૯૫).

બાજીરાવ બીજો ૧૭૯૫-૧૮૧૮.

અને દોલતરાવ સિંધીઆએ મળી ગાદીએ બેસાડયો.
ાને તદન અયોગ્ય હતો. એની છુપી રજાથી સિ-
ો ને રાત પુના લુંટયું તથા નાના ફડનવીસને પકડી
કર્યો. બાજીરાવે તેને કેદમાંથી છોડયો, ને પ્રધાન
ફડનવીસ ૧૮૦૦ માં મરણ પામ્યો, અને તેની સાથે
સઘળો જીવ ગયો. એ સ્વભાવે બીકણ પણ સ્વદેશા-
રાજ કાજમાં તેની સમજણ ઊંડી હતી. તે ઇંગ્રે-
ને વખાણતો, પણ રાજ કાજમાં તેમનાથી ડરી તેમ
.

ને હોલ્કરની લડાઈમાં પેશ્વા સિંધીઆની તરફ થયો,
ઢ થઈ. યશવંતરાવ હોલ્કર તેમની નજર ચૂકવી
ા. પેશ્વાની ફોજ તેનાથી હારી અને બાજીરાવ નાશી
હોલ્કરે પુના લઈ બાજીરાવના ભત્રીજાને ગાદીએ
ગ્રેજોએ તેને મદદ કરીને ગાદીએ બેસાડયો, અને
હ કરી—ઇ. સ. ૧૮૦૨. એ વસાઈની સલાહના
ું:—ઇંગ્રેજોએ બાજીરાવ બીજાને તેની ગાદી પાછી
ા રાજયનું રક્ષણ કરવું; એ માટે પુનાની પાસે
ને તેના ખરચને બદલે પેશ્વાએ દર વરસે છવીસ
ા આપવા, સૂરતપર કંઈ દાવો રાખવો નહીં;

નિઝામ તથા ગાયકવાડ સાથે વાંધા હોય તેની પંચાત
કરવી; જે યુરોપી પ્રજા સાથે ઈંગ્રેજને દુશ્મની હોય તે
રાજ્યમાં રાખવી નહીં; અને ઇંગ્લાંડના ખરા મિત્ર રહે
છરાવે પારકાને તાબે રહીને ૧૬ વરસ રાજ્ય કર્યું,
ચંડાળ કામો કર્યાં. ૧૮૧૭ માં ખડકી આગળ એને
અને એ દગલબાજી કરી તેમની સાથે લડયો માટે ૧.
રાજપાટ લઇ લીધું, અને આઠ લાખનું વર્ષાસન બાં
પાસે બીથુર ગામમાં રહેવા મોકલ્યો. એ રીતે
આવ્યો. એ પેશ્વા સને ૧૮૫૩ માં મરણ પાંમ્યો.

મરેઠી રાજ્યનો અંત

૧૭૭૯ માં રામરાજાના મરણ પછી શાહુ બીજ
શાહુને તથા બાળા સાહેબ અને આપાસાહેબ નામ
બાજીરાવ બીજાએ રાજ છીનવી લઇ કેદમાં રાખ્યા
બાને મરણ પામ્યો.

ઇંગ્રેજે પેશ્વાનું રાજ સને ૧૮૧૮ માં જીતી
હેબ (પ્રતાપસિંધ) ને સતારાની ગાદીએ બેસાડી
સને ૧૮૩૭ માં ઇંગ્રેજ સરકારને તેના ઉપર કિન્નુ
તેને ઉઠાડી તેના ભાઇ આપા સાહેબને ગાદી આપી.
સાહેબ મરી ગયો ત્યારે ઇંગ્રેજે રાજ્ય ખાલસા ક
છોકરા રાજારામ ભોંસલેને રૂ. ૫૦૦૦૦ નું પેન્શન
કહેવાતો નથી.

રાજાઓની વંશાવળી.

ધીઅનો વંશ ૧૦૦૧-૧૧૯૩.

.... ૧૦૦૧—૧૦૩૦

ઘોર વંશ ૧૧૯૩-૧૨૦૫.

.... ૧૧૯૩—૧૨૦૫

ગુલામી વંશ ૧૨૦૬-૧૨૯૦.

.... ૧૨૦૬—૧૨૧૦
.... ૧૨૧૦—૧૨૧૦
.... ૧૨૧૦—૧૨૩૫
.... ૧૨૩૫—૧૨૩૬
.... ૧૨૩૬—૧૨૩૯
.... ૧૨૩૯—૧૨૪૧
.... ૧૨૪૧—૧૨૪૬
.... ૧૨૪૬—૧૨૬૫
.... ૧૨૬૫—૧૨૮૭
.... ૧૨૮૭—૧૨૯૦

ખલજી વંશ ૧૨૯૦-૧૩૨૦.

.... ૧૨૯૦—૧૨૯૫
.... ૧૨૯૫—૧૩૧૫
.... ૧૩૧૫—૧૩૧૬
.... ૧૩૧૬—૧૩૨૦
.... ૧૩૨૦—૧૩૨૦

તઘલખ વંશ ૧૩૨૦-૧૪૧૨.

ગ્યાસુદીન તઘલખ	....	
મહમદ તઘલખ	....	૧૩૨૦—૧૩૨૫
ફીરોજશાહ	....	૧૩૨૫—૧૩૫૧
ગ્યાસુદીન બીજા	....	૧૩૫૧—૧૩૮૮
અબુ"	....	૧૩૮૮—૧૩૮૯
	....	૧૩૮૯—૧૩૮૯
	....	૧૩૮૯—૧૩૯૨
	....	૧૩૯૨—૧૩૯૨
ન	....	૧૩૯૨—૧૪૧૨

સૈયદ વંશ ૧૪૧૪ ૧૪૫૦.

...ાં	....	૧૪૧૪—૧૪૨૧
	....	૧૪૨૧—૧૪૩૩
	....	૧૪૩૩—૧૪૪૩
	....	૧૪૪૩—૧૪૫૦

શ ૧૪૫૦-૧૫૨૬.

	....	૧૪૫૦—૧૪૮૮
	....	૧૪૮૮—૧૫૧૭
	....	૧૫૧૭—૧૫૨૬

-૧૫૪૦ ને ૧૫૫૫-૧૮૫૭.

	....	૧૫૨૬—૧૫૩·

અફગાન વંશ ૧૫૪૦-૧૫૫૫.

રશાહ	૧૫૪૦—૧૫૪૫
લીમશાહ....	૧૫૪૫—૧૫૫૩
રોજ	૧૫૫૩—૧૫૫૩
હમદ આદિલશાહ	૫૫૩—૧૫૫૫
સેકંદર શૂર....	૫૫૫

મુગલ વંશ ૧૫૫૬-૧૮૫૭.

અકબર	૧
જહાંગીર	૧૬૦૫
શાહજહાં	૧૬૨૭—
ઔરંગજેબ	૧૬૫૮
બહાદુરશાહ	
જહાંદારશાહ	
ફરૂખશિયર....	
મહમદશાહ....	
અહમદશાહ	
આલમગીર બીજો...	
શાહઆલમ બીજો	
અકબર બીજો	
મહમદ બહાદુરશાહ	

ગરેદી રા ... ના ના

જળનોળિયો પાળ્યો હતો. તે તેના સંગાતે બહાર ફરવા જતો, પરંતુ રસ્તે થઇને લોકો માછલાં લઈ જતા તે ચોરવાની તેને ટેવ પડી તેથી તેને કાઢી મેલવો પડ્યો. દાક્તર જર્ડોન તેને પાણીનો પ્રવાહ અટકાવવાને બાંધેલા પુસ્તાની સામે પાર કેટલાક મૈલ દૂર મૂકી આવ્યો. પછી તે ઘેર ગયો અને તેણે જાણ્યું કે હવે તેને રસ્તો જડશે નહિ. પરંતુ તેજ રાતે દાક્તર જર્ડોન પોતાના ઘરથી છેટેના ગામડામાં ગયો હતો ત્યાં તે જળનોળિયો આવીને તેના પગ આગળ બેઠો.

વળી એક બીજા જળનોળિયા વિષે એવું કહેવાયછે કે તે એક ગૃહસ્થના ઘરનાં સઘળાં માણસ જોડે હળી ગયો હતો અને તેનું આચરણ કૂતરાના જેવુંજ હતું. રાંધેલી માછલાં સિવાય તેને જે ખાવા આપતા તે તે ખાતો. કાચાં અને છેક તાજી માછલી આપતા તોજ તે ખાતો.

मार्टन. (તખ્તી ૯ મી.)

માર્ટન એ આખા યૂરોપમાં અને પશ્ચિમ એશિઆના કેટલાક ભાગમાં વસેછે. હિંદુસ્તાનના ડુંગરોમાં, તેમાં વિશેષ કરીને હિમાલય અને નીલગિરિ પર્વતપર, એનો વાસ છે. એ પ્રાણી બહુ નાશકારક છે અને નાનાં જનાવરો ખા-ઇને રહેછે. જંગલમાં અને ઝાડીમાં તે સંતાઈ રહેછે અને ખેતરોમાં જઈ ખડામાંથી મરઘડાંને ચોરી લઈ જાયછે. એને મધ પણ ભાવેછે, અને કોઈવાર ખીઆં અને અનાજ

તખ્તી ૧૦ મી.



૧. સ્ટોટ. ૨. અર્મિન. ૩. પોલકેટ. ૪. સ્કંક. ૫. મિંક્સ.

ખાયછે. તે પોતાનાં બચ્ચાંને ઝાડની બખોલોમાં ઉછેરેછે.

આ જનાવર ઘણું આનંદી, ચંચળ, અને દેખાવડું છે. મોટી ઉમરનું માર્ટન પકડેછે તો તે ઘણું બેકેદ રહેછે અને હળી શકતું નથી, અને બચ્ચું પકડેછે ત્યારે તે અસીલ હોયછે અને ઝટ હળી જાયછે. એને બે જાતનાં રૂવાં છે; બહારનાં રૂવાં લાંબાં, ભૂરાં, અને શરીરના જુદા જુદા ભાગમાં જુદા જુદા રંગનાં હોયછે; તથા અંદરનાં રૂવાં ઘણાંજ સુંવાળાં, ટૂંકાં, અને આછા પીળચટા ખાખી રંગનાં હોયછે.

સ્ટોટ. (તખ્તી ૧૦ મી.)

આ પ્રાણી વીઝલના જેવું પરંતુ તેનાથી ઘણું મોટું છે. એનો રંગ રતુમડો ભૂરો હોયછે, તથાપિ ઉત્તર તરફના દેશોમાં એ રંગ બદલાઈને શિયાળામાં દૂધ જેવો ધોળો થઈ જાયછે. એ વખતે એને "અર્મિન" કહેછે. સ્ટોટ બહુ નાશકારક છે, અને ખેતરોમાંનાં સસલાં, ખીસકોલી, મુરઘાં, વગેરે નાનાં પ્રાણીઓને લાગ ફાવેછે ત્યારે મારી નાખેછે. સ્ટોટ બગાડ કરેછે તેનો દોષ ઘણીવાર વીઝલને માથે મૂકવામાં આવેછે.*

आर्मिन. (તખ્તી ૧૦ મી.)

* "ખાઈ જાય ચકલાં અને ટોવાય હૂડા" એ પ્રમાણે.

અર્મિન એ ઉત્તર બાજુના દેશોનું શિયાળામાં ધોળું થઈ ગયેલું સ્ટોટ છે. એનાં રૂવાં મેળવવાને ઘણો પ્રયત્ન કરવામાં આવેછે. અસલના વખતમાં યૂરોપના રાજાઓ મુખ્યત્વે કરીને એનાં રૂવાંવાળા ઝભ્ભા પહેરતા, અને ન્યાયાધીશો હજુ પહેરેછે.

અર્મિનની પૂંછડીનો છેડો સદા શાહ કાળો હોયછે; અને રૂવાં વાપરતી વખતે એ છેડાને બરાબર અંતરે ગોઠવેછે. આ નાનું પ્રાણી બહુ નાશકારક છે, અને ઉંદર, કબૂતર, નાનાં પશુઓ અને પક્ષીઓને મારીને ખાઈ જાયછે. હારિયરની પેઠે વાસ ઉપરથી તે સસલાંનો શિકાર કરી શકેછે.

पोलकेट. (તખ્તી ૧૦ મી.)

જે અતિ નાશકારક પ્રાણીઓ હયાત છે તેઓમાંનું એક એ છે. એની ભૂખ કદી તૃપ્ત થતી નથી; શિકારનાં પક્ષીઓ અને સસલાંની લોંકડી જેટલી કાસળ કાઢેછે તેનાથી એ જનાવર વધારે કાઢેછે. એના દરમાં બામ માછલીઓ, દાંત વગરનાં મોટાં નાનાં દેડકાં, તથા શિકાર કરી લાવેલાં બીજાં જનાવરોના ખાતાં વધેલા લોચા (શેષ) દીઠામાં આવ્યાછે. રસની નાની કોથળીમાં એક જાતનો રસ પેદા થવાથી એના અંગમાંથી બહુજ દુર્ગંધ નીકળેછે. એનાં રૂવાંને ફિચ કહેછે. એ રૂવાં કાંઈ કામનાં નથી, કારણ કે ઘણા વખત લગી એમાં દુર્ગંધ રહેછે. આ પ્રાણી રા-

ફડામાં અથવા ઝાડીથી ઢંકાયલા કોઈ ખાડામાં પોતાનું રહેઠાણ કરેછે. વીઝલની પેઠે પોલકેટ સસલાંનું લોહી ચૂશીને તેમને મારી નાંખેછે; એ રીતે મારી નાંખેલાં વીસ સસલાં એકવાર દીઠામાં આવ્યાં હતાં તેમનાં અંગપર જખમનું એકે ચિન્હ જણાતું નહોતું. એને હિંદુસ્તાનીમાં ખટાસ (સં. ખટ્વાશી) કહેછે.

स्कंक. (તખ્તી ૧૦ મી.)

આ પ્રાણી લગભગ બિલાડીના જેવડું છે. એની વાસ પોલકેટની વાસથીએ વધારે ખરાબ છે. ઉત્તર અમેરિકાના ખડક અને ઝાડીવાળા ભાગમાં એનો વાસ છે.

સ્કંક ભોંયમાં ખાડો ખોદીને તેમાં રહેછે અને ત્યાંથી ભાગ્યે આઘું ખસેછે. એનો ખોરાક ઊંદર અને દેડકાં છે. એ ઘણુંજ ધીમું હીંડેછે તેથી ઝટ પકડાઈ જાયછે; પરંતુ કુતરાને એની કને જવું ગમતું નથી, કેમકે એના પૂંછડાના મૂળની બંને બાજૂએ બે કોથળી હોયછે તેમાંથી બહુજ ગંધાતો પ્રવાહી ઊરાડવાની એનામાં શક્તિ છે. એ પ્રવાહી એટલી તો દુર્ગંધી મારેછે કે કોઇપણ જનાવરથી તે ખમી શકાતી નથી. એક ઘરના ભોંયરામાં સ્કંક ભરાયું હતું તે એ રીતે પ્રવાહી ઊરાડીને પોતાનો બચાવ કરતું હતું તેથી તે ઘરમાં રહેનારાં માણસોને તે ઘર છોડી દેવું પડ્યું હતું એવી એક કહાણી છે. એ વાસ કેમે કરતાં જતી નથી.

સ્કંક એ પ્રવાહી ઉરાડતું નથી ત્યાં લગી તે વાસ મારતું નથી. અમેરિકાના ઈંડિઅનો આ ગંધાતા પ્રવાહીની કોથળીઓને પહેલેથી કાપી નાંખીને તેનું માંસ ખાયછે.

મિંક્સ. (તખ્તી ૧૦ મી.)

મિંક્સ એ ઉત્તર અમેરિકાનું પોલકેટ છે; પરંતુ યૂરોપી પોલકેટનાં રૂવાંથી એનાં રૂવાં વધારે કીમતી છે. ફેરેટ એ આ વર્ગનું પ્રાણી છે. એને સ્પેનમાંથી ઈંગ્લાંડ લઈ જવામાં આવ્યું હતું.

कस्तूरी बिलाडा, वणियर अने नोळियो.

એ ત્રણે જનાવર આ દેશમાં થાયછે. એમનાં ચિત્ર આ ચોપડીમાં આપ્યાં નથી. કસ્તૂરી બિલાડાંની કેટલીક જાત આ દેશમાં વસેછે. એના અંગમાંથી કરડી વાસ નીકળેછે તેથી એ પ્રખ્યાત છે. પૂંછડીની થડમાંની એક કોથળીમાં કસ્તૂરીના જેવો પદાર્થ પેદા થાયછે તેને લીધે એ વાસ આવેછે. એ જનાવરની વાસપરથી કૂતરા એને ખોળી કહાડી એનો શિકાર કરેછે. એ જનાવર દેખાવડું છે. ચટાપટાવાળા નોળિયાના જેવડું વણિયર હોયછે. ઘરનાં છાપરાંની લૂગડાંની છતની ઉપલી બાજૂએ એ રહેછે, અને ઉંદર, ગરોળી, અને પક્ષીઓને ખોળવાને અહીં તહીં ચઢેછે. એ સહેલાઇથી હળી જાયછે. ઢાંકેલા ધાન્યનું વાસણ ઉઘાડી માંહેનું ધાન્ય ખાઈ જઈ તે પાછું ઢાંકી દેછે એમ કહેવાય

તખ્તી ૧૧ મી.



૧. શિયાળ. ૨. વરૂ. ૩. આયર્લાંડનો કુત્કુહૌંડ. ૪. ડીઅરહૌંડ.

છે. નોળિયો એ સર્પને જાણીતું જનાવર છે. સાપને મારી શકેછે તેથી એ પ્રખ્યાત છે. એ ઊંદરનો પણ શિકાર કરે-છે. એ ઘણો ચપળ છે, ને પાળી શકાયછે.

कूतरानी जात.

शियाळ. (તખ્તી ૧૧ મી.)

આખા આફ્રિકાખંડમાં, એશિયાના ગરમ દેશોમાં, અને દક્ષિણ યૂરોપના કેટલાક ભાગમાં શિયાળ વસેછે. એનું કદ લોંકડીના જેવડું લગભગ છે, પણ તેનાથી તે જરાક ઊંચું છે.

શિયાળનાં ટોળે ટોળાં ભેગાં રહેછે. એક ટોળામાં કોઇવાર સો કે સોથી વધારે શિયાળ હોયછે. તેમને દિવસે અને રાતે બરાબર સાફ સૂઝેછે, પણ શિકાર ખોળવાને તેઓ રાતની વખતે બહાર નીકળેછે; દરદથી પીડાતું બાળક જેવી ચીસ પાડેછે તેવી—બાવરી, દુખીઆરી, અને કાન ફોડી નાંખે એવી—ચીસ તે પાડેછે તેથી ઊંઘતો આદમી જાગી ઊઠેછે.

શિયાળવાં ઘણાંજ અકરાંતિયાં અને ધીટ છે. ગામડામાં તેઓ ઘરમાં પેશીને જે કાંઇ ખાવાનું દેખેછે તે લઇ જાય-છે. દાટેલાં મડદાંને પણ ખોદી કાઢીને ખાયછે. વળી તેઓ ઘોડાનો ચામડાનો સાજ અને જોડા મળે તો તે પણ

આયછે. તેઓ એકઠાં મળીને હરણનો શિકાર કરેછે અને (પૂરતી સંખ્યા હોયછે તો) ઘોડા તથા ગાયોને પણ હેરાન કરેછે; પરંતુ પુરૂષથી અને આર્યાએ બીને નાશી જાયછે. તેઓ ઘણુંકરીને સાંજ પડેછે એટલે બૂમો પાડતાં સંભળાયછે.

શિયાળ હળી શકેછે. એ હળેછે તેવારે અસીલ અને રમતિયાળ બનેછે, પરંતુ તેનો સ્વભાવ સ્વછંદી છે અને મરઘડાં વગેરેને ચોરી લઇ જવામાં હોશિયાર છે.

વરૂ. (તખ્તી ૧૧ મી.)

વરૂનો વાસ યૂરોપમાં, એશિઆના ઠંડા ભાગોમાં, અને ઉત્તર અમેરિકામાં છે.

આ જનાવર પહેલાં ગ્રેટબ્રિટન અને આયર્લાંડમાં રહેતું હતું. પરંતુ સારા નસીબે નાબુદ થયુંછે. અતિ વિકરાળ અને નાશકારક પ્રાણીઓમાંનું એક એ છે. એ જેટલું વિકરાળ છે તેટલું અકલવાળું અને ખંધું છે.

શિયાળામાં જમીન બરફથી ઢંકાઈ જાયછે તેવારે જર્મનીનાં મોટાં મેદાનોમાં અને રૂશિઆ તથા પોલાંડનાં જંગલોમાં વરૂઓ ઘણો કેર કરેછે. ટોળાં બંધાઇને તેઓ બરફ ઉપર ચાલતી પેડાં વગરની ગાડીનો અડિયેલ થઈને કેડો લઇ (પાછળ પડી) મુસાફરોનો શિકાર કરેછે. ભયભીત થઇ ઘોડા નાસેછે; અને આ વિકરાળ જનાવરો કોઇ ઘોડાની પાછળ વેગથી દોડેછે તેવારે એ દેખાવ ભયાનક લાગેછે. પરંતુ

જ્યારે વરૂને મુસાફર ગોળીથી મારી નાંખેછે ત્યારે દર વખત થોડી વાર લગી તેના સંકટનું રોકાણ થાયછે, કારણકે બીજાં વરૂઓ પોતાના મુએલા સાથીને ખાવાને ઊભાં રહેછે.

ઉત્તર ધ્રુવના પ્રદેશમાં એ જનાવરોનાં રૂવાંનો રંગ શિયાળામાં બદલાઇને ધોળો થાયછે.

એ વરૂઓ ઘણીવાર સીલ નામે એક જાતના દરિયાઇ પ્રાણીને બરફમાંથી શોધીને મારી ખાયછે. તેઓ બરફના જોડે ઘણીવાર દરિયામાં ઘસડાઇ જઇ ડૂબી જાયછે.

आयर्लांडनो वुल्फ हौंड. (તખ્તી ૧૧ મી.)

ફાડી ખાનાર વરૂનું વર્ણન વાંચ્યા પછી તેનો ભલો સગો (સંબંધી) સઘળા જમાનામાં અને સઘળા દેશોમાં માણસના નિમકહલાલ મિત્ર જે કૂતરો તેનું બ્યાન વાંચવાથી રમુજ પડશે. સઘળા દેશોમાં કૂતરો જોવામાં આવેછે. એ પ્રાણી બહુજ અકલવાળું. હિંમતવાન, પાડ માનનારૂં, ગરીબ. માયાળુ, સાહસિક, અને ઘણુંજ નિષ્ઠાવાળું છે. રાની કૂતરાની એક જાત આ દેશનાં જંગલોમાં વસેછે. કેટલાક રાની કૂતરા એકઠા થઇને હરણનો શિકાર કરેછે. આ રાની કૂતરામાં અને પાળેલા કૂતરામાં ઘણી વાતે ફેર છે. પાળેલા કૂતરા કરતાં રાની કૂતરાનો વરૂ જોડે નિકટનો સંબંધ છે એવું ધારવામાં આવેછે. ગરમ દેશોમાં કૂતરાં બગડી જાયછે, પણ ઠંડા દેશોમાં તેમને ઘણી સંભાળથી ઉછેરી કેળવેછે.

આ ઉમદા પ્રાણીઓમાં જેઓ ઘણાંજ સુંદર છે તેઓ-માંનો એક વુલ્ફહૌંડ છે. આયર્લાંડનો વુલ્ફહૌંડ હાલમાં ઝાઝો દેખાતો નથી.

ડીઅર હૉંડ. (તખ્તી ૧૧ મી.)

વુલ્ફહૌંડથી ડીઅરહૌંડ મોટો છે. એ તેની ઝડપ, બળ, અને હિંમતને માટે વખણાય છે. હરણને ગોળી વાગ્યા કેડે તેને શોધી લાવવાને તે તેની કને જાયછે; કારણકે એ વખતે પણ તે હરણ દોડી જાયછે, અને સામું થાયછે, માટે શિકારી આવી પહોચે ત્યાં લગી એ કુતરો ઉતાવળો દોડીને તેને પકડી પાડી હિંમતથી તેનો કાન અથવા ડોકું ઝાલી રાખેછે.

સેંટબર્નાર્ડ. (તખ્તી ૧૨ મી.)

સેંટ બર્નાર્ડ સઘળી જાતના કુતરાથી સરસ છે. એ કુતરો આલ્પ્સ પર્વતમાં રહેછે; જે મુસાફરો વાવાઝોડામાં સપડાઈ જઈ બરફમાં દટાઈ જાયછે તે બાપડાઓનો જીવ ઉગારવો એ તેના પ્રૌઢ જન્મારાનો ધર્મ છે. જે સાધુ પુરુષ આ મહાભારત કામ એ પ્રાણીઓને પહેલ વહેલું શીખવ્યું તેના નામપરથી એમનું એ નામ પડ્યુંછે. સને ૯૬૨ માં બર્નાર્ડ ડી મેન્થને—એને સેંટ બર્નાર્ડ કહેછે તે યોગ્ય છે—બે હાસ્પિતાલ બંધાવી; એક હાસ્પિતાલ મૌંટ જ્યુ-

તખ્તી ૧૨ મી.



૧. સેન્ટબર્નાર્ડ. ૨. બુલડોગ. ૩. ન્યુફૌંડલાંડ. ૪. બ્લડહૌંડ.
૫. ઇટાલિનગ્રેહૌંડ.

ઉકસ ઉપર અને બીજી ગ્રિસન આલ્પસપર જવાના રસ્તા ઉપરં; એ ઠેકાણે ચાળીસ વરસ રહીને તેણે એક બર્નાર્ડને, બરફમાં દટાઈ ગયેલા મુસાફરોને ખોળી કહાડતાં શીખવ્યું. ત્યારપછી એ કૂતરો ઘણા મુસાફરોના જાન બચાવતો અને તેમને હાસ્પિતાલમાં લઈ જતો. એ વખતથી આ કૂતરાને સેંટબર્નાર્ડના સાધુઓ એજ કામમાં વાપરેછે અને એમ દટાઈ ગયેલાં માણસોને ખોળી કહાડવામાં અને બરફથી ઢંકાયલ રસ્તે મુસાફરોને દોરી જવામાં તેમની મહેનત ફોગટ ગઈ નથી.

આ કૂતરાનો ચહેરો ઘણો પ્રૌઢ છે, આંખ વિચારશીળ છે, અને પંજા મોટા છે. દટાયલા મુસાફરોની ખોળ કરવા મોકલતી વખતે એમની ડોકે દારૂનો શીસો બાંધેછે, અને વરૂ તેમને મારી ન નાંખે તેટલા સારૂ તેમની ડોકે લોઢાના ખીલાવાળો ગળેબંધ બાંધેછે.

બુલડોગ. (તખ્તી ૧૨ મી.)

આ કૂતરો ઘણો કદરૂપો છે. એનો સ્વભાવ ઘાતકી છે અને તે પોતાનો શિકાર કદી ચૂકતો નથી. એ કૂતરો આખલા જોડે ટક્કર લઈ શકેછે; અને યૂરોપમાં અસલના વખતમાં ગોધાને હેરાન કરવાની ક્રૂર રમત એ કૂતરા કને કરાવતા તેપરથી એનું નામ બુલડોગ એટલે આખલાનો કૂતરો પડ્યું છે.


ન્યૂફોંડલાંડ. (તખ્તી ૧૨ મી.)

આ ઉમદા પ્રાણી તેનાં બળ, ડહાપણ, ધીરજ, અને સારા સ્વભાવને માટે વખણાય છે. એણે ઘણા માણસોના જાન બચાવ્યા છે, કારણ કે એ જળકૂતરો છે અને તરવામાં હોશિયાર છે. એની ઉદાર પ્રેરણાબુદ્ધિ એને માણસની જિંદગી બચાવતાં શીખવેછે, તેથી સેંટબર્નાર્ડ કૂતરો જેમ બરફથી મુસાફરનો જાન બચાવેછે તેમ આ કૂતરો કોઈ પુરૂષ, સ્ત્રી, કે બાળકને પાણીમાં ડૂબતું જુએછે તો તેને કહાડીને તેનો પ્રાણ ઉગારેછે.

બ્લડહૌંડ. (તખ્તી ૧૨ મી.)

ગંધે ગંધે ચાલ્યા જવાની શક્તિને માટે તથા શિકારમાં મચ્યા રહેવાના ગુણને માટે બ્લડહૌંડ પ્રખ્યાત છે. એ બે ગુણ—જનતેજ ઘણા કીમતી છે—ને સેંટબર્નાર્ડ ઉપયોગનાં લઇને અને કેળવીને અતિ ઉમદા કૂતરા બનાવતો; પરંતુ નિર્દય માણસો બાપડા બ્લડહૌંડ કને દુષ્ટ કામ કરાવતા અને પોતાના દુશ્મનોને ખોળી કઢાવતા. એકવાર અમેરિકામાં માણસનો શિકાર કરતાં શીખવેલા કૂતરા કને બાપડા ગુલામોનો શિકાર કરાવ્યો હતો. બ્લડહૌંડના સ્વભાવનું કાંઈ ઠેકાણું નથી; પરંતુ આ ચોપડીના બનાવનારની પાસે એક કૂતરો હતો તે અસીલ અને મળતાવડો હતો.

તખ્તો ૧૩ મો.



૧. ટેરિયર. ૨. સ્પાનિયલ. ૩. ગ્રેહૌંડ. ૪. ચાર્લ્સ રાજાનો સ્પાનિયલ.

इटालिनो ग्रेहौंड. (તખ્તી ૧૨મી.)

આ રૂપાળો કુતરો ઇટાલિની સ્ત્રીઓને ઘણો લાડકો છે. એ અસીલ અને રમતિયાળ છે; પણ શિકાર કરવામાં કાંઈ કામનો નથી, કેમકે એનાં ગાત્ર કોમળ હોવાથી બહુ દૂર દોડી શકતો નથી અને થાકી જાયછે.

એનાથી જરા પણ ટાઢ ખમાતી નથી, તેથી શિયાળામાં ઘણુંકરીને એને નાનો ઓઢો ઓઢાડેછે.

टेरियर. (તખ્તી ૧૩ મી)

ટેરિયરની કને લોંકડીને તેના જમીનની અંદરના રહેઠાણમાંથી બહાર કાઢવાનું કામ કરાવેછે. એ કૂતરો ઘણી આતુરતાથી માટી ખોદેછે તેથી એનું એ નામ પડ્યુંછે. ઉંદર, બાડ્જર, સ્ટોટ, પોલકેટ, વગેરેને મારવાનું કામ પણ એની કને કરાવેછે. એવા શિકાર કરવામાં એ કૂતરો ઘણો ખબરદાર છે.

સ્કાટ્લાંડનો ટેરિયર ઘણોજ અકલવાળો અને હેતાળ છે. બધી જાતના ટેરિયરોમાં હિંમત અને દુઃખ સહેવાની શકિત વિશેષ હોયછે. ઘણુંકરીને બીજી જાતના કૂતરા કરતાં એ કૂતરો ઇંગ્લાંડમાં વધારે જાણીતો છે. ટાયટેરિયર ઘણોજ નાનો હોયછે. ખોળામાં રમાડવા લાયક હોવાથી એ કૂતરાને ત્યાંના લોકો ઘણો ચહાયછે.

स्पानियल. (તખ્તી ૧૩ મી.)

સ્પાનિયલ કુતરો ઘણોજ કહ્યાગરો અને માયાળુ છે. જે કોઇ એને મારેછે તેનો હાથ તે ચાટેછે. પક્ષીઓનો શિકાર કરવા જતી વખતે શિકારીઓ એને સંગાતે લઈ જાયછે. અગાઉ પક્ષીઓ તેની નજરે પડતાં તેવારે તે ભસતો અને પૂંછડી હલાવતો, પરંતુ લાંબા વખતથી એને એટલો કેળ-વ્યો છે કે જે શિકારની પાછળ તે જાયછે તે તેની નજરે પડેછે તેવારે મૂગો રહેછે.

જળસ્પાનિયલ અને સાધારણ સ્પાનિયલમાં તફાવત એ છે કે જળસ્પાનિયલના શરીરની ચામડી લીસી નથી અને તે તરી શકેછે. ન્યૂફૌંડલાંડના ગુણ અને પોતાની જાતના કુતરાની શિકાર કરવાના ઘણી શકિત એનામાં છે.

સ્પાનિયલની બીજી સુંદર જાત સ્પ્રિંગરની છે. એનો રંગ રતુમડો ધોળો છે અને નાક કાળું છે.

ગ્રેહૌંડ. (તખ્તી ૧૩ મી.)

આ ઘણોજ દેખાવડો શિકારી કુતરો ઈંગ્લાંડમાં જૂના કાળથી જાણીતો છે. ઈંગ્લાંડના કાન્યુટ રાજાએ પહેલવહેલા જે ધારા બાંધ્યા હતા તેની રૂએ ગ્રેહૌંડ પાળવાની ગૃહસ્થને માત્ર છૂટ હતી; અને તેમાં વળી જે ગૃહસ્થ બાદશાહી જંગલથી બે મૈલથી ઓછે અંતરે રહેતો તેજ પાળી શકતો. જે સમય વિષે આપણે બોલીએ છીએ તે સમયમાં આ ઝપાટાબંધ દોડનાર કૂતરાની કિંન

ઝાંખા રાતા પીળા રંગના હરણનો શિકાર કરાવતા, તોપણ હાલમાં એની કને સસલાનો શિકાર કરાવેછે. આ કુતરો નજરે જોઇને શિકારની પાછળ દોડેછે, વાસ પરથી દોડતો નથી.

ઈંગ્લાંડનો ત્રીજો એડવર્ડ રાજા શિકાર કરવાની મોસમમાં પોતાના ગ્રેહૌંડને કૂતરાના ટાપુ (જે ઠેકાણે બાદશાહી કૂતરાખાનાં હતાં તે પરથી એ નામ પડ્યું છે)માં રાખતો. એ બાદશાહી જંગલ એસેક્સ પરગણામાં હતું અને તે પાસે પડે માટે એ મોસમમાં એ રાજા હમેશા ગ્રીનિચમાં રહેતો.

ગ્રેહૌંડ અને બીજા બધા શિકારી કૂતરાને કેળવવામાં ઘણી સંભાળ લેવી પડેછે, કારણ કે માણસના ચતુરાઈવાળી કેળવણીથી તેમનો સ્વભાવ ઘણો બદલાઇ જાયછે.

चार्ल्सराजानो स्पानियल.(તખ્તી ૧૩ મી.)

હાલમાં આ રૂપાળા નાના કૂતરાનો રંગ હમેશા કબૂરો હોયછે; પરંતુ ઈંગ્લાંડના બીજા ચાર્લ્સ રાજાના વખતમાં એનો રંગ વાનડાઇકના કહેવા પ્રમાણે ગુલાબી હતો. એ કૂતરાપર એ રાજાને ઘણો પ્રેમ હતો તેથી તેણે તેનું પોતાને નામે નામ પાડ્યું. વાનડાઇકના કૂતરાનાં નાક પણ તીવ્ર હોયછે.

આ નાનું પ્રાણી ઘણું અસીલ, શીખવાય એવું, અને વહાલું લાગે એવું છે. એ કૂતરો નાનો હોવા છતાં ઘરમાં

રાખવાથી ઘરની સારી ચોકશી રાખેછે.

સઘળી જાતના કૂતરામાં ચળે નહિ એવી વફાદારીનો ગુણ હોયછે.

आर्डवरू. (તખ્તી ૧૪ મી.)

આર્ડ વરૂ દક્ષિણ આફ્રિકામાં, મોઝાંબિકને કાંઠે, ન્યૂબિઆમાં, અને આબિસિનિઆમાં વસેછે.

એની અને તરસની વચ્ચે ઘણોજ થોડો ફરક છે. એટલોજ ફેર છે કે આર્ડવરૂને આગલે પગે પાંચ આંગળાં છે, અને તરસને માત્ર ચાર છે, તથા તેમના દાંત સરખા નથી. ખરૂં જોતાં બીજા કોઇ પણ માંસ ખાનાર પ્રાણીના દાંત એના દાંત જેવા નથી; કેમકે એના દાંત એટલા નબળા અને બેડોળ છે કે તેનાથી માત્ર ઘણુંજ કુમળું માંસ કરડી શકાયછે. એ કારણથી બહુ નાનાં પ્રાણીઓ અને કોહવા માંડેલું માંસ ખાયછે. એની ટેવ વિષે ઝાઝું જાણવામાં આવ્યું નથી. એવું ધારવામાં આવ્યુંછે કે ભોંયમાં ખાડો ખોદીને તેમાં તે રહેછે અને માત્ર રાતે બહાર નીકળેછે.

એ વરૂ તરસની પેઠે મસાણોમાં ભટક્યાં કરેછે અને મડદાંને ખોદીને ખાયછે. મોટી ઉમરની લોંકડીના જેવડું લગભગ એ છે અને કસ્તૂરી-બિલાડી તથા તરસને મળતું આવેછે. આ બેઉ પ્રાણીને જોડનારી એ કડી હોય એમ જણાયછે.

તખ્તી ૧૪ મી.



૧. આર્ડવર્ક. ૨. ટપકાં ટપકાંવાળો તરસ. ૩. ચટાપટાવાળો તરસ.

તરસ.

હવે આ પ્રાણીઓ વિષે બોલીએછીએ. ઘણુંકરીને દુનિયામાંનાં સઘળાં જનાવરોથી તેઓ ઘણાંજ બદશિકલ છે. તેમનાં મુખ્ય લક્ષણ આ છેઃ—તેમના દાંત મજબૂત અને કાપવાના કરતાં દળવાને (ચાવવાને) વધારે લાયક છે; તેમનાં જડબાં ઘણાંજ બળવાન છે અને તેવડે અતિશય ભારે શિકાર તેઓ સહેલથી ઉંચકી શકેછે; તેમનું માથું મોટું અને જીભ બિલાડીની જીભના જેવી ખડબચડી છે; અને તેમના પંઝા શિકારને ફાડવા કરતાં જમીન ખોદવાને વધારે લાયક છે.

ટપકાંટપકાંવાળો તરસ. (તખ્તી ૧૪ મી.)

ટપકાંટપકાંવાળો તરસ મોટા કૂતરાના જેવડો લગભગ છે અને દક્ષિણ આફ્રિકામાં વસેછે. એ ગુફાઓમાં રહેછે અને ત્યાંથી રાતે શિકાર ખોળવાને બહાર નીકળેછે. બીજો ઉપાય ચાલતો નથી ત્યારેજ માણસપર તે હુમલો કરેછે. ખરૂં જોતાં એને મડદાં ખાવાં બહુ ગમેછે. એ આફ્રિકાના ગંદા કસ્બા અને ગામડાંનો ભંગીઓ એટલે સાફ કરનાર છે. ત્યાંના લોકો એનાથી ઘણા બીએછે, કારણકે તેમનાં ઘરમાં પેશી ઉંઘતાં બાળકોને લઇ જાયછે અથવા તેમને લૂલાં પાંગળાં કરેછે. તે તેમને એટલાં તો ગૂપચૂપ લઇ જાયછે કે સોડમાંથી લઇ ગયેલા બાળકની પણ તેની માને ખબર પડતી નથી અને ઘસડી જાયછે તેવારે બા-

ળક રહેછે તેનો અવાજ તેને કાને પડેછે તે વખતેજ તેના આવીબન્યાની જાણ માને થાયછે. એ જનાવરનાં જડમાં ઘણાં જબરાં હોવાથી તેઓ ભારે વજન સહેલથી તાણી લઇ જઇ શકેછે.

તરસ ઘણોજ બીકણ છે. જે એનાથી બીતો નથી તેનાથી દૂર નાશી જાયછે, પણ જે પ્રાણી એનાથી દૂર નાસેછે તેની પાછળ દોડેછે. એ ઘણો વહેમી છે અને એનામાં નવું જાણવાની ઘણી હોંસ છે. દરેક વસ્તુને તે બારીકીથી તપાસેછે. એમ છતાં પણ કોઇ વાર લોકો ટપકાંટપકાંવાળા તરસનું બચ્ચું પકડીને તેને હેળવેછે. કહેછે કે એ બચ્ચું હળેછે ત્યારે કૂતરાના જેવું અસીલ અને માયાળુ બનેછે.

ચટાપટાવાળો તરસ. (તખ્તી ૧૪ મી.)

ચટાપટાવાળો તરસ ઉત્તર આફ્રિકા, આબિસિનિઆ, અરબસ્તાન, ઇરાન, એશિઆઇ તુર્કસ્તાન, સિરિઆ, અને હિંદમાં વસેછે. આ તરસની ટેવ ટપકાંટપકાંવાળા તરસના જેવીજ છે, તથાપિ તેના જેવો બાળકનો દુશ્મન હોય એવું સાંભળ્યું નથી. ખરેખર એને મુએલાં પ્રાણીનું માંસ બહુ ભાવેછે. અને મસાણોમાં જઇને દાટેલાં મડદાંને તે ખોદી કહાડીને ખાયછે તેથી એને લોકો ધિક્કારેછે. એનો ચહેરો ઉદાસ છે, અને હાંસી કરતો હોય તેના જેવો એનો સાદ છે, તેથી એને કોઇ કોઈ વાર હસતો તરસ પણ કહેછે.



૧. ધ્રુવ લોકડી. ૨. ક્રૂસ લોંકડી. ૩. સાધારણ લોકડી.
૪. લિંકસ. ૫. ચિત્તો.

लोंकडी.

સઘળાં પશુઓમાં લોંકડી ઘણીજ ફંદી અને અકલવાળી છે. જુદી જુદી જાતની લોંકડીઓ યૂરોપ, એશિઆ, અને અમેરિકામાં જોવામાં આવેછે. ભોંયમાં ખાડો ખોદીને તેમાં લોંકડી રહેછે અને નાસવાને તેને ઘણાં બારાં રાખેછે. એનો ભક્ષ સસલાં, એક વરસની અંદરનાં સસલાંનાં બચ્ચાં, તીતરની જાતનું પાર્ટ્રિજ નામે પક્ષી, તુર્કી મુરઘો, (મળી શકેછે ત્યારે મરઘડાં અને બતકો), અને ઊંદર, દેડકાં, ન્યૂટ, વગેરે છે. કૂતરાની પેઠે હરકોઇ માણસપર માયા રાખે એટલી તે હળી શકતી નથી. તે હમેશા પ્રપંચી અને વહેમી હોયછે.

હિંદના ઘણા ભાગનાં મેદાનોમાં લોંકડી જોવામાં આવેછે તે શિયાળથી નાની હોયછે અને તેનો રંગ સુંદર ઘેરો ધોળો હોયછે. એનાથી મોટી લોંકડી હિમાલયમાં વસેછે તેનો રંગ યૂરોપની લોંકડીના જેવો રાતો હોયછે. હિંદી લોંકડીનાં ચિત્ર આ ચોપડીમાં આપ્યાં નથી.

ध्रुव लोंकडी. (તખ્તી ૧૫ મી.)

આ જનાવર ધ્રુવના પ્રદેશોમાં રહેછે. એનાં રૂવાં શિયાળામાં બરફ જેવાં સફેત થાયછે.

क्रूस लोंकडी. (તખ્તી ૧૫ મી.)

આ જનાવરના ખભાની વચ્ચે કાળો ક્રૂસ * હોયછે તેથી એને એ નામ આપ્યું છે. અમેરિકાના ઉત્તર ભાગમાં એ વસેછે.

साधारण लोंकडी. (તખ્તી ૧૫ મી)

આ જનાવર યૂરોપમાં વસેછે. એને શિકારને માટે જીવતું રહેવા દીધુંછે. એ ખીજવાયછે ત્યારે કરડી-નાક ફાટી જાય એવી-વાસ મારેછે તે ઘણા વખત લગી જમીન પર રહેછે.

बिलाडीनी जात.

सिंह. (તખ્તી ૧૬ મી.)

ઘણા જૂના વખતથી સિંહને "પશુઓનો રાજા" ગણ્યો છે. ભવ્યરૂપ તથા ભયંકર ગર્જનાને લીધે એ ઘણો પ્રૌઢ રાજા દેખાયછે, તથાપિ હાલના મુસાફરો ખાતરીથી કહેછે કે એ પ્રાણી બિલકુલ હિંમતવાન નથી.

સિંહ પોતાની બોડમાં દિવસે ઊંઘેછે અને શિકાર ખોળવાને રાતે બહાર નીકળેછે. હરણ અથવા ગેઝલ ઉપર તલપ મારતાં તે ચૂકી જાયછે તો દોડીને તેને પકડાશે નહિ એમ જાણી તે તેની પાછળ જતો નથી.

* ક્રૂસનો આકાર + કે × હોયછે. બા. ક.

તખ્તો ૧૬ મી.



૧

૨

૧. સિંહ. ૨. સિંહણ અને તેનાં બચ્ચાં.

સિંહ પોતાનો બચાવ કરતી વખતે અથવા ભયની વેળા માણસપર હુમલો કરેછે તે સિવાય જવલેજ કરેછે. દાક્તર લિવિંગ્સ્ટનને એક સિંહે ઝાલ્યો હતો; અને સિંહ (બિલાડીની પેઠે) પોતાના શિકારને અચમચાવેછે તેમ અગમચાવ્યાથી "ભૂરકી" નાંખ્યા જેવી તેના મનની સ્થિતિ થઈ હતી એમ તે લખેછે; એ મોટું પશુ તેની છાતીપર ઊભું રહ્યું ત્યાંલગી તેને કાંઈ પણ વેદના થતી નહોતી અથવા ભય લાગતું નહોતું. બિલાડીઓ પોતાનો શિકાર ડગમગાવેછે તેણેકરીને આવી અસર હમેશ ઉત્પન્ન થાય અને ઉંદરને બિલાડી હલાવેછે તેવારે દુઃખ થયા વગર તેનો પ્રાણ જાય એવું ઇશ્વરે દયા લાવીને નિર્માણ કર્યુંછે એમ સંભવેછે.

સિંહ હળી શકેછે અને જે માણસો તેના પર માયા રાખેછે તેમનાપર ઘણું વહાલ બતાવેછે તથા તેમનો પાડ પણ માનેછે. છોકરાં અને સ્ત્રીઓ, તથા નાનાં જનાવરો જોડે તે સાલસાઈથી રમેછે અને પોતાનાથી નાનું પ્રાણી તેને ખીજવેછે તોએ તે ગમ ખાયછે. સિંહનાં ટોળાં ઘણીવાર શિકાર કરવા નીકળેછે અને એકએકની જોડે ગેલ પણ કરેછે. મિ. કમિંગ કહેછે કે એક દહાડો હું મારા ગાડામાં બેશીને વાંચતો હતો તેવારે મારા બળદોને બીને ઊભી પૂંછડીએ નાસતા જોઇ હું ચમકી ઊઠ્યો. તેમના ભયનું કારણ મને તુરત જણાયું. એક સિંહણ એ બળદોને યાળવાળા ઘરડા સિંહની ભણી હાંકતી હતી. એ સિંહ તેમની વાટ

જોતો આગળ ઊભો હતો અને સિંહણ પાછળથી તેમને દોડાવતી હતી. એમ બળદોને આગળથી અને પાછળથી સપડાવવાનો એ સિંહ અને સિંહણે ધાટ રચ્યો હતો, કારણકે હાટંટાટ લોક એક જાતના પક્ષીની પાછળ દોડવાથી એ પ્રાણીઓની સંભાળ લેનાર કોઇ નહોતું તે તેઓ જોયાં કરતાં હતાં.

સિંહણમાં સિંહના જેટલું બળ નથી અને તેને યાળ નથી, પરંતુ પોતાનાં બચ્ચાંનું રક્ષણ કરવામાં તે બહાદુર છે. તે પોતાનાં બચ્ચાંપર ઘણું વહાલ રાખેછે. એ બચ્ચાં રૂપાળાં અને રમતિયાળ હોયછે. કદના પ્રમાણમાં તેઓ બહુ ભારે અને ઘણાં જોરાવર હોયછે. તેમના પંઝાની લપડાક વાગવાથી મોટો ઘા પડેછે. સિંહ એશિઆ અને આફ્રિકામાં વસેછે. એશિઆનો સિંહ આફ્રિકાના સિંહથી ઘણો વધારે છાતીવાળો કહેવાયછે. તેનાપર હલ્લો થાયછે ત્યારે જંગલમાં નાશી ન જતાં તે સામો થાયછે અને હાથીના ગંડસ્થળ (કપાળ-માથું-તાલકું) ઉપર છલંગ મારી એ મોટા ગંજાવર પ્રાણીને ભોંય પર ઢોળી પાડેછે.

સિંહ આશરે પચીસ વરસ લગી જીવેછે એવું સાધારણ રીતે મનાયછે, પરંતુ એથી વધારે ઉમરે પહોચેલાના દાખલા નોંધાયલા છે.

અસલના રૂમીઓ ગોળ ચક્રરના અણઘડ ખેલોમાં સિંહોનો તમાશો કરતા; પોમ્પીએ એકી વખતે છસેં સિંહનો

તખ્તી ૨૭ મી.



૧. દીપડો કે ચિત્રો. ૨ કાળેર દીપડો. ૩. વાઘ.

તમાશો દેખાડ્યો હતો; અને માર્ક આન્ટોની બે સિંહ જોડેલા રથમાં બેશી રોમ શહેરના મહોલ્લામાં ફર્યા હતો.

दीपडो के चित्रो. (તખ્તી ૧૭ મી.)

વાઘ કરતાં ચિત્રો ન્હાનો હોયછે. એ અજાયબ જેવો ચંચળ છે. ઝાડપર એ ઘણી ઝડપથી ચડેછે અને ડાળીઓમાં સંતાઈ રહેછે તેપરથી એને ઝાડનો વાઘ કહેછે. એના શરીરની ચામડીપર ટપકાં ટપકાં હોવાથી છાલની ઓડે સંતાઈ રહેવામાં એને મદદ મળેછે. ત્યાંથી તે પોતાના શિકારપર તલપ મારેછે અને હરણની ડોક ઝાલી તેને તુરત મારી નાંખેછે. ઢોરની કોઢ અને ઘેટાંના વાડાની આજુબાજૂએ પણ તે છૂપાઈ બેસેછે. પ્રાણીને મારીને જેટલી ખુશીથી તેનું માંસ ખાયછે તેટલીજ ખુશીથી મારેલા જનાવરનું ટાંગેલું માંસ તે ખાઈ જાયછે.

ચિત્રો સહેલાઈથી હળી જાયછે. એ વખતે તે ઘણો અસીલ અને હેતાળ બનેછે. મિસિસ બાઉડિચની કને સાઈ નામે પાળેલો ચિત્રો હતો તેને વિષે એ સ્ત્રી પુષ્કળ રમુજી વાતો કહેછે. સાઈ ઘણો સુશીળ અને રમતિયાળ હતો. લવેંડરવાટરની* સુગંધી ઉપર તેને ઘણો પ્રેમ હતો. તેને બારીએ બેશીને જોવું ઘણું ગમતું. છોકરાંને બારીમાં તેની જગ્યાએ બેસવાનું મન થતું તેવારે તેઓ પૂંછડી

* એક જાતનું સુગંધીવાળું પાણી. ભા. ક.

પકડીને તેને ઘણીવાર ભોંયપર ઢોળી પાડતાં. આ ચાલથી તે કદી ખીજવાતો નહિ. ચિત્રો એશિઆ અને આફ્રિકામાં વસેછે.

મોટા ચિત્રાને ખરૂં જોતાં દીપડો (હિંદુસ્તાનીમાં તેંદુા) કહેછે. આખા હિંદમાં, લંકામાં, એશિઆના બીજા ભાગોમાં, અને આફ્રિકામાં દીપડા વસેછે. એ કોઇવાર વાઘના જેવડો લગભગ મોટો વધેછે, તથાપિ વધારે લુચ્ચો અને ચંચળ છે, જબરો નથી. ગામડાંની થડમાંના ડુંગરોમાં એને પડી રેહેવું બહુ ગમેછે. જંગલનાં હરણ અથવા ડુક્કર ઉપરાંત ગધેડાં, બકરાં, અને મુખ્યત્વેકરીને કૂતરા તેનો વહાલો શિકાર છે. મોટી લશ્કરી છાવણીઓની નજીકના નીચા ડુંગરોમાં તે ઘણીવાર સંતાઈ રેહેછે; સિકંદરાબાદમાં એવાં સ્થળોમાં ઘણી વખત દીપડા જોવામાં આવેછે. આ પ્રાણીને માણસને ખાવાની ઝાઝી લત પડતી નથી, પરંતુ શિકારીઓને તે એવા તો ફાડી નાંખેછે કે આ ચંચળ અને લુચ્ચા શિકારી જનાવરથી સેંકડો માણસોના જાન જાયછે. એની વધારે નાની જાત દક્ષિણ હિંદમાં વસેછે તે ખરૂં જોતાં ચિત્રો (હિંદુસ્તાનીમાં બોરબચ્ચ) છે.

काळो दीपडो. (તખ્તી ૧૭ મી.)

આ સુંદર પ્રાણીના શરીરની ચામડીનો રંગ પીળો ન-

હોતાં ઘણોજ કાળો હોયછે.કાળો દીપડો બહુ વિકરાળ છે; જાવા અને સુમાત્રાના રહેવાશીઓ એનાથી ત્રાહી ત્રાહી પોકારેછે. સાધારણ દીપડો ચિત્તાને એટલો બધો મળતો આવેછે કે એને ઘણીવાર ભૂલથી ચિત્તો જાણેછે. ખરે-ખરો દીપડો ફક્ત એશિઆમાં વસેછે. કાળા દીપડાની જાત અતિશય નિર્દય છે. એનાં બળ, ચપળતા, અને ચો-રીની કલ્પનાએ કરી શકાતી નથી; વાઘે એનાથી વધારે ભયંકર નથી. એ દીપડો જંગલમાં રહેછે અને ગામની નજીક ઝાઝો આવતો નથી. વાંદરાં અને ઝાડપર ચઢનારાં બીજાં જનાવરને ખાવાને તે ઝાડપર ચઢેછે અને ત્યાં ફર્યા કરેછે. ત્યાંથી તે પોતાના શિકારપર તલપ મારેછે.

મિ. સાન્ડર્સન કહેછે કે દીપડાનાં ગમે એવડાં નાનાં બચ્ચાં પકડ્યાં હોય તોપણ તેઓ વાઘનાં બચ્ચાં જેવાં કદી હળતાં નથી.

વાઘ. (તખ્તી ૧૭ મી.)

વાઘ માત્ર એશિઆમાં વસેછે. એ સિંહના જેટલો ઊંચો હોયછે, પરંતુ તેનાથી ઘણો વધારે નાજુક, સુંવાળો, ચં-ચળ, અને ચોરટો છે. એનો ઘાટ અને ચાલ પાળેલી બિલાડીનાં જેવાં છે.

આ દેશનાં જંગલોમાં અથવા નદીનાળાંની થડમાં આવેલી ઘીચ ઝાડીવાળી જગ્યાઓમાં તે પડી રહેછે. ત્યાંથી તે

દિવસે અને રાતે શિકાર ખોળવા નીકળેછે. સઘળાં જનાવરોથી એ ઘણોજ હિંમતવાન છે; અને ટોળાની વચમાં છલંગ મારી ધારેલો શિકાર ઘસડી લઇ જાયછે. દર વરસે સેંકડો પુરૂષો અને સ્ત્રીઓ વાઘના ભોગ થઇ પડેછે. વાઘના રેહેઠાણની ઇંગ્રેજને જે કોઇ દેશી ખબર આપેછે તેને પચાસ રૂપિઆનું ઇનામ મળેછે. ખબર મળેથી તમામ શિકારીઓ તેની પાછળ જઇ તેને મારી નાંખેછે. પરંતુ વાઘનો શિકાર ઉપયોગી હોવા છતાં એમાં જોખમ રહેલું છે. આ ચોપડીના બનાવનારે એકવાર એક વાઘને લંડનના એક પહોળા મહોલ્લાના જેટલો પર્વતનો માર્ગ એક ફાળે ઓળંગી જતાં જોયો હતો. એ વાઘ એક આંટીલોપ હરણની કેડે પડ્યો હતો અને તેજ રાતે લશ્કરી કાંપમાંથી એક બાપડા દેશી રાવતને ઘસડી ગયો; પરંતુ બીજે દિવસે શિકાર કરી વાઘને મારી નાંખ્યો. વાઘ સામો થાયછે તેવારે આવી જબરી ફલંગને લીધેજ તે એટલો બધો ભયંકર થઇ પડેછે. શિકારીના હાથી અથવા ઘોડાપર તે ક્ષણવારમાં ધસી આવેછે.

વાઘ હળેછે ખરો, તથાપિ એનાથી બીતાં રેહેવું પડેછે. કેટલાક વાઘ માણસને ખાયછે. તેમનાથી ઘણું બીતાં રેહેવું પડેછે, કારણ કે ઢોરને પડતાં મૂકી તેઓ ગોવાળીઆને પકડેછે અને ઘરના આંગણામાં સૂતેલા આદમીઓને ઘસડી લઇ જાયછે. મી. સાન્ડર્સન આ જાતના એક વાઘની

હકીકત નીચે પ્રમાણે આપેલછે. એ વાઘ ગેહેમૂરના આ-
ચેનપૂર નામે ગામની માગુસ આનારી એક વાઘણુથી ઘણે
છેટે રહેતો નહોતો. એ વાઘ ઘણોજ મોટો હતો. “એ ઘણાં
વરસથી ત્યાંના લોકોમાં “ડોન્ને”ના નામથી ઓળખાતો હતો.
કાનડી ભાષામાં ડોન્નેનો અર્થ ડુંગરો થાયછે અને અનાડી
અથવા જંગલી માણસને એ શબ્દ લગાડવામાં આવેછે.
એ વાઘને તેના ભભકાદાર ચેહેરા તથા ઘણાજ મોટા કદને
લીધે એ નામ આપ્યું હતું. પરંતુ મનુષ્ય પ્રાણીને તે જરા-
એ ઇજા કરતો નહિ અને તેમની જોડે સાલસાઇથી વર્તતો.
રબારીના એક નાના છોકરાને પણ તેણે કોઇ દિવસ ઇજા
કરી નથી; અને એવું જોતાં ગામના લોકો તેને ચહાતા
હતા. પરંતુ ઢોરનું માંસ તે પુષ્કળ ખાતો. તેને એ માંસના
કડકા બરાબર વખતે અને સારી જાતના ખાવા જોઇતા
હતા; અને લાંબા વખતના અનુભવને લીધે ઢોરનો શિકાર
કરવામાં તે ઘણોજ પાવરધો થયો હતો. એને રોકવાનો એક
રસ્તો નહોતો; માણસોની ટેવ અને રીતભાતથી તે બરાબર
વાકેફ હતો અને ઘણુંકરીને તમામ રબારીઓને તો એ-
ળખતો હતો. ઢોર ચરતાં હોય તે વખતે તેમને તે પકડતો
નહિ, તો તેનું કારણ એટલુંજ કે સમીસાંજે એકાદ ઢોરને
ઝાલવાને ગામની ભાગોળે તેમની રાહ જોતો ઉભો રહેતો.
પરંતુ તે ઘણાં ગામોમાં ફરતો તેથી અમુક જાતના ઢોરનો
ખોડો કહાડતો નહિ.” લાંબા વખત લગી ધીરજ અને

લુચ્ચાઇ વાપર્યા કેડે મિ. સાન્ડર્સન એ વાઘને મારવામાં ફતેહ પામ્યો. તેના મરણ સમે તે લખેછે કે "આ ભોંય પડેલા પહેલવાનપર ખરેખર અમને ઘણી દયા આવી. એક ગામડીઓ પોતાના લાંબા ભાલાને અઢીંગીને ઉભો હતો અને પોતાના સાથીઓ ભણી તિરસ્કારની નજરે જોતો હતો તે સાફ બોલ્યો કે "તેણે આપણામાંના કોઇને કદી ઇજા કરી નથી."

ઘણાખરા વાઘ જંગલનાં હરણ અને ડુક્કર ખાઇને રહેછે તેથી એ પ્રાણીઓની સંખ્યા વધી પડતી નથી; એ પ્રાણીઓ રાતરે ખેતરોમાં જઇ ઘણો બગાડ કરેછે. ઢોર ખાનારા વાઘથી કાંઇક નુકસાન થાયછે ખરૂં, કારણકે ચોથે કે પાંચમે દહાડે તે એકાદ ગાય અથવા બળદને મારી નાંખેછે; પરંતુ ઉપર કહેલા ડોસાની પેઠે તેઓ માણસને જવલેજ ઇજા કરેછે અને ત્રણ કે ચાર રબારીઓ ભેગા મળીને બહાદુરીથી પોતાની ડાંગવતી વાઘને મારીને નસાડી મૂકેછે.

મી. સાન્ડર્સન કહેછે કે વાઘનાં ઘણાં નાનાં બચ્ચાંને પાળીને તેમને માંસ ખવાડીએ તો તેઓ ઘાતકી બની જાય એ ધારણા ભૂલ ભરેલી છે. તે કહેછે કે તેમને પેટપૂર માંસ ખાવા આપીએ છીએ અને તેમની જોડે સારી વર્તણુક ચલાવીએ છીએ તો તેઓ હમેશા સાલસ અને શાંત રહેછે. પરંતુ વાઘનાં બચ્ચાં કરતાં બિલાડીનાં બચ્ચાં

તખ્તી ૧૮ મી.

૧



૨

૧. જાગ્વર. ૨.·પુમા

વધારે રમુજી છે. વાઘ જેવાં ઘાતક પ્રાણીઓનો આપણા દેશોમાંથી જલદી નાશ થાય તો સારૂં.

जाग्वर. (તખ્તી ૧૮ મી.)

જાગ્વર એ અમેરિકાનાં જંગલનો ચિત્રો છે, અને હિંદના વાઘના જેટલો લગભગ જોરાવર અને ભયંકર છે. પરંતુ સારા ભાગ્યે તે તેના જેટલો છાતીવાળો નથી અને પંડનો બચાવ કરતી વેળા માણસની સામો થાયછે તે સિવાય કદી સામો થતો નથી. તેની છાતીની પહોળાઇમાં એક ખભાથી બીજા ખભા સૂધી કાળો પટો હોયછે તથા કાળાં ટપકાં હોઇ વચ્ચે કાળો ડાઘો હોયછે તેને લીધે એનામાં અને ચિત્રામાં ભેદ પડેછે. વળી તે વધારે મોટો અને જબરો છે; પરંતુ તેના જેટલો ખૂબસુરત નથી; એના પગ અને પૂંછડી વધારે ટૂંકાં છે, અને માથું ચોરસ છે.

અમેરિકાના ગરમ અક્ષાંશના ઝાડી અને ભેજવાળા પ્રદેશોમાં જાગ્વર વસેછે. મોટી નદીઓને તીરે અને વિશાળ જંગલોના અંદરના ભાગમાં એ ભટક્યાં કરેછે; કારણકે તરવામાં અને ઝાડપર ચઢવામાં સરખો કુશળ છે. ભૂંડ અને વાંદરાંને તે મારી ખાયછે. એક ડાળીપરથી બીજી ડાળીપર વાંદરાંની પાછળ ઘણીજ ઝડપથી તે દોડેછે. તે પોતાના મોટા પંઝાવતી નદીમાંથી માછલાં પકડેછે અને કાચબાને ચત્તો કરી તેનું માંસ ખોતરીને ખાઇ જાયછે.

તે ઘણોજ ભૂખાળવો થાયછે ત્યારે ત્યાં વસનારાની લાકડાની ઓરડી પાસે જાયછે અને બાયડી, છોકરાં, તથા ઢોર તેનો શિકાર થઇ પડેછે. પરંતુ શિકારની ખોળમાં તે હોતો નથી ત્યારે રમતિયાળ અને સાલસ હોયછે. હમ્બોલ્ટ કહેછે કે એક જાગ્વર કેટલાંક બાળક છોકરાં જોડે રમતો અને તેમને ઈજા કરતો નહિ; એકાદ નાના છોકરાને ભોગજોગે તેના નહોર વાગતા ત્યારે તેઓમાંનુ એક છોકરૂં ઝાડની ડાળી મારીને તેને નસાડી મૂકતું. જે કૂતરા તેનું રહેઠાણ ખોળી કહાડેછે તેમની જોડે પણ તે ખુશીથી રમેછે; પરંતુ તેને શિકારીની ગોળી વાગેછે તેવારે તે ઘણોજ દારૂણ અને ઘાતકી બનેછે.

મી. વુડ કહેછે કે એકવાર હરણનું માંસ ખોળવાને એક રહેવાશીના લાકડાના ઝુંપડામાં જાગ્વર આવ્યો હતો. એ વેળા તેની બાયડી ઘરમાં એકલી હતી. તેને બચવાનો બીજો કોઈ ઉપાય ન હોવાથી ચામડું મઢેલા મોટા કુંડિયામાં તે ભરાઈ બેઠી. શ્વાસ લઈ શકાય અને કહાડી શકાય તેટલા સારૂ તેણે પોતાની આંગળીવતી કુંડિયાનું ઢાંકણું અધખોલું રાખ્યું. લોહી નીકળ્યું ત્યાંલગી જાગ્વરે તેની આંગળીઓ ચાટ્યાં કરી. સવારનું પોહોર થતાં તે બાયડી બચમાંથી છૂટી, અને પાડોશીઓએ જાગ્વરને તુરત મારી નાંખ્યો.

પુમા. (તખ્તી ૧૮ મી.)

પુમા એ અમેરિકાનો સિંહ છે અને તે મોટા ખંડના

સઘળા ભાગમાં જોવામાં આવેછે. આફ્રિકાના સિંહ કરતાં પુમા ઘણો નાનો હોયછે. એને કેશવાળિ તથા પૂંછડીને છેડે વાળનો ગુચ્છો નથી. એ ઝાડપર ઝાઝો વખત રહેછે; અને ડાળીઓપર પડી રહેછે તેવારે જે છાલને તે અડીગે-છે તેમાં અને એ જનાવરમાં ભેદ જણાતો નથી.

હરણ, ડુક્કર, અને બીજા જે કોઈ પ્રાણીને તે મારી શકેછે તેને તે ખાયછે. પરંતુ એ છાતીવાળો નથી અને કૂતરા તેને સહેજથી ઝાડપર નસાડી મૂકેછે. ત્યાં શિકારીઓ તેને ગોળીથી મારી નાંખેછે અને ઘણીવાર તેનું માંસ ખાયછે. એનાં રૂવાં કીમતી નથી; પરંતુ એના ચામડાના જોડા અને હાથનાં મોજાં બનેછે.

પુમા સહેલાઈથી હળેછે અને ઘણો રમતિયાળ છે. કીન નામે એક પ્રખ્યાત નટની કને પાળેલો પુમા હતો તે કૂતરાની પેઠે તેની પાછળ પાછળ ફરતો. તે એક દહાડો નાશીને લંડનની એક શેરીમાં ગયો ત્યાં તેને એક ચોકીદારે પકડ્યો, પરંતુ તેણે કોઈને લગીરે ઇજા કરી નહોતી. એ જનાવરનું દેશી નામ "પુમા" છે. અમેરિકાના લોકો એને "પાન્થર" (દીપડો) અથવા વધારે સાધારણ રીતે "પેઈન્ટર" (ચીતારો) કહેછે. એને કાઉગર પણ કહેછે.

रानी बिलाडां. (તખ્તી ૧૯ મી.)

રાની બિલાડી યૂરોપ ખંડનાં જંગલોમાં રહેછે. હાલમાં

એ બિલાડી ઇંગ્લાંડમાં જવલે દીઠામાં આવેછે; તથાપિ એ જાતની કેટલીક બિલાડીઓ સ્કાટ્લાંડના પહાડી મૂલકમાં હજુ હયાત છે. રાની બિલાડીની અને ગ્રામ્ય કે પાળેલી બિલાડીની જાત સરખી નથી.

રાની બિલાડીની પૂંછડી ટૂંકી અને ગુચ્છાદાર, માથું વધારે ચપટું, અને પગ વધારે મજબૂત હોવાથી ગ્રામ્ય બિલાડીથી તે ઓળખાઇ આવેછે. શિકારનાં જનાવરોનું એ નસંતાન વાળેછે; સસલાં અને તુર્કિ મુરઘાને તે મારી ખાયછે; અને પેટાંનાં બચ્ચાંને પણ ફાડી ખાયછે. એને છેડેછે તો માણસની સામે થાયછે; અને લડવામાં ભયંકર છે. પેનંટ એને બ્રિટિશ વાઘ કહેતો.

રાની બિલાડીની એક જાત હિંદમાં વસેછે તેને ડિલે ચિત્તાની જાતની બિલાડીનાં જેવાં ટપકાં ટપકાં હોયછે. એ બિલાડી ખેતરનાં ઉંદરને પકડેછે અને મરઘડાંને ચોરી લઇ જાયછે.

कारकल. (તખ્તી ૧૯ મી.)

એશિઆ અને આફ્રિકામાં કારાકલ વસેછે; એને ઇરાની વનબિલ્લો (લિંકસ) પણ કહેછે. એ જનાવર લોંકડીના જેવડું લગભગ છે, અને ઘણું જબરૂં તથા વિકરાળ છે. નાનાં પશુઓનો, તથા બગલાં, પેલિકાન, વગેરે મોટાં પક્ષીઓનો શિકાર કરવામાં એ ઉપયોગી છે. એ પ્રાણીઓને

તખ્તી ૧૯ મી.



૧. રાની બિલાડી. ૨. કારાકલ. ૩. સર્વલ. ૪. દીપી.
(ઓસ.)

તે ઘણી ચતુરાઇથી ઝાલીલેછે. શિકાર ઝાલ્યો એટલે શિકારી આવીને તે જ્યાંહલગી તેને પોતાના મોંમાં પકડી તે કેટલીક વાર લગી હાલ્યા ચાલ્યા વગર તેના પર બેઠી રહેછે.

सर्वल. (તખ્તી ૧૯ મી.)

સર્વલને માંજાર-દીપડો અથવા વાઘ-બિલાડી પણ કહેછે. એ જનાવર માત્ર ત્રીસ ઇંચ લાંબું હોયછે. એ દક્ષિણ આફ્રિકાનાં જંગલોમાં, તેમજ સેનીગાંબિઆ, આબિસિનિઆ, અને આલ્જીરિઆમાં મળી આવેછે. એ ઝાડ પર રહેછે અને ઘણું ચંચળ છે. વાંદરાંને, કરડનારાં જનાવર એટલે ખીસકોલી, કોળ, ઉંદર વગેરેને, અને વળી પક્ષીઓને તે ખાયછે. એને પાંજરામાં પૂરી રાખીને ઉછેરેછે તોએ હળી શકતું નથી. એ હમેશા દારૂણ અને ઉછાંછળું રહેછે. એની ચામડીનો રંગ આછો પીળો હોય તેપર કાળા લીસોટા અને ટપકાં ટપકાં હોવાથી એનાં રૂવાં બહુ કીમતી છે.

द्वीपी [औंस.] (તખ્તી ૧૯ મી.)

દ્વીપી એ દીપડા અને ચિત્રાની વચ્ચેનું પ્રાણી છે અને હિમાલય પર્વતમાં રહેછે. એને બરફનો ચિત્રો કહેછે. આપણા સાધારણ દીપડાને એ મળતો આવેછે; ફેર માત્ર એટલોજ છે કે એનો રંગ વધારે ધોળાશ પડતો હોયછે.

કેટલીક વાર ભૂલથી એને જાગ્વર જાણેછે. એની અને જાગ્વરની ચામડીના રંગમાં ફેર છે. એનો રંગ ઘેરો પીળો હોય તેના પર કાળાં ટપકાં ટપકાં છે; પરંતુ એ ટપકાં દીપડા અથવા ચિત્તાનાં ટપકાંથી વધારે ઊંચાં નીચાં છે.

દીપી એશિઆનો વતની છે; અને જાગ્વર નવી દુનિયામાં માત્ર વસેછે. એની ખાશિયત વિષે કશું જાણવામાં આવ્યું નથી.

બિલાડીની જાતનાં જે ભયંકર પ્રાણીઓ વિષે આપણે બોલીએ છીએ તેઓ સર્વે એક એકને ઘણાંજ મળતાં આવેછે. તેમને તીણા અને ખપ ન હોય તેવારે પંઝામાં ઘાલી દેવાય એવા નખ હોયછે. આ નિયમ ચિત્તાને લાગુ પડતો નથી. બિલાડીની જાતનાં સઘળાં જનાવરોની આંખ પીળી અને રાતે અંધારામાં જોવાને કરેલી છે; અને જીભ ઉપર કકણ કાંટા કાંટા હોયછે તે કાનસનું કામ કરેછે અને ચાટતાં ચાટતાંએ લોહી ચૂસેછે. વળી તેમનું અંગ જેમ વાળે તેમ વળે એવું બહુજ નરમ હોવાથી તેઓ ઘણે છેટે લગી કૂદી શકેછે. તેઓ સર્વે માંસ ખાનારાં છે અને જીવતાં જનાવરોનો માત્ર ભક્ષ કરેછે; તથા એકજ તરેહથી પોતાના શિકારપર ટાંપી રહી તેનાપર તૂટી પડેછે અને તેને મારી નાંખેછે અને માર્યા પહેલાં હલાવેછે. તેમને જેટલાં હિંમતવાન ધાર્યાંછે તેટલાં તેઓ હિંમતવાન નથી; પરંતુ તેમનો શિકાર કરવામાં આવેછે તેવારે તેઓ ઘણાજ



૧. ઇરાની બિલાડી. ૨. અંગોરા બિલાડી. ૩. ગ્રામ્ય કે પાળેલી બિલાડી અને તેનાં બચ્ચાં.

જુસ્સાથી પોતાનો બચાવ કરેછે. ઘણાખરા દેશોમાં તે તે દેશોની ખાસ જાતની બિલાડીઓ હોય છે.

इरानी बिलाडी. (તખ્તી ૨૦ મી.)

ગ્રામ્ય કે પાળેલી બિલાડીઓમાં જેઓ ઘણીજ ખૂબસુરત છે તેઓમાંની એક એ છે. એનો રંગ સ્લેટ (પત્થરપાટી) ના જેવો છે અને તેની ડોક તથા પૂંછડીના વાળ બહુ લાંબા છે. એ બિલાડી રમાડવાને સરસ ગણાયછે.

अंगोला बिलाडी. (તખ્તી ૨૦ મી.)

અંગોલા કે અંગોરા બિલાડીના વાળ લાંબા, રૂપા જેવા સફેત, અને રેશમ જેવા સુંવાળા હોયછે. એ પણ રમાડવાને સરસ ગણાયછે.

ग्राम्य के पाळेली बिलाडी अने तेनां बच्चां.

લોકોનાં ઘરમાં બિલાડી પહેલવહેલી ક્યારે દાખલ થઇ તે વિષે ચોકસ જાણવામાં આવ્યું નથી; પરંતુ એવું મનાયછે કે અસલના મિસર દેશના લોકોએ તેને પહેલવહેલી હેળવી. એ લોકો બિલાડીને પવિત્ર પ્રાણી ગણતા હતા અને હિંદુઓ હજુ ગણેછે. મિસર વાશીઓનાં ચિત્રો પરથી જણાયછે કે તેમણે બેશક પોતાને માટે (બિલાડીને માટે નહિ) તેને પક્ષીઓને ઝાલતાં શીખવ્યું. કોળ અને ઉંદરને પકડવાની બિલાડીની ચતુરાઇને લીધે તે માણસની લગભગ

જરૂરીઆત નોકર થઇ પડેછે. ઘણા કાળથી લોકો એવું માનતા હતા કે કૂતરામાં પોતાના ધણીપર પ્રેમ રાખવાની જે ઉદાર પ્રેરણાબુદ્ધિ છે તે બિલાડીમાં નથી; અને જે જગ્યામાં એને રહેવાની ટેવ પડી હોય તે જગ્યાને માટેજ તેને કાળજી રહેછે. પરંતુ આ નિયમ બધે લાગુ પડતો નથી. સર હેન્રી વાયટની એક વહાલી બિલાડીની એક કહાણી એવી છે કે તેને કિલ્લામાં કેદ કર્યો હતો ત્યારે તેને ખોળી કહાડી એ બિલાડી દરરોજ એક ખબૂતર મારીને તેની બારી આગળ લઈ જતી. એ નાઇટ અને બિલાડીની જૂની છબી છે તે થકી એ પ્રાણીની સમજણવાળી નિમકહલાલીનું સંભારણું રહ્યું છે.

બિલાડીઓ પોતાનાં બચ્ચાંની સારી સંભાળ લે છે અને તે જતાં રહેછે તેવારે બીજાં પ્રાણીઓને પોતાનાં કરી રાખેછે એવું જાણવામાં છે. સેપ્ટોર્નનો વતની નામે મી. વ્હાઇટ કહેછે કે "મારા એક મિત્રને સસલાનું નાનું ગરીબ બચ્ચું કોઇએ આપ્યું હતુ તેને ચાકરો ચમચાવતી દૂધ પાતા." એજ સમે તેની બિલાડી વીઆઇ; અને તેનાં બચ્ચાં ડૂબીને દટાઇ ગયાં. સસલાનું બચ્ચું ખોવાઇ ગયું ત્યારે એવું જાણ્યું કે તેને કોઇ કૂતરાએ કે બિલાડીએ મારીનાંખ્યું હશે. "પરંતુ આશરે એક પખવાડીઆમાં તે શેઠ એક દહાડો સમીસાંજે પોતાના બાગમાં બેઠો હતો તેવારે પોતાની બિલાડીને ઊભી પૂંછડી કરીને, બિલાડીઓ પોતાનાં

બચ્ચાંને જેવા ટૂંકા અને ગળાની અંદરના સાદથી બોલા-વેછે તેવો સાદ કરતી પોતાની બણી આવતી દીઠી, અને તેની પાછળ ગેલમાં ઠેકડા ભરતું કાંઇક દીઠું. એ પેલું સસલાનું બચ્ચું હતું." એ બચ્ચાને તે બિલાડીએ મારીને ખાઇ ન જતાં પોતાનું કરી રાખ્યું હતું !

બિલાડી ખીસકોલીને અને ઊંદરનેએ ઉછેરીને મોટાં કરેછે એવું પણ જાણવામાં છે !

બિલાડીનું બચ્ચું ઘણું રમતિયાળ છે. એ જન્મેછે ત્યારે આંધળું હોયછે અને નવ દિવસ લગી તેવું રહેછે. એ ઘ-ણાજ ખૂબીદાર ગેલ કરેછે.

બિલાડી બહુ સાફમૂફ રહેછે અને તેને કરડી વાસવાળા છોડ, તેમાં વિશેષે કરીને બિલ્લીલોટણ, બહુ ગમેછે. બાગ-માં એવો છોડ દેખેછે તો જોશમાં આવી તેમાં તે આ-ળોટ્યાં કરેછે.

બિલાડીનાં રૂવાં કોરાં અને સ્વચ્છ હોયછે ત્યારે તેમાં પુ-ષ્કળ વીજળી હોયછે.મસળવાથી તેમાંથી તનખા નીકળેછે.

બિલાડી જન્મથી લુચ્ચી, બીકણ, અને વહેમી હોયછે. પક્ષીઓનો શિકાર કરવો તેને ઘણો ગમેછે. તે માછલાં પણ પકડેછે, કેમકે તે તેને ઘણાં ભાવેછે. પરંતુ પાણીમાં જ-વાનો તેને કંટાળો છે, અને બનતા લગી તે પોતાના પગ સરખાએ ભીના થવા દેતી નથી.

લિંક્સ. (તખ્તી ૧૫ મી.)

લિંક્સમાં અને બિલાડીની જાતનાં બીજાં જનાવરોમાં થોડોજ ફરક છે. લિંક્સના કાનઉપર વાળનો ગુચ્છો હોયછે, અને એનું અંગ કેડ આગળ વધારે ઊપસેલું અને પૂંછડી ટૂંકી હોયછે. બિલાડીઓથી એ પ્રાણી ઓછું હિંમતવાન છે અને સ્વભાવે ઉદાસ અને વહેમી છે. નાનાં પશુ અને પક્ષીઓને તે ખાયછે. પક્ષીઓને ઝાલવાને તે ઝાડપર ચઢેછે. માછલાંને પણ તે પકડેછે. યૂરોપ, એશિઆ, અને અમેરિકાના ઠંડા દેશોમાં, પિરીનીઝ પર્વતમાં, દક્ષિણ ઇટાલિમાં, અને આફ્રિકામાં લિંક્સ વસેછે; પરંતુ તેઓમાં થોડો થોડો ફેર હોયછે. એ પ્રાણીની સરાસરી લંબાઇ ત્રણ ફુટને શુમારે હોયછે. કોઈવાર એને 'લુપ ક્રુવિયર' કહેછે, કારણ કે રાતે વરૂના જેવુંજ તે રડેછે. લિંક્સની આંખ ઘણી તેજદાર છે અને તેની નજર એટલી તીવ્ર છે કે યૂરોપની જૂની કહાણીઓમાં લખ્યુંછે કે પત્થરની ભીંતની આરપાર તે જોઇ શકેછે ! "લિંક્સના જેવી આંખવાળો" એટલે બહુ નિહાળીને જોનાર તથા તીવ્ર દ્રષ્ટિવાળો એવું વિશેષણ હજુએ ઇંગ્રેજીમાં વપરાય છે. લિંક્સનાં રૂવાં ઘણાં જાડાં અને નરમ છે. કાનેડાના લિંક્સનાં રૂવાંનો મોટો વેપાર ચાલેછે. એનાં સાતથી નવ હજાર ચામડાં દર વરસે વિલાયતમાં જાયછે. સંસ્કૃતમાં એને વનમાર્જાર એટલે વનની બિલાડી કહેછે.

ચિત્તો. (તખ્તી ૧૫ મી.)

ચિત્તો એ બિલાડી અને કૂતરાની વચ્ચેનું પ્રાણી છે. એ ખરેખરૂં જોતાં બેઉ વર્ગનું જનાવર છે. એના નખ નબળા છે અને તે તેમને બિલાડીની પેઠે પંઝાની અંદર ઘાલી શકતો નથી અને તેવડે શિકાર ફાડી શકતો નથી. એના દાંત બિલાડીના દાંત જેવા છે; પરંતુ એના પગ વધારે લાંબા છે, શરીર વધારે નાજુક અને વજે એવું છે, અને પૂંછડી કૂતરાની પૂંછડીની પેઠે છેડે વળેછે. એ અસીલ, તાબામાં રહે એવા, અને હેતાળ છે. એ શુમારે ચાર ફુટ લાંબો અને છવીસ ઇંચ ઊંચો હોયછે. એ દક્ષિણ એશિઆમાં અને આફ્રિકાના કેટલાક ભાગમાં જોવામાં આવેછે. એને કૂતરાની પેઠે શિકાર કરતાં શીખવેછે. વેગથી છલંગો મારીને તે પોતાનો શિકાર પકડી પાડેછે અને શિકારી આવીને તેના પંઝામાંથી લઇ લેછે ત્યાંલગી તે તેને ઝાલી રાખેછે. બાજની પેઠે શિકાર નજરે પડતાં લગી તેની આંખ ઢાંકી રાખેછે.

ચિત્તાની ડોકપર આછા વાળ હોયછે. એનો રંગ ચિત્રા અથવા દીપડાના જેવોજ છે, અને એને ડિલે છૂટાં છૂટાં કાળાં ટપકાં હોયછે.

એને શિકાર કરતાં આવડેછે તેવારે ગાડામાં ઘાલી હરણનાં ટોળાંની છેક થડમાં તેને લઇ જાયછે. તે હરણને

દેખેછે એટલે હેઠો ઉતરી હળવે હળવે સંતાતો સંતાતો તેમની કને જાયછે. તેને દેખીને હરણ નાસવા માંડેછે ત્યારે તે એટલી ઝડપથી દોટ કહાડી તેમના પર ધસેછે કે ઘણુંકરીને એકાદ હરણને પકડી પાડેછે. શિકારી આવીને તેને તે હરણનું થોડુંક લોહી પાઇ ટાઢો પાડેછે અને પછી ગાડા કને પાછો આણેછે.

દાક્તર જર્ડોન કહેછે કે "મેં એક ચિત્તાના બચ્ચાને એહોંડ કૂતરાનાં કેટલાંક બોટીલાંના ભેગું ઉછેર્યું હતું અને તેમની વચ્ચે સારી દોસ્તી થઈ હતી. તે મોટું થયું ત્યારે પણ કૂતરા (તેમનાપર તે ઠેકડા મારતું તે તેમને ગમતું નહિ)ની જોડે રમતું અને હમેશા મોજીલું અને રમતિયાળ હતું. તે મારી જોડે ઘણું હળી ગયું હતું અને પોતાનું નામ જાણતું હતું. હું ઘોડે બેશીને ફરવા જતો તેવારે કૂતરાની પેઠે મારી પાછળ પાછળ આવતું અને વારેઘડીએ જરા જરા થાક ખાઇ પાછું દોડતું. પોતાનાપર નજર રખાવવાનું એને ઘણું ગમતું અને બિલાડીની પેઠે ધુરધુર કરતું."

કહેછે કે ચિત્તાનું શિકાર કરતાં આવડતું ન હોય એવડું નાનું બચ્ચું પકડ્યું હોયછે તો તેને શિકાર કરતાં બરાબર શીખવી શકાતું નથી; તેને તેની માની તાલિમ મળેલી હોવી જોઇએ.

તખ્તી ૨૧ મી.



૧. ઊંદર. ૨. રાની ઊંદર. ૩. નોળીઆ. ૪. ખેતરનો ઊંદર.
૫. કોળ. ૬. કસ્તૂરીઓ કોળ.

कातरनारां जनावर.

ऊंदर. (તખ્તી ૨૧ મી.)

દુનિયાના દરેક ભાગમાં ઊંદર જોવામાં આવેછે. એ પક્ષીના જેવો માળો બાંધી તેમાં પોતાનાં પુષ્કળ બચ્ચાંને પંદર દિવસ લગી ઉછેરેછે. એ મુદત કેડે તેઓ પોતાની મેળે પોતાની સંભાળ લઇ શકેછે. કેટલાક ઊંદર પક્ષીના મધુર સ્વર જેવો રાગ કહાડેછે. ઊંદર હળી શકેછે અને પોતાના ધણીપર હેત રાખેછે. ધોળા ઊંદરને છોકરાં ઘણીવાર હાથમાં લઇને રમાડેછે. આપણા દેશમાં એવા ઊંદરોને પાળીને પાંજરાંમાં પૂરી રાખેછે. એ પાંજરાંમાં ચકડોળ જેવાં ખાનાં હોયછે તે ઊંદરોના ફરવાથી તળે ઉપર થાયછે તેથી જોનારને ઘણી રમુજ પડેછે.

रानी ऊंदर [डॉरमाउस]. (તખ્તી ૨૧ મી.)

રાની ઊંદર એ ખીસકોલી અને ઊંદરની વચ્ચેનું પ્રાણી હોય એમ જણાયછે. જે ભાગમાં તાપ અને ટાઢ સરખાં હોયછે તે ભાગમાં અને ગરમ દેશોનાં જંગલોમાં એ ઊંદર વસેછે. રાની ઊંદર શિયાળામાં ખાવા સારૂ કાચલાંવાળાં ફળ, શિંગો, અને ઓક ઝાડનાં ફળ સંઘરી રાખેછે; પરંતુ એ ઋતુમાં ઘણા દિવસ લગી તે સુસ્ત પડી રહેછે.

जवॉआ. (તખ્તી ૨૧ મી.)

જર્બોઆ એ ખીસકોલી અને કોળની વચ્ચેનું પ્રાણી છે અને કાંગરૂને કાંઈક મળતું આવેછે. એ જનાવર આફ્રિકામાં બાર્બરી દેશથી કાસ્પી સમુદ્રના કાંઠા લગી અને વળી કેપ આવ્ ગુડ હોપની ઉત્તરે જોવામાં આવેછે. આપણા દેશમાં પણ તે વસેછે. હિંદનાં રેતીનાં મેદાનોમાં ઠેર ઠેર મોટાં દર નજરે પડેછે તે એ જનાવરે બનાવેલાં હોયછે. એ દર બે કે ત્રણ ફુટ ઊંડાં હોય તેમને છેડે ચોમેર ઘાસ પાથરેલો માળો હોયછે. એના પાછલા પગ ઘણા લાંબા હોવાથી દોડતી વખતે તે મોટા ઠેકડા ભરી શકેછે. એની પૂંછડી લાંબી હોય તેને છેડે વાળનો ગુચ્છો હોયછે.

खेतरनो ऊंदर. (તખ્તી ૨૧ મી.)

ખેતરનો ઊંદર હિંદમાં, ઈટાલિ સિવાય આખા યૂરોપ ખંડમાં, અને સૈબીરિઆમાંએ જોવામાં આવેછે. એ ઊંદર ઊંચા થયેલા કાંઠાપર પોતાનું રેહેઠાણ કરી એક દરમાં જવાના ઘણા રસ્તા ખોદેછે. આ નાનું પ્રાણી ખેતરોનું સત્યાનાશ વાળેછે. એણે ફ્રાન્સના આખા પ્રદેશોના પ્રદેશ અનાજ વગરના કરી મૂક્યાછે. આ નાશકારક પ્રાણીઓ કોરી મોસમમાં આ દેશમાં અને યૂરોપમાં દેશોના દેશો ઉજડ કરી મૂકેછે. તેઓ વાવેલાં બી ખાઇ જાયછે અને જે કાંઇ અનાજ ઉગેછે તેને કણુસલાંમાં દાણા ભરાયા કે તુરત કાપી નાંખેછે.

દક્ષિણ હિંદમાં મોટો ઊંદર જોવામાં આવેછે તે ભોંયમાં મોટી ચઢતી ઉતરતી બેઠકો ખોદેછે તેથી તેને છછું-દર કહેછે. વડુર લોકો અને બીજી કેટલીક જાતના લોકો એને પકડેછે તેથી તેમને એનું માંસ ખાવા મળેછે એટલુંજ નહિ, પણ આ દૂંદેથી તથાપિ નુકસાનકારક પ્રાણીએ ભોંયની અંદર ભરી રાખેલા અનાજનો કોઠાર હાથ લાગેછે. દરેક દરમાંથી વખતે શેર શેર અનાજ નીકળેછે.

આપણા દેશમાં અને લંકામાં એક બીજો ઊંદર થાય-છે તેનાં ટોળેટોળાં ઘણીવાર ખૂનની વાડીઓમાં જઇ ભારે ખરાબી કરેછે. ફળીઓ અને મોર ખાવાને સારૂ ખૂનનાં ઝાડની કુમળી ડાળીઓને તે કાપી નાંખેછે. એ કારણથી એને લંકાનો ખૂનનો ઊંદર કહેછે.

વળી ખેતરના ઊંદરની એક બીજી જાત આપણા દેશ-માં જોવામાં આવેછે તેના વાળમાં કાંટા કાંટા હોયછે. એને કાંટાવાળો ખેતરનો ઊંદર અથવા લેગ્ગાડે કહેછે. એ ઊંદર ઝાડપર રહેછે અને કોઇવાર ફળની ઘણી ખરાબી કરી મૂકેછે. એ યૂરોપના રાની ઊંદરની જાતનો છે.

ટૂંકી પૂંછડીવાળા ખેતરના ઊંદરો ઘણીવાર બહુ બિગાડ કરેછે. એમાંની એક જાતને લેમ્મિંગ અને બીજીને હામ્સ્ટર કહેછે. લેમ્મિંગ જાતના ઊંદર શહેરની બહાર જાયછે તે-વારે રસ્તામાં જે ખેતરો આવેછે તેઓમાંનો તમામ પાક ખાતા ખાતા સીધા ચાલ્યા જાયછે. હામ્સ્ટર જાતના ઊંદરો

જર્મનિમાં ઘણો બિગાડ કરેછે. તેઓ અનાજ ખાયછે તે ઉપરાંત શિયાળામાં ખાવાને માટે સંઘરી મૂકેછે. એકવાર એકજ દરમાંથી ત્રણ મણ અનાજ નીકળ્યું હતું.

कोळ. (તખ્તી ૨૧ મી.)

કોળ એ મોટું નાશકારક પ્રાણી છે. એ એશિઆમાંથી યુરોપમાં દાખલ થયુંછે. ઈંગ્લાંડના જૂના વખતના કોળનો રંગ કાળો હતો; હાલના કોળનો રંગ ભૂરો છે. ઈંગ્લાંડમાં હાનોવર કુળ થયું તે અરસામાં એ કોળે ત્યાં દેખા દીધી તે-પરથી એને હાનોવરી કોળ કહેછે.


કોળ હળી શકેછે. એમ. ડી લાટુડ નામે બાસ્તીલના પ્રખ્યાત કેદીએ પોતાની તુરંગમાં દશ કોળ પાળ્યા હતા તેઓ તેના કહ્યામાં રહેતા અને તેની થાળીમાંથી ખાતા.

હિંદનો બાંદિકૂટ એ મોટામાં મોટો કોળ છે. ઘણા લોકો એવું માનેછે કે એ મોરીઓમાં રહેછે અને સારો ખોરાક મળતો નથી ત્યારે એડવાડ ખાયછે. પરંતુ તે ગામની બહાર રહેછે તેવારે ચોખ્ખો હોયછે અને પોતાના દરમાં અનનો મોટો સંઘરો ભરી રાખેછે. એ એક ફુટ લાંબો વધેછે અને તેની પૂંછડી પણ લગભગ એવડીજ હોયછે.

कस्तूरीओ कोळ. (તખ્તી ૨૧ મી.)

એ હિંદમાં અને ઉત્તર અમેરિકામાં વસેછે. એ નાના

તખ્તી ૨૨ મી.



૧અ. ઉડતી ખીસકોલી (બેઠેલી). ૧બ. ઉ. ખી. (ઉડતી.) ૨. સાધારણ ખીસકોલી. ૩. ચિન્ચિલા. ૪. શાહુડી.

સસલા જેવડો છે; અને એની પૂંછડીમાં દૂધ જેવો પ્રવાહી હોયછે તેને કસ્તૂરી કહેછે. એ પ્રવાહી જેને અડેછે તે ગંધ મારેછે. ઘર બાંધવામાં એ પ્રાણી બીવરના જેટલું ચતુર છે, અને પોતાને રહેવાને શાંત સરોવર અથવા વહેળાને કાંઠે નાગરમોથ, રાડાં, અને માટીનાં ઘર બાંધેછે. એ ઘર બેથી અઢી ફુટ પહોળાં અને ઘુમટના આકારનાં હોયછે. અમેરિકામધ્યે કાનેડામાં એ પ્રાણીઓ શિયાળામાં એ ઘરમાં ભરાઇ રહેછે. ત્યાં વારંવાર આવતી રેલથી બચવાને તેઓ પોતાનાં ઘરમાં કેટલાંક પગથિયાં કરેછે તેઓમાંનાં સૌથી ઊંચાં પગથિયાંપર ભારે પૂર આવેછે તેવારે પાણી આવેછે તે સિવાય કદી આવતું નથી. તેઓ દર બીજે વરસે પોતાને કાજે નવાં ઘર બાંધેછે. એ ઘર કોઇવાર પાસે પાસે આવી જઈ તેમનો ઘચૂમડો થઇ જાયછે.

ऊडती खीसकोली. (તખ્તી ૨૨ મી.)

ઊડતી ખીસકોલીમાં અને સાધારણ ખીસકોલીમાં ફેર એ છે કે ઊડતી ખીસકોલીના આગલા અને પાછલા પગની વચ્ચે લાંબી ઝૂલતી ચામડી હોયછે તેવડે હવામાં થોડો વખત તે અધર રહી શકેછે અને મોટા ઠેકડા મારી શકેછે. કેટલીક મોટી અને સુંદર રંગવાળી ખીસકોલી આ દેશનાં જંગલોમાં થાયછે. ઊડતી ખીસકોલી મુખ્યત્વે ઉત્તર તરફના રૂશીઆમાં મળી આવેછે અને સૈબીરિઆનાં ભોજવૃક્ષ

(બર્ચ) તથા સરલ (પાઇન) ઝાડનાં જંગલોમાં પુષ્કળ છે. એ ખીસકોલી મલબાર અને ઉત્તર હિંદનાં જંગલોમાં પણ થાયછે. ઘણીજ સાધારણ જાતની ઉડતી ખીસકોલીનો રંગ રતાશ પડતો ભૂરો હોયછે અને નીચલી મેર પીળો હોયછે. એનું શરીર શુમારે એક હાથ લાંબું, અને પૂંછડી સુંદર, બરાઉ, અને શરીરના જેવડી લાંબી છે.

साधारण खिसकोली. (તખ્તી ૨૨ મી.)

એશિઆના જે ભાગમાં તાપ અને ટાઢ સરખાં હોયછે તે ભાગમાં અને યૂરોપ તથા અમેરિકાનાં જંગલોમાં ખીસકોલી જોવામાં આવેછે. સ્વીદન અને લાપ્લાંડમાં ખીસકોલીનો રંગ બદલાઈને શિયાળામાં ઘેરો ધોળો થાયછે અને સૈબીરિઆમાં બરફના જેવો ધોળો થાયછે.

ખીસકોલી તો સર્વ કોઇએ દીઠી હશે. એને ડિલે ત્રણ આછા કાળા પટા હોયછે. પાસેનું ચિત્ર યૂરોપની સાધારણ ખીસકોલીનું છે. આ સુંદર પ્રાણી ઇંગ્લાંડમાં સારી પેઠે જાણીતું છે. જંગલોમાં તે પોતાનું રહેઠાણ કરેછે. ત્યાં ઉંચાં ઝાડપર તે રહેછે અને કાચલાંવાળાં ફળ, ઓક અને બીજા ઝાડનાં ફળ, પાંદડાંની કળીઓ, અને કુમળી ડાળીઓ ખાઇને જીવેછે. તે લીલ, ડાળીઓ, અને સૂકાં પાંદડાંનો સુંદર માળો બાંધેછે અને ઉનાળામાં કાચલાંવાળાં ફળ અને ઓક ઝાડનાં ફળનો સંઘરો શિયાળાના ખોરાકને માટે (જુદે જુદે ઠેકાણે) ભરી રાખેછે.

ચિન્ચિલ્લા. (તખ્તી ૨૨ મી.)

ચિન્ચિલ્લાના કાન ગોળ અને પહોળા હોયછે અને પૂંછડી ખીસકોલીના જેવી છે, પણ તેના જેટલી ભરાઉ નથી. એનાં રૂવાં ઘણાં સુંવાળાં અને કીમતી છે. એ અમેરિકાના ચિલિ અને પેરૂ દેશમાં વસેછે અને કંદ, મૂળિયાં, ઘાસ, અને બીઆં ખાઇને જીવેછે. એને એકઠાં રહેવું બહુ ગમેછે; પુષ્કળ ચિન્ચિલ્લા દરમાં ભેગાં રહેછે. તેઓ અસીલ અને સહેલાઇથી હળે એવાં છે. કૂતરાને તેમનો શિકાર કરતાં અને તેમનાં રૂવાં બગડે નહિ એવી રીતે આસ્તે રહીને તેમને પકડતાં શીખવેછે. યૂરોપ અને ચિલિની વચ્ચે એ રૂવાંનો બહોળો વેપાર ચાલેછે. એ રૂવાં સુંવાળાં અને સુંદર પેરા પોળા રંગનાં હોવાથી ઠંડા દેશોમાં એના ચામડાના શિયાળામાં પહેરવાના ડગલા બનેછે. એ ચામડું ઘણું મોઘું છે.

શાહુડી. (તખ્તી ૨૨ મી.)

કરડનારાં પ્રાણીઓમાં જેઓ ઘણાંજ મોટાં છે તેઓમાંની એક શાહુડી છે. (જે પ્રાણીઓ બીઆં, ફળ, પાંદડાં, ઘાસ, મૂળિયાં, અને છાલ ખાઇને જીવેછે તેમને કરડનારાં કહેછે.) શાહુડી ચોવીસ ઇંચ લાંબી હોયછે અને તેના શરીર પર સીસોળીઆં હોયછે તે ભરત ભરનારાને સારી પેઠે જાણીતાં છે. તેઓ વેલ પાડવામાં સીસોળીઆંનો ઉપયોગ

કરેછે. આપણા દેશમાં ઘણા છોકરા સીસોળીઆં વતી પાટી પર લખેછે. એ સીસોળીઆંનાં સ્ટૉલ ખોસવાનાં રૂપાળાં હોલ્ડર થાયછે.

શાહુડી ઇટાલિમાં, ગ્રીસમાં, સ્પેનમાં, ઉત્તર આફ્રિકામાં, અને એશિઆના કેટલાક ભાગમાં વસેછે. એની એક જાત અમેરિકામાં પણ છે. શાહુડી નીલગિરિ પર્વત ઉપર બહુ સાધારણ છે અને ત્યાંની બટાટાની વાડીઓમાં જઇ ઘણો બગાડ કરેછે.

શાહુડીનાં સીસોળીઆં સાધારણ રીતે તેના અંગની લગોલગ રહેછે, પણ તે રીસે ભરાયછે અથવા તેને ભય લાગેછે. તેવારે એ સીસોળીઆંને "બંદૂકનાં સંગીનની ખીચોખીચ હારની પેઠે" ઊભાં કરેછે. પરંતુ તે પોતાના શત્રુ ઉપર સીસોળીઆંને તીરની પેઠે ફેંકેછે એવું લોકો પહેલાં માનતા અને હજુ કેટલાક માનેછે તે ખોટું છે. એ રીતે તે ફેંકી શકતી નથી. તેને કોઇ છેડે તો એ સીસોળીઆં વતી તે પોતાનો બચાવ માત્ર કરી શકે. શાહુડી ભડકણ તથા એકલસૂરી છે અને રાત તો એનીજ. તે રાતે ખાયછે. એનાં બચ્ચાંને જન્મથી સીસોળીઆં હોયછે.

શાહુડી ભૂંડના જેવું બોલેછે. યૂરોપની શાહુડી ભોંયમાં ખાડો ખોદીને તેમાં રહેછે. સંડા બેટોની શાહુડીની પૂંછડી લાંબી અને રૂપાળી હોયછે. કાનેડાની શાહુડી યૂરોપી શાહુડીના જેવડી મોટી છે. અમેરિકાના ઇંડીઅનો એના માંસ



૧. સસલું. ૨. ગલિમર. ૩. અમેરિકાના બીડના કુતરા.
૪. માર્મોટ. ૫. બીવર.

તથા વળી ચામડાને માટે એનો શિકાર કરેછે. તેઓ ચામડામાંથી સાસોળીઆં કહાડી નાંખી તેની ટોપીઓ બનાવેછે અને સાસોળીઆંને ટાંકણીને ઠેકાણે વાપરેછે.

સસલું. (તખ્તી ૨૩ મી.)

સસલું એશિઆ, યુરોપ, અને અમેરિકામાં વસેછે. એ ઘણુંજ બીકણ છે. તે આખો દહાડો પોતાના બિલમાં સંતાઇ રહેછે અને ઘણુંકરીને રાતની વખતે ખોરાક શોધવા બહાર નીકળેછે. સસલું જે ઠેકાણે જન્મેછે તે ઠેકાણું તે જવલેજ છોડેછે, પણ તે જગ્યાની થડમાંજ પોતાનું બિલ કરેછે. તે ઘાસ, અનાજ, અથવા નાનાં ઝાડની છાલ ખાઇને રહેછે. ઇંગ્લાંડમાં સસલાંને પકડવાનો અથવા તેમનો શિકાર કરવાનો તે જમીનના ધણીનોજ હક્ક હોયછે તેથી ત્યાં ખેડુતના ધાન્યનો તે ઘણો બગાડ કરેછે. એની આંખ તેજદાર નથી અને એનામાં વાસ પારખવાની શક્તિ વધારે નથી, પરંતુ તેના કાન ચકોર હોવાથી તેને ભયની અગાઉથી ખબર પડેછે. પંડનો બચાવ કરવાનું શરીરે બળ નહિ હોવાથી તે ભરાઇ રહેવામાં અને નાશી જવામાં પોતાની સઘળી અકલનો ઉપયોગ કરેછે. તે ઘણું ઉતાવળું દોડેછે. તેને એકદમ ગોળીથી મારેછે અથવા ગ્રેહૌંડ નામે ઝડપથી દોડનારા કૂતરા તેની પાછળ પડેછે ત્યારેજ તે પ-

કડાયછે, નહિતો નાશી જાયછે.* એ ગ્રેહૉંડને એની કેડે દોડાવવા પડેછે, કારણ કે પકડાઇ જવાની તૈયારી હોયછે તેવારે તે એટલા વેગથી બીજી દિશામાં વળી જાયછે કે તે તરફ તેની પાછળ દોડવાને બીજા કૂતરાનો ખપ પડેછે. કેટલીક વાર ગ્રેહૉંડ કૂતરા ગંધે ગંધે સસલાની પાછળ પડેછે તેવારે ઘણીજ થોડી વાસ રહે એવી જમીન ભણી અજાયબ જેવી ચતુરાઇથી તે દોડી જાયછે. તે આડું અવળું દોડેછે અને ઠેકડા મારેછે તેથી કરીને તે કિયે રસ્તે ગયું તેની કૂતરાને ખબર રહેતી નથી.

રાબ્બિટ. (તખ્તી ૨૩ મી.)

આ જનાવર યૂરોપમાં થાયછે. એને સ્પેનમાંથી ઇંગ્લાંડ લઇ ગયા હતા એવું કહેછે. એના શરીરનો ઘાટ સસલાના શરીરના ઘાટને મળતો આવેછે. એમાં અને સસલામાં ફેર એ છે કે એ હમેશા ટોળાંમાં રહેછે. એ ભોંયમાં ખાડા ખોદીને તેમાં રહેછે. એના રહેઠાણને વાડા કહેછે. એ વાડામાં રહેનારાં રાબ્બિટો પોતાના દુશ્મનને તેમાં પેસવા દેતાં નથી.

* એમ કહેવાયછે કે સસલું જ્યારે શિકારીથી છેક અંતરાઇ જાયછે ત્યારે પોતાના અણીદાર કાન આંખો ઉપર આડા કરી ઊભું રહેછે અને એમ સમજેછે કે હવે મને કોઇ દેખતું નથી. પછી શિકારી સહેલથી તેને મારી શકેછે. બા. ક.

ઘરડાં અને અનુભવી રાબ્બિટો ચોકી કરેછે અને જરાક ભય દેખાયછે કે લાગલાંજ પોતાના પાછલા પગ વતી ભોંય ઠોકેછે, એટલે તમામ રાબ્બિટ પોતપોતાના દરમાં ઘણાજ વેગથી ભરાઈ જાયછે. આ જનાવર સહેલથી હળેછે. ઈંગ્રેજ લોકો એનું માંસ ખાવાને અથવા રમાડવાને એને પાળેછે. એ રીતે પાળેછે ત્યારે તે તેમનાં રસોડાંમાંની શાક-ભાજીનું છાંડણ ખાઈને રહેછે. યૂરોપના વગડાઉ રાબ્બિટનો રંગ સસલાના જેવો ભૂરો હોયછે, પરંતુ પાળેલાં રાબ્બિટોનો રંગ જુદો જુદો હોયછે. તેઓ ઘણી વાર ધોળાં હોય તેમ-ની આંખ ખુલ્લા રાતા રંગની હોયછે. એમને આપણા દેશમાં આણેછે તેવારે ઘણુંકરીને તેમની થોડીક ઓલાદ થયા કેડે તેઓ ધોળાં થઇ તેમની આંખ ખુલ્લા રાતા રંગની થાયછે.

अमेरिकाना बीडनो कूतरो. (તખ્તી ૨૩ મી.)

આ જનાવર ઉત્તર અમેરિકાનું માર્મોટ છે. લોકોએ ચેતવણીની રાડ અને બસવું એ બેને સરખાં ધાર્યાથી એને કૂતરાનું નામ આપ્યુંછે. એ જનાવર ટોળાંમાં રહેછે અને તેનાં ગામડાં (એનાં રહેઠાણને ગામડાં કહેછે) નો વિસ્તાર ઘણા મેલ હોયછે.

मार्मोट. (તખ્તી ૨૩ મી.)

માર્મોટ એ એશિઆ, યૂરોપ, અને ઉત્તર અમેરિકાના

પર્વતોની જુદી જુદી હારમાં રહેછે. કાશ્મીરમાં અને હિમાલય પર્વતમાં એનો વાસ છે. સાધારણ માર્મોટ બરફના તરતા ડુંગરોની પડોશમાં સ્વિસ અને સેવોય આલ્પ્સ પર્વતનાં ઊંચાં શિખરો પર દીઠામાં આવેછે. માર્મોટનાં બે કે ત્રણ કુટુંબ ભેગાં રહેછે, અને પોતાનાં બિલ ઇંગ્રેજીવી (v) અક્ષરના આકારનાં કરેછે. તેઓ ઉનાળામાં અને શિયાળામાં જુદે જુદે ઠેકાણે રહેછે. "ઉનાળામાં તેઓ પર્વતની છેક ટોચે રહી ત્યાં પોતાનાં બચ્ચાંને ઉછેરેછે. એ બચ્ચાં એક વરસ લગી તેમની ભેગાં રહેછે. તેમને સૂરજના તાપમાં કૂદવું અને બેસવું ગમેછે, પરંતુ તેઓ હમેશા એક માર્મોટને ચોકી કરવા બેસાડેછે તે ભય જણાતાં વારને તીણો સાદ કહાડેછે એટલે તેઓ સર્વે પોતાના દરમાં દોડી જાયછે." શરદરૂતુમાં તેઓ નીચે બીડમાં ઊતરી આવી શિયાળામાં રહેવાને નવું બિલ ખોદેછે. પછી તેઓ સૂકું ઘાસ તૈયાર કરેછે; ઘાસને કાપી તેને ઉપર તળે કરી સૂકવેછે. તે બરાબર સૂકાયછે ત્યારે તેને ભરી મૂકવાને તૈયાર કરી રાખેલા કોઠારમાં લઈ જઇને ભરેછે. અહિં દરેક માર્મોટ ગોળો પીંડાળો થઈ આખો શિયાળો ઊંઘ્યાં કરેછે.

बीवर. (તખ્તી ૨૩ મી.)

ઘણીજ અકલવાળાં પ્રાણીઓમાંનું એક પ્રાણી બીવર છે. એ મૂળિયાં અને ભાજીપાલો ખાયછે. નદીઓમાં અને

નાની ખાડીઓમાં એ ઘણીજ ચતુરાઇથી ઘર અને પુ-સ્તા બાંધેછે. એનું ઘર એક જાતના કમાનદાર ગુફા હોય તેને મજબૂત થાંભલાના ટેકા મૂકેલા હોયછે અને તેની ભીંતોને ઘણીજ સફાઇથી સક્ષો દીધેલો હોયછે. અમેરિકાનું બીવર જેવું ઘર બાંધેછે તેવું બીજું એકે પ્રાણી બાંધતું નથી. એ યૂરોપ અને અમેરિકામાં વસેછે. યૂરોપનું બીવર ઘર બાંધતું નથી, પણ નદીઓને તીરે જમીનમાં સાધારણ બિલ ખોદીને તેમાં રહેછે.

બીવરને બહુજ ચોખ્ખું રહેવાની ટેવ છે અને એની સુંઘવાની ઇંદ્રી ઘણીજ તેજદાર છે. એનાં રૂવાં ઘણાં કીમતી છે. કાનેડાના શિકારીઓ અને અમેરિકાના ઇંડિ-અનો એનું માંસ ખાયછે.

બીવરને પૂરી રાખેછે ત્યારે તે ઘણું હળી જાયછે અને મિલનસાર થાયછે; અને કૂચડા, ટોપલીઓ, જોડા, લાક-ડીઓ, અર્થાત્ જે કાંઇ વસ્તુ હાથ લાગે તે દરેકને કામમાં લઈ દિલ ખુશ થાય એવી રીતે ઓરડાંમાંએ ઘર બાંધ-વાની કોશિશ કરશે.

— ⁂ —

दांतवगरनां जनावर.

त्रण आंगळांवाळुं स्लोथ. (તખ્તી ૨૪ મી.)

આ વિચિત્ર પ્રાણી દક્ષિણ અમેરિકામાં વસેછે. ત્યાં

તે પુરાણાં જંગલોના વચલા ભાગમાં રહેછે, કારણ કે તેનો જન્મારો ઝાડ ઉપર જાયછે. તરેહવાર ઘાટને લીધે એનાથી ભોંયપર બરાબર ચાલી શકાતું નથી; કેમકે તેના પાછલા પગ કરતાં આગલા પગ એટલા લાંબા હોયછે કે તેને ઘુંટણ ઘસડીને ચાલવું પડેછે. એ કારણથી ઝાડની ડાળીએ તે ટંગાઇ રહેછે અને પાંદડાં તથા કુમળી ડાળીઓ ખાઇ એજ સ્થિતિમાં ઊંઘેછે. આ સ્થિતિ આપણને તો ઘણી અવઘડ ભરેલી લાગેછે, પણ એ જનાવરને તેવી લાગતી નથી. તેનાં આંગળાંનો છેલ્લો વેઢો હાલતો હોવાથી પંઝાની આંકડી ભેરવીને તે લટકી રહેછે. પોતાના મોટા જબરા હાથે ડાળીઓ ઝાલી તે ટંગાઇ રહેછે, અથવા શરીરને ત્રણ હાથે ટેકવી રાખી ચોથે હાથે ફળ તોડીને મોંમાં ઘાલેછે. એ જનાવર દિવસે ઊંઘંટુ અને આળસુ જણાયછે, કારણ કે તેની આંખ ઘણું તેજ ખમવાને માટે કરેલી નથી. નજરે પડે એવા એને કાન નથી. એના જઠરના ચાર ભાગ છે, પરંતુ તે વાગોળેછે કે નહિ તે વિષે જાણવામાં આવ્યું નથી. એ પ્રાણી લગભગ અકલ વગરનું જણાયછે; પરંતુ જંગલના મોટા સાપ તેના શત્રુ છે તેમનાથી પોતાના જબરા હાથ વતી પંડનો બચાવ કરતાં તેને આવડેછે.

મોટું કીડીખાનાર પ્રાણી. (તખ્તી ૨૪ મી)

દક્ષિણ અમેરિકાના તમામ ગરમ ભાગમાં આ પ્રાણી

તખ્તી ૨૪ મો.



૧. ત્રણ આંગળાંવાળું સ્લૉથ. ૨. મોટું કીડીખાનાર પ્રાણી.
૩. આર્માડિલ્લો.

દીઠામાં આવેછે. એ પોતાની લાંબી અને નાજુક જીભ ઉપર અજાયબ જેવી ઝડપથી કીડીઓને પકડી લેછે. આવું મોટું પ્રાણી આવડાં નાનાં જીવડાં ખાઇને જીવી શકે એ બહુ તાજુબ જેવું છે. એ માળો બાંધતું નથી તેમ દર ખોદતું નથી. વિશાળ પૂંછડીને લીધેજ ટાઢ તડકાથી એનું રક્ષણ થાયછે.

કૂતરો જેમ સુંઘી સુંઘીને પોતાના ધણીને ખોળી કહાડી તેની પાછળ જાયછે તેમ દાક્તર સ્મિથની કને કીડી ખા- નારૂં પ્રાણી હતું તે તેને સુંઘી સુંઘીને શોધી કહાડી તેની કેડે જતું. એ સહેલથી ઝાડ પર ચઢતું અને ઘણું હેતાળ હતું. એને એકે દાંત નહોતો.

કીડી ખાનારૂં પ્રાણી જંગલોના એકાંત ભાગમાં રહેછે અને ઘણો વખત ઊંઘવામાં કહાડેછે. મોઢાના છેડાથી પૂંછડીના મૂળ લગી એની લંબાઇ દોઢ વાર કરતાં વધારે હોયછે. એ એટલું બધું જબરૂં છે કે જાગ્વરથી તે પોતાનો બચાવ કરી શકેછે. રીંછ જેવી રીતે બાથમાં ઘાલીને બ- ચરડી નાંખેછે તેવી રીતે જાગ્વરને તે દાબીને કચરી નાંખે- છે અથવા પોતાના ભયંકર પંઝા વતી તેને ફાડી નાંખેછે. તે એકાંતમાં રહેછે અને રાતની વખતે ફરવા નીકળેછે. એની માદાને એકી વખતે એકજ બચ્ચું જન્મેછે તેને તે હમેશા પોતાની પીઠ પર બેસાડીને ફેરવેછે.

आर्माडिल्लो. (તખ્તી ૨૪ મી.)

આર્માડિલ્લોના અંગ ઉપર બખ્તરના જેવું સખ્ત ઢાંકણ છે તે પીઠના સાંધાઓ આગળ એક જાતના વળે એવા પટાઓથી સજડ વળગેલું હોવાથી તે સહેલથી વળેછે. ભોંયમાં દર ખોદીને તેમાં તે રહેછે. તે આખો દહાડો દરમાં ભરાઇ રહેછે અને રાતે કીડીઓ, મૂળિયાં, અને જીવડાં ખોળવાને બહાર નીકળેછે. વળી પેટે ચાલનારાં નાનાં જનાવરો અને સડેલું માંસ સુદ્ધાં તે ખાયછે; અને કોઇ વાર કબરોમાં પેસેછે. તેને ભય લાગેછે તેવારે તે ગોળો પીંડાળો થઇ જાયછે, અને તેનો શત્રુ તેને અડેછે અને ગબડાવેછે તોએ તે હાલતું નથી; પણ લાગ ફાવેછે એટલે નાશીને પોતાના દરમાં ભરાઇ જાયછે. પરંતુ દક્ષિણ અમેરિકાના હબથીઓ એને ખોદી કહાડીને ખાયછે.

આ દેશમાં આર્માડિલ્લોના જેવુંજ પ્રાણી થાયછે તેને હિંદનું આર્માડિલ્લો કહીએ તો ચાલે; પરંતુ એ પ્રાણીને ભય લાગેછે તેવારે ગોળો પીંડાળો થઇ જવાની એની ટેવ સૂચવનારા મલાયી ભાષાના એક શબ્દ પરથી એને પાંગોલિન કહેછે. એનું ચિત્ર આ ચોપડીમાં આપ્યું નથી. માછલાંને જેવાં ભીંગડાં હોયછે તેવાં એ પ્રાણીને ડિલે સખ્ત ભીંગડાં હોઇ એક એક પર બેસતાં આવેછે અને તેની લાંબી પૂંછડી પર પણ એજ રીતે ભીંગડાં ભીંગડાં હોયછે. દરેક ભીંગડું આપણી આંગળીના નખ જેવું, પણ બહુ જાડું,

કઠણ, અને અણીદાર છે. પાંગોલિન પોતાના આગલા પગના પંઝા પગની નીચે વાળીને બહુ ધીમું હીંડેછે. આ જબરા પંઝા વતી ભોંયમાં આઠથી બાર ફુટ ઊંડો ખાડો ખોદી ત્યાં મોટી કોટડી બનાવીને તેમાં તે પોતાની માદા સાથે રહેછે અને પોતાનાં બચ્ચાંને ઉછેરેછે. ખોરાક ખાવાને તે પોતાનાં ઘર ઉપર ઉધાઇએ કરેલાં દર ખોદેછે; ઉધાઇઓ બહાર નીકળી આવેછે એટલે પાંગોલિન પોતાની નાજુક જીભ તેમની વચ્ચે નાંખી ચીકણી જીભ ઉપર ઉધાઇઓ ચોંટી જાયછે એટલે ઝટ દઇને મોંમાં ઘાલી દેછે.

केपनुं कीडीखानार प्राणी. (તખ્તી ૨૬ મી.)

આ જનાવર કેપ આવ્ ગુડ હોપની આસપાસ સાધારણ હોવાથી એને કેપનું કીડી ખાનાર કહેછે. આફ્રિકાના બીજા ભાગોમાં પણ એ જોવામાં આવેછે. કેપ આવ્ ગુડ હોપમાં રહેનારા વલંદા એને આર્ડ-વાર્ક કહેછે. એનું કદ મોટા કૂતરાના જેવડું લગભગ છે. પરંતુ એના પગ ઘણા ટૂંકા છે. આ પ્રાણી કાંઇક આર્માડિલોના જેવું છે, તથાપિ બખ્તરને બદલે એને ડિલે જાડા વાળ છે. એનો ખોરાક કીડીઓ છે તેમને તે પોતાની લાંબી અને વળે એવી જીભ (એના ઉપર ચીકણી લાળ હોયછે) તેમની વચ્ચે ઝટ દઇને ફેંકી પકડી લેછે. એકી વખતે ઘણી કીડીઓ જીભ ઉપર વળગી આવેછે.

जाडी चामडीवाळां जनावर.

पगनां आंगळांवाळां.*

हिंदनो हाथी. (તખ્તી ૨૫ મી.)

હાથી હિંદ, લંકા, અને બ્રહ્મદેશનાં મોટાં જંગલોમાં વસેછે અને ઘાસ તથા જંગલનાં ઝાડનાં પાંદડાં ખાઇને જીવેછે. ચોપગાં પ્રાણીઓમાં એ સૌથી મોટો અને ઘણોજ તીવ્ર બુદ્ધિવાળો છે. એની સૂંઢ સૃષ્ટિના ચમત્કારોમાંનો એક ચમત્કાર છે. એ પ્રાણી સૂંઢની વાટે શ્વાસ લેછે અને બહાર કાઢેછે; અને તે વતી ખોરાક લઇને મોંમાં મૂકેછે અને પાણી ચૂશી લેછે. ઝાડને ઊખેડી નાંખવામાં, તોપ ઊંચકવામાં, ભેવો ઊંચકી લેવામાં, માણસને મારવામાં, અથવા માર્ખાને ઇજા થયા વગર ઉરાડવામાં તે પોતાની સૂંઢનો ઉપયોગ કરી શકેછે.


હાથીની બે જાત છે, એક આફ્રિકાની અને બીજી એશિઆની. પાસેનું ચિત્ર એશિઆના હાથીનું છે. એ બેમાં ફેર એ છે કે આફ્રિકાનો હાથી એશિઆઇ હાથીથી નાનો છે, તથાપિ તેના દંતુસળ ઘણાજ મોટા છે. એ દંતુસળ શુદ્ધ હાથીદાંત છે અને ઘણીવાર ૭ અને સાત ફુટ

---

* હાથીને પગે છૂટાં આંગળાં ન હોતાં વળગેલાં હોયછે.

બા. કે.

તસ્વીર ૨૫ મી.



હિંદનો હાથી.

લાંબા હોયછે; એક દંતુસળને ભરીજોતાં તે ચોદ ફુટ લાંબો થયો હતો! આફ્રિકાના હાથીના દંતુસળનો હાથીદાંત એશિઆઇ હાથીના દંતુસળના હાથીદાંતથી વધારે ખુબસુરત છે અને તેનો રંગ પીળો થવાનો એટલો સંભવ નથી. આ હાથીદાંતને લીધેજ હાથીનો શિકાર કરી તેને મારી નાંખેછે. હાથીના દંતુસળ માત્ર અડધા બહાર દેખાયછે અને અડધા નીચલા જડબામાં સજડ બેઠેલા હોયછે. તેઓ મૂળ આગળ પોલા હોયછે અને કરડનારાં પ્રાણીઓના ફરસી જેવા દાંતની પેઠે વધેછે, તેથી દર વરસે છેડા ભણીથી હાથીદાંતનો કડકો કાપી શકાયછે.

નદીઓની થડમાંનાં જંગલોમાં હાથીઓ ટોળાંબંધ રહેછે, કારણ કે તેમને નાહાવું બહુ ગમેછે. તેમનો ખોરાક ઝાડની કુમળી ડાળીઓ, ફળ, અને અનાજ છે. એક ઠેકાણેથી બીજે ઠેકાણે ભટકવામાં હાથીઓ હમેશા હાથણો અને બચ્ચાંની પહેલાં દરેક ભયની સામા થઇ આગળ ચાલેછે. નદીઓ તરવામાં પણ તેઓ પહેલા તરી જાયછે. સૂંઢ વતી એક એકને વળગીને બચ્ચાં તેમની પાછળ પાછળ જાયછે; વળી મોટા હાથીઓ નાનાં અને નબળાં બચ્ચાંને ઘણી વેળા સૂંઢ પકડીને કાંઠે ઘસડી જાયછે. કોઇવાર એકાદ હાથી જે ટોળામાં તે રહેતો હોય તે ટોળાને નાખુશ કરેછે ત્યારે તેને ટોળામાંથી કહાડી મૂકેછે. એ વેળા તે "ગાંડો" થાયછે; અને જંગલમાં એકલો રહીને માણસોને તેમજ જનાવરોને

ઘણોજ ભયંકર અને પીડાકારી થઇ પડેછે.

પાળેલા હાથીઓ ઘણીજ અકલ, હેત, અને ડહાપણ બતાવેછે. તેઓ આપણા રાજાઓના ઘણાજ ઉપયોગી નોકર છે. વસ્તુઓ ભીની ન થાય તેની કાળજી રાખીને તેઓ વહાણમાં માલ ચઢાવેછે; અને ભારેમાં ભારે વજન, મોટી તોપ સુદ્ધાં, ડુંગરો પર વહી જાયછે. અગાઉ હાથીઓને લડાઈમાં લઇ જતા; અને આ ચોપડીના બનાવનારે હિંદુસ્તાનના એક રાજાના હાથીઓને લશ્કરી કવાયતો કરતાં જોયા હતા; તેઓ પોતાની સૂંઢ વતી લોઢાની મોટી સાંકળને જમણી મેરથી ડાબી મેર ફેંકતા; કલ્પિત શત્રુઓને પગ તળે ખુંદતા અને તેમના પર ઘુંટણ મૂકીને મારી નાંખતા. પહેલાં વડોદરાના તેમજ બીજાં દેશી રાજ્યોમાં કેટલાક ગુન્હેગારોને હાથીના પગ તળે ખુંદાવી મારી નખાવતા. આ ભલા અને કહ્યાગરા પ્રાણીનો આ ઉપયોગ હાલમાં સુભાગ્યે બંધ પડ્યો છે. પહેલાંના જેટલો હાલમાં હાથીઓનો ઉપયોગ ઝાઝો જણાતો નથી. આપણા રાજાઓ સવારીઓ કહાડેછે તેવારે હાથીઓ પર બેસેછે, પરંતુ મુખ્યત્વે કરી ઝાડવાળા અને પહાડી દેશોમાં રસ્તા બાંધેલા હોતા નથી ત્યાં લશ્કરોના સામાન લઇ જવાનું કામ તેમની કને હાલમાં કરાવવામાં આવેછે. બ્રહ્મદેશમાં એમની કને જંગલમાંથી ઇમારતી લાકડાંના ગોળવા વહેવરાવેછે અને ભારે ગોળવાને સૂંઢની મદદથી એક એક પર સીંચતાં પણ તેમને શીખવેછે

હાથીની અકલની સેંકડો કહાણીઓ છે. એક વાત એવી છે કે એક મહાવત હાથીની ચંદીના ચોખાના દરરોજ ભાગ પાડી અડધો ભાગ પોતે (વેચવાને) રાખતો, તેથી તે હાથીએ પોતાના ધણીની રૂબરૂ ચંદીના બે સરખા ભાગ કરીને એક ભાગ મહાવતનો છે એવું શુદ્ધ ભાવથી દેખાડી તે તેની ભણી ઠેલીને તેની લુચ્ચાઇ તેણે ઊઘાડી કરી આપી! એક દહાડો એક હાથી પર ઘણો ભાર ભરી જે પલટણનો તે હાથી હતો તે પલટણના સિપાઇઓ પાટીઆંના કામ ચલાઉ પૂલ આગળ તેને લઇ આવ્યા. એ પૂલ પર થઇને તેમને નદીની સામે પાર જવાનું હતું. હાથી ખંચાયો; તેણે તેની ખંદી આગે પૂલને તપાસ્યો, અને પછી તેના પર જોરથી સૂંઢ અફાળી, પાટીઆં ભાગી નદીમાં પડ્યાં. એ અકલવાળા પ્રાણીને શક હતો તે પ્રમાણે તે પૂલ ઘણોજ નબળો હતો. એ રીતે તેણે ઘણા આદમીના પ્રાણ ઉગાર્યા એવું સંભવેછે.

હિંદના હાથીને માત્ર દંતુસળ હોયછે, હાથણને હોતા નથી; પરંતુ હાથણની પેઠે થોડાક મકના હાથીને પણ દંતુસળ હોતા નથી. લંકામાં દંતુસળવાળા હાથીઓ જવલેજ જોવામાં આવેછે. પરંતુ આફ્રિકામાં તો હાથી અને હાથણ બેઉને મોટા દંતુસળ હોયછે.

હાથી સોથી દોઢસો વરસ જીવેછે. શુમારે ત્રીસ વર્ષની ઉમરે તે પૂરેપૂરો વધી રહેછે, અને એ વખતે તેનું કદ

ઘણુંજ મોટું હોય તો ખભા આગળ તેની ઊંચાઇ લગભગ દશ ફુટ થાય; પરંતુ એવાં મોટાં પ્રાણીઓ કવચિત્ દીઠામાં આવેછે. હાથી દરરોજ વીસ મણને આશરે લીલો ચારો ખાયછે તેથી એને પાળવાનો ખર્ચ ઘણો પડેછે.

અસલના વખતમાં આફ્રિકાના હાથીને લડાઇમાં લઇ જતા, પરંતુ હાલમાં તેમને પકડવામાં આવતા નથી. દંતુ-સળને માટે હજારો હાથીને મારી નાંખેછે. એવી ગણુતરી કહાડીછે કે શુમારે દશ હજાર હાથીઓનો દાંત દર વરસે ઇંગ્લાંડ જાયછે.

मलायानुं टपिर. (તખ્તી ૨૬ મી.)

ટપિર એ દક્ષિણ અમેરિકામાં તથા સુમાત્રા અને જાવામાંએ વસેછે. પાસેનું ચિત્ર એશિઆઇ ટપિરનું છે. એના શરીરનો ઘાટ કાંઇક ભૂંડને મળતો આવેછે; પરંતુ એને મોઢા આગળ ટૂંકી વળે એવી સૂંઢ હોયછે તે કેટલેક દરજ્જે હાથીની સૂંઢના જેવું કામ કરેછે. એ સૂંઢ આશરે છ કે સાત ઇંચ લાંબી હોયછે. ટપિર ભારે અને બદશિકલ છે, અને પંડનો બચાવ કરવામાં માણસ અથવા પશુની સામું થાયછે તે સિવાય કદી સામું થતું નથી.

જળઘોડો. (તખ્તી ૨૬ મી.)

આ રાક્ષસી પ્રાણી આફ્રિકાની નદીઓમાં રહેછે અને કદમાં હાથીથી ઉતરતું છે. જળઘોડો દેખાઇતો બીહામણો

તખ્તી ૨૦ મી.



૧. કેપનું કીડીખાનાર પ્રાણી. ૨. મલાયાનું ટપિર.
૩. જળમાંજર.

છે; એનું માથું ઘણુંજ મોટું; મોં અતિશય પહોળું; અને દાંત ઘણા મોટા અને જબરા છે; નીચલા જડબાના દાંત લાંબા અને આગળથી વાંકા વળેલાછે. આ દંતુસળની લંબાઇ વખતે બે ફુટથી વધારે થાયછે અને દરેકનું વજન છ શેર થાયછે. ઉપલા જડબાના દાંત નાના છે અને આગલા દાંત મધ્યમ કદના છે. એનાં નસકોરાં એવાં કરેલાંછે કે એને તરવાનું મન થાયછે તેવારે પાણી અંદર ન આવે તે માટે પડદો બંધ કરી શકેછે, અને આંખને પણ ઢાંકી દઇ શકેછે.

જે નદીઓમાં જળઘોડો રહેછે તે નદીઓને તળીએ તે આમ તેમ ફર્યા કરેછે, અને શ્વાસ લેવાને તથા મૂકવાને થોડી થોડી વારે પોતાનું માથું સપાટીની બહાર કહાડેછે. ખોરાક શોધવાને તે પોતાનું પાણીનું રહેઠાણ રાતના વખતે છોડેછે, અને કાંઠાપર અથવા પાસેનાં બીડોમાં ઉગેલો ભાજીપાલો ખાયછે. ત્યાં જઇ તે ઘણો બગાડ કરેછે. જમીન પર તે ઘણો ધીમો અને કઢંગો હીંડેછે; પરંતુ મરજીમાં આવેછે તેવારે ઝડપથી દોડી શકેછે. નદીએ જન આવ થોડી હોયછે તોજ દિવસે તે બહાર આવેછે, નહિતો બહાર આવતો નથી; પરંતુ કોઈ કોઇ પ્રસંગે એકાએક અને જોરબર કાંઠે ધશી આવી જે કાંઇ રસ્તામાં આવેછે તેને છુંદી નાંખેછે. આખલાના બરાડાની અને હાથીની કીકિયારીથી વચલો સાદ તે કહાડેછે. જળઘોડો માંસ ખાતો નથી;

પણ એને છેડેછે તેવારે તે ઘણોજ વિકરાળ અને ભયંકર બનેછે. એના દંતુસળને લીધે એનો શિકાર કરેછે અને નદીઓને કાંઠે તૈયાર કરી રાખેલા ખાડામાં પાડીને ઝાલેછે. એ દંતુસળ ઉત્તમ અને શુદ્ધ દાંત છે. જળઘોડાને પકડવાની આ રીતમાં જરાએ જોખમ નથી, કારણ કે તેના માથાને બંદૂકની ગોળી વાગેછે તે સિવાય બીજા ભાગની ચામડીને વાગતી નથી એવું કહેછે. જળઘોડો બૈબલમાં વર્ણવેલો "બીહીમોથ" છે એવું ધારવામાં છે.

જળઘોડો નદીઓના નાના બરૂવાળા ટાપુઓમાં ઉપેછે અને તે ઠેકાણે પોતાનાં બચ્ચાંને ઘણી સંભાળ અને મમતાથી ઉછેરેછે.

એને પકડીને પૂરી રાખેછે તેવારે તે તેના રખવાળ જોડે હળી જાયછે; પણ તેનો સ્વભાવ મોજીલો હોવાથી તે કોઇ કોઇ વાર વિકરાળ અને ભયંકર બનેછે. વળી તે અતિ ક્ષુદ્ર કારણથી જુદા જુદા માણસો પર પ્યાર અથવા અપ્રીતિ રાખેછે.

ગેંડો.

આ ગંજાવર પ્રાણી એશિઆ અને આફ્રિકામાં વસેછે.

બે શિંગડાંવાળો ગેંડો. (તખ્તી ૨૭ મી.)

આફ્રિકાના ગેંડાને બે શિંગડાં હોયછે. અસલના રૂમીઓ ગોળ ચક્રની પ્રાણીઓની ભયંકર સાટમારીમાં ગેંડાના બે-

છબી ૨૭ મી.

૧  ૨

૧. બે શિંગડાંવાળો ગેંડો. ૨. એક શિંગડાવાળો ગેંડો.

લ કરતા, તેમાં હાથીની જોડે તે ટક્કર લેતો. એની ચામડી ખડબચડી અને ઊંચી નીચી છે, તોપણ ખભે અને વાંસાપર તેની લગીર કરચોલી પડેલી હોયછે, બીજા ભાગમાં બિલકુલ કરચોલી નથી. એના નાક ઉપર બે શિંગડાં છે તેમાંનું એક બીજાથી નાનું અને ઉપલે પાસે છે. એ શિંગડાં મજબૂત સ્નાયુ અને માંસના તંતુઓથી નાક જોડે સજડ વળગેલાં છે; એ પ્રાણી શાંત હોયછે ત્યારે એ શિંગડાં ઢીલાં રહેછે, પરંતુ મરજીમાં આવેછે તેવારે તેમને સજડ અને હાલે નહિ એવાં કરી દેછે.

ગેંડાનો ઉપલો હોઠ વળે એવો હોયછે. જેમ હાથી પોતાની સૂંઢ વતી વસ્તુઓ ઝાલેછે તેમ વસ્તુઓ પકડવાને એ હોઠને તે લાંબો કરી શકેછે. બ્રુસ નામે મુસાફર કહેછે કે "આ હોઠ અને જીભવતી પુષ્કળ પાંદડાંવાળી ઝાડની ઊપલી ડાળીઓને ખેંચીને તે તોડી પાડેછે અને પહેલવહેલો એ ડાળીઓને ખાઇ જાયછે; ઝાડની ડાળીઓ તોડી નાંખી ત્યાંથી તે ખસતો નથી, પણ ઝાડના થડમાં જેટલે નીચે તેનાં શિંગડાં પેસશે એવું તેને લાગેછે તેટલે નીચે પોતાનું મો રાખી થડને ચીરી નાંખી પુષ્કળ ફાડચાં કરી મૂકેછે." એ ફાડચાંને પોતાનાં મોટાં જડબાંમાં અમળાવી "જેટલી સહેલાઇથી બળદ ખુરાસાની અજમાનાં મૂળિયાં ચાવી જાયછે તેટલી સહેલાઇથી તે ગટ કરી જાયછે!" એ પ્રાણી વગડામાં ઘણી ખરાબી કરેછે; અને જરૂર પડેછે તેમ

એક જંગલમાંથી બીજા જંગલમાં જવાનો માર્ગ કરેછે. એનું શરીર ભારે હોવા છતાં તે ઘણીજ ઝડપથી દોડેછે. એની આંખ ફરતી નથી અને તે પોતાનું માથું જવલે ફેરવેછે તેથી જે કાંઇ તેની સન્મુખ હોયછે તેજ માત્ર તેની નજરે પડેછે, બીજું કશું દેખાતું નથી; એ કારણથી જે શિકારી (તેના પર ગેંડો ધશી આવેછે તેવારે) ની પાછળ ગેંડો જુસ્સાબંધ દોડેછે તે હમેશા એક બાજુએ ખશી જવાથી ઉગરી શકેછે.

एक शिंगडावाळो गेंडो. (તખ્તી ૨૭ મી.)

આ ગેંડો હિંદનો વતની છે. ગંગા નદીની પેલી મેરના પાણીવાળા નીચા પ્રદેશોમાં, તેમાં વિશેષેકરીને આસામમાં મોટો ગેંડો દીઠામાં આવેછે. વધારે દક્ષિણે ચિત્તગામ અને બ્રહ્મદેશમાં એનાથી નાની જાતનો ગેંડો વસેછે. વળી એજ દેશોમાં તેમજ મલાયાના ટાપુઓમાં એક બીજી જાત થાયછે તેને આફ્રિકાના ગેંડાની પેઠે બે શિંગડાં હોયછે અને તેની ચામડી લીસી હોયછે. હિંદી ગેંડાને એકજ શિંગડું હોયછે; પરંતુ એ શિંગડું વખતે ત્રણ ફુટ લાંબુ હોઇ ઘણું તીણું અને મજબૂત હોયછે. આ ગેંડાની ચામડી તેના શરીરપર છૂટી લબડેછે અને તેના વાટા વળેલા હોયછે. એ ચામડી બરછટ અને ખડબચડી છે તથા એટલી તો જાડી છે કે વાઘના પંઝા અથવા શિકારીની બંદૂકની

ગોળી તેમાં પેશી શકતી નથી.

હિંદનો ગેંડો મોટાં જંગલોમાં શાંતપણે રહેછે. એને નહાવું બહુ ગમેછે તેથી નદીઓની તીરે તે ભટક્યાં કરેછે. એ પ્રાણી સ્વાભાવિક રીતે કોઈને ઇજા કરતું નથી, પરંતુ એને છેડેછે તો તે ગાંડું બની આંયપર ઢોળી પાડી શકે એવડા હર કોઇ જનાવરને શિંગડાવતી ઘુંદીને ચીરી નાંખેછે. બે શિંગડાંવાળા ગેંડાના હોઠની પેઠે એનો ઉપલો હોઠ લાંબો અને વળે એવો છે અને ટૂંકી સૂંઢની ગરજ સારેછે.

આ જનાવરને પૂરી રાખેછે તો એ હાનિકારક થઇ પડેછે. વિલાયતમાં પ્રાણીઓને રાખવાના બાગમાં એક ગેંડો હતો તેણે બે રખવાળ તેનું પાંજરૂં સાફ કરતા હતા તેમને મરણતોલ કરી નાંખ્યા. જે માણસોથી પાંજરાનું બારણું અજાણે ઉઘાડું રહી ગયું હતું તેમનાપર એકાએક ધશી આવી એ ગેંડાએ તેમને આંયપર ઢોળી પાડી ઘુંદ્યા. પરંતુ સારા ભાગ્યે એનું શિંગડું ઘશી નાંખ્યું હતું તેથી તેઓ બચ્યા, નહિતો તેમને મારી નાંખત. થોડાં વરસપર મદ્રાસના બાગમાં પણ એવોજ બનાવ બન્યો હતો.

चीरेली खरीवाळां.

रानी डुक्कर.* (તખ્તી ૨૮ મી.)

* સુવર અથવા વરાહ કે ભુંડની એક જાત.

યૂરોપ અને એશિઆના જે ભાગમાં તાપ અને ટાઢ સરખાં છે તેવા લગભગ તમામ ભાગમાં આ જનાવર વસે-છે. છેક ઇંગ્લાંડના બીજા હેન્રી રાજાના વખતમાં લંડનની આસપાસનાં જંગલોમાં રાની ડુક્કર જોવામાં આવ્યું હતું. બફ્ફન કહેછે કે રાની ડુક્કરનાં બચ્ચાં ત્રણ વરસ લગી તેમની માની પાછળ પાછળ ફરેછે, અને વરૂની જોડે બાથ બીડવા જેટલાં જોરાવર થાયછે ત્યાંલગી એકલાં ફરતાં નથી. એ પ્રાણીઓ ટોળાંબંધ રહેછે, અને ભયની વેળા મોટાં ડુક્કરો બચ્ચાંને વચમાં રાખી દુશ્મનની સામે ટક્કર લેછે. સુવર આખો દહાડો પોતાની બોડમાં પડી રહેછે અને રાતે ખોરાક શોધવા નીકળેછે. અનાજ ખોળતી વખતે તે ઘણીવાર જંગલમાંથી પાસેનાં બીડમાં જઇ ત્યાં તૂલને ઉખેડી નાંખી ઘણો બગાડ કરેછે. આ પ્રાણી ઘણું દારૂણ છે અને એનો શિકાર કરવો જોખમકારી છે.

ડુક્કરને કોઇએ પ્રાણી છેડતું નથી, કારણ કે એને છ કે સાત ઇંચ લાંબા દંતુસળ* હોયછે તેવતી મોટા ઘા કરી

* ડુક્કરના દંતુસળને કાતી કહેછે, કારણ કે એનો આકાર કાતા જેવો વાંકો હોયછે. એ કાતી વાંકી અણીદાર અને ધારવાળી હોયછે તેથી જે ભાગમાં તે ભોકાયછે તે ભાગ ઘણો ચીરાઇ જાયછે. ડુક્કરની કાતીના ઘા પાકવાનો સંભવ ઘણો છે. જંગલમાં પથરા વગેરે ઉપર પોતાની કાતી ઘસવાની ડુક્કરની ખાશીયત છે તેથી તે સદા ધારવાળી રહેછે. એવી કાતી કોઇને એક અને કોઇને બે હોયછે.

નકશો ૨૮ મો.



૧. રાની ડુક્કર. ૨. મસાવાળું ભૂંડ. ૩. પેક્કારી. ૪. ભૂંડણ અને તેનાં બચ્ચાં.

શકેછે, તેથી વાઘ પણ એને છેડતો નથી અને દૂર રેહેછે. ફ્રાન્સમાં એ જનાવર પાકની ઘણી ખરાબી કરેછે તેથી ત્યાંના લોકો કુતરાની મદદથી એનો શિકાર કરેછે. શિકારીઓ આવીને તેને મારી નાંખે ત્યાં લગી કુતરા તેના કાન ઝાલીને પકડી રાખેછે; પરંતુ એમ થતા પહેલાં ઘણા કુતરા ઘાયલ થાયછે. આપણા દેશમાં ઘોડે બેસીને શિકારીઓ એનો શિકાર કરેછે. એને ઘાડા જંગલમાંથી અથવા તુવેરનાં ખેતરમાંથી ખુલ્લા મેદાનમાં નસાડી તેઓ ભાલા લઇને તેની પાછળ પડેછે. જે શિકારી મોટા ડુક્કરને 'પહેલવહેલો ભાલો' મારેછે તે ગર્વથી ફુલાઇ જાયછે. કોઇ કોઇ વાર એ ડુક્કર પોતાના દંતુશળવતી ઘોડાને ફાડી નાંખેછે અને સવાર ઉથલી પડી બહુ જખમી થાયછે. કેટલાંક ઘરડાં ડુક્કર બહુ ખંદાં હોયછે; તેઓ કાંઠો અથવા ખાઇ ઓળંગ્યા કેડે એકાએક ઊભાં રેહેછે અને પછી ફરી જઇ જે શિકારી છેક થડમાં હોયછે તેના પર તૂટી પડેછે, કારણ કે તેનો ઘોડો કુદકો માર્યા પછી જરા થંભેછે. ત્રણ ફુટ ઊંચું ડુક્કર શિકારીઓના ભાલાથી મુઆ પહેલાં ઘણી વાર લગી લડશે.

મસાવાળું ભૂંડ. (તખ્તી ૨૮ મી.)

જે વર્ગમાં ડુક્કર છે તેજ વર્ગમાં આ પ્રાણી છે. એના માથાપર માંસની ગાંઠ બહાર નીકળેલી છે તેપરથી એને

મસાવાળું ભૂંડ કહેછે. આ જનાવર આફ્રિકામાં વસેછે. એના દંતુસળ મોટા અને વાંકાવળેલા છે.

પેક્કારી. (તખ્તી ૨૮ મી.)

આ પ્રાણી દક્ષિણ અમેરિકામાં વસેછે. એનો ચહેરો નાના ભૂંડને ઘણોજ મળતો આવેછે. એને પૂંછડી હોતી નથી; જ્યાં પૂંછડી હોવી જોઇએ ત્યાં માંસના નાની ગાંઠ માત્ર હોયછે. એની પીઠના નીચલા ભાગમાં કાણું છે તેમાંથી એક જાતનો કરડી વાસવાળો પ્રવાહી નીકળેછે.

પેક્કારીઓનાં ટોળે ટોળાં ભેગાં રહેછે; અને તેઓ જંગલી સ્થિતિમાં બહુ વિકરાળ અને ભયંકર છે. તેઓ શિકારીઓપર તૂટી પડેછે અને કૂતરાને મારી નાખેછે. સાપને મારી નાખવાનું અંગજ્ઞાન હોવાથી એ પ્રાણી બહુ ઉપયોગી છે. ગણ ગણ અવાજ કરનારા સાપને પણ તે પકડીને મારી નાખેછે. ભૂંડની પેઠે એ હળી થએછે; અને ડુક્કરખાનામાં રહી તેના જેવોજ ખોરાક ખાયછે. વળી એનામાં ભૂંડના જેવીજ ખાસિયતો અને ઇચ્છાઓ છે.

અમેરિકાના લોક પેક્કારીનું માંસ ખાયછે, પરંતુ ખરાબ વાસ ન આવે તેટલા સારૂ પીઠની જે કોથળીમાંથી દુર્ગંધ નીકળેછે તેને એ જનાવરને મારી નાખતાંને વાર કાપી નાખેછે.

સાધારણ અને ધોળા હોઠવાળું એવી બે જાતનાં પે-

કારી થાયછે.

भूंडण अने तेनां वच्चां. (તખ્તી ૨૮ મી.)

ભૂંડ એ ચીરેલી ખરીવાળાં અને આખી ખરીવાળાં જનાવરોને જોડનારી કડી છે. પાળેલું ભૂંડ એ માણસે પાળીને ઉછેરેલું રાની જનાવર માત્ર છે. સંભાળથી ઉછેરવાથી ભૂંડ બહુ જાડું વધેછે. એનું શરીર ગોળમટોળ અને લીસું તથા પગ ટૂંકા છે. ચરબીને લીધે એની આંખ ભાગ્યે દેખાયછે અને ખાવાને માટે તેનાથી ભાગ્યે ઉઠી શકાયછે. પરંતુ મધ્યહિંદનાં મેદાનોમાંનું કઠણ અને જાડા વાળવાળું ભૂંડ બાર ઘોડેસવાર શિકારીઓની સામે થઇ મરતાં લગી લડેછે. ભૂંડનું શરીર ઘણુંજ બેડોળ અને ભારે છે. એ અકરાંતીયું છે, પણ પોતાનાં બચ્ચાંની સારી માવજત લેછે. યાહુદી અને મુસલમાન સિવાય તમામ માંસ ખાનારી પ્રજા એનું માંસ ખાયછે. એ બે પ્રજાને તેમના ધર્મમાં તે ખાવાની મના કરેલી છે.

ભૂંડનું ચામડું કીમતી છે; અને એની ચરબીના થોડાક ભાગની લાર્ડ બનેછે.

नक्करखरीवाळां.

ઘોડો.

આ સૌથી રૂપાળા અને ઉપયોગી ચોપગા જનાવરને

આપણે બધા સારી પેઠે ઓળખીએ છીએ. ઘોડો અકલ-વાળો, બહાદુર, હેતાળ, અને કહ્યામરો છે; અને માણસના વહાલા મિત્ર તરીકે કુતરાની હારમાં ગણાયછે. ઘોડાનો મૂળ વાસ ક્યાં તેની હાલમાં કોઇને ખબર નથી, પરંતુ એવું ધારવામાં આવેછે કે એની જન્મભૂમિ એશિઆમાં હતી. પ્રાચીન મિસર વાસીઓ જોસફ રાજાના સમયમાં ઘોડા કને બારબરદારીનું કામ કરાવતા. ઘોડાને લગભગ દરેક દેશનાં હવા પાણી ઝટ માફક આવેછે. સ્પાનિઅર્ડ લોકો ઘોડાને અમેરિકામાં લઇ ગયા ત્યાંલગી ત્યાં એકે ઘોડો નહોતો; પરંતુ હાલમાં દક્ષિણ અમેરિકાનાં મોટાં મેદાનોમાં ઘોડાનાં ટોળે ટોળાં ભટકતાં ફરેછે.

अरबी घोडो. (તખ્તી ૨૯ મી.)

અરબસ્તાનમાં ઘણાજ રૂપાળા અને ખબડદાર ઘોડાની પેદાશ થાયછે. એમાંના થોડાક ઘોડા રણમાં ભટકતા ફરે-છે; પરંતુ પુષ્કળ ઘોડાને અરબ લોક ઘણીજ સંભાળ લે-ઇને ઉછેરેછે અને કેળવેછે. અરબી ઘોડાનું માથું નાનું પણ કપાળ પહોળું અને ચોરસ; મોઢું ટૂંકું અને ખૂબસુરત, આંખ આગળપડતી અને ચળકતી, તથા કાન નાના હોયછે. અરબ લોક પોતાના ઘોડાપર પેટના છોકરાના જેટલીજ ચાહના રાખેછે; અને માણસની જોડે છેક નિકટના સંબંધમાં રહ્યાથી એનામાં અકલ અને ઉમદા

તખ્તી ૨૯ મી.



૧. અરબી ઘોડો. ૨. ઇંગ્લાંડનો ગાડીએ જોડવાનો ઘોડો.
૩. શરતનો ઘોડો. ૪. શેટ્લાંડનું ટટ્ટુ. ૫. ટટ્ટુ.

ગુણ આવ્યાછે. અરબી ઘોડાની પોતાના ધણીપરની નિ-ષ્ઠા વિષે લોકો ઘણી મનોરંજક વાતો કહેછે.

इंग्लांडनो गाडीए जोडवानो घोडो. (તખ્તી૨૯ મી.)

આ ઘોડો જબરો, સહિષ્ટ, અને વફાદાર છે. ઈંગ્લાંડમાં એ ન હોત તો જમીન ખેડાત નહિ અને વેપાર ચાલત નહિ. એ બ્રિટિશ ઘોડો છે અને એને સંભાળ લેઇને ઉ-છેર્યોછે. બ્રિટનમાં દેશી ઘોડા હતા કે નહિ તેની કોઇને ખબર નથી, પરંતુ એટલું તો જાણવામાંછે કે જુલિયસ સીઝરે ઈંગ્લાંડ પર ચઢાઇ કરી તેવારે બ્રિટન લોકની કને સારા ઘોડા અને લડાઇના રથ હતા. સાક્સન લોકે પોતાના ઘોડાને સુધારવાને ઘણી મહેનત લીધી હતી. ઈંગ્લાંડના આથલ્સ્ટન રાજાએ કેટલાક જર્મન ઘોડા દાખલ કર્યા; પછી નાર્મન લોકે સ્પેનના કેટલાક ઘોડા-ખરૂં જોતાં બા-ર્બરી દેશના શુદ્ધ ઘોડા—આણ્યા; અને ક્રુસેડરો અરબી ઘોડા લાવ્યા.

शरतनो घोडो. (તખ્તી ૨૯ મી.)

આ સઘળી જાતમાંથી ઈંગ્લાંડના શરતના ઘોડાની રૂપા-ળી જાત ઉત્પન્ન થઇ. આ ઘણી ઝડપથી દોડનારો અને ખૂબસુરત ઘોડો તેના સવારના જેટલીજ હોંસથી અને વધારે ઉમદા લાગણીથી શરતમાં ભાગ લેછે.

એ ઘોડાની ડોક લાંબી ટટાર, ખંભા ત્રાંસા અને લાંબા,

પાછલા પગ સારા વળેલા, ચારે પગ મોટા અને જોરાવર, પગ ચપટા અને ઢીંચણના નીચલા ભાગમાં ટૂંકા, અને પગનાં કાંડાં લાંબાં અને કમાનની ખાસિયતનાં હોયછે.

શેટ્લાંડનું ટટ્ટુ. (તખ્તી ૨૯ મી.)

આ સુંદર નાનું પ્રાણી શેટ્લાંડના ટાપુઓમાં વસેછે. એની જાત કસાયલી છે અને ઘણી અસીલ છે.

ટટ્ટુ. (તખ્તી ૨૯ મી.)

સાધારણ ટટ્ટુને આપણે સારી પેઠે ઓળખીએ છીએ તેથી એના વિષે વધારે કહેવાની જરૂર નથી. આપણું ટટ્ટુ થોડું ખાયછે, પણ કામ ઘણું કરેછે અને સહનશીલ છે. એનો સ્વભાવ કોઇ કોઈ વેળા સ્વછંદી હોયછે, પરંતુ કેળવ્યાથી સુધરેછે.

ઝીબ્રા. (તખ્તી ૩૦ મી.)

ઘોડો અને ગધેડું જે વર્ગમાં છે તેજ વર્ગમાં ઝીબ્રા છે. એ જનાવર દક્ષિણ આફ્રિકામાં વસેછે. એની બે જાત છે; એક જાત ફક્ત પહાડોમાં રહેછે; અને બીજી જાત મેદાનોમાં દીઠામાં આવેછે. પાસેના પાનામાં ચિત્ર આપ્યુંછે તે ડુંગરોમાં રહેનાર ઝીબ્રાનું છે. એના શરીરની ચામડીનો રંગ સાફ ધોળો છે અને કાન લાંબા છે તેને લીધે મેદાનોમાં વસનાર ઝીબ્રાથી એ ઝટ ઓળખાઇ આવેછે. એ

તખ્તી ૩૭ મી.



૧. ઝીબ્રા. ૨. ક્વાગા, ૩. રાની ગધેડું. ૪. સાધારણ ગધેડું.

જનાવર ટોળાંમાં રહેછે અને પર્વતની ટોચે રહી ત્યાં ચરી ખાયછે. એ ટોળામાંનું એક પ્રાણી પાસેના કરાડા પર બેશીને ચોકી કરેછે અને ભય જણાયછે ત્યારે બૂમ પાડેછે એટલે તેઓ સર્વે માણસથી જઇ ન શકાય એવા એકાંત ભાગમાં વેગથી દોડીને નાશી જાયછે. ઝીબ્રા બહુ ઝડપથી દોડેછે અને સહેલથી હળી જતું નથી.

કાગા. (તખ્તી ૩૦ મી.)

આ જનાવર પણ દક્ષિણ આફ્રિકામાં વસેછે અને ઝીબ્રાને ઘણું મળતું આવેછે, પણ તેનાથી નાનું છે. એના પાછલા પગ ઊંચા અને કાન ટૂંકા છે. વળી એને ડિલે થોડા થોડા ચટાપટા છે, પરંતુ એ પટા પીઠ ઉપર ઝાંખા થતા જાયછે. એની ચામડીનો રંગ કાળાશ પડતો ભૂરો છે અને ચટાપટાનો રંગ ધોળો છે.

ક્વાગાને એકઠું રહેવું બહુ ગમેછે. એનાં ટોળે ટોળાં ભેગાં રહેછે. જે ભાગમાં ઝીબ્રા વસેછે તેજ ભાગમાં એ રહેછે, તોપણ તેની ભેગું કદી જોવામાં આવતું નથી. એ છાતીવાળું છે અને તરસના માથાનું છે એમ કહેછે. એ પોતાની ખરી અને દાંતવતી લડેછે; ઝીબ્રા સહેલથી હળતું નથી, પણ એ જનાવર હળી જાયછે. કેપ આવ્ ગુડ હોપની પડોશમાં વસનારા ઈંગ્રેજ અને વલંદા લોક એને કોઇ કોઇ વાર પાળીને હેળવેછે.

रानी गधेडुं. (તખ્તી ૨૦ મી.)

પાળેલા ગધેડા કરતાં રાની ગધેડું મોટું, ઝડપથી દોડનારૂં અને બહાદુર છે. એ મધ્ય એશિઆનાં મેદાનોમાં ફરતું ફરેછે. તાતાર લોક એનું માંસ ખાયછે.

રાની ગધેડાની એક જાત સિંધમાં અને કચ્છમાં જોવામાં આવેછે. તે રેતીનાં રણમાં રહેછે. બલૂચિસ્તાનમાં અને વિકાનેરમાં કેટલાંક ટોળાં રહેછે તેમાંથી નાનાં ખોલકાંને ઘોડેસવારો કોઇ કોઇ પ્રસંગે પકડી લઇ જાયછે. તેમને બંધનમાં રહેવું ઠીક પડતું નથી, અને તેઓ તેમને નવાઇ તરીકે માત્ર રાખેછે. આ ગધેડાનો રંગ ઝાંખો રેતીના જેવો છે; સાધારણ પાળેલા ગધેડાની પેઠે એક કાળો લીસોટો પીઠ ઉપર અને બીજો ખભા ઉપર છે તે ઉપરાંત તેના પગ ઉપર પણ કાળા લીસોટા છે. અજબ જેવું છે કે કાઠીઆવાડી અથવા કચ્છી ઘોડાનો રંગ ઘણી વાર એના જેવો હોયછે અને તેને ડિલે એના જેવાંજ ચિન્હ હોયછે; આનું કારણ એવું બતાવવામાં આવેછે કે રાની ગધેડા જોડે સંયોગ થવાથી એ જાત ઉત્પન્ન થઇછે.

साधारण गधेडुं. (તખ્તી ૨૦ મી.)

માણસ જાતના આ સહનશીલ મિત્રને આપણે બધા સારી પેઠે ઓળખીએ છીએ. એનાપર ઘણીવાર બહુ જૂલમ કરવામાં આવેછે. અરબ લોક પોતાના ઘોડાની

જેવી સંભાળ લેછે અને તેમના પર માયા રાખેછે તેવી માયા અને સંભાળ ઇંગ્રેજ લોકે ગધેડાંની લીધી હોત તો તેઓ વધારે ખબડદાર અને અસીલ થાત કે નહિ એ એક સવાલ છે. કારણ કે ઇંગ્લાંડનાં ગધેડાંથી એશિઆનાં ગધેડાં વધારે ચઢિયાતાં છે. તેમનામાં ઘોડાના જેટલી લગભગ અસીલાઇ અને ઝડપ છે. સ્પેનનાં ગધેડાંની સારી સંભાળ લેછે તેથી તેઓ પણ ઇંગ્લાંડનાં ગધેડાં કરતાં દેખાવડાં અને ઘણાં વધારે અસીલ છે. કેળવણીથી અને માયાથી તેઓ કેટલાં સુધરેછે તેની ઇંગ્રેજના જે છોકરા કને ગધેડાં હોય તે દરેકે અજમાયશ કરવી જોઇએ. કેળવણી એટલે તેમને તેમનું કામ નરમાસથી અને ધીરજથી કરતાં શીખવવું, ડફણાં મારીને નહિ.

ગધેડું ઘોડા કરતાં વધારે ખબડદાર છે, પરંતુ તે ખુશીથી કામ કરતું નથી અને તેને તેની આડાઇને લીધે ઘણો માર પડેછે.

ગધેડીનું દૂધ ઘણું ગુણકારી અને હલકું છે. રોગથી નબળાં પડી ગયેલાં માણસોને અને છોકરાંને એનું દૂધ પીવાની દાકતરો ઘણે પ્રસંગે ભલામણ કરેછે. એ પ્રાણી જાડામાં જાડો ખોરાક અને વળી ઊટકટાર* ખુશીથી ખાયછે.

ઘોડાની અને ગધેડાની વચલી સંકર જાતિને ખચર કહેછે. એ ઘણું ઉપયોગી છે, કારણ કે ઘોડાના જેટલુંજ

* ઊટકંટો—એક જાતનો કાંટાવાળો છોડ. ભા૦ ક.

જખરૂં છે અને તેના જેટલી સંભાળ લેવાની અને સારો ખોરાક ખવાડવાની જરૂર પડતી નથી. એ એટલું તો ઠરેલ છે કે ઘણાજ સીધા ડુંગરો પર ભારે બોજો સહીસલામત લઈ જાયછે. આ ચોપડીમાં એનું ચિત્ર આપ્યું નથી.

शिंगडां वगरनां वागोळनारां जनावर.

ऊंटनी जातनां.

अरबी ऊंट अथवा सांढणी. (તખ્તી ૩૧ મી.)

આ અજાયબ જેવું પ્રાણી એશિઆ અને આફ્રિકામાં વસેછે. એને રણનું વહાણ કહેછે તે વાજબી છે. રેતીમાં ચાલવાને અને ઘણા દિવસ લગી પાણી વગર મુસાફરી કરવાને એને ઉત્પન્ન કરેલું છે. એના પેટમાં એક કોથળી છે તેમાં પાંચ છ દિવસ ચાલે એટલું પાણી તે ભરી રાખી શકેછે. બહુજ થોડો ખોરાક એટલે મૂઠી ખજુર, થોડા કાંટા, અને થોડા ચોખા એને બસ થાયછે અને એટલું ખાઇને તે આનંદમાં રહેછે. વળી એવું કહેછે કે બીજું બધું ખાયું ખૂટી જાયછે તેવારે એના ઢેકામાં ચરબી એકઠી થયાં કરેછે તેવડે કેટલાક વખત લગી તે જીવેછે.

ઊંટ એ અરબનું બારબરદારી જનાવર છે, અને તેને તેના પર બેસવાનું મન થાયછે તેવારે તેનો ઘોડો છે. એ રણમાં ભારે બોજો તાણી જાયછે. અરબનું કુટુંબ ઊંટડીનું

તખ્તી ૩૧ મી.



૧. અરબી ઊંટ અથવા સાંઢણી. ૨. બાક્ટ્રિયાનું ઊંટ.

દૂધ ખાયછે અને તેનાં બચ્ચાંનું માંસ ખાયછે. ઊંટનું ચામડું તંબુઓ અને ઘોડાનો સાજ તથા એના વાળ શાલ અને ચીતરવાની પીંછીઓ બનાવવાના કામમાં આવેછે. બાપ્‌લાંડના રહેવાશીઓને જેટલું રેનડીઅર ઉપયોગી છે તેટલું અરબને એ જનાવર ઉપયોગી છે.

સારા કેળવેલા ઊંટને સાંઢણી કહેછે. ગાર્ડીએ જોડવાના ઘોડામાં અને શરતના ઘોડામાં જેટલો ફેર છે તેટલો સાધારણ ઊંટમાં અને સાંઢણીમાં ફેર છે. ઘણુંકરીને સાંઢણીને ભાર ખેંચવાના કામમાં લેતા નથી, પણ બેસવાના કામમાં લેછે; એની ઝડપ ઘણીજ અજાયબ જેવી છે; તે એક કલાકમાં પચાસથી નેવુ મૈલ ચાલી શકેછે.

બાક્‌ત્રિઆનું ઊંટ. (તખ્તી ૩૧ મી.)

આ ઊંટમાં અને અરબી ઊંટમાં ફેર એ છે કે એને બે ઢેકા હોયછે. અરબી ઊંટ કરતાં આ ઊંટ વધારે બેડોળ અને મોટું છે, પણ તેના જેટલું ઊતાવળું ચાલનારૂં નથી. એ તુર્કસ્તાન અને ચીનમાં જોવામાં આવેછે; આપણે ઉપર કહ્યું તેમ એ ઊંટ વધારે ધીમું છે તે સિવાય અરબી ઊંટના બધા ગુણ એનામાં છે.

એ ઊંટ ઘણુંકરીને ખામોશવાળું છે, પરંતુ ક્રોધ એને ખીજવેછે ત્યારે તેનો ગુન્હો માફ કરતું નથી અને તેના પર ખાર રાખેછે. પોતાને થયેલી ઈજાનો ઘણા વખત સમી મનમાં ડાઘ રાખી વખત આવે તેનું વેર વાળેછે. પરંતુ

એ ઊંટની બુદ્ધિ ઘણીજ જડ છે. એ ખીજવાયું છે એવું આરબ લોક જાણેછે તેવારે તેને શાંત પાડવાને એક લાકડી પર પોતાનાં પહેરવાનાં તમામ લુગડાં ગોઠવી તેને જવાના માર્ગમાં મૂકેછે એટલે લૂગડાંને ગુસ્સામાં ફાડી નાંખી તે પોતાનું વેર વાળેછે અને તેના પહેરનારને મારી નાંખ્યો એવું માનેછે. પછી એ માણસ પરથી તેનો રોષ ઉતરી જાયછે. ઊંટ પોતાને થયેલી ઈજાને કેટલાક મહિના લગી મનમાં ઘોળ્યાં કરી તે વખત વીતે જે માણસ પર તેને અભાવ થયો હોયછે તેને મારી નાંખેછે.

ઊંટને તેના કામને માટે કેવું લાયક કર્યુંછે અને જે રણમાં થોડાજ કૂવા હોયછે અને ભાગ્યે કોઇ ઝાડ પાન હોયછે તેવા રણમાં રહેનારાઓને એવું પ્રાણી કેટલું કામનું છે તેનો વિચાર કરવાથી આ સૃષ્ટિના સરજનહારે કેટલી દયા અને કૃપા કરીને પોતાનાં સઘળાં પ્રાણીઓની હાજતો પૂરી પાડીછે તે આ ચોપડી વાંચનાર બાળકોના લક્ષમાં આવ્યા વગર રહેશે નહિ.

ઊંટ એ આરબોની અને ખરેખર એશિઆની તમામ પ્રજાની દોલત છે. જોબ વિષે લખ્યુંછે કે તેને તેની બધી દોલત પાછી મળી તેવારે તેની પાસે "છ હજાર ઊંટ હતાં."

લામા. (તખ્તી ૩૨ મી.)

લામાનો વાસ દક્ષિણ અમેરિકામાં છે. હાલના મુસાફરો એને ગ્વાનાકો કહેછે. એ બહુજ નાના ઊંટને કુંધ વગરનું

તખ્તી ૩૨ મી.



૧. લામા. ૨. કાળું પાકો. ૩. વિકુનિઆ. ૪. કસ્તૂરી મૃગ.

આવેછે, પરંતુ એને ઢેકો નથી. એ નાના ટટ્ટુના જેવડું લગભગ છે, અને એના પગ ઘણાજ હરેલ છે. એ રણમાં ભાર તાણી લઈ જઈ શકેછે, કારણ કે એને ઊંટની પેઠે બહુજ થોડું પાણી જોઈએછે. પરંતુ લામા સાબરથી મોટું હોતું નથી તેથી બહુ ભારે બોજો તાણી શકતું નથી. સ્પાનિઅર્દોએ પેરૂ દેશ જીતી લીધો તે પહેલાં ત્યાંના રહેવાશીઓની કને ભાર વહેનારૂં જનાવર માત્ર એજ હતું. એનું ઊન લાંબું, અને બારીક છે અને ઊનનાં ઝીણાં લુગડાં બનાવવાના કામમાં આવેછે. લામાની છાતી ઉપર એક ગાંઠ હોયછે તેમાંથી હમેશા એક જાતનો પીળચટો પ્રવાહી નીકળ્યાં કરેછે. એ વનસ્પતિ ખાઈને જીવેછે.

कालुंपाका. (તખ્તી ૩૨ મી.)

આ જનાવર દક્ષિણ અમેરિકામાં વસેછે. નદીઓના પડમાં બિલ ખોદી તેમાં તે રહેછે અને ત્યાં આખો દહાડો પડી રહી રાતે ખાવાનું શોધવા નીકળેછે. એના પંજા બોલ ખોદવા માટે કરેલા છે; અને એ ઘણીજ સારી રીતે પાણીમાં તરેછે અને ડુબકી મારેછે. એનો ખોરાક ફળ અને નાના છોડવા છે. એ ભૂંડના જેવું બોલેછે. એના વાળ લાંબા રેશમના જેવા અને પેટાના ઊન કરતાં વધારે સુંવાળા છે. કાળા આલપાકા જાતનું કપડું એ વાળનું બનેછે.

विकुनिआ. (તખ્તી ૩૨ મી.)

આ જનાવર દક્ષિણ અમેરિકાના પહાડોમાં રહેછે.

એનું ઊન ઘણુંજ બારીક, રેશમના જેવું સુંવાળું, અને બહુજ કીમતી છે. એ ઊનનાં પણ આલપાકા જાતનાં લુગડાં બનેછે.

हरणनी जातनां.

कस्तूरी मृग. (तख्ती ३२ मी.)

કસ્તૂરી મૃગ હિંદ અને ચીનની ઉત્તરે મધ્ય એશિઆના પહાડોમાં વસેછે. હિમાલય પર્વતમાં એ સાધારણ છે, અને કદમાં લગભગ રોમક નામે એક જાતના સાબરના અથવા બકરાના જેવડું હોયછે. એને શિંગડાં હોતાં નથી અને તેના ઉપલા જડબામાંના બે દાંત નીચલા હોઠની બહાર નીકળેલા હોયછે. એના પેટની ચામડીની અંદર નાની કોથળી હોયછે તેમાંથી કસ્તૂરી નીકળેછે. સુરેપાના સુગંધીદાર પદાર્થોનો મૂળ પાયો કસ્તૂરી છે; પરંતુ એકલી કસ્તૂરી વાપરેછે તેવારે તેની ઘણીજ કડી વાસ આવેછે. આપણા લોકો કસ્તૂરીને ઓસડમાં વાપરેછે. કસ્તૂરી ઘણી મોંઘી છે, કારણ કે એક હરણ મારે તો એક તોલાને આશરે કસ્તૂરી નીકળે.

પ્રથમ ભાગ સમાપ્ત.

भाग २ जो.

पशुओ अने पक्षीओ.

·अनुक्रमणिका.

कोथळीवाळां जनावर.

आंचळवाळां दरियाइ प्राणीओ.

पक्षीओ.

બીજાંને મારી ખાનારાં.

गरुड.

बाज के शकरा.

ग्राम्य कूकडा, वगेरे.

प्राणीवर्णन.

ભાગ ૨ જો.

पशुओ अने पक्षीओ.

शिंगडांवाळां वागोळनारां जनावर.

જે જનાવરો બે વાર ખોરાક ચાવેછે તેમને વાગોળનારાં કહેછે. તેઓ જે ખોરાક ખાયછે તેને અડધો પડધો ચાવી ગળી જાયછે. એ ખોરાક હોજરીની પાસેની કોથળીમાં રહેછે. પછી ફુરસદે તેને થોડો થોડો મોંમાં લાવીને ચાવેછે. તે પૂરેપૂરો ચવાઈ રહેછે એટલે તેને પાછો ગળી જાયછે ત્યારે પેલી કોથળીમાં થઈ પેટમાં જાયછે.

આ વાગોળનારાં જનાવરોને ઉપલા જડબામાં આગલા દાંત હોતા નથી. તેમનામાં ઝાઝી અકલ નથી, પરંતુ તેઓ માણસ જાતને બહુ ઉપયોગી છે. તેનું કામ કરવામાં તેને તેઓ મદદ કરેછે અથવા ખાવાને દૂધ કે માંસ પૂરૂં પાડેછે. એમની ચરબી બીજાં ચોપગાં પશુઓની ચરબીથી વધારે સખ્ત હોયછે અને પુષ્કળ હુંનરોમાં કામ આવેછે.

કેટલાંક વાગોળનારાં જનાવરોને શિંગડાં હોતાં નથી, જેવાં કે ઊંટ અને કસ્તૂરીમૃગ, પરંતુ ઘણાંખરાંને જુદા

જુદા આકારનાં શિંગડાં હોયછે. એ શિંગડાં પણ માણસને ઘણાં ખપ લાગેછે. આ જનાવરો ઘાસ અથવા વનસ્પતિ ખાયછે.

जिराफ. (તખ્તી ૧ લી.)

જિરાફમાં અને બીજાં શિંગડાંવાળાં ચોપગાં જનાવરોમાં ફેર એ છે કે એનાં શિંગડાંનો આકાર પતાસાંના પડા જેવો છે અને તેપર વાળવાળી ચામડી છે. એ શિંગડાં હરણનાં શિંગડાંની પેઠે ખરી પડતાં નથી. બીજાં જનાવરો પહોચી શકતાં નથી એવડાં ઊંચાં ઝાડની કુમળી ડાળીઓ અને પાંદડાં ખાયછે તેથી કરીને એના આગલા પગ અને ડોક લાંબાં કરેલાં છે. જિરાફ ભોંયપર ઊભું રહેછે તે વારે માથાની ટોચથી આગલા પગના તળિયા લગી એની ઊંચાઈ સત્તર ફુટ થાયછે. એના આગલા પગ પાછલા પગથી જેટલા લાંબા જણાયછે તેટલા બધા લાંબા નથી. એનો ખભો બહુ લાંબો હોવાથી આગલા પગ લાંબા દેખાયછે. એને ડીલે સુંદર ટપકાં ટપકાં હોયછે.

આ અસીલ પ્રાણી દક્ષિણ આફ્રિકાના રણમાં માત્ર વસેછે. એ ઘણુંકરીને બાવળ (અકાશિઆ)નાં પાંદડાં પોતાના લાંબી નાજુક જીભે તોડી ખાઇને જીવેછે.

પાણી પીવું હોયછે તે વારે જિરાફને પોતાના આગલા પગ એક એકથી ઘણા છેટે રાખી ડોકને નમાવવી પડેછે.

તખ્તી ૧ લી.

૨.

૩



૧

૧. જિરાફ. ૨. કાળું આંટિલોપ. ૩. ગેઝેલ.

એનાં નસકોરાં સાંકડાં હોઈ તેમની કોરપર વાળ ઊગેલા હોય-છે. નસકોરાંની ચોમેર સ્નાયુઓ હોવાથી મરજીમાં આવેછે તે વારે તે તેમને બંધ કરી શકેછે. એથી કરીને રણમાં તોફાનની વેળા ગુંગળાવી નાંખે એટલી ઝીણી ધૂળ ઊડે છે તે તેના નાકમાં જતી નથી. એના આંખ મોટી, કાળી, અને સુંદર હોયછે અને એવી રીતે રહેલી છે કે હરકોઈ બીજા ચોપગાથી તે વધારે છેટે જોઈ શકેછે અને બાવળ ખાતીવેળા તેનો શત્રુ સિંહ છાનોમાનો આવી પહોંચે તેને વેળાસર દેખી શકેછે. પશુઓનો રાજા એટલે સિંહ દોડવામાં જિરાફની બરોબરી કરી શકતો નથી અને સામસામાં આવી જાયછે તે વારે જિરાફ પોતાની મજબૂત ખરીઓ મારીને સિંહને નસાડી મૂકેછે, એવું જાણવામાં આવ્યું-છે. વળી એનાં શિંગડાં નાનાં હોવા છતાં ભયંકર હથિયાર છે, અને ડોકને આડી નમાવી શિંગડાંવતી ઢીંઢિયું મારે-છે તેણે કરીને એક ઇંચ ઊંડો ઘા પડેછે. એની દોડ બહુ ઉતાવળી છે.

આફ્રિકામાંથી જિરાફનાં બચ્ચાંને પકડીને પ્રાણીઓને રાખવાના બાગમાં મેલવાને પરદેશ મોકલવામાં આવેછે.

જિરાફને અરબીમાં ઝુરાફ અને હિંદીમાં ઝુરફ કહેછે.

हरणनी जातनां.

काळुं आंटीलोप. (તખ્તી ૧ લી.)

આ જનાવર દક્ષિણ આફ્રિકામાં વસેછે. જે ઘણાંજ રૂપાળાં પ્રાણીઓ દુનિયામાં છે તેઓમાંનું એક એ છે. દસ કે બાર આંટીલોપનું નાનું ટોળું થઈને ભેગાં રહેછે. એ જનાવર ભડકણ અને ઘણુંજ ઉતાવળું દોડનારૂં હોવાથી શિકારીના હાથમાં ઝટ સપડાઈ જતું નથી.

गझेल. (તખ્તી ૧ લી.)

ખૂબસુરતીને માટે આ જનાવર એશિઆમાં ઘણુંજ પ્રખ્યાત છે. એશિઆના તેમજ યૂરોપના કવિઓએ ફૂટડી સ્ત્રીની આંખને ગઝેલની આંખની ઉપમા આપીછે.

આ રૂપાળા પ્રાણીનાં ટોળેટોળાં અરબસ્તાન અને સિરિઆના ડુંગરોમાં કૂદતાં ફરેછે. ગઝેલ એટલું ઉતાવળું દોડેછે કે ગ્રેહોંડ કૂતરો બાજ પક્ષીની મદદ વગર એને પકડી શકતો નથી. એ પક્ષી ઉડીને તેના માથાપર બેસેછે તેથી દોડવામાં અડચણ પડવાથી કૂતરા તેને પકડી પાડેછે.

એરિયલ ગઝેલ ઘણુંજ દેખાવડું અને ઝડપથી દોડનારૂં છે. સ્વભાવે બેદદ હોવા છતાં ગઝેલ હળી જાયછે અને રમાડવા લાયક થઈ જાયછે. સિરિઆના લોકોનાં ઘરના વંડામાં પાળેલાં અને હળી ગએલાં ગઝેલ ઘણીવાર દીઠામાં આવેછે.

તખ્તી ૨ ૭.



૧. ઍલ્ક. ૨. રેનડીયર. ૩. મૂસ.

ગેઝેલને આરબીમાં ધિઝાલ કે ધઝાલ કહેછે.

ગેઝેલની જે જાત હિંદમાં વસેછે તેને છિકારાં (હિંદી-ચિકાર) કહેછે. ગેઝેલનો વાસ આફ્રિકામાં પણ છે.

अेल्क. (તખ્તી ૨ જી.)

એલ્ક જાતનું સાબર ઘણુંકરીને યૂરોપ મધ્યે સ્વીડનમાં, નાર્વેમાં, અને રશિઆના કેટલાક ભાગમાં થાયછે. એશિઆમાં રશ તાબાના મૂલકનાં જંગલોમાં એ વસેછે, અને સૈબીરિઆમાં બહુ મોટું એલ્ક દીઠામાં આવેછે.

એલ્ક સાબર કાંઈક રેનડીયરના જેવું છે, પરંતુ તેનાથી મોટું હોયછે. ઘોડાના જેવડું મોટું એલ્ક ઘણીવાર દીઠામાં આવેછે.

એલ્ક ઘણુંકરીને ઝાડની ડાળીઓ ખાઈને રહેછે. એ અસીલ છે અને કોઈને ઈજા કરતું નથી, પરંતુ કોઈ જનાવર તેની સામું થાયછે તે વારે તે પોતાનાં શિંગડાં અને આગલા પગવતી ઘણી બહાદુરીથી પોતાનો બચાવ કરેછે.

रेनडीयर. (તખ્તી ૨ જી.)

લાપલાંડ, નાર્વે, અને ગ્રીનલાંડમાં રેનડીયરને ઉત્પન્ન કરીને ત્યાંના લોકોને ઇશ્વરે ઘણું સુખ કરી આપ્યું છે. એ દેશોમાં શિયાળામાં આ ચમત્કારી પ્રાણી સિવાય ભાગ્યે જીવી શકાય એમ છે. જે લાપલાંડવાસી કને ઘણાં રેનડીયર હોયછે તે પૈસાદાર ગણાયછે. રેનડીયર બરફવાળાં મેદા-

નોમાં એક જાતની પૈડાં વગરની ગાડીને ઘણીજ ઝડપથી અને સહીસલામત ખેંચી જાયછે. એના ચામડાનાં લૂગડાં બનેછે તે પહેરવાથી ટાઢ એટલી તો ખમેછે કે એ ઉત્તર તરફના પ્રદેશોની સખ્ત રાતે અંધારામાં એના ચામડાનો બનાવેલો ઓછાડ ઓઢીને બરફ ઉપર હરકોઈ માણસ સૂઈ રહેછે અને તેને કશી ઇજા થતી નથી.

લાપ્લાંડના લોક રેનડીયરના દૂધનું પનીર કરેછે અને એનું દૂધ તેમનાં છોકરાં ખાયછે. એનાં શિંગડાંના કટોરા બનેછે. એ શિંગડાં બહુ પહોળાં અને ચપટાં હોયછે અને દર વરસે ખરી પડેછે. ભટકતા લોક તો પોતાના તંબુઓના ગિલેફ એના ચામડાના કરેછે.

ઝાડની ડાળીઓપર તેમજ બરફની નીચે લીલ ઉગેછે તે આ જનાવરનો ખોરાક છે. રેનડીયર ઉનાળામાં બગાઈ અને ડાંસની પીડામાંથી છૂટવાને છેક ઉંચા પહાડોની ટોચે જઈને રહેછે; અને શિયાળામાં તે ઠેકાણે ખાવાનું મળતું નથી તે વારે નીચે મેદાનોમાં ઉતરી આવેછે.

આ જનાવર આપણા સાબરના જેવડું લગભગ છે. એના ફાટેલી ખરીવાળા પગ બળદના પગથી વધારે પહોળા થઈ શકેછે તેથી બરફમાં પેસી જતા નથી. વળી પગની આસપાસ લાંબા અને જાડા વાળ પુષ્કળ હોવાથી તેના પગ ભોંયપર ટકેછે, લપસી જતા નથી.

મૂસ. (તખ્તી ૨ ૭.)

મૂસ એ અમેરિકાનું એલ્ક છે. એ પ્રાણી ઘોડાના જેવડું હોયછે અને એનાં શિંગડાંનું વજન લગભગ સવામણ થાયછે. એ શિંગડાં નક્કર હાડકાંનાં બનેલાં છે અને તે બધી જાતનાં સાબરોનાં શિંગડાંની પેઠે દર વરસે ખરી પડેછે.

મૂસનો શિકાર કરવો એ ઉત્તર અમેરિકાના રાતા રંગની ચામડીવાળા ઇંડિઅનોનો મુખ્ય ધંધો થઈ પડ્યો છે. તેઓ એના ચામડાને બરાબર કમાવીને નરમ, જાડું, અને વળે એવું કરેછે.

મી. ગોસ કહેછે કે "હરકોઈ બીજા પ્રાણી કરતાં મૂસ ભડકણ છે અને એને પકડવું મુશ્કેલ છે. એ જનાવર પાડા કરતાં વધારે ચોકસ છે અને એની ઇંદ્રીઓ વધારે તીવ્ર છે, પરંતુ હરણ કરતાં વધારે ડાહ્યું અને બંડ છે. મૂસ હળી ગયેલું હોય એવું મારા જાણવામાં આવ્યું નથી પરંતુ એને હેળવીને રેનડીયરની પેઠે ગાડીએ જોડી શકાય ખરૂં એમ મને લાગેછે."

એલ્કની પેઠે મૂસ ઝાડની ડાળીઓ ખાયછે, અથવા નદી કાંઠે કે ડુંગરોની બાજુઓપર ઉગેલાં ઝાડનાં પાંદડાં, ડાળીઓ, વગેરે કુમળો કુમળો ભાગ ચરેછે. એ ઠેકાણે ખાવાને તેને નીચું વળવું પડતું નથી, કારણ કે તેની ડોક ટૂંકી અને આગલા પગ લાંબા હોયછે. એ કોઈ વખતે શિકારીનો ભયંકર શત્રુ થઈ પડેછે.

તાર્તરીનું સૈગા. (તખ્તી ૩ ૭.)

તાર્તરીનું સૈગા એશિઆમાં અને આફ્રિકામાંએ વસેછે. દક્ષિણ આફ્રિકાના રેહેવાસીઓ એનાં તીણાં શિંગડાંની અણીઓ પોતાના ભાલાપર જડેછે. આંટીલોપનાં શિંગડાંનો ગમે તેવો આકાર થાય તોપણ તેઓ ગોળ અને વીંટી વીંટીવાળાં હોયછે; અને જુદી જુદી જાતનાં આંટીલોપનાં શિંગડાંનો ઘાટ જુદો જુદો હોયછે. તેઓ સીધાં, વાંકાં વળેલાં, અથવા પેચના જેવા આકારનાં હોયછે.

આંટીલોપ. (તખ્તી ૩ ૭.)

એશિઆમાં અને આફ્રિકામાં આંટીલોપ વસેછે. એ ઘણું અસીલ, બીકણ, અને ઘણુજ વેગથી દોડનારૂં છે. ગ્રેહોંડ કૂતરોએ દોડવામાં એની બરાબરી ભાગ્યે કરી શકેછે. એના શરીરનો સુંદર ઘાટ સાબરના શરીરના ઘાટને ઘણોજ મળતો આવેછે. એ સ્વભાવે બગ્ર અને બીકણ, તથા ઘણુંજ સાવધ અને ચંચળ છે. એની સુંઘવાની ઇંદ્રી ઘણીજ તીક્ષ્ણ છે. એ ઘણુંકરીને ઊંચા કરાડા, અથવા ખડકોપર, અથવા રણમાં રેહેછે.

આંટીલોપનાં ટોળેટોળાં દખણ (દક્ષિણ) નાં મોટાં મેદાનોમાં ફરતાં ફરેછે.

દક્ષિણ અમેરિકામાંના છેક ગરમ ભાગોમાં એ એકજ જાતનું આંટીલોપ થાયછે.

તખ્તી ૩ જી.



૧. તાતંરીનું સૈગા. ૨. આંટિલોપ. ૩. ઝુગેલ. ૪. નૂ.

આ દેશનાં મેદાનોમાં આંટીલોપનાં મોટાં ઝુંડ કોઈ કોઇવાર દીઠામાં આવેછે, પરંતુ ઘણુંકરીને નાનું ટોળું નજરે પડેછે, અને તે કુટુંબનો મુખી કાળો કલિયાર હોયછે તે તે ટોળાનો સરદાર બનેછે. મૃગલી અને નાનાં બચ્ચાંનો રંગ હરણ અને આંટીલોપના જેવો ઘેરો હોયછે, પરંતુ તેઓ મોટાં થતાં જાયછે તેમ તેમ તેમના અંગના ઉપલા ભાગનો રંગ સુંદર કાળો થાયછે. તેમનાં શિંગડાં સીધાં, ગાંઠા ગાંઠાવાળાં, અને પેચના જેવા આમળાદાર હોયછે અને ઘણીવાર બે ફુટથી વધારે લાંબાં વધેછે. હિંદનું ચાર શિંગડાંવાળા આંટીલોપનું જોડું એકઠું રહેછે, ટોળું મળું રહેતું નથી, અને માત્ર જંગલમાં રહેછે, ખુલ્લાં મેદાનમાં રહેતું નથી. એનાં આગલાં શિંગડાં બહુ ટૂંકાં હોયછે અને પાછલાં શિંગડાં લગભગ આંગળી જેવડાં લાંબાં હોયછે.

નીલગાય અથવા આસમાની રંગનો ગોધો એ આંટીલોપની એક મોટી જાત છે અને મધ્ય હિંદમાં સાધારણ છે. એ લગભગ ઘોડાના જેવડો હોયછે.

જે હરણને શિંગડાં હોયછે તેમનાં શિંગડાં વરસમાં એકવાર ખરી પડેછે એ તો તમને સાંભરતું હશે. એ શિંગડાં સાબરનાં શિંગડાંની પેઠે નક્કર હાડકાંનાં બનેલાં હોયછે. પરંતુ આંટીલોપનાં શિંગડાં કદી ખરી પડતાં નથી, કારણ કે તેઓ બળદનાં શિંગડાંનાં જેવાં પોલાં અને કપાળમાંથી બહાર નીકળેલા હાડકા જોડે સજ્જડ વળગેલાં હોયછે.

બુબેલ. (તખ્તી ૩ ૭.)

બુબેલ જાતનું આંટીલોપ મોટું અને ખૂબસુરત છે અને આફ્રિકામાં પુષ્કળ થાયછે.

નૂ. (તખ્તી ૩ ૭.)

આ પ્રાણીનું બદન નાના ઘોડાના જેવું છે, અને એને ઘોળા ઘોડાના જેવી પૂંછડી અને માથે વાળ હોયછે; પરંતુ કેપ આવ્ ગુડહોપના પાડાનાં શિંગડાંનાં જેવાં એને શિંગડાં પણ હોયછે. એની ગરદનની નીચે બીજી કેશવાળિ છે; અને એની ફાટેલી ખરીઓ સાબરની ખરીના જેવી છે. નૂ દોડવામાં સાબરની બરોબર છે. આ અજનબબ જેવાં ચોપગાં પ્રાણીઓ કેપ આવ્ ગુડહોપની ઉત્તરે દીઠામાં આવેછે, અને ઘણુંકરીને આફ્રિકાના તમામ ભાગમાં વસેછે; કારણકે તેઓ રૂમીલોકના જાણવામાં હતાં અને તેમના મહાન્ કુદ્રતી તવારીખ જાણનાર પ્લિનિએ તેમનું હાલમાં જે નામ છે તેજ નામથી વર્ણન કરેલું છે. નૂઓ ટોળાંમાં રહેછે અને ઘણાંજ એકદ તથા વેગથી દોડનારાં છે. તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ એકલવડી હારમાં જાયછે. કપ્તાન હારિસ કહેછે કે નૂઓ છેટેથી સિંહના જેવાંજ દેખાયછે. તેણે એક મોટા અને ભૂખાળવા સિંહને વાલ નદીની પાસેનાં મોટાં મેદાનોમાં એ જનાવરોના ટોળાની પાછળ પડેલો જોયો હતો, પરંતુ એ બધાનક

સિંહ બહુજ પાછળ પડી ગયો હતો અને થાકીને લોથ થઈ જઈ નિરાશ થયો હતો.

નૂ રમતિયાળ છે અને એને નવું જાણવાની ઘણી હોંસ છે. વણજારોની થડમાં જઈ તે શું છે તે તે જુએછે. ચામડાના બંધ અને ઘોડાનો સાજ એના ચામડાના બનેછે.

નૂઓ બહુ સાવધ છે; શિકારી નજરે પડતાંને વાર તેઓ બહુ વેગથી દોડેછે તેણે કરીને પુષ્કળ રેતી ઉડેછે. બંદૂકનો પહેલો અવાજ થાયછે એટલે ટોળું બંધાઈ તેઓ આગળ ધસેછે તેથી કરીને તેમની ખરીઓનો જે ખડખડાટ થાયછે તેનો ઘોડેસવારના ધસારાના ખડખડાટની જોડે માત્ર મુકાબલો કરી શકાય. તોપણ તેમનામાંનાં ઘણાંકનાં મડદાં થઇને રેતીમાં પડેછે અને કેટલાંક ઘવાઇને પાછળ રહી જાયછે. ઘાયલ થયેલું પરંતુ છેક અશક્ત થયેલું નહિ એવું નૂ ઘણીજ ઝડપથી અને જુસ્સાથી શિકારીપર ધશી પોતાનાં મોટાં શિંગડાં મારેછે, તેથી એનાથી બચવાને શાંતતા અને ચાલાકી રાખવી પડેછે.

आइबेक्स. (તખ્તી ૪ થી.)

આઇબેક્સ એશિઆ, યુરોપ, અને આફ્રિકાના ઘણાજ ઊભા અને ઉંચા પહાડોપર રહેછે. એ બકરો છે, પરંતુ ઝડપથી દોડવામાં આંટીલોપને મળતો આવેછે. એને કોઇથી રોકી શકાતો નથી. એનાં ટોળાંપર બંદૂક છોડેછે તે

વારે લગભગ ઊભા ખડકોની બાજૂએ અને છૂટી રેતી તથા પથરાપર ઝપાટાબંધ દોડીને એટલી ઝડપથી હેઠળ ભોંયપર ઉતરી આવેછે કે તેઓ એક કલાકમાં પંદર મૈલ દોડેછે એવું કહેછે. જે ઊંચા ડુંગરોપર આઇબેક્સ ચરેછે તે ડુંગરોપર બીજું કોઇપણ પશુ ચઢી શકતું નથી.

આપણા દેશમાં બે જાતના આઇબેક્સ દીઠામાં આવેછે; એક જાત હિમાલયમાં વસેછે તેનાં શિંગડાં ચાર ફૂટ લાંબાં. પછવાડેથી વળેલાં, અને ગાંઠા ગાંઠાવાળાં છે; અને નીલગિરીના આઇબેક્સનાં શિંગડાંની લંબાઈ માત્ર એક ઇંચને આશરે હોયછે. વળી હિમાલયમાં એક જાતનો રાની બકરો થાયછે તેને તેહ્ર કહેછે અને બીજી જાતનાને મર્ખોર કહેછે. મર્ખોર બકરો મોટો છે અને તેનાં શિંગડાં ભારે અને પેચના જેવા આમળાદાર છે.

साधारण आंटीलोप. (તખ્તી ૪ થી.)

આ વેગથી દોડનારૂં જનાવર ટોળાંબંધ રહેછે અને એનામાં ઉપર કહી તેવીજ ખાસિયતો છે.

शमाइ. (તખ્તી ૪ થી.)

યૂરોપના પશ્ચિમ ભાગમાં જે એકજ આંટીલોપ દીઠામાં આવેછે તે આ સુંદર નાનું પ્રાણી છે. માણસથી જઈ શકાય નહિ એવા ઊંચા પહાડી પ્રદેશોમાં નાનાં નાનાં ટોળાંમાં અથવા કુટુંબોમાં એ રહેછે. એના જોવાની, સું-

તખ્તી ૪ થી.



૧. આઈબેક્સ. ૨. સાધારણ એંટિલોપ. ૩. શમોઈ. ૪. વર્જિનીઆનું હરણ (અથવા સાબર). ૫. ઝાંખા-રાતા પીળા રંગનું હરણ.

સુંઘવાની, અને સાંભળવાની ઇંદ્રીઓ એટલી તીક્ષ્ણ છે કે ઘણીજ ધીરજ અને ચતુરાઇથી તથા ત્રાસ છૂટે એવા કરાડાપર ગબડી પડવાના જોખમમાં પડી શિકારી એની થડમાં માત્ર જઈ શકેછે. એ એટલું ઉતાવળું દોડનારૂં છે કે એકવાર દોડ્યું એટલે તેના શિકાર કરવાની આશાજ મૂકવી; અને આલ્પ્સ પર્વતમાં રહેનારો શિકારી એની કેડે પડેછે તેવારે તે મોટા જોખમમાં આવી પડેછે. તથાપિ તે મરવાથી બીતો નથી; કારણ કે એના ખોરાકનો મોટો ભાગ શમોઇનું માંસ છે, અને એનું ચામડું નરમ અને વળે એવું છે તથા મીચી (શમોઇચર્મ) નામે ઓળખાતું ચામડું એનું બનેછે. એ ચામડાથી ટાઢ એટલી બચેછે કે ઉત્તર ધ્રુવ ભણીના મૂલકમાં મુસાફરી કરનારાને પહેરવા કાજે આખો પોશાક એનો બનાવેછે.

શમોઇનો ખોરાક પહાડમાં ઊગનારો ભાજીપાલો અને ફૂલ તથા છોડવાની કુમળી ડાળીઓ છે. એ જવલે પાણી પીએછે, અને એને મીઠું (લૂણ) બહુ ભાવેછે.

પહાડી આંટીલોપની બે જાત હિમાલયમાં વસેછે તે શમોઇને કાંઈક મળતી આવેછે. એમને સીરાવ અને ગુરલ કહેછે.

વર્જિનિઆનું હરણ. (તખ્તી ૪ થી.)

આ જનાવર અમેરિકાના ઉત્તર તરફના ભાગોમાં વસે-

છે. અમેરિકાના રાતી ચામડીવાળા ઇંડિઅનો એનું માંસ ખાયછે અને એનું ચામડું ખપમાં લેછે, તેથી તેમને એ ઘણું ઉપયોગી છે. આ હરણનો સ્વભાવ બગ્ર અને ભડકતો છે. એ શિયાળામાં ઝાડપર લટકતી દોરી જેવી લીલ પુષ્કળ ખાયછે; અને શર્માઈની પેઠે એને મીઠું ઘણું ભાવેછે. ઇંડિઅનો શિયાળામાં ખાવાને માટે એનું માંસ આથીને રાખી મૂકેછે.

સાબર એ આ હરણની એક જાત છે અને એને ગોળ અને ફાંટા ફાંટાવાળાં શિંગડાં હોયછે. ઘણુંકરીને નરને માત્ર શિંગડાં હોયછે. બધાં હરણનાં શિંગડાં દર વરસે ખરી પડેછે તેમ એ શિંગડાં પણ ખરી પડેછે. સાબરનાં શિંગડાં કોઈવાર ઘણાં મોટાં હોયછે, પરંતુ પાસેના (વર્જિનિઆના હરણના) ચિત્રમાં જેવડાં દેખાડ્યાં છે તેનાથી બહુધા નાનાં હોયછે. એ ચિત્રમાં વચલો ફાંટો બતાવ્યો નથી.

આ જાતનાં કેટલાંક હરણનાં ચિત્ર આ ચોપડીમાં આપ્યાં નથી, પરંતુ તેઓ જાણવા લાયક છે.

મધ્ય હિંદમાં બારાસિંગ એટલે મોટાં શિંગડાંવાળું હરણ થાયછે. વળી ચિતળ એટલે ચટાપટાવાળું સુંદર હરણ અને ડુક્કર હરણ બંગાળામાં દીઠામાં આવેછે. એ બંનેનાં શિંગડાંને ફાંટા ફાંટા હોયછે. એક બીજી જાત થાયછે તેને જમનું હરણ કહેછે એનાં શિંગડાં વધારે નાનાં હોયછે અને વળી એને ઉપલા જડબામાં લાંબા દંતુશળ હોયછે.

સાબર, ચિત્તળ કે ચીતળ અને બસતું હરણ એ ત્રણ દક્ષિણ હિંદનાં જંગલોમાં સાધારણ છે.

આંખા રાતા પીળારંગનું હરણ. (તખ્તી ૪ થી.)

આ રૂપાળું નાનું જનાવર ઇંગ્લાંડનાં શિકાર કરવાનાં જંગલોમાં સાધારણ છે. હરણ અને આંટીલોપની વચ્ચે તેમનાં શિંગડામાં ફેર છે. હરણનાં શિંગડાં દર વરસે ખરી પડી બીજાં નવાં આવેછે. સાબર અથવા મૃગ ઘણોજ ઉતાવળો દોડેછે અને કૂતરા તેને છેડેછે ત્યારે ઘણી હિંમતથી સામો થાયછે. આ જનાવરમાં આંસુ ઢાળવાની શક્તિ છે એવું પહેલાં કહેવાતું હતું; પરંતુ એ વાત કેવળ ખરી દીસતી નથી, તથાપિ એના આંખની કોર વખતે વખતે ભીની થાયછે અને આંસુ પડ્યાં હોય એવી દેખાયછે. નરને મૃગ કે સાબર કહેછે અને માદાને સાબરી કે મૃગલી કહેછે.

ઇંગ્લાંડમાં અને યૂરોપના બીજા દેશોમાં ફક્ત મોટા સાબરનો શિકાર કરવાનો રિવાજ છે, અને મારી નાંખ્યા પહેલાં ઘણીફેરા તેમનો શિકાર કરેછે, તેથી શિકારી કૂતરાની ખોટ ચૂકવવાની અને વાસ પરથી નહિ પકડાવાની કળામાં તેઓ ઘણા હોશિયાર થાયછે. નાનાં બચ્ચાંમાં માત્ર નાશી જવાની બુદ્ધિ હોયછે, પરંતુ તેઓ એમ કરતાં કરતાં કૂતરાને છેતરવાની કળા મહાવરાથી શીખેછે. પોતાના બદનની વાસ ઘણીજ ઓછી રહે એવી જમીન પસંદ કરી

કેટલાક અંતર લગી તેઓ પોતાનાં પગલાંપર બેવડા આંટા મારેછે અને પછી તે માર્ગથી ઘણે છેટે મોટી ફાળ ભરી જુદી દિશામાં નાશી જાયછે. આ જનાવર દોડવામાં માત્ર હોશિયારી બતાવેછે, બીજી વાતે એની બુદ્ધિ જડ છે; ચરવાના વચલા વખતમાં સાબરો માંહોમાંહે લડેછે અને સાબરીઓ પોતાનાં બચ્ચાંની માવજત કરેછે.

बकरां

બકરાંનાં શિંગડાં પોલાં હોયછે અને હંગેલી સ્થિતિમાં એ જનાવર દુનિયાના લગભગ દરેક ભાગમાં દીઠામાં આવે-છે. બકરાની પૂંછડી ટૂંકી અને ઉપર્લીબાજુએ વળેલી હોયછે અને એનું શરીર ગંધાયછે. જંગલી સ્થિતિમાં એને પહા-ડોમાં રહેવું બહુ ગમેછે. એ ઘણી ઝડપથી દોડનારો, ચપળ, અને જોરાવર છે. પગ રહી શકે એવાં છેક નાનાં શિખરોપર તે ઊભા રહી શકેછે અને મોટા ઠેકડા મારી શ-કેછે. બીજા કોઈ પ્રાણીથી ખાઈ શકાય નહિ એવા છોડ તે ખાઈ શકેછે. ઝેરી ઇંદ્રવારણી, કાંટારિંગણી, અને ભોં-યરીંગણી ખાયછે અને તે થકી તેનું પોષણ થાયછે. પહાડી પ્રદેશોમાં બકરાં એ ભરવાડની દોલત છે.

अंगोरा बकरां. (તખ્તી ૫ મી.)

એશિઆમૈનરમાં અંગોરા કરીને નાનું પરગણું છે તેમાં એ બકરો વસેછે. એ પરગણામાં અંગોરા બકરા થાયછે



૧. અંગોરા બકરો. ૨. ક્રીટનો બકરો. ૩. તિબેટી બકરો.
૪. સાધારણ બકરી.

એટલુંજ નહિ, પણ લાંબા, બારીક, અને રેશમના જેવા સુંવાળા વાળવાળાં સસલાં, ઘેટાં, અને બિલાડીઓ થાયછે.

અંગોરા બકરાને આખે ડિલે સુંદર, લાંબા, નરમ, રેશમના જેવા સુંવાળા, અને લાંબા આમળાદાર વાંકડીઆ વાળ હોયછે. એ વાળના પ્રણાજ ઝીણા કુમાશના ચાંસા બનેછે.

ક્રીટનો બકરો. (તખ્તી ૫ મી.)

આ બકરો ભૂમધ્ય સમુદ્રમાંના ક્રીટ નામે બેટમાં વસેછે. એ ટાપુ હાલમાં તુર્કસ્તાનને તાબે છે. એ બકરાનાં શિંગડાં ઘણાં લાંબાં અને આમળાદાર હોયછે અને એને ડિલે લાંબું ઊન હોય છે. અસલ તો ગ્રીક અને રૂમીલોકો એવું માનતા હતા કે તેમના મુખ્ય દેવ જ્યુપિટરને ક્રીટના બકરાએ ઉછેરીને મોટો કર્યો હતો.

તિબેટી બકરો. (તખ્તી ૫ મી.)

આ બકરાને વખતે કાશ્મીરી બકરો પણ કહેછે. તિબેટ એ મોટા હિમાલય પર્વતના ઉત્તર તરફના ઢાળપર અને કાશ્મીર એ દક્ષિણ બાજુના ઢાળપર આવેલાં છે. અવલોકન કરવાથી એવું માલૂમ પડ્યું છે કે જે ભાગમાં એ બકરો ચરેછે તે ભાગમાં જેમ ટાઢ વધારે તેમ એનું ઊન વધારે બારીક હોયછે. તિબેટની સૌથી ઊંચી ખીણોમાં જે બકરા ચરેછે તેમના ઊનનો રંગ ચળકતો ગેરૂના જેવો હોયછે,

અને વધારે નીચાણમાં પીળચટો ધોળો હોયછે. તિબેટના છેક ઉંચા પર્વતોમાં કાળા બકરા દીઠામાં આવેછે.

તિબેટી બકરીનું દૂધ પુષ્ટિકારક છે; પરંતુ એ બકરાંની કીમત મુખ્યત્વે કરીને તેમના ઊનને લીધે છે. એ ઊનનાં સુંદર કાશ્મીરી સાલ અને પશ્મી લૂગડાં બનેછે. તિબેટી બકરાનું ઊન બેવડા દાંતાવાળી કાંસકીવતી દર વરસે ઉતારી લેવામાં આવેછે. એ કાંસકી ખમૂસ કરીને આ કામને માટેજ કરેલી હોયછે.

साधारण बकरां. (તખ્તી ૫ મી.)

બકરીને ગરીબ ગરબાંની ગાય કહેછે. એ નામ એને ઠીક ઘટેછે, કારણ કે એનું દૂધ ઉત્તમ છે. બકરાંનાં ચામડાંનાં તુર્કસ્તાના અને મોરાક્કો ચર્મ બનેછે અને એમનાં બચ્ચાંના ચામડાના હાથના મોજા બનેછે. આ ગરીબ પ્રાણી આપણા દેશમાં ઠેર ઠેર દીઠામાં આવેછે.

જે દેશોમાં ગાય હોતી નથી તે દેશોમાં બકરી દૂધ આપેછે તેથી બહુ ઉપયોગી છે. તથાપિ એ પ્રાણીઓ ઘણું નુકસાન કરેછે. એમને નાના છોડની કુંપળો ખાવી બહુ ગમેછે અને તેઓ વાડીઓની અને નાના છોડવાની ઘણી બરાબી કરેછે. ગાયને છૂટી ચરવા મૂકેછે તે ઘાણુંકરીને પડાણીનું ઘાસ અથવા જંગલમાંનું પરાળ માત્ર ખાયછે, પરંતુ બકરાં તો તેના વાડીની બરાબી કરી મેલેછે અને

નકશી ૬ઠી.



૧. સાધારણ નદી. ૨. અગતિ. ૩. આફ્રિકાનો મેડો.

નાના છોડને બગાડી નાંખેછે તેમને સુધારવાનો એકે ઉપાય ચાલતો નથી. જે દેશોમાં જંગલો કપાઈ ગયાં છે તે દેશોમાં લોકો બકરાં પાળેછે તો ફરીને પુષ્કળ ઝાડ થતાં નથી. તેઓ નાનાં ઝાડને બોડાં કરી દેછે, અને જ્યાં હવા સૂકી હોયછે ત્યાં વરસાદ આવવાને અને જમીનમાં ભેજ રહેવાને ઝાડોના જરૂર છે, પરંતુ તે દેશોને બકરાં ઝાડ વગરનાં કરી મૂકેછે એટલુંજ નહિ, પણ ઉજડ કરેછે. ગ્રીસ દેશમાં બકરાં પુષ્કળછે ત્યાંની ભૂમિ તેમણે એજ રીતે ખરાબ કરી નાંખી-છે. ત્યાં ગાયને ચારો મળતો નથી તેથી લોકોને દૂધને માટે બકરાં પાળવાની જરૂર પડેછે; અને ત્યાં ફરીને ઝાડનાં જંગલ થાય એવી જરાએ આશા નથી.

મેંઢાં (તખ્તી ૬ ઠ્ઠી.)

જે જનાવરો માણસ જાતને ઘણાંજ કામનાં છે તેઓમાં બળદથી ઉતરતું મેંઢું છે. કામળા અને ઊનનાં તમામ લૂગડાં એના ઊનનાં બનેછે. એનું ચામડું ચોપડીઓનાં પૂઠાં કરવાના કામમાં આવેછે અને એનાં આંતરડાંને સાફ કરીને વાજિંત્રોના તાર બનાવેછે.

લોકો મેંઢાંને ગરીબ અને જડ બુદ્ધિનું કહેછે, પરંતુ જેમણે એ પ્રાણીને નજર આવે એવા ઊંચા પર્વતોપર ઠેકડા મારતું અને પડી ન જવાય તેની સંભાળ લેતું જોયુંછે તેઓ એને જડ બુદ્ધિનું કહેશે નહિ. મેંઢું ઘણું અક્કલ છે અને

કોઈને ઈજા કરતું નથી. વિશેષે કરીને ઘેટાનું બચ્ચું નરમાશ અને નિર્દોષપણાનો નમૂનો છે.

ઘણા જૂના વખતથી લોકો ઘેટાં પાળતા આવ્યા છે. આ તેમજ બીજા દેશોના ભરવાડોના એ દોલત ગણાય છે.

એશિઆનાં ઘેટાં પોતાના ભરવાડનો સાદ ઓળખતાં શીખેછે અને તે તેમને જ્યાં લઈ જાયછે ત્યાં તેની પાછળ પાછળ જાયછે.

ઇંગ્લાંડમાં વેલ્સનું ઘેટું બહુ નાનું હોયછે. ઘણીવાર તેનું વજન માત્ર છત્રીસ શેર થાયછે. ઇંગ્લાંડનાં ઘેટાંનું ઊન ઘણુંજ સારૂં છે, પરંતુ સ્પેનમાં મેરિનો જાતનાં ઘેટાં થાયછે તેમનું ઊન સૌથી સરસ ગણાયછે.

રૂમી લોકોએ ઊનનું કારખાનું પહેલ વહેલું વિન્ચેસ્ટરમાં કહાડયું હતું; અને ત્યારથી ઇંગ્લાંડ ઊનના કાપડના વેપારનું મોટું મથક થઈ પડ્યું છે.

अर्गालि. (તખ્તી ૬ ઠી.)

અર્ગાલિ એ મોટામાં મોટું રાનો ઘેટું છે અને સૈબીરિઆનાં ઊંચાં મેદાનોમાં વસેછે. એ ઘેટું કામસ્કાટકામાં, અને બાર્બરી, કોર્સિકા, તથા ક્રીટના સૌથી ઊંચા પહાડોપર દીઠામાં આવેછે. ત્યાંના લોકો એનું દૂધ અને માંસ ખાયછે. એ લગભગ હરણના જેવડું છે અને ઘણું ચાલાક છે, તથા એની સુંઘવાની ઇંદ્રી તીક્ષ્ણ હોવાથી ઘણી મુશ્કેલીથી પકડાયછે.

એને પહાડી પ્રદેશમાં રહેવું ગમેછે; અને ઊજડ તથા કોરી જગ્યામાં રહેછે ત્યાં જાડું ઘાસ અને નાનાં ઝાડના પીલા ખાઈને રહેછે. અર્ગલિ ઘેટું જંગલોમાં ઘણી ખરાબી કરેછે. એનાં શિંગડાં ઘણાંજ મોટાં અને આમળાદાર છે. ઘણુંકરીને લોકો એવું માનેછે કે પાળેલાં ઘેટાં અર્ગલિના વંશનાં છે.

હિમાલય પર્વત ઉપર અને તિબેટમાં રાની ઘેટાંની કેટલીક જાત વસેછે. તેઓ રાની બકરાંની પેઠે પહાડના ખડકવાળી ટોચપર ન રહેતાં પહાડપરની ઘાસવાળી સપાટીઓમાં રહેછે. તિબેટનું અર્ગલિ નાની ગાયના જેવડું હોયછે. એનાં શિંગડાં પણ ઘણાં મોટાં અને આમળાદાર હોયછે.

વળી એજ પર્વતમાં બીજી બે જાતનાં રાની ઘેટાં થાયછે. એક બ્રહેલ અથવા આસમાની રંગનું રાની ઘેટું, અને બીજું પુરિઅલ અથવા પંજાબનું રાની ઘેટું. બ્રહેલ ઘેટું ગંગાનદીનાં મૂળની થડમાંના ડુંગરોમાં મળી આવેછે. આ રાની ઘેટાંને મારવાને તેમની થડમાં જવામાં શિકારીઓ ઘણી વડાઈ માનેછે. પુરિઅલનાં શિંગડાં ઘણાં ખૂબસુરત અને વાંકાં વળેલાં છે અને લોકો એવું માનેછે કે આ દેશમાં લડાવવાને માટે મેઢો રાખેછે તે એના વંશનો છે.

આફ્રિકાનો મેઢો. (તખ્તી ૬ ઠ્ઠી)

આફ્રિકાનો અથવા ગિની દેશનો મેઢો એશિઆના તેમજ આફ્રિકાના તમામ ગરમ ભાગમાં વસેછે. એ મેઢો મોટો છે,

અને એની ચામડી ખડબચડી અને વાળવાળી, શિંગડાં ગોળ કુંડાળું વળેલાં, અને કાન લબડતા છે. એને લાંબા વાળ છે તે ગરદનની નીચેલગી ગયેલાછે. આ મેંઢો સાધારણ મેંઢાથી મોટો, જબરો, અને વેગવાળો છે; અને જંગલમાં રહેવાને વધારે લાયક છે. આફ્રિકાનાં કેટલાંક ઘેટાંની પૂંછડી લાંબી અને જાડી હોયછે.

વળદ, ગાય, વગેરે.

આપણાં પાળેલાં જનાવરોમાં બળદ સૌથી ઉપયોગી છે. એ મોટો અને શરીરે ભારે હોયછે; તથાપિ વગડાઉ બળદ અને વખતે પાળેલો બળદ ઘણો હિંમતવાન અને વિકરાળ હોયછે. ઘણાંજ બહાદુર જનાવરોમાંનું એક જનાવર આખલો છે; માણસનો પણ એ ભયંકર શત્રુ છે.

જુદી જુદી જાતના બળદ દુનિયામાં બધે ઠેકાણે જોવામાં આવેછે. ઈશ્વરે માણસને બળદની મોટી બક્ષિસ આપીછે. એ જનાવર ગાડી, ગાડાં, અને હળ ખેંચી શકેછે, અને ભારે બોજો તાણી શકેછે. એના ચામડાના જોડા બનેછે; એની ચરબીની માણબત્તીઓ બનેછે; એની ખરીઓનો સરેસ બનેછે; દીવાલો ચણવાને બનાવેલા કોલમાં એના વાળ ભળેછે; એનાં શિંગડાંની કાંસકીઓ, પ્યાલાં, ચપ્પુના હાથા વગેરે બનેછે. એનાં હાડકાં હાથીદાંતને ઠેકાણે વપરાયછે; એના લોહીમાંથી પ્રુશિઅન *બ્લુ નામે એક જાતનો

* સ્યાનેડ આવૂ પોટાશિયમ અને લોઢું.

રંગ નીકળેછે; એનાં આંતરડાંમાંથી વરક બનાવનારાના ઉપયોગમાં આવતું ચામડું નીકળેછે; અને ગાયનું દૂધ લોકોના ખાધામાં આવેછે તેમજ બાળકોના સ્વાભાવિક ખોરાકને ઠેકાણે બહુ કામ આવેછે. વળી દૂધનાં દહીં, છાશ, માંખણ, ઘી, વગેરે થાયછે.

આપણે જાણીએ છીએ કે ખેતી કરવામાં જે પ્રાણી માણસને મદદ કરેછે અને જે તેનો ખુશીથી કામ કરનારો નોકર છે તે પ્રાણીને મારીને ખાવાની સઘળી પ્રજાનાં ધર્મશાસ્ત્રમાં મના કરેલીછે. એ કારણથી જે દેશમાં હજુએ એને હળમાં જોડેછે તે દરેક દેશમાં એને પવિત્ર ગણેછે તે વાજબી છે. પરંતુ ઇંગ્લાંડ જેવા દેશમાં બળદને ઠેકાણે ઘોડાને હળમાં જોડેછે તેથી ત્યાં એને ખાવાને માટેજ પાળેછે, અને મોટાં શહેરોમાં વસનારા લોકો એ સિવાય તેનો બીજો કશો ઉપયોગ જાણતા નથી. યૂરોપી આખલો ઘણુંકરીને સ્વભાવે દારુણ હોવાથી તેને બાંધી રાખવો પડેછે, પરંતુ યૂરોપી ગાય સ્વભાવે ગરીબ હોયછે અને તેને પોતાનાં વાછરડાંપર ઝાઝું હેત હોતું નથી. થોડા દહાડાનું થયા કેડે વાછરડાને ગાયની કનેથી આઘું રાખેછે તોએ કેટલાક મહિના લગી તે પુષ્કળ દૂધ દેછે. તે બે ટંક મળીને આશરે બત્રીસ શેર દૂધ દેછે. આપણી ગાય ઘણુંકરીને વાછરડાં વગર દોહવા દેતી નથી, તથાપિ કેટલીક ગાય વાછરડું મરી

ગયા પછી ઓછો જતાં લગી કેટલાક મહિના દૂધ દેછે. સારી ગાય બે ટંક મળીને આશરે અધમણ દૂધ દેછે. જે ઠેકાણે મજૂરી કરાવવા સારૂ લોકો બળદને પાળેછે ત્યાં તે ધીમો, દુઃખ સહન કરનારો, અને ખંતીલો થાયછે. ખરેડા પલટાયલા બળદની સાથે જોડવાથી તે પોતાનું કામ બેશ શીખેછે, અને પોતાનું નામ જાણેછે તથા તેને જે કરવાનું કહેછે તે કરતાં તેને જલદી આવડેછે. પરંતુ ખાવાને અર્થે જે ઢોર પાળવામાં આવેછે તેમનામાં થોડી સમજણ હોયછે.

યૂરોપી અને હિંદી બળદમાં ફેર છે.(જુઓ તખ્તી ૭ મી.) આપણા બળદને પીઠ ઉપર ખંધોલું અને ગળાની નીચે લટકતો ધાબળો હોયછે અને તેની આંખ પરથી તેની વૃત્તિ જણાઈ આવેછે. યૂરોપી બળદ કરતાં આપણો બળદ વધારે અકલવાળો અને વશ થાય એવો છે; પરંતુ આપણી ગાય યૂરોપી ગાયના જેટલી શાંત નથી અને બહુધા વાછરડું પાસે ન હોય તો દૂધ દેતી નથી.

હંગરીનો અને સ્કાટ્લાંડનો બળદ. (તખ્તી ૭ મી.)

બળદની પુષ્કળ જાતો છે. હંગરીના બળદનાં શિંગડાં ઘણાંજ લાંબાં હોયછે. યૂરોપના ઘણા ભાગમાં એ બળદને હજુ હળમાં અને ગાડીએ જોડેછે. સ્કાટ્લાંડનો બળદ નાનો અને વિકરાળ છે. એ રંગે કાળો હોયછે અને એને કપાળે લાંબા બરછટ વાળ હોયછે.

નકશો ૭ મો.



૧. હિંદી બળદ. ૨. હુંગરીનો બળદ. ૩. સ્કાટલાંડનો બળદ. ૪. બિસન.

બિસન. (તખ્તી ૭ મી.)

બિસનની બે જાત છે; એક યૂરોપી બિસન—એની હાલ છત નથી—અને બીજો અમેરિકાનો બિસન.

યૂરોપી બિસન લગભગ સાંઢના જેવડો હોયછે; પરંતુ એના માથાપર, ગરદનપર, અને ખભે લાંબા બરછટ વાળ હોયછે. એ વાળ એટલા લાંબા છે કે તેથકી જાણે મોંય વળાયછે. એનો ચહેરો ઘણો ઉદાસ અને ભયંકર છે. એ પ્રાણી ઘણું વિકરાળ છે. હાલમાં પોલાંડનાં ભેજવાળાં જંગલોમાં, લિથુઆનિઆમાં, કાર્પેથિઅન પહાડોમાં, અને કાકેસસ પર્વતમાં માત્ર બિસન દીઠામાં આવેછે. એની ઘણી અછત થઈ ગઈ છે; અને એનો સમૂળો નાશ ન થાય તેટલા સારૂ રશિઆનો શહેનશાહ બિસનનો શિકાર કરવા દેતો નથી.

પાડો.

બળદ અને ખરા બિસનમાં તથા પાડામાં ફેર એ છે કે પાડાને ખભાપર ખંધોલું હોતું નથી, અને તેનાં શિંગડાં ચપટાં છે, છેક ગોળ નથી. વગડાઉ પાડો અને હાથી સાધારણ રીતે એકજ જંગલમાં દીઠામાં આવેછે. મોટામાં મોટા બળદથી ઘરડો પાડો ઘણો મોટો હોયછે અને તેનાં શિંગડાં મોટાં હોયછે. ઘણીવાર ખભા આગળ પાડો છ ફુટ ઊંચો હોયછે. એના ખભા ઉપર માંસ વધારે છે, પણ તેને

ખોવાયું નથી. એનો સ્વભાવ સ્વછંદી છે. એ આખો દહાડો નદીઓમાં અને પાણીના ખાડામાં પડી રહેછે, અને જાડો ચારો અને જળછોડવા ખાયછે. હિંદનો વતની હોવા છતાં પાડો મિસર, ગ્રીસ, અને ઇટાલિમાંએ મળી આવેછે. એને છેડેછે તેવારે ઘણી બહાદુરીથી તે પોતાનો બચાવ કરેછે; પરંતુ એ ઘણો શાંત છે અને માણસ સિવાય એને કોઈ શત્રુ નથી. વાઘ પણ એને છેડતો નથી. ઘણુંકરીને પાડાનાં નાનાં ટોળાં ભેગાં રહેછે, બહુ ઘરડા પાડા માત્ર એકલા રહેછે. ચિત્તગામ અને આસામના વગડાઉ પાડામાં અને દક્ષિણહિંદના વગડાઉ પાડામાં જરાક ફેર છે. ચિત્તગામ અને આસામનો વગડાઉ પાડો હળી શકેછે.

દક્ષિણહિંદના ગ્રામ્યપાડાનો ચહેરો વગડાઉ પાડાથી જુદો પડેછે, પરંતુ મહાનદી મૂકીને ઓઢીઆમાં મોટાં શિંગડાંવાળા અને બીજી રીતે વગડાઉ પાડાના જેવાજ પાડા દીઠામાં આવેછે. કેટલાક ભાગમાં પાડાને હળમાં જોડેછે. ઇટાલિમાં એની કને ભાર ખેંચાવેછે અને એની એડાવેછે. ચીન અને બ્રહ્મદેશમાં પણ એને હળમાં જોડેછે. બ્રહ્મદેશના પાડા દેખાવડા છે અને દક્ષિણહિંદના અડધા ભૂખે મરી ગયેલા પાડા કરતાં વગડાઉ પાડાને ઘણાજ મળતા આવેછે. ત્રણ ચાર પાડા વાઘને ભારે પડેછે.

એની ખાલનાં સારાં ચામડાં થાયછે. ભેંસનું દૂધ બહુજ સારૂં છે.

તસ્વી ૮ મી.



૧ ... ૨

૧. યાક. ૨. અમેરિકન બિસન.

મિસરના અસલના વખતના લોકો બળદને પૂજતા અને આપણા દેશના કેટલાક ભાગમાં પાડાને હજુએ પવિત્ર ગણે છે.

યાક. (તખ્તી ૮ મી.)

યાકને આરડતી ગાય પણ કહેછે. એને આખે ડિલે ગુચ્છાદાર લાંબા લટકતા વાળ હોયછે. એની પૂંછડી ઘોડાની પૂંછડીના જેવી હોવાથી એને ઘોડાની પૂંછડીવાળો પાડો પણ કહેછે.

આ જનાવર તાર્તરીની સરહદપર ભટકતું જોવામાં આવેછે. એ ઘણું દારૂણ અને ભયંકર છે, પરંતુ એને પકડીને હેળવેછે તેવારે તિબેટ અને ચીનના લોકોને ઉપયોગી થઈ પડેછે. એ લોકો એની કને ભાર ખેંચાવેછે અને તેનાપર સવારી પણ કરેછે.

પરંતુ એના સ્વભાવનું કાંઈ ઠેકાણું નથી. થોડાં વરસપર તિબેટમાં જઈ આવેલો મુસાફર લખેછે કે હું એ અણગમતા જનાવરપર બેસવા જતો તેવારે તે મારાપર ધશી આવતું. એ પ્રાણી ઘણુંજ જબરૂં છે અને ગમે એવા ઊંચા ડુંગરાપર ચઢી શકેછે. એનું દૂધ ઉત્તમ છે અને એના વાળનાં જાડાં લૂગડાં બનેછે. જુના વખતથી એશિઆમાં એની પૂંછડી કીમતી ગણાયછે. તુર્ક લોકોમાં ભાલાની અણીએ લટકાવેલી પૂંછડી પાદશાહની પદવીનું ચિન્હ ગ-

ણાયછે; અને એ પાદશાહનો દરજ્જો જેમ મોટો તેમ યાકની વધારે પૂંછડીઓ તેની આગળ લઇને ચાલેછે. આપણા દેશમાં જેમ ઘોડાના વાળની ચમરીઓ બનાવેછે તેમ એ પૂંછડીને હાથીદાંતના હાથામાં બેસાડી તેની ચમરીઓ બનાવેછે. એ ચમરીઓ માખી ઉરાડવાના કામમાં આવેછે. ઇંગ્રેજ, મુસલમાન, વગેરે ગૃહસ્થો ખાવા બેસેછે તેવારે એ ચમરીઓવતી ચાકરો માખી ઉરાડેછે અને ઘોડા ઊભા રહેછે તેવારે રાવતો તેમનાપર માખીઓ બેસેછે તેમને ઉરાડેછે. વખતે હાથી પણ પોતાના સવારપર માખીઓ બેસેછે તેમને ચમરીવતી ઉરાડેછે. યાકની પૂંછડીના વાળ ઘણા લાંબા, અને રેશમના જેવા સુંવાળા છે.

એનું બીજું નામ ચમરી ગાય છે.

अमेरिकन बिसन. (તખ્તી ૮ મી.)

આ પ્રાણીને સાધારણ રીતે પાડા કહેછે. યૂરોપી બિસન કરતાં અમેરિકાનો બિસન મોટો છે. એના વાળ લાંબા અને બરછટ છે, એના ખભાપર ખૂંધાલું છે, અને ભૂરાશ પડતા કાળા રંગનું જાડું વાંકડીઉં ઊન છે. એ ઊન શિયાળામાં બહુ લાંબું વધી તેના ખભા, ડોક, અને માથાને ઢાંકી દેછે, પરંતુ તેના શરીરના બાકીના ભાગપર સુંવાળા કાળા વાળ હોયછે.

પહેલાં અમેરિકાનાં મોટાં મેદાનોમાં પાડાનાં ટોળેટોળાં

વસતાં હતાં પરંતુ અમેરિકાના ઇંડિઅનો અને યૂરોપીઅનો એટલા લાંબા વખતથી તેમનો શિકાર કરેછે કે હાલમાં તેઓ ઉત્તર અને પશ્ચિમ તરફના વસ્તી વગરના ભાગમાં માત્ર મળી આવેછે. મિસિસિપિ નદીની પૂર્વે અથવા સેંટ લારેન્સ નદીની દક્ષિણે ક્વચિત્ દીઠામાં આવેછે.

ખોરાક, લૂગડાં, તંબુઓ, અને રાચ રચીલાંને માટે અમેરિકાના ઇંડિઅનોની ઘણી જાતોનો આધાર એ પ્રાણીઓ ઉપર છે. ઇંડિઅનોની રીત પ્રમાણે સાફ કરેલાં વાળવાળાં ચામડાંના સરસ ઓઢા બનેછે તે થકી શિયાળામાં ટાઢ ખમે-છે. એ ઓઢાને પાડાના ઝભ્ભા કહેછે. એમનાં શિંગડાંના બંદૂકનો દારૂ ભરવાની નળીઓ બનેછે.

બિસન ઘાયલ થાયછે અને વીફરેછે ત્યારેજ માણસને છેડેછે, નહિતો છેડતો નથી. તે સામો થાયછે તે વારે મરણીઓ થઇને લડેછે. એ ભયંકર શત્રુ છે, અને હુમલો કરનારને શિંગડાં મારીને ધુંદી નાંખેછે. એ કારણથી તેનો શિકાર કરવામાં ઘણું જોખમ છે.

બિસનનું અંગ ભારે અને ચહેરો સુસ્ત હોવા છતાં તે ઘણી ઝડપથી દોડેછે. એનો સ્વભાવ ઘાતકી છે, પરંતુ છેક નાનું બચ્ચું પકડ્યું હોય તો હળી શકે.

બિસનનાં ઝુંડનાંઝુંડ મેદાનોમાં ભેગાં ચરેછે, અને વિશેષે કરી ખાર અને ભેજવાળાં સ્થળોની થડમાં ભટક્યાં કરેછે.

કસ્તૂરી બળદ. (તખ્તી ૯ મી.)

કસ્તૂરી બળદ અમેરિકાની છેક ઉત્તરે ધ્રુવવૃત્તમાં રહેછે. એ પ્રાણી બળદને, ઘેટાને, અને બકરાને કેટલીક વાતે મળતું આવેછે. એનાં શિંગડાં મોટાં છે અને માથાના આગલા ભાગમાં મૂળ આગળ એકઠાં મળી સીધી લીટી કરેછે અને કેપના પાડાનાં શિંગડાંને ઘણાંજ મળતાં આવેછે. એનાં ચિત્ર જોવાથી એ જણાશે. એનો ઘાટ ઘેટાના જેવો છે, પરંતુ એનો પૂંછડી બહુ ટૂંકી છે અને લાંબા જાડા વાળની નીચે ઢંકાઈ ગયેલીછે. એ વાળને લીધે તેના રહેઠાણની સખ્ત ટાઢથી તેનું રક્ષણ થાયછે.

કસ્તૂરી બળદના પગ ઘણા ટૂંકા હોવા છતાં બકરાના પેઠે છેક ઊંચી ટેકરીઓપર તે સહેલથી ચઢીને જઈ શકેછે; અને વળી ઘણો ઉતાવળો દોડેછે. એની સુંઘવાની ઇંદ્રી બહુ તીવ્ર છે.

સર જૉન રિચાર્ડસન કહેછે કે કસ્તૂરી બળદના ટોળાપર બંદૂકની ગોળી મારી શિકારીઓ સંતાઈ રહે તો એ બાપડાં પ્રાણીઓ બંદૂકના અવાજને ભૂલથી ગર્જના લેખી પાસે પાસે આવીને ટોળું વળી જાયછે; પરંતુ પોતાના દુશ્મનો નજરે પડેછે તો વેગથી ડુંગરોમાં નાશી જાયછે. તથાપિ સામા થવાની જરૂર પડેછે તે વારે શિકારીપર તૂટી પડેછે, અને તે શિકારીમાં ઘણી ચાલાકી અને સમયસૂચકતા નથી હોતી તો તેના જીવનું જોખમ થાયછે. વળી એ બળદો માંહોમાંહે

તખ્તી ૯ મો.



૧ ૨

૧. કસ્તુરી બળદ. ૨. કેપનો પાડો.

જોશથી લડેછે, અને દર શરદ ઋતુમાં એવી લડાઇઓમાં ઘણા બળદોનો ઘાણ નીકળેછે.

ઉત્તર અમેરિકાના અને ગ્રીન્લાંડના ઇંડિયનો કસ્તૂરી બળદનો ઘણી ચતુરાઇથી શિકાર કરેછે, અને તેને મારીને તેનું માંસ ખાયછે અને તેની પૂંછડીની ટોપીઓ બનાવેછે. એ ટોપીના વાળ તેમના મોંપર લબડતા રહેવાથી તેમને ડાંસ કરડવા પામતા નથી.

केपनो पाडो. (તખ્તી ૯ મી.)

આ બહુ મોટું પ્રાણી કેપ આવ્ ગુડ હોપથી ગિની દેશના કિનારા સૂધી દક્ષિણ આફ્રિકાનાં જંગલોમાં વસેછે, અને કાફ્રેરિઆનાં ઘાડાં જંગલોમાં સંખ્યાબંધ દીઠામાં આવેછે. એનાં શિંગડાં મોટાં છે અને મૂળ આગળ એટલાં પહોળાં છે કે લગભગ આખું કપાળ ઢંકાઇ જાયછે. એથી કરીને લડાઇમાં ટોપ પહેર્યાથી યોદ્ધાના માથાનું જેવું રક્ષણ થાય છે તેવું એ શિંગડાંથી તેના માથાનું રક્ષણ થાયછે.

કેપનો પાડો ઘણો ખંધો અને વિકરાળ છે. શિકારી ચાલ્યો જાયછે ત્યાં લગી જંગલમાં પોતાની ભરાઇ રહેવાની જગ્યામાં તે સંતાનો કરેછે અને પછી તેનાપર ધશી આવી જોશબંધ અને એકાએક તૂટી પડેછે. તે મુસાફર અથવા શિકારી તેના હલ્લાથી મોંયપર પડી જાયછે, અને એમ બનવાનો ઘણો સંભવ છે, તો તે મરી ગયા પછી પણ બહુજ ક્રૂર

રીતે તેને શિંગડાં ભોકીને છુંદી નાંખેછે. જ્યાં જંગલ હોતાં નથી ત્યાં તે ભડકણ છે અને માણસને દેખીને નાશી જાયછે.

દક્ષિણ આફ્રિકાના રહેવાશીઓ એ પાડાનાં શિંગડાં, ચામડાં, અને માંસને માટે તેનો શિકાર કરેછે; પરંતુ તેનો શિકાર કરવામાં જીવનું જોખમ થાયછે, કારણ કે એ પ્રાણી ઘણુંજ ખીજવાયછે ત્યારે અતિ વિકરાળ બની બહાદુરીથી શિકારીઓપર તૂટી પડેછે અને તેમાંનો એકાદ જણ ભોગજોગે તેના પગની નીચે આવી જાયછે તો ઉપર કહ્યું તેમ તેને શિંગડાં ભોકીને તે તેનો ભૂકો કહાડેછે.

બળદની જાતનાં બધાં જનાવરોની પેઠે આ પ્રાણી ઘાસ અને વનસ્પતિ ખાઇને રહેછે; અને પોતાની જાતનાં બીજાં પ્રાણીઓની પેઠે એને લાલરંગ ગમતો નથી.


कोथळीवाळां जनावर.

कंगरू, वगेरे. (तख्ती १० मी.)

પાસેના પાનામાં જે પ્રાણીઓનાં ચિત્ર આપ્યાં છે તે સર્વને એક કુદ્રતી કોથળી હોયછે તેમાં તેઓ પોતાનાં બચ્ચાંને મરજીમાં આવેછે ત્યારે ઘાલીને લઇ જઇ શકેછે.

આ જાતનાં પ્રાણીઓમાં સૌથી પહેલું કંગરૂ છે, તે બહુ મોટું છે અને તેના બે પગ ટૂંકા અને બે લાંબા હોયછે.

તખ્તી ૧૦ મો.

૧  ૨

૩

૪

૧. કુંગરૂ. ૨. ઓપોસ્સમ. ૩ બાંદિકૂટ. ૪ ત્રીબ્રાવરૂ.

મોટા કંગરૂનો વાસ ન્યૂ સૌથ વેલ્સમાં, દક્ષિણ અને પશ્ચિમ આસ્ટ્રેલિઆમાં, અને તાસ્માનિઆમાં છે. આગલા પગ ટૂંકા હોવાથી કંગરૂઓને ચાલતાં અઘરૂં પડેછે; પરંતુ તેમના પાછલા પગ લાંબા અને જબરા હોવાથી તેઓ ભોંયપર અજબ રીતે ઠેકડા મારી શકેછે. તેમના આગલા પંઝા પગને બદલે હાથની ગરજ સારેછે. કંગરૂના પેટની ચામડીમાં એક કોથળી હોયછે તેમાં તે પોતાના બચ્ચાને સહેલથી ઘાલીને ફરેછે. એ બચ્ચું વખતે રમવાને અને ઘાસ ખાવાને હેઠળ કૂદી પડેછે, પણ જરાકે ભય લાગેછે કે પાધરૂં માની કોથળીમાં પાછું ચઢી બેસેછે. કંગરૂ મેદાનોમાં રહેછે અને દિવસે તાપમાં ઊંચા ઘાસમાં અને નેચરી (ફર્ન) માં ભરાઈ બેસેછે. એ પ્રાણી ઘણું બીકણ છે, પરંતુ કૂતરા તેની પાછળ પડી તેને સામા થવાની જરૂર પાડેછે તે વારે ઝાડને અઢીંગીને તે બહાદુરીથી પોતાનો બચાવ કરેછે. કંગરૂઓ ઘાસ અને નાના છોડવા ખાઇને રહેછે, અને ખાતી વખતે આગલા પગ ભોંયપર રાખેછે. જે દેશોમાં કંગરૂ વસેછે તે દેશના લોકો એનું માંસ ખાયછે.


ओपोस्सम. (તખ્તી ૧૦ મી.)

આ જનાવર બિલાડીના જેવડું છે અને ઉત્તર અમેરિકામાં વસેછે. કંગરૂની પેઠે એને પણ એક કોથળી હોયછે તેમાં તે પોતાના બચ્ચાને બેસાડીને ફરેછે. માને બચ્ચાંપર

એટલું હેત હોયછે કે પોતે મરી જાય પણ પોતાનાં બચ્ચાંને કોથળીમાંથી લઈ જવા દેતી નથી. એ પ્રાણી સસલાની પેઠે ઘણુંકરીને એકાદ ખેતરની પાસે દર ખોદીને તેમાં રહેછે, અને ખેતરમાંથી મરઘડાંને ચોરી લાવી તેમનું લોહી ચૂસેછે. દહાડે સૂરજના તેજમાં એનાથી બરાબર જોઈ શકાતું નથી તેથી સાંજ થતાં લગી પોતાના દરમાં ભરાઈ રહેછે અને પછી ખાવાને તથા રમવાને બહાર નીકળેછે. અનાજ, ફળ, ઈંડાં, પક્ષીઓ, સસલાં, અને ખીસકોલીને તે ખાયછે. ઝાડની ડાળીને પૂંછડી વીંટાળી આગલા પંઝામાં ખોરાક ઝાલી રાખીને તે ખાયછે. એક ઝાડપરથી બીજા ઝાડપર જવાને બીજા ઝાડને પહોચીને ઝાલી લેવાય એવડા મોટા હીંચકા ખાયછે. એ ઘણું ખંધું છે. ખેડુતના હાથમાં મરઘડાંને ચોરી લઈ જતું ઝલાઈ જાયછે તે વારે તે મરી ગયાનો ઢોંગ કરેછે; અને ખેડુત તેને ગમે એટલો માર મારેછે તોએ જરાએ હાલતું કે ચાલતું નથી. પરંતુ તેને મરી ગયું જાણીને ખેડુત ચાલ્યો જાયછે એટલે તે ખરેખરૂં મરી ગયું નથી હોતું તો લાગલું ઉઠીને નાશી જાયછે. વળી એના શરીરમાંથી મુંકના જેવી ઘણીજ દુર્ગંધ નીકળેછે એ તેના બચાવનું એક સાધન છે.

બાંદિકૂટ. (તખ્તી ૧૦ મી.)

આ પ્રાણી ફક્ત આસ્ત્રેલિઆમાં થાયછે. એ ઘણુંકરીને



૧. દરિયાઈ સિંહ. ૨. દરિયાઈ હાથી. ૩ દરિયાઈ ઘોડો.
૪. સીલ.

જીવડાં ખાયછે; પરંતુ કેટલાંક બાંદિકૂટ મૂળિયાં અને કંદ ખાયછે; અને ઉંદરની પેઠે અનાજ ખાઈ જાયછે.

આપણા દેશનું બાંદિકૂટ અથવા મોટો ઉંદર અને આ-સ્ત્રેલિઆનું બાંદિકૂટ એકજ છે એમ તમારે જાણવું નહિ. એના પંજા લાંબા છે અને જીવડાં ખાનારાં જનાવરોના દાંતના જેવા એના દાંત છે.

ડાસ્યૂર. (તખ્તી ૧૦ મી.)

આ જનાવર વાન ડીમન્સ લાંદમાં મળી આવેછે. એને તાસ્માનિઆનો સેતાન પણ કહેછે. એનું કદ વરૂના જેવડું છે. એ શિકારી પ્રાણી છે અને રાતની વખતે શિકાર કરેછે. કંગરૂ, ઘેટાં, અને બીજાં જનાવરોને તે મારી ખાયછે.

આંચળવાળાં દરિયાઈ પ્રાણીઓ.

સીલ.

આ પ્રાણીઓ જમીનપર અને પાણીમાં રહી શકેછે.

દરિયાઈ સિંહ. (તખ્તી ૧૧ મી.)

દરિયાઈ સિંહ એ એક જાતનું મોટું ગંજાવર સીલ છે. એ પંદરથી વીસ ફટ લાંબો છે. સિંહની પેઠે એને ડોક લાંબા વાંકડીઆ વાળની કેશવાળિ હોયછે; અને એની

ગર્જના સિંહના ગર્જનાના જેવી છે. સીલ' પ્રાણીઓનું ર-હેઠાણ દરિયામાં છે; તેઓ થોડીવાર સૂરજનો તડકો ખા-વાને કાંઠે આવેછે તે સિવાય જવલેજ આવેછે. દરિયાઈ સિંહ પાસિફિક મહાસાગરને કાંઠે, તેમાં વિશેષે કરીને માગે-લનની સામુદ્રધુનીની પડોશમાં મળી આવેછે.

दरियाइ हाथी. (તખ્તી ૧૧ મી.)

દરિયાઇસિંહથી દરિયાઈ હાથી મોટો હોયછે. એ વીસ-થી ત્રીસ ફુટ લાંબો છે અને એના શરીરનો ઘેરાવ પંદર કે અઢાર ફુટ છે. એનો વાસ આસ્ત્રેલિઆ, ન્યૂઝીલાંડ, અને દક્ષિણ અમેરિકાના કાંઠાથી દૂર મોટા દક્ષિણ મહાસાગ-રમાં છે; પરંતુ શિયાળામાં તે તરીને ઉષ્ણકટિબંધમાં જાય-છે અને ચિલિ દેશથી થોડે છેટે દેખા દેછે. ઉનાળામાં દ-ક્ષિણ મહાસાગરમાં તે પાછો જાયછે. ઉપલો હોઠ લાંબો કરીને સૂંઢ જેવું કરવાની શક્તિ હોવાથી એ પ્રાણીનું નામ દરિયાઈ હાથી પડ્યું છે. એ સૂંઢ ચિત્રમાં કહાડી છે. બ-ળદ બોંબારેછે તેના જેવો એનો સાદ છે. એ પ્રાણી શાંત છે અને એને જરા જરામાં ભય લાગેછે. એને મારી નાં-ખેછે તેવારે એના શરીરમાંથી પુષ્કળ તેલ નીકળેછે અને એનું ચામડું ઘોડાનો સાજ બનાવવાના કામમાં આવેછે.

दरियाई घोडो. (તખ્તી ૧૧ મી.)

દરિયાઈ ઘોડામાં અને બીજાં સીલ પ્રાણીઓમાં ફેર એ

છે કે એના દાંત મોટા હોઈ બે ફુટ લાંબા હોયછે. એ દાંત હાથીદાંતથી વધારે કીમતી છે. આ મોટું પ્રાણી ઘણીવાર પચીસ ફુટ લાંબું થાયછે, અને જેઓ એને પકડેછે તેમને એના શરીરમાંથી પુષ્કળ તેલ હાથ લાગેછે. એનું ચામડું ઘોડાનો સાજ, જોડાનાં તળિયાં, વહાણનાં દોરડાં, અને સરેસ બનાવવામાં ખપ લાગેછે. ઉનાળામાં આ રાક્ષસી પ્રાણીઓ ધ્રુવની આસપાસના સમુદ્રોમાં તરતા બરફપર ફર્યા કરેછે. શિયાળામાં એમનાં ટોળેટોળાં બેટપર આવી સખ્ત ટાઢમાં અડધાં ઊંઘતાં પડી રહેછે. દરિયાઈ ઘોડો ઘણો છાતીવાળો છે અને શિકારીના સામો થઈ મરણીઓ થઈને પોતાનો બચાવ કરેછે. એ એક જાતનો દરિયાઈ છોડ અને જનાવરી પદાર્થ ખાઈને જીવેછે.

સીલ. (તખ્તી ૧૧ મી.)

ઉત્તર સમુદ્રોમાં સીલ દીઠામાં આવેછે. એનું માથું કૂતરાના જેવું છે. એનું શરીર લાંબું અને પગ ટૂંકા છે; એના પાછલા પગ ઘણાજ ટૂંકા, ચાટવા (હલેસાં)ના જેવા ચપટા, અને માછલાની પૂંછડીની પેઠે પાછલીમેર લાંબા ગયેલા હોયછે. આ પ્રાણીઓને ઠંડી હવામાં રહેવું બહુ ગમેછે; અને તેમની ચામડીની નીચે પુષ્કળ ચરબી હોવાથી તેમને ઠરી ગયેલા સાગરની ટાઢ વાતી નથી. લાબ્રાડોર અને

ગ્રીન્લાંડમાં જે ગરીબ ઇંડિયનો વસેછે તેમનો મુખ્ય ખોરાક સીલ છે. એ પ્રાણી બહુ અકલવાળું છે. એ હળી શકેછે અને હેતાળ તથા ગમતી છે. ખરૂં જોતાં એ ખરેખરો દરિયાઈ કૂતરો છે. ઝિંગા (પ્રાન) તથા ચિંગેટ (શ્રિમ્પ) માછલાં, અને નાની માછલીનો તે આહાર કરેછે. ઉનાળામાં બરફપર તરવું એને ગમેછે અને વહાણોની છેક થડમાં તરતું ઘણીવાર દીઠામાં આવેછે, કારણ કે એને નવું જાણવાની હોંસ છે, અને દરેક વસ્તુને બારીકીથી તપાસવી ગમેછે. એ ઘણુંકરીને કોઈ ખડક માંહેલી ગુફામાં પોતાનાં બચ્ચાંને ઉછેરેછે. સીલ પ્રાણીઓ પોતપોતાનાં કુટુંબોમાં રહેછે અને કેટલાંક કુટુંબ ઘણીવાર એકજ ખડકપર વસેછે; પરંતુ તેમનાં રહેઠાણ ઓળખાઈ આવે તેટલા સારૂ હમેશા દરેક કુટુંબને રહેવાની જગ્યાની વચ્ચે થોડો થોડો માગ રાખેછે. એક હળી ગયેલા સીલ વિષે મી. એડ્મન્સ્ટોન એવું કહેછે કે તે કૂતરાના જેવું ચૂલાપાસે બેસતું અને દરિયામાં નાહીને પાછું ઘેર આવતું; પરંતુ આખરે પાસેનાં બીડ ખોળી કહાડી ત્યાં જઈને ગાયોને ધાવી જતું તેથી તેને પાછું દરિયામાં મૂકી દીધું. સીલનાં બચ્ચાં ઘણાંજ કહ્યાગરાં છે; તેઓ બીજા બધા સાદમાં પોતાની માનો સાદ પારખી કહાડી તુરત તેમની કને દોડી જાયછે.

તખ્તી ૧૨ મી.



૨.

૧. શિશુમાર. ૨. દરિયાઈ ડુક્કર. ૩. નાર્વ્હેલ.

શિશુમાર. (તખ્તી ૧૨ મી.)

સીલની પેઠે આ પ્રાણીનો વાસ જળમાં છે, પરંતુ એ ખરેખરૂં જોતાં માછલું નથી. જમીનપર રહેનારાં જનાવરોની પેઠે એ ફેફસાં વતી દમ લેછે તેથી વા લેવાને તેને વારેવારે પાણીની સપાટીપર આવવું પડેછે. એનું લોહી ઉનું છે અને એ પોતાનાં બચ્ચાંને ધવડાવેછે. બધા સમુદ્રોમાં શિશુમાર દીઠામાં આવેછે. એનાં ટોળેટોળાં તરેછે; અને એને ભેગાં રહેવું બહુ ગમેછે તેથી એ ટોળાં ઘણા દિવસ લગી વહાણની થડમાં તર્યા કરેછે. તેઓ પાણીમાં કૂદાકૂદ અને ધીંગામસ્તી કરેછે, એક એકપર પડેછે, અને પાણીની બહાર ઘણે છેટે ઠેકડા મારેછે. શિશુમારનું મગજ કૂતરાના અથવા હાથીના મગજના જેવુંજ સરસ છે તેથી એ અસીલ અને અક્કલવાળું છે. વળી એની સાંભળવાની ઇંદ્રી બહુજ તીવ્ર છે અને એને ગાયનનો શોક છે. એજ ઉપરથી આરિયનની રમુજી કહાણી ઉત્પન્ન થઈ હશે. કહેછે કે આરિયનને દુષ્ટ લોકોએ દરિયામાં ફેંકી દીધો તે વારે તેણે બીન (વીણા) એવું તો સરસ વગાડ્યું કે તેને એક શિશુમાર પોતાની પીઠપર બેસાડી કાંઠે મૂકી આવ્યું! શિશુમાર માછલાં ખાઇને જીવેછે અને એની માદા એકી વખતે એકજ બચ્ચું જણેછે. બચ્ચું નાનું હોયછે ત્યાં લગી તે તેને પોતાની પાંખની વચ્ચે સંભાળથી રાખીને ફરેછે. શિશુમારને ઇંગ્રેજીમાં ડાલ્ફિન કહેછે.

दरियाई डुक्कर. (તખ્તી ૧૨ મી.)

દરિયાઈ ડુક્કરો વ્હેલની જાતનાં જનાવરોમાં સૌથી નાનાં છે, અને શિશુમારના ડાચા કરતાં એનું ડાચું ટૂંકું છે. તેઓ દરેક સમુદ્રમાં વસેછે અને પાણીની સપાટીથી થોડેક ઉંચે કૂદી પાછાં પાણીમાં પડતાં નજરે પડેછે. તેઓ ઘણાં ખાવરાં છે અને પુષ્કળ માછલાં ખાયછે. પોતાના શિકારની પાછળ ટેમ્સ નદીમાં કેટલેક છેટેસૂધી તેઓ ઘણીવાર આવેલાં જોવામાં આવ્યાછે. દરિયાઈ ડુક્કરોને તોફાનનીવેળા આનંદ થાયછે; એનાં ટોળેટોળાં કૂદતાં માલૂમ પડે ત્યારે જાણવું કે તોફાન થવાની તૈયારી છે. ઇંગ્લાંડના આઠમા હેન્રિ રાજાના વખતમાં દરિયાઈ ડુક્કરનું માંસ રાજાને ખાવા લાયક ગણાતું હતું, પરંતુ હાલમાં કોઈ ખાતું નથી, કારણ કે એના શરીરમાં તેલ હોયછે અને એનો સ્વાદ સારો લાગતો નથી. એ ડુક્કર નાનાં માછલાં અને રેતીમાં રહેનારી ખાસ માછલી ખાઇને જીવેછે.

એક જાતનું દરિયાઈ ડુક્કર ગંગા, સિંધુ, વગેરે આપણા દેશની મોટી નદીઓમાં દીઠામાં આવેછે. એ ડુક્કર ગંગા નદી દેવીનું વાહન કહેવાયછે. ગંગામાં રહેનારૂં ડુક્કર ૭ ફુટ લાંબું વધેછે.

नार्व्हेल. (તખ્તી ૧૨ મી.)

નાર્વ્હેલને દાંત હોતા નથી, પરંતુ એક મોટો અને સુંદર

દંતુસળ ઉપલા જડબામાંથી બહાર નીકળેલો હોયછે. એ દંતુ-સળ તેનું ભયંકર શસ્ત્ર છે.ઉત્તર સમુદ્રોમાં નાર્હ્વેલ વસેછે. એ પ્રાણી ઘણુંજ મોટું છે;વખતે પચીસ ફુટ લાંબું હોયછે. એના દંતુસળને પેચના જેવા આમળા વળેલા હોયછે અને છેડા ભણી પાતળો થતો જઈ અણી નીકળેલી હોયછે. એ દંતુસળ હાથીદાંતના જેવો ઘણોજ સુંદર છે.એ એટલો સખ્ત હોયછે કે મોટા વ્હેલના શરીરમાં પેશી શકેછે એટલુંજ નહિ, પણ એક બ્રિટિશ મનવારના તળિયામાં બે ફુટ ઊંડો ભોંકા-યલો જાણવામાંછે. ગાબડું પડવાથી વહાણ ઘણીવાર ડૂબી જાયછે તેનું કારણ નાર્હ્વેલ હશે એવું લાગેછે. મી. જોન્સ કહેછે કે ઉત્તર સમુદ્રમાં નાર્હ્વેલની ઉપલીમેરનું પાણી ઠરી જઈ બરફ થઈ જાયછે તે વારે તેમાં કાણું પાડવાનો સો-વસા એ દંતુસળનો ઉપયોગ હશે,કારણકે હવાનો દમ લીધા વગર એ જીવી શકે નહિ. નાર્હ્વેલની માદાને દંતુસળ હોતા નથી; પરંતુ એ પ્રાણીઓ ટોળાંબંધ રહેછે તેથી ટોળામાંનાં બાકીનાંઓને દમ લેવાને માટે તેમના નર બરફમાં કાણાં પાડેછે તેથી ચાલેછે.

નાર્હ્વેલ માછલાં ખાઈને રહેછે. એને દાંત હોતા નથી; અને એનું મોં બહુ નાનું અને હોઠ વળે નહિ એવા હોયછે.

વ્હેલ.

આ દરિયાઈ રાક્ષસો માછલાં નં હોતાં દૂધ ધાવતી વા

દમ લેછે અને તેમનું લોહી ઊનું છે.


ગ્રીન્લાંડનો વ્હેલ. (તખ્તી ૧૩ મી.)

ગ્રીન્લાંડનો વ્હેલ અથવા વ્હેલબોન વ્હેલ મોટું ગંજાવર પ્રાણી છે અને તેનું માથું મોટું છે. એને ખરેખરા દાંત નથી, પરંતુ તેના મોઢામાં "વ્હેલબોન" નામે સખ્ત હાડકાનાં બનેલાં ભીંગડાં બહુ પાસે પાસે હોયછે. એ ભીંગડાં પાતળાં છે અને તેમની કોર ઉપર ઝાલર જેવું હોઈ એક જાતની ચાળણી બનેછે. જે નાનાં પ્રાણીઓ ખાઈને વ્હેલ જીવેછે તે પ્રાણીઓ એ ચાળણીમાંથી નીકળવા પામતાં નથી. એને નીચલા જડબામાં એકે દાંત નથી અને તેમાં બહુ લાંબી જીભ છે.

વ્હેલ દરિયાનાં બહુજ નાનાં પ્રાણીઓ ખાઈને જીવેછે. નાનાં માછલાં, કીડા, અને હજારો બીજાં નાનાં જનાવરો તેના વ્હેલબોનમાં સપડાઈ જાયછે તે તે ખાયછે. નીચલું જડબું ઘણું ઊંડું, બહુ મોટા ચમચા જેવું છે. વ્હેલને ભૂખ લાગેછે તે વારે મોં ઉઘાડું રાખીને પાણીની સપાટીની થડમાં તર્યા કરેછે એટલે મોજાંને લીધે લાખો નાનાં જીવતાં પ્રાણીઓ તેમાં ઘસડાઈ આવેછે. પછી વ્હેલબોનનાં ભીંગડાંની વચ્ચે થઈને પાણી નીકળી જાયછે અને ઝાલર તથા જીભ ઉપર પ્રાણીઓ રહેછે તેઓને તે ગટ કરી જાયછે.

વ્હેલ ઘણીવાર લગી પાણીમાં રહી શકેછે અને શ્વાસ લેવાને ઉપર આવેછે તે વારે તેનાં નસકોરાંમાંથી શ્વાસનો

તખ્તી ૧૩ મી.



૧. ચીનબાંઃનોં વ્હેલ. ૨. ફ્યલોટ.

ગરમ વાયુ નીકળેછે તેમાંનો ભેજ ઠંડી હવામાં ઠરી જાયછે અને વરાળયંત્રના ધૂમાડીઆમાંથી નીકળતી વરાળના જેવો દેખાયછે. પૂર્વે યૂરોપનાં મોટાં શહેરોના રસ્તામાં ગ્યાસના અને કેરોસીન તેલના દીવા બાળતા પહેલાં વ્હેલના તેલના દીવા સળગાવતા હતા. વ્હેલનો શિકાર કરવાને દર ઉનાળામાં એટલાં બધાં વહાણ ઉત્તર સમુદ્રોમાં જતાં કે એ પ્રાણીની ઘણી અછત થઈ ગઈ હતી. હજુએ એનો શિકાર કરવામાં આવેછે. એક માણસ વહાણના ડોળની ટોચપર આખો દહાડો બેશીને વરાળ નીકળેછે કે નહિ તેની તપાસ રાખ્યાં કરેછે. "ત્યાં તે ફૂંકેછે" એવી ડોલની ટોચપરથી બૂમ પડેછે કે લાગલો મછવો નાંખી વ્હેલ ભણી હંકારેછે. જે ઠેકાણે તે તર્યાં કરેછે ત્યાં મછવો જઈ પહોચેછે એટલે તે દમ લેવાને ઉપર આવેછે તે ખલાશીઓ જોયાં કરેછે, તેની ભણી તુરત મછવાને હલેસાં મારીને લેઈ જાયછે, અને એક જણ તેના શરીરમાં ભાલો ઘોંચેછે. ઘાયલ થયેલો વ્હેલ લાગલો ડૂબકી મારેછે, અને ભાલાને બાંધેલું દોરડું એટલા જોરથી મછવાની બાજૂને અથડાયછે કે તેના લાકડામાંથી ધૂમાડો નીકળેછે તેથી તેને પાણીથી ભીનું રાખવું પડેછે. શ્વાસ લેવાને વ્હેલ પાણીની ઉપર આવે અને તેને ફરીને ભાલો મારી શકાય તેની અગાઉ ઘણે છેટે લગી મછવો ઘસડાઈ જાયછે. આખરે ઘાયલ થવાથી તે મરી જાયછે અને તેને વહાણ ભણી ઘસડી આણી ખલાશીઓ ચરબી કાપી કહા-

ડી ઉકાળેછે. તેઓ સારા નસીબે કેટલાક વ્હેલને મારી શકેછે તો પુષ્કળ તેલ અને વ્હેલબોન ભરીને વહાણ પાછું પોતાને દેશ લાવેછે. પરંતુ વ્હેલનો શિકાર ઘણો જોખમ ભરેલોછે, કારણ કે તેને વાગેછે તે વારે તે ડૂબકી મારેછે અને મછવા જોડે એટલા જોરથી પૂંછડું અફાળેછે કે તેના કડકા થઈ જઈ ખલાશીઓ પાણીમાં ગબડી પડેછે અને વહાણમાંથી મદદ આવી પહોચ્યા પહેલાં તેમનામાંના કેટલાક ડૂબી જાયછે.

વ્હેલના માથાના છેક ઉપલા ભાગમાં બે નસકોરાં હોયછે તે વાટે તે દમ લેછે તે વારે ફુવારાની પેઠે પાણી થોડુંક ઉંચું ઊડેછે. એ પ્રાણીની શ્વાસનળી આ નસકોરાંના પાછલા ભાગ લગી પતાસાંના પડાના આકારે લાંબી ગયેલી હોવાથી તેમાંનો વા ફેફસાંમાં ઝટ જાયછે. માછલાંની આંખની પેઠે એની આંખ આસપાસના પાણીની ઘાડાઈને લાયક કરેલીછે. કાનનું બહારની મેરનું કાણું બહુ નાનું અને બંધ થઈ શકે તેવું છે. એની ચામડીની અને સ્નાયુઓની વચ્ચે તેલનું પડ હોવાથી ધ્રુવના પ્રદેશના સખ્ત ટાઢથી એનું રક્ષણ થાયછે. એ પડ અંદરની ગરમીને બહાર જવા દેતું નથી તેથી તેમાં ગરમાવો રહેછે.

તેલ અને વ્હેલબોનને માટે લોકો વ્હેલનો શિકાર હોંસે હોંસે કરેછે. એ પ્રાણી ઉત્તર મહાસાગરમાં અને આટ્લાંટિક મહાસાગરમાં રહેછે.

कचलोट. (તખ્તી ૧૩ મી.)

કચલોટ એ સ્પર્માસેટિ વ્હેલ છે. એનું માથું ઘણુંજ મોટું અને ચોરસ છે અને તેના ઉપલા ભાગમાં મોટાં છિદ્રો હોયછે. એ છિદ્રો એક એકથી જુદાં હોઈ તેમનાપર ઢાંકણ હોયછે. એ છિદ્રોમાં એક જાતનું તેલ હોયછે તે જેમ જેમ ટાઢું પડતું જાયછે તેમ તેમ બંધાઈ જઈ તેનો સ્પર્માસેટિ નામે મીણ જેવો પદાર્થ બનેછે. જે ખરેખરી ખોપરીમાં મગજ રહેછે તેના ઉપલીમેર એ છિદ્રો હોયછે. એક કચલોટના માથામાંથી વીસ *પીપ ભરાય એટલું સ્પર્માસેટિ તેલ અને તેની ચરબીમાંથી સો પીપ ભરાય એટલું તેલ નીકળ્યું હતું. આ વ્હેલના ઉપલા જડબામાં દાંત હોતા નથી; પરંતુ નીચલા જડબામાં તીણા દાંતની હાર હોયછે તે મોં બંધ હોયછે તે વારે ઉપલા જડબા માંહેલાં છિદ્રોમાં સજ્જડ બેસેછે. આ ગંજાવર વ્હેલ ઘણી વખતે સીતેર ફુટ લાંબો અને બાવન ફુટ પહોળો હોયછે. એને દમ લેવાને માત્ર એકજ નસકોરૂં હોયછે.

વ્હેલની માદા પોતાનાં બચ્ચાંની ઘણી માવજત લેછે; અને પોતાની જીંદગી જોખમમા નાંખી તેમને વ્હેલ પકડનારાને હાથ જવા દેતી નથી.

---

* સારી મોટી પીપમાં આશરે આઠ મણ પાણી માયછે. ભા. ક.

આ વ્હેલ ઘણો જોરાવર છે અને ઘણી ઝડપથી પાણીમાં તરેછે તેથી કરીને એને મારવાનું કામ બહુ જોખમ ભરેલું છે. એને ભાલાવતી મારેછે.

ડ્યુગોંગ.

આ પ્રાણી હિંદના અને સિંહલદ્વીપ કે લંકાના કાંઠાપરથી ઘણી વેરા પકડાય છે. એનું ચિત્ર આ ચોપડીમાં આપ્યું નથી. એનામાં અને સીલમાં ફેર એ છે કે એનો દેખાવ માછલાના જેવો છે, એના પાછલા પગ જોડાઇને તેમનો એક પ્રકારની પૂંછડીનો અથવા ખરૂં જોતાં માછલાની પૂંછડીના જેવો હલેસાનો આકાર બનેછે. એના આગલા પગ પાંખ જેવા છે. ડ્યુગોંગ ઘણી વખતે પોતાનું માથું પાણીની બહાર રાખેછે, અને એ વેળા પાંખવતી બચ્ચું ઝાલેલું હોયછે તો બાયડી પોતાના બાળકને ધવડાવતી હોય તેના જેવું આઘેથી દેખાયછે. ડ્યુગોંગની આ ટેવપરથી મત્સ્યકન્યાઓની એટલે શરીરનો ઉપલો ભાગ સ્રીના જેવો અને નીચલો ભાગ માછલાના જેવો એવી જળમાં રહેનારી કલ્પિત સ્રીઓના કહાણીઓ સાંભળવામાં જોડાઈ હશે. આ પ્રાણી દરિયા કાંઠે ઉગનારા છોડ ખાયછે, માછલાં ખાતું નથી. એના શરીરમાંથી તેલ નીકળેછે તે લેવાને લોકો એને ઘણીવાર મારેછે.

તખ્તી ૧૪ મી.



૧. કોન્ડર. ૨. લામ્મરગેયર. ૩. રાજગીધ.

પક્ષીઓ.

બીજાને મારી ખાનારાં.

ગીધ.

ગીધ પક્ષી એશિઆ, યૂરોપ, આફ્રિકા, અને અમેરિકામાં થાયછે.

કોન્ડર. (તખ્તી ૧૪ મી.)

શિકારી પક્ષીઓમાં મોટામાં મોટું પક્ષી કોન્ડર છે. એ દક્ષિણ અમેરિકાના ઉંચા આંડીસ અને કોર્ડીલરાસ પર્વતોપર રહેછે. સઘળાં પક્ષીઓમાં એ સૌથી ઉંચું ઉડેછે અને સૌથી ઉંચી જગ્યામાં રહેછે. એ એટલી સહેલાઇથી ઉડેછે કે પોતાની પાંખ હલાવતું પણ ભાગ્યે દેખાયછે. એનાં નર માદા ભેગાં રહેછે અને માળો બાંધતાં નથી. પણ રગડી પડે નહિ માટે ખડકનાં બોલાણમાં માત્ર ઇંડાં મૂકેછે. એ ઇંડાં ધોળાં હોયછે અને કહેછે કે તે બે ઇંડાં મૂકેછે. કોન્ડર મુએલાં જનાવરો ખાયછે, પરંતુ વખતે બે અથવા વધારે પક્ષીઓ એકઠાં મળીને જીવતા લામાને અથવા બીજા પ્રાણીને મારી ખાયછે.

કોન્ડર પક્ષી ચિલિ દેશના કિંવટો શહેરની ઉંચી સપાટ ધરતીપર ઘેટાંનાં અને બીજાં પ્રાણીઓનાં બચ્ચાંને, તથા વાછરડાંનેએ મારી નાંખેછે. તેઓ પુષ્કળ ઘેટાં, બકરાં, ઢોર, વિકુનિઆ, અને આલ્પાકાને મારીને ખાઇ જાયછે.

લામ્મરગેયર. (તખ્તી ૧૪ મી.)

લામ્મરગેયર અથવા દાઢીવાળું ગીધ પૂર્વગોળાર્દ્ધમાં જે પક્ષીઓ દીઠામાં આવેછે તે સર્વથી મોટું છે.

આ ગીધ જઈ શકાય નહિ એવી ઉંચી જગ્યામાં લાચ્ચ ઝાડની ડાળીઓને ઉન, વાળ, અને પીંછાં જોડે ગૂંથીને માળો બાંધેછે. એ માળો ચપટો અને ચાર ફુટ પહોળો હોયછે. એ માળામાં માદા રતુમડાં ભૂરાં અથવા પીળાં ટપકાંવાળાં બે કે ત્રણ નીલાશ પડતાં ધોળાં ઇંડાં મૂકેછે. જે જનાવરોને મારીને ખાવાં હોય તેમને ઘણુંકરીને તે એવી રીતે મારેછે કે-એ જનાવરોને એકાદ કરાડાની કોર ઉપર ઘસડી લઈ જઈ તેમને ધુંદી નાંખેછે. એ કારણથી એ પક્ષીને "હાડ ભાગનાર" કહેછે. આલ્પ્સ પર્વતની ખીણમાં જે જનાવર ચરેછે તેમનો એ પક્ષી ઘાણ વાળેછે, કારણ કે મેઢાં, ઘેટાંનાં બચ્ચાં, બકરાં, વાછરડાં અને બીજાં જનાવરોનાં બચ્ચાંને ઘસડી લઈ જઈ મારી નાંખેછે. વળી શમોઈ, માર્મોટ, અને બીજાં રાની પશુઓને, તથા છોકરાંનેએ તે મારી નાંખેછે. આ ગીધ સને ૧૮૧૯ માં સાક્સગોથામાં બહુ વધી પડ્યાં હતાં અને તેમણે ત્યાંનાં બે છોકરાંને મારી નાંખ્યાં હતાં. એ કારણથી ત્યાંની સરકારે એ પક્ષીઓને મારી નાંખવા માટે ઇનામનાં જાહેરનામાં કહાડ્યાં હતાં.

राजगीध. (તખ્તી ૧૪મી.)

ખરેખરાં ગીધના માથાના અને ગરદનના થોડાક ભાગમાં એકે પીંછું નહિ હોતાં તરેહવાર અને પસંદ પડે નહિ એવી તાલ પડેલી હોયછે તેને લીધે તેઓ ઝટ ઓળખાઈ આવેછે. આ પક્ષી મુડદાલ માંસ ખાયછે તેથી એ દેખાઇતી ખોડ તેમને ખરેખરી લાભકારી જણાયછે, કારણ કે એને લીધે તે વધારે સાફસૂફ રહેછે. એને તાલ નહોત તો તે એટલું ચોખ્ખું રહી શકત નહિ. વીસથી ત્રીસ ગીધનું ટોળું ભેગું રહેછે અને તેઓ જે મુએલાં જનાવરો ખાયછે તેમની ખોળ ભેગાં મળીને કરેછે. વીસ ગીધનું ટોળું જમીનના મોટા વિસ્તારપર સહેલથી નજર રાખી શકેછે. કેટલાંક ગીધ ઉંચાં ઉડેછે અને કેટલાંક નીચાં ઉડેછે, તેથી કોઇપણ સ્થળ તેમની દૃષ્ટિની બહાર રહેતું નથી. તેમનામાંના એકાદની નજરે મુએલું જનાવર પડેછે કે લાગલું તે પાછું ફરી ટોળાંમાંનાં બાકીનાંઓનું લક્ષ તે તરફ ખેંચેછે. આ પક્ષીઓને મુડદાલ માંસ બહુ ભાવેછે તેથી તેઓ ભંગીઆ એટલે ઝાડુ કાઢનાર તરીકે બહુ ઉપયોગી છે. તેઓ સડી જતા પુષ્કળ પદાર્થ સાફ કરી મૂકેછે. એ પદાર્થ ભોંયપર પડ્યા રહે તો હવામાં બગાડ થઈ રોગ પેદા થાય.

गरुड.

આ ઉમદા પક્ષીઓ દુનિયાંના લગભગ દરેક ઠંડા આ-

થવા ગરમ ભાગમાં મળી આવેછે. તેઓ પહાડોપર રહે-છે, હવામાં બહુ ઊંચાં ઉડેછે, અને શિકાર પકડવાને ઘણી ઊંચી જગ્યાએથી ઝડપથી હેઠળ ઉતરી આવેછે.

सोनेरी गरुड. (તખ્તી ૧૫ મી.)

સોનેરી ગરૂડ એ યૂરોપી પક્ષીઓમાં સૌથી મોટું છે. એની માદા વખતે લગભગ ચાર ફૂટ લાંબી અને પાંખ પસારેલી હોય તેવારે આઠ ફૂટ પહોળી હોયછે. બાજ કે શકરાની જાતનાં પક્ષીઓમાં નર કરતાં માદા મોટી હોયછે. આ ગરૂડ મોટાં ચોપગાં પ્રાણીઓ, હરણનાં બચ્ચાં, ઘે-ટાંનાં બચ્ચાં, સેઢાં, વાછરડાં, અને બધી જાતનાં પક્ષી-ઓનો આહાર કરેછે. પોતાનો શિકાર ઘણુંકરીને પોતાના માળામાં લઇ જાયછે; અને શિકારની અછત હોયછે તેવારે પહાડી લોકો ગરૂડના માળામાંથી બકરીનું બચ્ચું અથવા બીજાું જનાવર ચોરી લાવીને ખુશી થાયછે. એ પક્ષી હ-મેશા કોઈ ઊંચી અને લગભગ જઈ શકાય નહિ એવી જગ્યાએ ફક્ત મોટી લાકડીઓ, ડાળીઓ, અને હીથ ના-મે એક જાતના છોડવાનો માળો બાંધેછે. એ માળામાં માદા બે અથવા ઘણું તો ત્રણ બચ્ચાં ઉછેરેછે; તે જે શિકાર લાવેછે તેને ફાડીને તેમને ખવરાવેછે, અને તેમના ખો-રાકનો ભંડાર કદી ખાલી રહેવા દેતી નથી. ગરૂડ પોતાના પંજાવતી મોટા સેઢાને પકડીને ઘસડી લઈ જઈ શકેછે; અ-

તખ્તી ૨૫ મી.



૧. સોનેરી ગરૂડ. ૨. બાદશાહી ગરૂડ. ૩. તાલ પડેલું ગરૂડ.

ને છોકરાંને પોતાના માળામાં લઈ ગયેલું ઘણીવાર જાણ- વામાં આવ્યું છે.

એક જૂના પુસ્તકમાં લખ્યું છે કે "ઇંગ્લાંડના પશ્ચિમ ભાગમાં રહેનારા સાકસન લોકોનો રાજા આલ્ફ્રેડ એક દહાડો શિકાર કરવા નીકળ્યો. કોઈ જંગલમાં થઈને જતાં તેણે એક ઊંચા ઝાડની ટોચે બાળક રડતું સાંભળ્યું. રાજાએ પોતાના શિકારીઓમાં એકને તે ઝાડપર ચઢવાનો હુકમ કર્યો; તે શિકારી ઝાડપર ચઢીને જુએછે તો તેની ટોચે ગરૂડનો માળો દીઠો અને તેમાં એક રૂપાળું ખુશનુમા બાળક હતું તેને જાંબુઆ રંગનો ઝભ્ભો પહેરાવ્યો હતો તથા તેના બેઉ નાજુક હાથે સોનાની બંગડીઓ ઘાલેલી હતી; એ પરથી એ બાળક કોઈ શ્રીમંત માબાપનું સંતાન હતું એવું સ્પષ્ટ જણાતું હતું. રાજાએ તેને પોતાના સ્વાધીનમાં લઈને બાપ્તિસ્મ (ખ્રિસ્તિ ધર્મમાં દાખલ થવાનો સંસ્કાર) અપાવ્યું; અને એ બાળક માળામાંથી જડ્યું માટે તેનું નામ નેસ્ટિંગમ* પાડ્યું તથા આગળ જતાં ઊંચી કેળવણી આપી તેને અર્લની પદવિ આપી."

बादशाही गरुड. (તખ્તી ૧૫ મી.)

બાદશાહી ગરૂડ એ ગરૂડના જાતમાં સૌથી મોટું છે. એનો વાસ દક્ષિણ અમેરિકામાં છે, અને ત્યાંનાં મોટાં જંગ-

* ઇંગ્રેજીમાં માળાને નેસ્ટ કહેછે.

ળોની છેક અંદરના એકાંત ભાગમાં તે રહેછે. આ પક્ષી ઘણું છાતીવાળું અને દારૂણ કહેવાયછે.

ताल पडेलुं गरुड. (તખ્તી ૧૫ મી.)

આ ગરૂડ મુખ્યત્વે માછલાંનો શિકાર કરેછે. અમેરિકાનું તાલ પડેલું ગરૂડ યૂરોપી ગરૂડ કરતાં સરસ છે. આ ગરૂડ દરિયાકાંઠે અને સરોવર તથા નદીને તીરે આવેલા ઊંચા કરાડાપર પોતાનો માળો બાંધેછે, અને માછલાંને માળાની ચોમેર ફરતાં વેરેછે તેથી તેની ખરાબ વાસ આવેછે અને બહુ છેટેથી ઝટ પરખાઈ આવેછે. આ ગરૂડની દૃષ્ટિ ઘણીજ જબરી અને તીવ્ર છે અને એ ઘણુંજ ખાવરૂં છે. માછલાં ખાનારૂં ગરૂડ એક ડોલમાં માય એટલાં માછલાં એકી વખતે ખાયછે એવું જાણવામાં આવ્યુંછે. આફ્રિકાનું ગરૂડ સાપને મારીને ખાઈ જાયછે. આ સર્પભક્ષી ગરૂડ એશિઆમાં અને યૂરોપની દક્ષિણે પણ દીઠામાં આવેછે. પશુઓમાં સિંહનો જેવો દરજ્જો છે તેવો પક્ષીઓમાં ગરૂડનો છે. સિંહ જેમ રણ અને જંગલનો રાજા છે તેમ ગરૂડ આકાશનો રાજા છે.

बाज के शकरा.

शमळी. (તખ્તી ૧૬ મી.)

આ પક્ષીના પૂંછડીમેં પાંખીઆં હોયછે તેને લીધે શક-

તખ્તી ૧૬ મો.



૧. શમળી. ૨. કેસ્ટ્રલ. ૩. પ્રવાસી શકરો. ૪. ચિપ્પખ.
૫. મર્લિન. ૬. બઝર્ડ.

રાની જાતનાં બીજાં પક્ષીઓથી એ ઓળખાઈ આવેછે. એ ઘણુંખરૂં હમેશા ઊડયાં કરેછે અને ઊડતાં તેને જાણે મહેનત ના પડતી હોય તેમ સહેલાઇથી હવામાં ફર્યાં કરેછે. એ વેળા તે પોતાના શિકારની તપાસ રાખેછે, અને મુરઘાનું બચ્ચું, હંસનું બચ્ચું, બતક, અથવા એનાથી નાનું પક્ષી પોતાથી મારી શકાય એવડું નજરે પડેછે તેવારે ઝપાટાબંધ નીચે ઉતરી આવેછે. આ પક્ષી જાડા ઝાડની ડાળીના ફાંટામાં પોતાનો માળો બાંધેછે અને પીળી છાંટવાળાં બે કે ત્રણ ધોળાશ પડતાં લગભગ ગોળ ઈંડાં મૂકેછે.

આ પક્ષી એશિઆ, યૂરોપ, અને અમેરિકામાં થાયછે.

केस्ट्रल. (તખ્તી ૧૬ મી.)

કેસ્ટ્રલ એ શકરાની જાતનું બહુ ખૂબસુરત પક્ષી છે. શિકાર નજરે પડતાં લગી તે હવામાં જાણે આરામ લેતું હોય તેવું દેખાયછે તેપરથી એને વિંડહોવર પણ કહેછે. શિકાર જોતાંને વાર તે પથરાની પેઠે તેનાપર એકદમ તૂટી પડેછે. કેસ્ટ્રલને ઝાડપર માળો બાંધતાં આવડતું નથી તેથી કાગડાએ અને નીલકંઠ પક્ષીએ છોડી દીધેલા જૂના માળામાં પોતાનાં ઈંડાં મૂકેછે. એ બંને પક્ષી દર વરસે નવા માળા બાંધેછે. કેસ્ટ્રલ પક્ષી ઉંદરોની કાસળ કહાડેછે. આ પક્ષી દુનિયાના બધા ભાગમાં સાધારણ છે.

प्रवाशी शकरो. (તખ્તી ૧૬ મી.)

આ ઉમદા પક્ષી જૂની અને નવી બેઉ દુનિયામાં વસેછે. આ શકરો ઊંચા ખડકોપર પોતાનો માળો બાંધેછે. એનાં ઇંડાંનો રંગ ઝાંખો ધોળો રાતો હોયછે અને તેપર વધારે કાળી છાંટ હોયછે.

चिप्पख. (તખ્તી ૧૬ મી.)

આ પક્ષી એશિઆ, યૂરોપ, અને આફ્રિકામાં થાયછે. એ ઊંચું ઊડતું નથી, પણ જમીનની થડમાં ઘણી ઝડપથી ઊડેછે. એ છાતીવાળું છે અને જે પક્ષીની કેડે પડેછે તેની પાછળ પાછળ ઘરમાંએ ઘૂસેછે. આ પક્ષી બીજા શકરાની પેઠે ઊંચું ઊડી શિકારપર તૂટી પડતું નથી, પણ ઊડ્યા વગર તૂટી પડેછે. એ ઝાડપર માળો બાંધેછે અને ચાર ઇંડાં મૂકેછે. એ ઇંડાં રંગે નીલાશ પડતાં ધોળાં અને તેપર ખૂણાદાર રાતાં ટપકાં હોયછે. એને ઇંગ્રેજીમાં સ્પારોહૉક અને હિંદીમાં મૂષગીર કહેછે.

मार्लिन. (તખ્તી ૧૬ મી.)

મર્લિન એ શકરાની જાતનાં પક્ષીઓમાં સૌથી નાનું છે અને શ્યામપક્ષી નામે એક જાતના પક્ષી કરતાં ઘણું મોટું હોતું નથી. મોટામાં મોટા શકરાના જેટલુંજ એ બહાદુર છે, અને યૂરોપમાં જે સમે શકરાની મદદથી નાનાં

તખ્તો ૧૭ મી.



૧. ઘૂડ. ૨. ભૂરૂં અથવા બદામી રંગનું ઘૂડ. ૩. બરફ જેવું ધોળું ઘૂડ. ૪. કાનવાળું ઘૂડ. ૫. ગરૂડી ઘૂડ. ૬. ઝાંખિઓ ઘૂડ. ૭. નાનું ઘૂડ અથવા ચીબરી

પક્ષીઓને મારવાની રમત થતી તે સમે એની કનોતીતરનો અને લાવરીનો શિકાર કરાવતા. એ બંનેને તે એકજ ધાએ પૂરાં કરતું.

મર્લિન જંગલમાં માળો બાંધેછે. એનાં ઈંડાં ધોળાં અને ભૂરી છાંટવાળાં હોયછે.

बज़्ज़र्ड. (તખ્તી ૧૬ મી.)

બઝ્ઝર્ડ એ યૂરોપનો સૌથી મોટો બાજ છે. એ માળો બાંધતો નથી; પરંતુ કાગડાના જૂના માળામાં ઊન પાથરી પોતાને રેહેવા સારૂ તેને મોટો કરેછે. પક્ષીઓ, દેડકાં, છછુંદર વગેરેને એ ખાયછે. ઈંડાં સેવતી વખતે માદાને મારી નાંખી હોય તો નર ઈંડાં સેવી બચ્ચાંને ઉછેરે. બઝ્ઝર્ડની માદા બે કે ત્રણ ઈંડાં મૂકેછે. એ ઈંડાં વખતે સાફ ધોળાં હોયછે અને વખતે તેપર પીળી છાંટ હોયછે.

આ પક્ષી અમેરિકામાંએ થાયછે.

घूड के घूवड. (તખ્તી ૧૭ મી.)

ખળીનું અથવા ચીસ પાડનારૂં ઘૂડ રાતનો રાજા છે. એ આખો દહાડો ઊંઘ્યાં કરેછે અને મળસકે તથા સમીસાંજે પોતાનો શિકાર—નાનાં પક્ષીઓ, કોળ, ઊંદર, વગેરેને ખોળવા નીકળેછે. એને ડિલે નરમ રૂવાંટાંવાળાં પીંછાં હોવાથી ટાઢથી એનું રક્ષણ થાયછે. એ પીંછાંની રચના એવી કરેલી

છે કે એ પક્ષી ઊડેછે તે વારે લગીરે ફડફડાટ થતો નથી. એની આંખ રાતે અંધારામાં જોવાને સારૂ કરેલી છે. આ ઘૂડ પચ્યા વગરનાં રૂવાંવાળાં ચામડાં, હાડકાં વગેરેની ગોળીઓપર પોતાનાં ઈંડાં મૂકેછે. ખાધા કેડે એ વસ્તુઓને તે ઓકી કહાડેછે.

भूरूं अथवा बदामी रंगनुं घूड. (તખ્તી ૧૭ મી.)

આ ઘૂડ સાધારણ છે. શિકાર ખોળતી વખતે એ પક્ષી મોટો અવાજ અથવા દુઃખીઆરો સાદ કહાડેછે.

बरफ जेवुं धोळुं घूड. (તખ્તી ૧૭ મી.)

આ ઘૂડ ઉત્તર અક્ષાંશમાં વસેછે, પરંતુ કોઈ કોઈ પ્રસંગે ગ્રેટબ્રિટનની ઉત્તરે જોવામાં આવ્યુંછે. જેટલી જાતનાં ઘૂડ જાણવામાં છે તે સર્વથી બરફ જેવું ધોળું ઘૂડ મોટું છે. ધોળા રંગને લીધે આ ઘૂડ પોતાના શિકારના નજરે પડ્યા વગર બરફ ઉપર હળવે હળવે ચાલી શકેછે.

कानवाळुं घूड. (તખ્તી ૧૭ મી.)

આ ઘૂડ ઘણું નાનું છે અને ગરમ દેશોમાં દીઠામાં આવેછે. એ કોઈ કોઈ વખતે ઇંગ્લાંડમાં દેખા દેછે, અને પાનખર ઋતુમાં ત્યાં પાછું આવેછે.

गरुडी घूड. (તખ્તી ૧૭ મી.)

આ ઘૂડના માથાપર શિંગડાંની પેઠે પીંછાંની બે કલગી

હોયછે તે પરથી એને શિંગડાંવાળું ઘૂડ કહેછે. આ શિંગડાંવાળું મોટું ઘૂડ અથવા ગરૂડી ઘૂડ સોનેરી ગરૂડ કરતાં બહુ નાનું નથી. આ ઘૂડ સસલાં, રાબ્બિટ, કોળ, ઉંદર, અને પેટે ચાલનારાં પ્રાણીઓનું, તથા હરણનાં બચ્ચાંનું એ નખોદ વાળેછે.

આ ઘૂડ મધ્ય યૂરોપના પહાડી પ્રદેશોમાં તથા અમેરિકાનાં સંયુક્ત રાજ્યો (યુનૈટેડ સ્ટેટ્સ) માં દીઠામાં આવેછે. કહેછે કે આ ઘૂડ ગરૂડની જોડે ટક્કર લઈ શકેછે.

કોકિમ્બો ઘૂડ અને નાનું ઘૂડ કે ચીબડી.

(તખ્તી ૧૭ મી.)

બરફ જેવા ધોળા મોટા ઘૂડની અને ગરૂડ જેવા ઘૂડની જોડે સરખાવતાં આ ઘૂડ પક્ષીઓ કદે બહુ નાનાં હોયછે.

આ સઘળાં પક્ષીઓની ખાસિયત એક એકને મળતી આવેછે. તેઓ શિકારી છે અને રાત તો એમનીજ. તેઓ ઉંદર, કોળ, છછુંદર, અને બીજી જીવાતને વધી પડવા દેતાં નથી તેથી ઘણાં ઉપયોગી છે. વળી તેઓ પોતાનાં બચ્ચાંપર ઘણી માયા રાખેછે, અને બચ્ચાંને માળામાંથી લઈ લીધા છે ઘણા વખત લગી તેમની કને જઈ તેમને ખોરાક ખવાડેછે. એક દહાડો સ્વીડનના એક ગૃહસ્થના ચાકરોએ ઘૂડનું બચ્ચું પકડી પાંજરામાં પૂર્યું. બીજે દહાડે સવારમાં પાંજરાના બારણા બહાર તીતરનું નાનું રૂપાળું બચ્ચું મુ-

એલું પડેલું જોઈ તે ગૃહસ્થને આશ્ચર્ય લાગ્યું. મોટાં પક્ષીઓએ આખી રાત પોતાના ખોવાઈ ગયેલા બચ્ચાની ખોળ કરી તેને સોધી કહાડયું અને તેને માટે ભક્ષ આણ્યું. તેમણે આગસ્ટ મહીના લગી એ રીતે ખાવાનું આણી આપ્યાં કર્યું. એ માસમાં શિકારી પક્ષીઓ પોતાનાં બચ્ચાંને પોતાની મેળે પોતાનો ખોરાક ખોળી કહાડવાને મોકલેછે. ઘૂડ પક્ષીઓ છાતીવાળાં છે. અને જે કોઈ તેમને પકડવાનું કરેછે તેનાપર ઊડીને તેનું મોઢું કોચી નાંખેછે. ઘૂડનાં ઈંડાં મોટાં, ગોળ, અને ધોળાં હોયછે. ઘૂડની માદા આંતરે આંતરે ત્રણથી પાંચ ઈંડાં મૂકેછે, અને પહેલું ઈંડું મૂકતાંનેવાર તેને સેવેછે; એ કારણથી એકજ માળાનાં ઘૂડ સઘળાં એકી વખતે સેવાતાં નથી.

स्वोल्लो पक्षीओ.

પાનખર ઋતુમાં ઉત્તરેથી દક્ષિણે જનારાં અને વસંત ઋતુમાં દક્ષિણેથી ઉત્તરે જનારાં આ પક્ષીઓ હમેશાં ઉનાળો બેસતાં સૌથી પહેલાં ઇંગ્લાંડમાં દેખા દેછે.

घरनुं मार्टिन. (તખ્તી ૧૮ મી.)

આ નાનું સુંદર સ્વોલ્લો પક્ષી ઘરનાં છાપરાંની પાંખમાં માળો બાંધેછે અને જ્યાં "હવા સ્વચ્છ અને શાંત હોય છે" ત્યાંજ જોવામાં આવેછે એવું કહેવાયછે; પરંતુ આ



૧. ઘરનું માર્ટિન. ૨. સ્વૉલો. ૩. રેતીનું માર્ટિન.
૪. સ્વિફ્ટ. ૫. નાઇટજાર.

પક્ષી શહેરમાં રહેછે અને શુદ્ધ સ્વોલોપક્ષી આસપાસનાં ગામડામાં માત્ર વસેછે.

સ્વોલો. (તખ્તી ૧૮ મી.)

આ પક્ષી બંને ગોળાર્દ્ધમાં વસેછે અને એક દેશથી બીજે દેશ જેમ જેમ સૂર્ય ઉત્તરાયન અને દક્ષિણાયનના થાયછે તેમ તેમ તેની પાછળ જાયછે. એ એપ્રિલ મહીનામાં ઇંગ્લાંડમાં જઈ શરદ ઋતુમાં આફ્રિકામાં પાછું જાયછે. ઘરનાં છાપરાંમાં પાંખમાં, અને ધૂમાડીઆંમાં એ પોતાનો માળો બાંધેછે અને વરસો વરસ પોતાના જૂના માળામાં પાછું આવેછે. એનો ખોરાક જીવડાં છે તેમને તે ઉડતાં ઉડતાં પકડેછે. શિકારની પાછળ મોટાં તળાવ અને સરોવરનાં પાણીની સપાટીની થડમાં ધીમે ધીમે ઉડેછે અને ઉડતાં ઉડતાં જવલે વિસામો લેછે. એ કાદવનો માળો બાંધેછે. ગારમાં ઘાસ અને તણખલાં મેળી ભીંતે લગાડેછે અને માળાનો કથરોટના જેવો ઘાટ અને તેવડુંજ કદ બનાવેછે. પછી તેમાં પીંછાં પાથરે છે. એનાં ઇંડાંનો રંગ ધોળો હોયછે અને તેપર ભૂરા અને ઝાંખા રાતા રંગની છાંટ હોયછે.

શુદ્ધ સ્વોલોના ગળાના થોડાક ભાગનો રંગ રાતો હોવાથી બીજાંઓથી તે ઓળખાઈ આવેછે. ગોસ્સામર કરોળીઆ પોતાના રૂપેરી જાળાપર હવામાં ઊંચે રહેછે તેને સ્વોલો ખાયછે. હવા સ્વચ્છ હોયછે તેવારે આં જીવડાં બહુ ઊંચે

ફર્યાં કરેછે અને સ્વોલ્લો તેમની પાછળ પાછળ ઊંચે ઊડેછે. એમ સ્વોલ્લો પક્ષીઓ ઊંચાં ઊડે ત્યારે જાણવું કે હવા સ્વચ્છ છે, કારણ કે ચોમાસાના દિવસમાં એ જીવડાં જમીનની થડમાં અથવા તળાવના પાણીની સપાટીપર દીઠામાં આવેછે. સ્વોલ્લોને ઇંગ્લાંડમાંથી આફ્રિકામાં પાછાં જવાનો સમય થાયછે તે વારે મોટાં ટોળાં બંધાઈ તેઓ સઘળાં એકી વખતે ઊપડી જાયછે. લાંબી મજલ ઊડવાથી તેઓ થાકી જાયછે ત્યારે વિસામો લેવાને ભૂમધ્ય સમુદ્રમાં માછલાં પકડવાને ફરનારાં વહાણ અને નાવપર ઘણીવાર જઈને બેસેછે. સ્વોલ્લોને વરસમાં બે વાર બચ્ચાં થાયછે અને કેટલાંકને ત્રણવાર થાયછે.

रेतनिं मार्टिन. (તખ્તી ૧૮ મી.)

બ્રિટન દેશનાં સઘળાં સ્વોલ્લો પક્ષીઓથી આ પક્ષી નાનું છે અને ત્યાં તેમનાથી પહેલું જાયછે. નદી અને વહેળાને રેતાળકાંઠે ખાડો ખોદી તેમાં તે પોતાનો માળો બાંધેછે.

स्विफट. (તખ્તી ૧૮ મી.)

ચીસ પાડનાર મોટા સ્વોલ્લોને સ્વિફટ કહેછે. આ પક્ષી બ્રિટન દેશમાં સૌથી છેલ્લું જાયછે અને ત્યાંથી સૌથી પહેલું પાછું જતું રહેછે. બધાં સ્વોલ્લો પક્ષીઓથી એ ઘણું ઉતાવળું ઊડેછે. હરકોઈ બીજા પક્ષીને પગે પાછલીમેર આંગળું હોયછે તેમ સ્વિફટને હોતું નથી. એ ફક્ત બે ખોળાં લંબ-



૧. લીલમના જેવા રંગનું સ્વર્ગનું પક્ષી. ૨ હુપો. ૩. પોખરાજના રંગનું ગણુભણતું પક્ષી. ૪. મેતસ્યરંગ.

ચોરસ ઈંડાં મૂકેછે અને એને વરસમાં એકજવાર બચ્ચાં થાયછે.

આ પક્ષી યૂરોપ, આફ્રિકા, અને અમેરિકામાં થાયછે.

नाइटजार. (તખ્તી ૧૮ મી.)

સ્વૉલોની પેઠે નાઇટજાર પણ પાનખર ઋતુ બેસેછે તે વારે દક્ષિણ બાજુ જાયછે અને વસંત ઋતુ બેસતાં ઇંગ્લાંડમાં પાછું આવેછે. આ પક્ષી મે મહીનામાં ઇંગ્લાંડમાં જઈ પહોચેછે. નાઇટજાર જીવડાં, તેમાં વિશેષે કરીને કૉકચેફર નામે એક જાતનાં જીવડાં ખાયછે, અને રાતે ઊડેછે. એ માળો બાંધતું નથી, પણ પોતાનાં બે ઈંડાં નેચરી નામે એક જાતના રોપાની અથવા મોટાં ઝાડની હેઠે ઊગેલા નાના છોડવાની તળે મૂકેછે. એ ઈંડાં ધોળાં હોયછે અને તેપર નીળાશ પડતા કાબરા રંગની છાંટ હોયછે. એનું બીજું નામ ગોટસકર એટલે બકરાં ચૂસનાર (હિંદીમાં ચપકા) છે.

लीलमना जेवा रंगनुं स्वर्गनुं पक्षी. (તખ્તી ૧૯ મી.)

આ સુંદર પક્ષીઓ પાપુઆ અથવા ન્યૂગિની અને તેની પડોશના ટાપુઓમાં વસેછે. તેઓ ટોળાબંધ ઊડેછે અને તેઓમાં એક સરદાર હોયછે. તેઓ ફળ, બેરીઝાડનાં ફળ, મોટાં પતંગિયાં, અને વંદા ખાયછે. ન્યૂગિનીનાં પતંગિયાં બહુ મોટાં હોયછે. સ્વર્ગનું પક્ષી મોટાં પતંગિયાંને ઝાડપર

લઈ જઈ તેમના પગ અને પાંખ તોડી નાંખી ધડ ખાઈ જાયછે. આ પક્ષીનાં ઈંડાંનો રંગ સોહામણો ગુલાબી હોયછે અને તેપર રાતા રંગની છાંટ હોયછે.

સ્વર્ગના પક્ષીનો સ્વર ઘણો મોટો અને બીજાં પક્ષીઓના સ્વરથી જુદોજ છે. ગાયનના સૂરના ચઢતા ઉતરતા ક્રમ પ્રમાણે એનો સૂર ચઢેછે. તેમને સૌથી ઊંચાં ઝાડની ટોચે આરામ લેવો ગમેછે.

हूपो (તખ્તી ૧૯ મી.)

આ પક્ષી એશિઆ, યૂરોપ, અને આફ્રિકામાં થાયછે. ફ્રાન્સમાં બોર્ડો પરગણાની પડોશમાં એ સંખ્યાબંધ વસેછે; વળી મિસર દેશની નીલનદીનું પૂર ઉતરી જાયછે તેવારે જીવડાંને આતુરતાથી ખોળતું નજરે પડેછે. મિસરના લોકો હૂપોને સોલોમન રાજાનાં છોકરાં કહેછે. એની દંતકથા એવી છે કે સોલોમન રાજાના વખતમાં એ પક્ષીઓને માથે નર્યા સોનાની કલગીઓ હતી તેને લીધે લોકો તેમને મારી નાંખતા. એ ડાહ્યા રાજાની આગળ એ પક્ષીઓ પોતાનું દુઃખ રડ્યાં તેથી તેમની કલગીઓ ફક્ત પીંછાંની થાય એવી તેણે તેમના વતી પરમેશ્વરની પ્રાર્થના કરી અને તેની પ્રાર્થના ઇશ્વરે સાંભળી; એ વખતથી તેઓ હાલ જેવાં દેખાયછે તેવાં રહ્યાંછે.

હૂપો કોઈ કોઈ પ્રસંગે ઈંગ્લાંડમાં જાયછે, પરંતુ ત્યાં જ-

વળેજ દીઠામાં આવેછે. એના માંસનો સ્વાદ ખરાબ હોવા છતાં ગ્રીસ અને દક્ષિણ ઇટાલિના લોકો ખાયછે.

पोखराजना जेवा रंगनुं गणगणतुं पक्षी.

(તખ્તી ૧૯ મી.)

આ સુંદર નાનું પક્ષી ગાયેના અને સુરિનામમાં વસેછે; વળી નીચલી આમાઝોન નદીને તીરે આવેલા દેશોમાં પણ દીઠામાં આવેછે. કરોળીઆનાં જાળાંથી બાંધી લીધેલા બિલાડીના ટોપની જાતના એક છોડની પાણીપર લટકતી ડાળપર એ પોતાનો માળો બાંધેછે. એ ફૂલમાં રહેનારાં જીવડાં ખાઇને રહેછે અને સ્વોલો પક્ષીઓની પેઠે એજ ભક્ષ ખોળવાને પાણીના વહેળાપર ફર્યાં કરેછે. આ પક્ષીઓની જુદી જુદી પુશ્કળ રૂપાળી જાતો છે. એમાંની ઘણીક પક્ષી કરતાં શોભીતાં ચળકતાં જીવડાંનિ વધારે મળતી આવેછે.

मत्स्यरंग.(તખ્તી ૧૯ મી.)

મત્સ્યરંગનાં પીંછાં મધમાખીખાનાર પક્ષીનાં પીંછાંનાં જેવાં સુંદર આસમાની લીલા રંગનાં હોયછે. કોઈ નાળા ભણી તે વેગથી ઉડેછે તેવારે ઉડતા સ્વર્ગના પક્ષીના જેવું દેખાયછે. તે ઘણીવાર લગી હાલ્યા ચાલ્યા વગર પાણીમાં તાકીને જોયાં કરેછે અને માછલું નજરે પડેછે એ-

ટલે વીજળીના જેટલા વેગથી ધસી તેને મોંમાં ઝાલી લે-છે. તે તેને મારીને ખાઈ જાયછે અને પછી ઘૂડની પેઠે બીંગડાં અને હાડકાંની ગોળીઓ ઓકી કહાડેછે. નદીને કાંઠે સોવસા ઊંદરે ખોદેલા, પરંતુ ઘણીવાર પંડે ખોદેલા કોઈ ખાડામાં એ હાડકાં અને ગોળીઓને ગોઠવીને તે પોતાનો માળો બાંધેછે. એ ઠેકાણે માદા પાંચથી આઠ ધોળાં ઇંડાં મૂકેછે. માળામાંથી ઇંડાં ચોરાઇ જાયછે તેવારે તે પાછી આવીને તેજ જગ્યાએ ઇંડાં મૂકેછે. તે ઇંડાં સે-વેછે ત્યાં લગી નર તેને ખાવા સારૂ પુષ્કળ માછલાં આ-ણી આપેછે. માળામાં પેસતી વખતે તે ઘણી સંભાળ રાખેછે; અને જરાએ ગડબડ કરતો નથી. એશિઆ, આફ્રિકા, અને અમેરિકામાં, તેમજ યૂરોપમાં મત્સ્યરંગ દીઠામાં આવેછે. પરંતુ એ બધાંના કરતાં યૂરોપી પક્ષીનાં પીંછાં ઘણાંજ સુંદર હોયછે. એને ઇંગ્રેજીમાં કિંગફિશર કહેછે.

ક્રીપર. (તખ્તી ૨૦ મી.)

બ્રિટનદેશનાં પક્ષીઓમાં સૌથી નાનું કલગીદાર રેન છે અને તેનાથી નાનું ક્રીપર પક્ષી છે. એ ઝાડપર ચઢવામાં ખબરદાર છે અને ચાંચવતી ઝાડની છાલને કોચીને માં-હેથી જીવડાં કહાડીને ખાયછે. ઝીણા જંતુઓ ખોળતું એક ડાળીપરથી બીજી ડાળીપર ચૂપકીથી ચઢે ઉતરેછે તેથી એનો દેખાવ પક્ષીના કરતાં ઊંદરને વધારે મળતો

તખ્તી ૨૦ મી.



૧. ક્રીપર. ૨. મધમાખી ખાનાર., ૩. વ્હિપ-પુઅર-વિલ.
૪. નકલી પક્ષી. ૫. નરહાચ. ૬., કોયલ. ૭. વક્રગ્રીવ.

આવેછે. ઝાડને નુકસાન કરનારાં જીવડાંનો નાશ કરવામાં એ એટલું ઉપયોગી માલૂમ પડ્યુંછે કે બાગમાં માળો બાંધે તેટલા સારૂ અમેરિકાના લોકો લાંબા વાંસને છેડે પેટી મૂકેછે. બાગમાં એ ઘણુંજ કામનું છે. એ ઘણુંકરીને પોલાં ઝાડમાં માળો બાંધેછે અને પાંચથી સાત બાબીરંગનાં ઇંડાં મૂકેછે.

मधमाखी खानार. (તખ્તી ૨૦ મી.)

આ પક્ષી ઇંગ્લાંડમાં કોઇકજ વખતે દીઠામાં આવેછે તેથી તેને ત્યાંનું વતની ગણી શકાય નહિ. એનાં પીંછાં સુંદર અને ચળકતા આસમાની લીલા રંગનાં હોયછે. એનું નામ છે તે પ્રમાણે એ મુખ્યત્વે કરીને મધમાખીઓ ખાઇને જીવેછે; તેમને તે ઉડતાં ઉડતાં પકડેછે. રેતાળ કાંઠે ખાડો ખોદીને તેમાં તે રહેછે.

व्हिप-पुअर-विल. (તખ્તી ૨૦ મી.)

વ્હિપ-પુઅર-વિલ એ અમેરિકાના બકરાંચૂસનાર પક્ષીની એક જાત છે અને જે સાદ કહાડેછે તેપરથી એનું એ નામ પડ્યુંછે. આ પક્ષી રાતે ઉડેછે અને જીવડાંનું સત્યાનાશ વાળેછે.

नकली पक्षी. (તખ્તી ૨૦ મી.)

આ વિચિત્ર પક્ષી અમેરિકામાં અને વેસ્ટ ઇંડીસમાં

વસેછે. પોપટની નકલ કરવાની શક્તિથીએ એની શક્તિ ચઢે. વાગવાથી બચ્ચું જેવી રાડ નાંખેછે તેવી રાડથી માંડીને વર્જિનિઆના બુલબુલ પક્ષીના સ્વર પર્યંત એવો એકે શબ્દ કે રાગ નથી કે તે તેના બરાબર ચાળા પાડી શકે નહિ.

નટહાચ. (તખ્તી ૨૦ મી.)

બિશપ સ્ટાન્લી કહેછે કે "જંગલમાં થઇને જતાં કોઈ જોરથી ઠોકતું હોય તેના જેવો અવાજ ઉંચે ઝાડપર ઘણીવાર સંભળાયછે.........સાંભળનારની આંખ તેજ હશે તો છેવટે પીળચટી છાતીવાળું અને કાબરા આસમાની રંગનું કાળું નાનું પક્ષી પોતાનું માથું, ચાંચ, અને અંગ ખૂબ જોરથી અફાળતું નજરે પડશે.........એ પક્ષી નટહાચ છે અને ઝાડમાં જીવડાંની ખોળ કરેછે અથવા કાચલાંવાળાં ફળને ઝાડની ફાટમાં ઘાલીને તેના ભાગીને કડકા કરેછે." એનાં ઇંડાં ધોળાં અને તેપર ઝાંખા ભૂરા રંગની છાંટવાળાં હોયછે.

કોયલ. (તખ્તી ૨૦ મી.)

કોયલ એશિઆ અને યૂરોપમાં વસેછે. એને ટૌકા કરતું આપણે ઘણીવાર સાંભળીએ છીએ. યૂરોપી કોયલ વસંત ઋતુમાં ઇંગ્લાંડમાં દેખા દેછે; તેનો અલગોજા જેવો સ્વર એપ્રિલ મહીનો બેસતાં ત્યાં સંભળાયછે અને જૂન મ-

તખ્તી ૨૧ મી.



૧. રોબિન. ૨. રેન. ૩. કલિંગ. ૪. બુલબુલ.
૫. શારિકા. ૬. બુટ્ટાદાર ખંજન.

હીનામાં સંભળાતો બંધ પડેછે. યૂરોપી કોયલ માળો બાંધતી નથી, પણ બીજા પક્ષીના, ઘણુંકરીને વાડચકલીના માળામાં પોતાનું ઇંડું મૂકેછે. આ નાનું પક્ષી (વાડચકલી) મોટું ઇંડું સેવેછે, અને ઉછેરેલું નગુણું બચ્ચું ઘણુંકરીને ચકલીનાં બચ્ચાંને માળાના કોરે ખસેડીદઈ પોતે બધી સંભાળ અને ખોરાકનું ધણી થઈ પડેછે. કોયલનું ઇંડું બહુ નાનું હોયછે.

वक्रग्रीव. (તખ્તી ૨૦ મી.)

આ પક્ષીના ઉપર એકાએક હુમલો થાયછે તેવારે એ અજબ રીતે ખભાપર પોતાનું માથું નમાવેછે તેથી કરીને એને વક્રગ્રીવ એટલે વાંકી ડોકવાળું કહેછે. એ પક્ષી ઇંગ્લાંડમાં કોયલની જોડે જાયછે અને પાછું જતું રહેછે. કીડીઓ અને ઝાડની છાલ તથા ફાટમાં રહેનારાં બીજાં જીવડાંનો એ ભક્ષ કરેછે. એને ઇંગ્રેજીમાં રાયનેક કહેછે.

रोबिन. (તખ્તી ૨૧ મી.)

આ રાતી છાતીવાળું પક્ષી ફક્ત જૂની દુનિયામાં દીઠામાં આવેછે અને યૂરોપમાં એશિઆમૈનરના પૂર્વ સીમાડાલગી તેનો વાસ છે. ઇંગ્રેજનાં છોકરાંનું એ વહાલું પક્ષી છે. ઝાડના મૂળ આગળ અથવા જૂની ઇમારતોને ઓટલિયે એ લીલ અને સૂકાં પાંદડાંનો માળો બાંધેછે અને તેમાં પીંછાં પાથરેછે. એ માળો કોઇના દીઠામાં ન આવે એવી યુક્તિથી હ-

મેશાં બાંધેછે. આ પક્ષી શિયાળામાં ઇંગ્લાંડમાં ટોકા કરેછે અને છોકરાંનો હળી ગયેલો મિત્ર છે. એનાં ઇંડાં ઝાંખાં ધોળાં અને તેપર રતુમડી છાંટવાળાં હોયછે.

रेन. (તખ્તી ૨૧ મી.)

આ ટિનકુડિયું પક્ષી ઇંગ્લાંડમાં બહુ સાધારણ છે અને ત્યાંની સખ્ત હવા ખમેછે; તથા રોબિનની પેઠે શિયાળામાં પોતાનો ટૂંકો સ્વર કહાડી લોકોને આનંદ પમાડેછે. ત્યાં બરફ પડેછે તેવારે પણ તે મધુર શબ્દ કરેછે. શિયાળામાં ખળીનાં છાપરાંમાં અને ઘાસની ગંજીમાં એ ભરાઈ રહેછે અને ઉનાળામાં વગડામાં ઊડી જઈ ત્યાં ભોંયપર અથવા તેના છેક થડમાં ચતુરાઇથી માળો બાંધેછે અને તેમાં પેસવાને નાનું બાકું રાખેછે. એનાં ઇંડાં ધોળાં રાતી છાંટવાળાં હોયછે.

कालिंग. (તખ્તી ૨૧ મી.)

કલિંગ એ એશિઆ, યૂરોપ, આફ્રિકા, અને અમેરિકામાં થાયછે. પોતાના ભક્ષને કાંટો ઘોંચવાની તથા નાનાં પક્ષીઓને તેમની પાંખની નસો ઝાલીને લટકાવવાની ટેવ પરથી એને કસાઈપક્ષી કહેછે. એ પોતાનાં બચ્ચાંની ઘણી માવજત લેછે. એને ઇંગ્રેજીમાં શ્રાઇક કહેછે.

बुलबुल. (તખ્તી ૨૧ મી.)

આ "ગાયનની રાણી" એપ્રિલ મહીનો અધવાર્યે ઇં-

ગ્લાંડમાં દેખા દેછે. ઇંગ્લાંડના છેક પશ્ચિમ ભાગમાં તેમજ આયર્લાંડમાં એ પક્ષી દેખાતું નથી; અને સ્વીડનમાં દીઠામાં આવેછે, તોપણ યાર્કશાયર પરગણાથી વધારે ઉત્તરે જતું નથી. સ્વોલ્લો પક્ષીઓ શિયાળામાં આફ્રિકામાં જાયછે તેમ એ પણ શિયાળામાં ત્યાં જાયછે. બુલબુલ પક્ષી બહુ ભડકણ છે, અને ઝાડીમાં તથા વાડમાં સંતાઈ રહેછે. એનાં ટોળાં કદી ભેગાં થતાં નથી. એ જીવડાં, નાના કીડા, કીડીનાં ઇંડાં, અને બેરી ઝાડનાં ફળ ખાઇને રહેછે અને વાડ અથવા ઝાડીના નીચલા ભાગમાં પોતાનો માળો બાંધેછે. એનાં ઇંડાં લીલાશ પડતાં ભૂરાં હોયછે.

બુલબુલ પક્ષી આપણા દેશમાં સાધારણ છે.

शारिका. (તખ્તી ૨૧ મી.)

કેટલાક લોકો એવું ધારેછે કે આ પ્રખ્યાત સુકંઠ પક્ષી ગાવામાં બુલબુલની બરાબરી કરેછે. શારિકાઓ દુનિયાના બધા ભાગમાં થાયછે. સુકંઠ શારિકાને માણસની પડોશમાં રહેવું બહુ ગમેછે. એ જેટલાં જીવડાં ખાયછે તેટલાંજ ફળ ખાયછે અને શિયાળામાં બેરી ઝાડનાં ફળ ખાઇને ચલાવેછે. એનાં ઇંડાં નીલાશ પડતાં પીળાં હોયછે અને તેપર ઝાંખા રાતા રંગની છાંટ હોયછે. એને ઇંગ્રેજીમાં થ્રશ કહેછે.

बुट्टादार खंजन. (તખ્તી ૨૧ મી.)


બુટ્ટાદાર ખંજન યૂરોપ અને અમેરિકામાં થાયછે અને

એની જુદી જુદી જાત દુનિયામાં બધે ઠેકાણે જોવામાં આવેછે. સઘળી જાતનાં ખંજનને વહેળા અને છાછરા ઝરા અથવા વહેતા પાણીને કાંઠે રહેવું ઘણું ગમેછે. જીવડાં ખોળતાં તેઓ ઠેકડા મારતાં નથી, પણ જમીનપર બહુ ઝડપથી દોડેછે. તેઓ ભોંયપર પોતાનો માળો બાંધેછે. એમનાં ઇંડાં ધોળાં ભૂરી છાંટવાળાં હોયછે. શિયાળો પાસે આવતો જાયછે તેમ ખંજન ઉત્તરેથી દક્ષિણે જાયછે.

कांगडो अने दग्ध कागडो. (તખ્તી ૨૨ મી.)

આ પક્ષીઓ આપણા દેશમાં સાધારણ છે. કાગડો યૂરોપના દરેક ભાગમાં વસેછે અને ઇંગ્લાંડમાં સાધારણ છે. દગ્ધ કાગડાને કાગડો એટલો બધો મળતો આવેછે કે એને કોઈવાર ભૂલથી દગ્ધ કાગડો કહેછે, પરંતુ એ બેમાં ઘણો ફેર છે. કાગડાની ચાંચના મૂળ આગળ એકે પીંછું હોતું નથી. એ ટોળાંમાં રહેછે અને જીવડાં તથા ધાન્ય ખાયછે; દગ્ધ કાગડો સડેલું માંસ ખાયછે અને તેનું એકજ જોડું ભેગું રહેછે. એ કોઈ ખાસ કારણથી બીજાની ભેગો ભળેછે તે સિવાય ભાગ્યે ભળેછે. એ બેઉ પક્ષી હળી જાયછે અને પોતાના ધણીપર ઘણી માયા રાખેછે. કાગડો અને દગ્ધ કાગડો ભોંયમાંથી કામળીઆ ખોદી કહાડીને ખાયછે તેથી સેંકડો નુકસાન કરનારાં જીવડાંની કાસળ નીકળેછે. દગ્ધ કાગડાનાં બચ્ચાં સેવાતી વખતે આંધળાં હોયછે.

તખ્તી ૨૨ મી.



૧. કાગડો. ૨. દગ્ધ કાગડો. ૩. મેના. ૪. દ્રોણ કાગડો.
૫. ચાસ. ૬ નીલકંઠ. ૭. જંગલી કાગડો.

મેના. (તખ્તી ૨૨ મી.)

આ પક્ષી આખા પૂર્વ ગોળાર્દ્ધમાં એટલે એશિઆ, યૂરોપ, અને આફ્રિકામાં થાયછે. ઘરનાં છાપરાંમાં અને શોભાયમાન ઇંટની દીવાલોમાં, તેમજ ઝાડપર એ પોતાનો માળો બાંધેછે. જીવડાં, કીડા, વગેરે ખોળવાને મેનાનાં ટોળેટોળાં ભેગાં ઉડેછે અને રાતે એકઠાં રહેછે. પોપટ બોલતાં શીખેછે તેમ એ પણ શીખી શકેછે. કાગડાની જોડે મેનાનો નિકટનો સંબંધ છે.

દ્રોણ કાગડો. (તખ્તી ૨૨ મી.)

કાગડાની જાતનાં પક્ષીઓમાં દ્રોણ કાગડો સૌથી મોટો છે અને દુનિયાના દરેક ભાગમાં થાયછે. એ કા કા કરેછે તેનો અવાજ ઉત્તર ધ્રુવના ખડકોપર અને ક્રાંતિવૃત્તની આસપાસના અતિ ગરમ દેશોમાં સંભળાયછે. એ પક્ષી ઘણું હોશિયાર છે અને બોલતાં શીખી શકેછે. વળી જે કોઈ એને પાળીને એની સંભાળ લેછે તેનાપર ઘણી માયા દેખાડેછે. એકવાર એક દ્રોણ કાગડાને એક કૂતરા જોડે માયા બંધાઈ હતી; કૂતરાનો પગ ભાગવાથી તેને પોતાની ઓરડીમાં બેશી રહેવું પડ્યું. દ્રોણ કાગડા તાજું અથવા સડેલું માંસ ખાયછે તેથી કૂતરો જ્યાં લગી માંદો રહ્યો ત્યાં લગી પેલો કાગડો પોતાના ભક્ષ—હાડકાં, માંસ, વગેરેમાંથી અડધો ભાગ તેને ખાવા આપતો.


ચાસ. (તખ્તી ૨૨ મી.)

ચાસ એ કાગડાની જાતનાં બધાં પક્ષીઓ કરતાં ખૂબ-સુરત છે, પરંતુ એનો અવાજ કાન ફોડી નાંખે એવો કઠોર છે. ચાસ પક્ષી ભડકણ છે અને ઝાડીમાં ભરાઈ રહેછે; પરંતુ પોતાનાં બચ્ચાંને બચાવવાને હિંમતવાન થાયછે અને બહુ ચોહું છે. એ જીવડાં અને વખતે પાંખ આવેલી ન હોય એવાં નાનાં પક્ષીઓનો આહાર કરેછે. જુદી જુદી જાતનાં ચાસ એશિઆ, યૂરોપ, અને અમેરિકામાં થાયછે.

नीलकंठ अने जंगली कागडो. (તખ્તી ૨૨ મી)

નીલકંઠ પક્ષી છાતીવાળું, બંડ, અને ચોહું છે અને એને સંઘરો કરવો બહુ ગમેછે. પરંતુ એ ઘણું નટખટ અને ગમતી છે તથા બોલતાં શીખી શકેછે. એક સ્ત્રી કને નીલકંઠ પક્ષી હતું તે તેનાપર ઘણી માયા રાખતું અને તેને મેદાનમાં શરત રમવાને બોલાવતું; પોતાનું માથું પાછળ રાખી શરત શરૂ થયા લગી "ચાલો, ચાલો" એમ બોલ્યાં કરતું. નીલ-કંઠ પક્ષી પોતાનો માળો ઘણી કાળજીથી બાંધેછે અને તેમાં જવા આવવાને માત્ર એકજ બાકું રાખી તેની આસપાસ વાડ કરેછે. એનાં ઇંડાં ઝાંખાં લીલાં અને કાળી છાંટવાળાં હોયછે. નીલકંઠ પક્ષીનો વાસ એશિઆ, યૂરોપ, અને અ-મેરિકામાં છે. જંગલી કાગડો ખ્રિસ્તિ દેવળોના ટોડાપર,

તખ્તી ૨૩ મી.



૧. ચાફિંચ. ૨. ગોલ્ડફિંચ. ૩. હાફિંચ. ૪. કેનરી ૫. બુલ-ફિંચ. ૬. યલોહામ્મર. ૭. સિસ્કિન.

મિનારાપર, અને ઝાડની બખોલોમાં માળો બાંધેછે, ખુલ્લા મેદાનમાં બાંધતો નથી. આ પક્ષી ખંધુ, હોશિયાર, અને ચોટ્ટું છે અને જે કાંઈ ચોરી જાયછે તે બધું સંતાડી રાખેછે. નાણું, ચમચા, અને બીજી ચળકતી વસ્તુઓ તે ચોરી લઈ જાયછે. એ અનાજ, જીવડાં, ફળ, માંસના નાના કડકા, ઇંડાં, વગેરે ખાયછે. એનાં ઇંડાં દગ્ધ કાગડાનાં ઇંડાં કરતાં ઝાંખા રંગનાં અને નાનાં હોયછે.

જંગલી કાગડો એશિઆ અને યૂરોપમાં સાધારણ છે.

चाफिंच. (તખ્તી ૨૩ મી.)

આ પક્ષી ખેતરોમાં ઘણુંજ ઉપયોગી છે. એ શિયાળામાં ખળીના બારણા પાસે રહેછે અને ઘાસમાંના નકામા રોપાનાં બી વીણીને ખાઈ જાયછે. જમીનમાં કામમાં લેતી વેળા એ બીઆં તેમાં રહેવા દે તો ઘણું નુકસાન થાય. એના માળામાં જરાએ ખામી દેખાતી નથી; બહારનીમેર માળાને કરોળીઆનાં જાળાંવતી લીલ ચોંટાડી તેને શણગારેછે. ચાફિંચ કાંટામાં માળો બાંધેછે, અને તેનાં બચ્ચાં સેવતી વેળા આંધળાં હોયછે.

गोल्डफिंच. (તખ્તી ૨૩ મી.)

આ રૂપાળું પક્ષી શેબ (આપ્પલ) અને નિવડુંગ (પીઅર) ઝાડપર કોઇની નજરે પડે નહિ એવો માળો બાંધેછે.

એનાં ઈંડાં રંગે ધોળાં હોયછે અને મોટા છેડાપર ઘેરા જાંબુઆ રંગની છાંટ હોયછે. આ પક્ષી સહેલથી હળી જાયછે અને ઘણા ચાલાકી ભરેલા ખેલ શીખી શકેછે. એનો સ્વર મધુર છે, પણ ઘણો જબરો નથી.

हार्फिच. (તખ્તી ૨૩ મી.)

આ પક્ષી હિંદ, યૂરોપ, અને અમેરિકામાં થાયછે. એ હાર્યોર્ન ઝાડનાં ફળ, અને શિયાળામાં થનારાં બેરીઝાડનાં ફળ, કાચલાવાળાં ફળ, અને બદામ ખાયછે. ચેરી ઝાડની ફળવાડીઓમાં ફરવું એને બહુ ગમેછે. એ વાડીઓમાં ચેરી ફળના ઠળિયા ઘણી ચતુરાઈથી પોતાની જબરી ચાંચવતી ભાગીને ભોંયપર ફેંકેછે તેપરથી તે ત્યાં આવી ગયાની ખબર પડેછે. ઝાડોપર અને ઝાડીમાં એ પોતાનો માળો બાંધેછે. એનાં ઈંડાં ઝાંખાં બદામી રંગનાં હોયછે અને તેપર ભૂરા રંગનાં ટપકાં અને કાબરા રંગના લીસોટા હોયછે.

केनरी. (તખ્તી ૨૩ મી.)

આ લાડકું પક્ષી ટાપુઓમાં વસેછે, પરંતુ એને એટલા લાંબા કાળથી પાંજરામાં પૂરી રાખેછે કે એ પોતાની વગડાઉ ટેવ ભૂલી ગયુંછે. એને શુમારે ત્રણસેં વરસપર ઈંગ્લાંડમાં આણ્યું હતું. એ ઘણું ચતુર અને હેતાળ છે, તથા સહેલથી હળી જાયછે.

बुलफिंच. (તખ્તી ૨૩ મી.)

બુલફિંચ એ ઇંગ્લાંડમાં અને યૂરોપના ઘણાખરા ભાગમાં દીઠામાં આવેછે. કાળા કાંટાની વાડના ઘણાજ બીચોબીચ ભાગમાં એ પોતાનો માળો બાંધેછે, અને મોટે છેડે કાળાં ટપકાંવાળાં ચાર કે પાંચ નીલા ધોળા રંગનાં ઇંડાં મૂકેછે. આ પક્ષી જર્મનીમાં સાધારણ છે. ત્યાં એને પકડીને ગાતાં શીખવેછે. આ નાનું પક્ષી બહુ હેતાળ છે અને જે ધણીએ તેને પાળ્યું હોયછે તેને ઘણા કાળ લગી ભૂલી જતું નથી.

यलोहाम्मर. (તખ્તી ૨૩ મી.)

આ પક્ષી આખા યૂરોપખંડમાં થાયછે. એનો ખોરાક અનાજ, બીઆં, અને જીવડાં છે. શિયાળામાં લીલાં પક્ષી, ચાફિંચ, વગેરે પક્ષીઓ ખેતરોમાં અને ખળીઓમાં એકઠાં થાયછે તેમનાં ટોળાંમાં આ પક્ષી ભળેછે. ભોંયપર અથવા તેની થડમાં એ પોતાનો માળો બાંધેછે. એનાં ઇંડાં ઝાંખા નાફરમાની ધોળા રંગનાં હોયછે અને તેપર ઘેરા રતુમડા ભૂરા રંગની છાંટ હોયછે. નર અને માદા વારાફરતી ઇંડાં સેવેછે.

सिस्किन. (તખ્તી ૨૩ મી.)

સિસ્કિન એ સ્વીડન, નાર્વે, ઉત્તર જર્મની, અને વ-

અને સ્કાટ્લાંડના પહાડી મૂલકમાં દીઠામાં આવેછે. આ પક્ષી ફક્ત શરદ ઋતુમાં અને શિયાળામાં ઇંગ્લાંડમાં દેખા દેછે. એ જવની કાપણીના અરસામાં જોવામાં આવેછે તેથી એને કોઇવાર જવપક્ષી કહેછે. લંડનની પડોશમાં એ આલ્ડર્ વૈનના નામથી ઓળખાયછે. કોઇના નજરે પડે નહિ એમ ઘણી ચતુરાઇથી એ પોતાનો માળો બાંધેછે.

काळी कलगीवाळुं पक्षी. (તખ્તી ૨૪ મી.)

આ નાના પક્ષીનો રાગ એટલો મધુર છે કે એને નકલી બુલબુલ કહેછે. એ એક દેશથી બીજે દેશ જાયછે; ઇંગ્લાંડમાં એપ્રિલ મહીનામાં દેખા દેછે અને સપ્ટેંબર મહીનામાં જતું રહેછે. એ વાડી અથવા બાગમાંનાં નીચાં ઝાડ અને છોડપર પોતાનો માળો બાંધેછે. આ પક્ષી ઘણું ભડકણ છે; પરંતુ પાકેલાં આમળાં અને કરમદાં ખાવાને પોતાના છૂપા માળામાંથી બહાર આવવાની છાતી ચલાવેછે. એને એ ફળ બહુ ભાવેછે. એનાં ઇંડાં રતુમડાં ભૂરાં હોઇ તેપર કાળી છાંટ હોયછે. એના માથાની કલગીનો રંગ કાળો હોવાથી એને એ નામ આપ્યું છે.

फर्नचाट. (તખ્તી ૨૪ મી.)

આ પક્ષી ઉજડ અને એકાંત નીચી ભેજવાળી જમીન, પાધર, અને મેદાનોમાં ભટક્યાં કરેછે અને તમરાં,



૧. કાળી કલગીવાળું પક્ષી. ૨. ફર્ઝચાટ. ૩. વાડચકલી.
૪. શ્યામપક્ષી. ૫. સોનેરી કલગીવાળું રેન. ૬. વ્હીટઈઅર.

ઘાસનાં તીડ, વંદા, વગેરે ખાયછે. એ ફર્ઝની ઝાડીમાં હમેશાં જા આવ કરેછે અને ચીંચીં કર્યાં કરેછે. એ ભોંયપર માળો બાંધેછે. એનાં ઇંડાં આસમાની રંગનાં હોયછે. ફર્ઝચાટ યૂરોપમાં સાધારણ છે અને એનું બીજું નામ વ્હિનચાટ છે.

वाड चकली. (તખ્તી ૨૪ મી.)

આ આનંદી નાનું પક્ષી આખું વરસ ઇંગ્લાંડમાં રહેછે અને સદા સંતોષી અને મોજી દીસેછે. વસંત ઋતુમાં એજ પક્ષી સૌથી પહેલો માળો બાંધેછે; એ માળો ઘણીવાર પાંદડાં વગરની વાડમાં બાંધેલો હોયછે. એનાં ઇંડાં ઝાંખા નીલા રંગનાં હોયછે. એનો સ્વર મધુર અને કોમળ છે

श्याम पक्षी. (તખ્તી ૨૪ મી.)

ઇંગ્લાંડમાં જે ઉત્તમ ગાયક પક્ષીઓ થાયછે તેઓમાંનું એક પક્ષી એ છે. એનો સ્વર ગંભીર છે. આ પક્ષી એકાંતવાસી છે. એનું જોડું એકઠું રહેછે અને શારિકાની પેઠે એનાં ટોળાં ઊડતાં નથી. એ ઝાડીમાં અથવા નીચાં ઝાડપર પોતાનો માળો બાંધેછે અને ઊંચાં નીચાં કલુંઠાં ટપકાંવાળાં નીલા લીલા રંગનાં ચાર કે પાંચ ઇંડાં મૂકેછે. બચ્ચાં સહેલથી હળી જાયછે અને ગાતાં શીખી શકેછે, ઇંગ્લાંડમાં વસંત ઋતુમાં પક્ષીઓના પહેલવહેલા જે શબ્દ સંભળાયછે તેઓમાંનો એક આ પક્ષીનો છે.


આ પક્ષી શારિકાની જાતનું છે. અમેરિકામાં જુદાં જુદાં પક્ષીઓને એ નામ આપવામાં આવેછે.

सोनेरी कलगीवाळुं रेन. (તખ્તી ૨૪ મી.)

યૂરોપી પક્ષીઓમાં આ પક્ષી સૌથી નાનું છે. એની લંબાઈ સાડાત્રણ ઇંચ કરતાં ઓછી હોયછે. આ ટિનકુડિયું રેન મોટામાં મોટાં ઝાડ, જેવાં કે ઓક, એલ્મ, દેવદાર, સરલ, તેમાં વિશેષે કરીને ઓક ઝાડપર આવ જા કર્યાં કરેછે. ઓક ઝાડપર એને ખોરાક તેમજ છાંયડો મળેછે. એ પોતાનો નાનો માળો ઝોળીના પેઠે એ દોરી બાંધીને ડાળીએ લટકતો રાખેછે. માળાનાં સાહિત્યમાંથી તે એ દોરીઓ બનાવેછે. માળાનો આકાર લંબચોરસ હોઈ તેને પડખે એક બાકું હોયછે અને તેમાં ઘણાંજ નરમ રૂવાં પાથરેલાં હોયછે. એનાં ઇંડાં ધોળાં ઝાંખી છાંટવાળાં હોયછે અને વટાણા કરતાં મોટાં હોતાં નથી.

व्हीटईअर. (તખ્તી ૨૪ મી.)

વ્હીટઇઅર એ ચાટ પક્ષીઓની જાતનું છે. એ આખા બ્રિટન દેશમાં દીઠામાં આવેછે, અને ત્યાંના લોકો ઉનાળામાં ઘાસનાં જડીઆંવાળી ભોંયની નીચે ઘોડાના વાળની જાળ પાથરીને સેંકડો પક્ષીઓને ઝાલેછે, કારણ કે તેઓ એનું માંસ ખાધામાં સ્વાદિષ્ટ ગણેછે. પથરા અથવા ઢેફાંને ઓઠે અને વખતે સસલાંના જૂના ખાડામાં એ પક્ષી પોતાનો



૧. સૂડા કે તુતી. ૨ લક્કડખોદ. ૩. પ્રેમપક્ષી.

માળો બાંધેછે. એ માળો સૂકાં ઘાસ અથવા લીલમાં ઊન ભેળીને કરેછે અને તેમાં પીંછાં પાથરી જે પત્થર અથવા ઢેફાની નીચે તેને મૂકે છે તેની જોડે એક પ્રકારનું ઢાંકણ સાંધી લેઈ તેનો બચાવ કરેછે. એનાં ઇંડાં ફીકા નીલા રંગનાં હોયછે. વ્હીટઇઅર જીવડાં અને નાના કીડા ખાયછે અને એ ભક્ષ ખોળવાને ઘણી વખતે હળની પાછળ પાછળ જતું જોવામાં આવેછે.

વ્હીટઇઅર એક દેશથી બીજે દેશ જાયછે; વસંતઋતુમાં ઇંગ્લાંડમાં દેખા દેછે અને સપ્ટેંબર મહીનામાં ત્યાંથી જતું રહેછે.

सूडा के तूती. (તખ્તી ૨૫ મી.)

સૂડા કે તૂતી એ પોપટની જાતનાં પક્ષી છે, પરંતુ તેનાથી નાનાં છે અને તેમની પૂંછડી લાંબી હોયછે. ઘણી જાતની તૂતીઓ થાયછે. કેટલીક જાત એશિઆમાં અને કેટલીક આસ્ટ્રેલિઆમાં દીઠામાં આવેછે. આસ્ટ્રેલિઆની તૂતીને હેળવવી મુશ્કેલ છે. એશિઆની તૂતી હળી જાયછે અને શુદ્ધ બોલતાં શીખેછે. એને કાચલાંવાળાં ફળ, વિશેષ કરીને અખોડ, બહુ ભાવેછે.

लक्कडखोद. (તખ્તી ૨૫ મી.)

આસ્ટ્રેલિઆ સિવાય દુનિયાના દરેક ભાગમાં લક્કડખોદ દીઠામાં આવેછે. તેઓ ક્રામળીઆ અને જીવડાં

ખાઇને જીવેછે. એ જીવડાંને તેઓ પોલાં ઝાડમાંથી અથવા ઝાડની છાલમાંથી શોધી કહાડેછે.

અવાજને લીધે લક્કડખોદ કોયલના જેટલુંજ જાણીતું છે. એનો મોટો, આનંદી, હસતો શબ્દ ઘણીવાર જંગલની પડોશમાં અથવા કોઇ મોટા ઝાડપરથી સંભળાયછે. નિહાળીને જોવાથી એ પક્ષી પોતાનું માથું પછવાડે રાખીને અને શરીરનો ભાર પૂંછડીપર તોળી રાખીને ઝાડના થડને બાઝેલું નજરે પડશે. એની પૂંછડીનાં પીંછાં સખ્ત અને મજબૂત હોયછે.

આ પક્ષી ભડકણ અને એકલસૂરૂં છે. "લક્કડખોદ પોલા બીચ ઝાડને ટકોરા મારેછે" તેવારે તે ફક્ત પોતાના ભક્ષની ખોળમાં હોયછે. એમ તે પોતાના જીવડાંના શિકારને ખભળાવી બહાર કહાડેછે. એનો ઘણીવાર હથોડીના અવાજના જેટલોજ મોટો અવાજ થાયછે.

લક્કડખોદ હળી જાયછે તેવારે પણ એજ રીતે ઓરડાની અંદરના સામાનના લાકડાપર ટકોરા મારેછે. પોલાં ઝાડમાં એ પોતાનો માળો બાંધેછે, અથવા પોલું ઝાડ નથી મળતું તો માળો બાંધવાને તેમાં ચાંચવતી બાકું પાડેછે. નર અને માદા બંને એટલી ઝડપથી ટકોરા મારેછે કે તે આંખે જોઇને ગણી શકાતા નથી. લક્કડખોદ હમેશાં ઝાડની અંદર જમીનથી પંદર કે વીસ ફુટ ઊંચો માળો બાંધેછે. એનાં ઈંડાં લીલા રંગનાં હોઈ તેપર કાળીછાંટ હોયછે.

લક્કડખોદની જીભ જુદીજ તરેહની હોયછે. તે લાંબી હોયછે અને ઘણે છેટે લગી બહાર કહાડી શકાયછે. જીભનું ટેરવું સખ્ત અને તીણું હોયછે અને તેપર કેટલાક રેસાની આંકડીઓ થયેલી હોયછે અને તેમાં ચીકણી લાળ હોયછે તેમાં ટેરવાથી મારી શકાય નહિ એવડાં નાનાં જીવડાં ચોંટી જાયછે.

લક્કડખોદ ભોંયપર કીડીનાં દરની થડમાં ઘણીવાર દીઠામાં આવેછે. જે દરમાં કીડીઓ જા આવ કરેછે ત્યાં તે પોતાની જીભ ઘૂસાડી હજારો કીડીઓને ખાઈ જાયછે. એની ચાંચ પણ લાંબી, અણીઆળી, અને જબરી છે.

ઝાડને લક્કડખોદ ખરાબ કરી નાંખેછે એ ધારણા ભૂલ ભરેલી છે. નીરોગી લાકડામાં કદી જીવડાં હોતાં નથી. એ પક્ષી સડી ગયેલા લાકડાનેજ માત્ર કોચેછે.

પ્રેમ પક્ષીઓ. (તખ્તી ૨૫ મી.)

આ ખૂબસુરત નાનાં પક્ષીઓ નવી અને જૂની બેઉ દુનિયામાં મળી આવેછે. તેઓ વિખૂટાં રહેવાથી કદી સુખી થતાં નથી, અને હમેશા એકએકને લાડ લડાવેછે.

આ પક્ષીઓ પોપટની જાતનાં છે અને તેમની પૂંછડીપર થોડા થોડા પટા હોવાથી તેમનામાં અને પોપટમાં ભેદ પડેછે. તેઓ ઉષ્ણ કટિબંધનાં જંગલોમાં વસેછે અને ફળ તથા બીઆં ખાઇને જીવેછે. જેવી રીતિ કબૂતર પોતાનાં

બચ્ચાંને ગળામાંની અથવા કોથળીમાંથી ખોરાક કહાડીને ખવરાવેછે તેવી રીતે એ પક્ષીઓ પણ પોતાનાં બચ્ચાંને ખવડાવેછે. તેઓ ઝાડની બખોલમાં ઉઘાડા લાકડાપર પોતાનાં ઈંડાં મૂકેછે.

काकाकौवा. (તખ્તી ૨૬ મી.)

કાકાકૌવા એ પોપટના જાતના છે. તેઓ આસ્ટ્રેલિઆમાં અને ઇસ્ટ ઈંડીસના ટાપુઓમાં થાયછે. તેઓ સડેલાં ઝાડમાં પોતાનો માળો બાંધેછે અને મૂળિયાં તથા બીઆં ખાયછે. તેઓ સહેલથી હળી જાયછે અને "સુંદર કાકાકૌવા!" અને બીજા શબ્દો બોલતાં શીખી શકેછે, પરંતુ પોપટ જેવી સારી રીતે બોલેછે તેવી સારી રીતે બોલી શકતા નથી. તેમના માથાપર પીંછાંની એક સુંદર કલગી હોયછે તેને તેઓ ખુશીમાં આવે ત્યારે ઊંચી નીચી કરી શકેછે.

मकॉ. (તખ્તી ૨૬ મી.)

આ રૂપાળું પક્ષી પોપટની જાતનું છે, પરંતુ એના ગાલપર એકે પીંછું હોતું નથી અને ચાંચ બહુ લાંબી હોયછે તેને લીધે એનામાં અને પોપટમાં ફેર પડેછે. એ દક્ષિણ અમેરિકાના ગરમ ભાગમાં વસેછે અને એને નીચાં ભેજવાળાં સ્થળમાં તથા તાડ ખજૂરીનાં ઝાડપર રહેવું બહુ

તખ્તી ૨૬ મી.



૧. કાકાકૌવા. ૨. મકૌ. ૩. લીલોપોપટ. ૪. ક્યુરસ્સાઉ.
૫. અતલસનો માંડવો બાંધનારૂં પક્ષી.

ગમેછે. નીલા મકૌનો વાસ અમેરિકાના બ્રાઝિલ દેશમાં છે. એ સડેલાં ઝાડમાં પોતાનો માળો બાંધેછે અને વરસમાં બેવાર એકી વખતે બે ઇંડાં મૂકેછે. નર અને માદા વારા ફરતી ઇંડાં સેવેછે. મકૌનો સ્વર તીણો અને કાન ફોડી નાંખે એવો હોયછે. એ હળી શકેછે, પણ સ્પષ્ટ બોલતાં શીખી શકતું નથી.

લીલો પોપટ. (તખ્તી ૨૬ મી.)

પોપટની જાત ઘણી બહોળી છે, અને એનાં પીંછાં ઘણાં સુશોભિત છે. લીલો પોપટ ભરતખંડમાં અને બ્રાઝિલમાં થાયછે. આફ્રિકાનો અથવા કાબરા રંગનો પોપટ જેવી સારી રીતે બોલી શકેછે તેવી સારી રીતે એ બોલતાં શીખી શકતો નથી, તોપણ કાંઇક ઠીક બોલેછે. પોપટ ઘણી મોટી ઉમર લગી (કહેછે કે સીતેર અથવા સો વર્ષ લગી) જીવેછે. એ પક્ષી અકલવાળું છે અને પોતાના ધણી જોડે ઘણું હળી જાયછે. પોપટની લાગુ પડતી બોલીની જુદી જુદી તરેહની ટકોરની વાતો કહેવામાં આવેછે. એ ઘણી વખતે શબ્દોનો વસ્તુઓ જોડે સંબંધ બેસાડતો જણાયછે, પરંતુ વિચાર જોડે શબ્દોનો સંબંધ બેસાડી શકતો નથી.

क्युरस्साउ. (તખ્તી ૨૬ મી.)

ક્યુરસ્સાઉ મોટો મુરઘો છે અને ફીલ મુરઘાને મળતો આવેછે, પરંતુ એનાં પીંછાં સુંદર ચળકતા કાળા રંગનાં અને

ચાંચ ચળકતા રાતા રંગની હોયછે. કૂકડાની જાતનાં પક્ષીઓ ઝાડપર રહેતાં નથી, પરંતુ આ પક્ષીઓ તો જંગલનાં સૌથી ઊંચાં ઝાડની ટોચપર રહેછે. ત્યાં તેમનાં ટોળાં પાંદડાંને ઓઠે ફર્યાં કરેછે. તેઓ નિસાસાના જેવો લંબાવીને સણસણ શબ્દ બોલેછે તેપરથી તેઓ ત્યાં હોયછે તેની ખબર પડેછે. આ મોટા પક્ષીની પાંચ જાત અમેરિકામાં આમાઝોન નદીનાં જંગલોમાં વસેછે. ત્યાંના લોકો ખાવાને તથા પાળવાને માટે તેમને પકડેછે. તેઓ લાકડીઓ અને છોડવાના સાંઠાને સેળભેળ કરીને માળો બાંધેછે અને તેમાં પાંદડાં પાથરેછે. એ માળાને ઝાડની અંદર મૂકેછે. એનાં બચ્ચાં સેવાતાં વારને દોડી શકેછે. ક્યુરસ્સાઉ પક્ષી છાતીવાળું અને ડરે નહિ એવું છે; અને ખરૂં જોતાં એને પાળેછે તેવારે તે મસ્તી કરેછે અને વખતે બાર રાખેછે.

अतलसनो मांडवो बांधनारूं पक्षी. (તખતી ૨૬ મી.)

આ પક્ષીઓ આસ્ટ્રેલિઆમાં થાયછે. તેઓ બહુ નાનાં હોયછે અને તેમનાં જોડાં નથી. તેઓ જંગલના છેક મધ્ય ભાગમાં એકાદ ઝઝૂમી રહેલા ઝાડની છાયાનીચે રમવાને માટે માંડવો બાંધેછે. લાકડીઓને સેળભેળ કરીને ભોંય તળિયું બનાવેછે; ટોચ એકએકને મળે એવી રીતે વાંકી વાળેલી ડાળીઓની બાજૂઓ કરેછે; અને આ ખેલવાના સ્થળને સુંદર છીપો, લાલચટક લૂગડાના કડકા, નીલાં અને

તખ્તો ૨૭ મો.



૧. ગિની કૂકડો. ૨. મોર. ૩. બંટમ કૂકડો. ૪. રૂપેરી હા-મબર્ગ. ૫. ડાર્કિંગ કૂકડો. ૬. જંગી કે લડાવવાને પાળેલો કૂકડો. ૭. કોચિન ચિનનાં મુરઘાં.

રાતાં પીંછાં, ગોકળગાયની છીપો, સુંદર પથરા, કાચલો, વગેરેથી શણગારેછે. તેઓ એ સ્થળનો માળા તરીકે ઉપયોગ કરતાં નથી.

—·⊰❀⊱—

ગ્રામ્ય કૂકડા, વગેરે.

ગિની કૂકડો. (તખ્તી ૨૭ મી.)

ગિની કૂકડાને આફ્રિકામાંથી ઇંગ્લાંડમાં આણ્યોછે અને ત્યાં તે લાંબા કાળથી રહેછે. જંગલી સ્થિતિમાં એનાં ટોળાં ભેગાં રહેછે અને તેમને ભેજવાળી જગ્યામાં રહેવું બહુ ગમેછે. આ કૂકડો જીવડાં, કીડા, અને બીઆં ખાયછે. એનાં ઇંડાં રતુમડાં ધોળાં છે અને તેપર કાળા રંગની છાંટ હોયછે.

મોર. (તખ્તી ૨૭ મી.)

મોરને પ્રથમ આપણા દેશમાંથી ઇંગ્લાંડ લેઈ ગયા હતા. સોલોમન રાજાના અમલમાં લાલ સમુદ્રના વેપારીઓ એને જ્યુડિઆમાં લેઈ ગયા હતા. મહાન્ સિકંદરના વખતમાં એને ગ્રીસ લેઈ ગયા હતા અને રૂમી રાજ્યના ઘણા પાછલા સમયમાં એને રોમ લેઈ ગયા હતા. આ પક્ષીઓ હજુએ આપણા દેશનાં અને આફ્રિકાનાં મેદાનોમાં ફરતાં ફરેછે. મધ્યયુગમાં ઇંગ્લાંડના લોકો એની પૂજા કરતા અને

ભૂંજેલા મોરને સોનાની રકાબીમાં મૂકી માંહોમાંહે ફેરવી શૂરવીરો સાહસ કર્મ કરવાની માનતા લેતા. અસલના વખતથી આપણા લોકોમાં એ સરસ્વતીનામે વિદ્યાની દેવીનું વાહન ગણાયછે. મોરની માદાને ઢેલ કહેછે તે પોતાનાં ઇંડાંને મોરનાથી સંતાડી રાખેછે, કારણ કે તે ઇંડાંને ફોડી નાંખી બચ્ચાંને પણ મારી નાંખેછે. મોરની પૂંછડીનાં પીંછાં દર વર્ષે ખરી પડેછે, અને વસંત ઋતુમાં પાછાં પીંછાં આવેછે ત્યાં લગી પોતાને થયેલા ટોટાનું જાણે ભાન હોય તેમ કોઈ છૂપી જગ્યામાં તે ભરાઈ રહેછે.

मुरघां.

ઇંગ્લાંડમાં મુરઘાં ક્યારે હળી ગયાં તેની ત્યાંના લોકોને ખબર નથી, પરંતુ આ દેશનાં જંગલોમાં રાની મુરઘાં હજુ જોવામાં આવેછે તેથી કરીને તેઓ અહીંથી ઇરાનને રસ્તે ત્યાં ગયાં એવું તે લોકો માનેછે.

बंटम कूकडो. (તખ્તી ૨૭ મી.)

આ કૂકડાને સોવસો જાવા બેટના બંટમ પરગણામાંથી ઇંગ્લાંડ લેઈ ગયાછે. બંટમ કૂકડો નાનો પરંતુ ઘણો છાતીવાળો છે. એને પગે એટલાં બધાં પીંછાં હોયછે કે તેનાથી બરાબર ચલાતું નથી.

रूपेरी हाम्बर्ग. (તખ્તી ૨૭ મી.)

આ મુરઘાં ઘણાંજ ખૂબસુરત છે. તેમનાં પીંછાં શિંગનાં ફૂલના જેવાં હોયછે.

डार्किंग कूकडो. (તખ્તી ૨૭ મી.)

ડાર્કિંગ કૂકડાના પગની પાછલીમેર બે આંગળાં, એટલે ચારને બદલે પાંચ આંગળાં હોયછે. આ કૂકડો ઉત્કૃષ્ટ છે.

जंगी के लडाववाने पाळेलो कूकडो. (તખ્તી ૨૭ મી.)

આ પક્ષી ઘણું છાતીવાળું છે અને એની ઘુંટીની પાછળના નખ અતિશય લાંબા હોયછે તેણે કરીને એની અને બીજા કૂકડાની વચ્ચે ફેર પડેછે. લાર્ડ હાઉની લડાઈ ચાલતાં માર્લબરો વહાણનો ડોળ ગોળી વાગવાથી ઊડી ગયો અને કામની ઘાઇને લીધે ખલાશીઓ નાહિંમત થઈ ગયા, તેવામાં એક જંગી કૂકડો ડોલના કાઠીપર ઊડીને બેઠો અને તુચ્છ ગણતો હોય તેમ કૂકડેકૂક કરવા લાગ્યો. ખલાશીઓએ તેને શુકન માની ઉત્તરમાં હર્ષનાદ કર્યો અને તુરતજ શત્રુનું વહાણ લેઈ લીધું. આ પક્ષીને ઘણા વખત લગી વહાણમાં રાખ્યું હતું અને તેના શૂરાતનના માનની ખાતર તેને ગળે રાતો રેશમી પટો પહેરાવતા હતા.

कोचिन चीननां मुरघां. (તખ્તી ૨૭ મી.)

આ મુરઘાં ઘણાં ઊંચાં અને મોટાં હોયછે અને તેમનાં ઈંડાં કદે બહુ મોટાં હોયછે. બધી જાતના મુરઘાની માદા

બહુજ સહનશીલ હોયછે અને પોતાનાં બચ્ચાંની ઘણીજ માવજત લેછે.

कोल्चिको के तुर्की मुरघो. (તખ્તી ૨૮ મી.)

આ સુંદર પક્ષીને પ્રથમ એશિઆમૈનરના કોલ્ચિસ પરગણાની ફેસિસ નદીને કાંઠેથી ઇંગ્લાંડ લઈ ગયા હતા. આ પક્ષી હવે બ્રિટન દેશનું વતની થઈ પડ્યું છે, પરંતુ હજુ "શિકારનું પક્ષી" છે. તુર્કી મુરઘાનું સ્વાભાવિક રહેઠાણ વગડામાં છે, પરંતુ અનાજ ખોળવાને ધાન્યનાં ખેતરોમાં એ ભટક્યાં કરેછે. વળી એને કીડીનાં ઇંડાં અને જીવડાં બહુ ભાવેછે. જંગલી સ્થિતિમાં તુર્કી મુરઘી પોતાનાં બચ્ચાંની સારી માવજત લેછે; પરંતુ હળી જાયછે તેવારે એટલી બેપરવા થાયછે કે પોતાનાં ઇંડાં ઘણી વેળા સાધારણ મુરઘીને સેવવાને આપી દેછે.

सोनेरी तुर्की मुरघो. (તખ્તી ૨૮ મી.)

સોનેરી તુર્કી મુરઘો ચીનમાં થાયછે અને એનાં પીંછાં ખૂબસુરત હોયછે.

रूपेरी तुर्की मुरघो. (તખ્તી ૨૮ મી.)

રૂપેરી તુર્કી મુરઘાને પણ હિંદ અને ચીનમાંથી ઇંગ્લાંડ લેઈ જવામાં આવ્યોછે.

जळलाव. (તખ્તી ૨૮ મી.)

તક્તી ૨૮ મી.



૧. કોચિન્ચિની કે તુર્કી મુરઘો. ૨. સોનેરી તુર્કી મુરઘો.
૩. રૂપેરી તુર્કી મુરઘો. ૪. જળજાન. ૫. ફીલ મુરઘો.
૬. તીતર. ૭. રાની કકડા.

જળભાવ પક્ષી કાંઇક પ્રવાસી છે, પરંતુ ઘણાં પક્ષીઓ આખો શિયાળો ઇંગ્લાંડમાં રહેછે. આ પક્ષી ભેજવાળાં સ્થળોમાં અને બીડોમાં ફર્યા કરેછે. એની માદા બહુધા વિલો અને આલ્ડર ઝાડનાં થડની નીચે માત્ર કરમાઇ ગયેલાં ઘાસ અને થોડાંક પીંછાંનો માળો બાંધેછે. એનાં ઇંડાં મોટાં અને ઝાંખાં પીળચટાં કે લીલાશ પડતાં વેળાં હોયછે અને મોટા છેડાપર મેલાં ટપકાં હોયછે. એના માળાની થડમાં કોઇ જાયછે તો તેનું લક્ષ તે તરફથી ખસેડવાને તેના માથાપર ઢોલ વાગતું હોય તેના જેવો મોટો શોરબકોર કરી મૂકેછે.

આ પક્ષી એશિઆ, યૂરોપ, અને અમેરિકામાં થાયછે. એને ઇંગ્રેજીમાં સ્નેપ કહેછે.

फील मुरघो. (तख्ती २८ मी.)

ફીલ મુરઘાને ઉત્તર અમેરિકામાંથી ઇંગ્લાંડમાં આણ્યોછે. એ મુરઘો હવે ત્યાં ગ્રામ્ય થઇ ગયોછે, અને ડીસેંબર મહીનામાં નાતાલના તહેવારમાં લોકો એનું માંસ મસ ખાયછે.

ફીલ મુરઘો ઇંડાંને ફોડી ન નાંખે તેટલા સારૂ ઢેલની પેઠે ફીલ મુરઘી પણ પોતાનાં ઇંડાંને તેનાથી સંતાડી રાખેછે. આખલાની પેઠે ફીલ મુરઘાને લાલ રંગ ગમતો નથી અને એનાં ટોળાંની આગળ લાલ વાવટો (તેઓ

ખીજવાઈને એની પાછળ પડેછે) ધરીને ઇંગ્લાંડના લોકો તેમને નોર્ફોકથી લંડન દોરી લેઈ જાયછે.

એને ઇંગ્રેજીમાં તુર્કી કહેછે, તેનું કારણ એ કે એને પ્રથમ તુર્કસ્તાનમાંથી આણ્યું હતું એવું લોકો ભૂલથી ધારતા હતા.

तीतर. (તખ્તી ૨૮ મી.)

તીતર ભોંયપર કરમાઈ ગયેલાં સૂકાં ઘાસ અને પાંદડાંનો માળો બાંધેછે અને એની માદા લીલાશ પડતા રંગનાં ૧૪ થી ૨૦ ઈંડાં મૂકેછે. ઘણી વખતે બચ્ચાંને ડિલે ઈંડાંની કોચલીના કડકા વળગેલા હોયછે તે સુદ્ધાં તેઓ સેવાતાં વારને દોડી જાયછે. તીતરની માદા પોતાનાં બચ્ચાંની સારી માવજત લેછે અને એ કામમાં તીતર તેને મદદ કરેછે. આ પક્ષીને અનાજનાં ખેતરમાં ફર્યાં કરવું બહુ ગમેછે. શિકારના પક્ષી તરીકે ઇંગ્લાંડના લોકો તીતરનું જતન કરેછે.

આ પક્ષી એશિઆ, યૂરોપ, અને ઉત્તર આફ્રિકામાં થાયછે.

रानी कूकडो. (તખ્તી ૨૮ મી.)

રાની કૂકડો એ જળલાવ પક્ષીની જાતનું પ્રવાસી પક્ષી છે. એ શિયાળામાં ઇંગ્લાંડમાં દેખા દેછે. એની માદા કાળજી રાખ્યા વગર સૂકા રેસા અને પાંદડાંનો માળો બાં-

નંબર ૨૯ મો.



૧. કોલર્ડ કબૂતર. ૨. જંગલી કબૂતર. ૩. વિલાયતી હોલો. ૪. નકોબિન કબૂતર. ૫. ઉત્તર આફ્રિકાનું કબૂતર. ૬. કાસ-દીઆ કબૂતર. ૭. સાધારણ લાવર. ૮ જંગલનો મુરઘો.

ઘેછે અને કલુંડાં ટપકાંવાળાં ચાર કે પાંચ કાબરા રંગનાં ઈંડાં મૂકેછે.

રાની કૂકડાનાં ટોળાં ઊડતાં નથી, પરંતુ બબે અને ત્રણ ત્રણ ભેગાં ઊડેછે અને ઘણી વખતે એકલો ઊડેછે. એ આખો દહાડો ઘાડી ઝાડીમાં ભરાઈ રહેછે અને રાતની વખતે માત્ર ખાવાનું શોધવાને નીકળેછે. આ પક્ષી ઘણું ભડકણ છે અને સહેલથી સંતાઈ રહેછે, કારણ કે જે ભૂરાં પાંદડાં અને ઘરામાં તે ભરાઈ રહેછે તેમનો અને એનાં પીંછાંનો રંગ સરખો છે. એ બહુ ઝડપથી ઊડેછે. બાલ્ટિક સમુદ્રના કાંઠાપર એનો મૂળ વાસ છે.

कबूतर. (તખ્તી ૨૯ મી.)

કોલર્ડ કબૂતરને ઘણુંકરીને પાંજરામાં પુરી રાખેછે. જેમ કબૂતર પોતાના ગળામાંની અન્નની કોથળીમાંથી પોતાનાં બચ્ચાંને ખવડાવેછે તેમ આ કબૂતર પણ પોતાનાં બચ્ચાંને ખવડાવે છે.

કુમરી કે જંગલી કબૂતર કે કુશત એ કબૂતરની જાતમાં સૌથી મોટું છે અને કબૂતરના ઘૂ ઘૂ અવાજથી એનો ઘૂ ઘૂ અવાજ મોટો અને શોકાતુર છે. આ કબૂતર આપણા દેશમાં તેમજ યૂરોપમાં થાયછે અને જંગલનાં તમામ અથવા હરકોઈ ઝાડપર માળો બાંધેછે. એ માળો લાકડીઓનું એક પ્રકારનું તખ્તક છે અને તે તેમાં બે દૂધ જેવાં

ધોળાં ઇંડાં મૂકેછે. એવી રીતે એ માળો ઉઘાડો હોવાથી બીજી માદા પોતાનાં બચ્ચાંને જેટલીવાર સેવેછે તેનાથી કુમરી કબૂતરી ઘણુંકરીને વધારે વાર સેવેછે. કુમરી ઘણું બેહદ છે અને પાંજરામાં પુરી રાખવાથી ઉછરતું નથી.

ટોટર કે વિલાયતી હોલો પ્રવાસી છે. એ ઈંગ્લાંડમાં વસંત ઋતુમાં દેખા દેછે અને આગસ્ટ મહીનામાં પાછો જતો રહેછે. એ જંગલના ઘણીજ ઝાડીવાળા ભાગમાં ભટકયાં કરેછે અને સૌથી ઉંચાં ઝાડપર માળો બાંધેછે. પોતાની માદા ઉપરના પ્રેમને લીધે એ પ્રખ્યાત છે. વિલાયતી હોલો પાંજરામાં પૂરી રાખવાથી ઉછરેછે.

જાકોબિન કબૂતરના માથાપર ટોપીના જેવું હોયછે. ઉત્તર આફ્રિકાનું જાકોબિન કબૂતર રૂપાળું છે.

તરેહ તરેહનાં કબૂતર દુનિયામાં સઘળે ઠેકાણે દીઠામાં આવેછે.

આપણા દેશમાં પાળેલાં કબૂતરોમાં લોટણ, ગિરેબાજ, શિરાજી, યાહૂ, લક્કી, થરથરી વગેરે કબૂતરની જાત હોયછે.

कासदीआ कबूतर. (તખ્તી ૨૯ મી.)

આ ખૂબસુરત પક્ષી માણસ જાતના પાંખવાળા કાસદ તરીકે સારી પેઠે જાણીતું છે. પારિસ શહેરને ઘેરો ઘાલ્યો હતો તે સમયે ત્યાંના લોકોને તથા અસલના વખતમાં લેડન અને હાર્લેમના રહેવાશીઓને કાસદીઆ

કબૂતરની બૂજ જણાઈ હતી. લોકો કબૂતરની પાંખની નીચે કાગળ બાંધીને તેના જોડે મોકલેછે. એમાંનું એક પક્ષી કલાકે દોઢસો મૈલ કાપતું જાણવામાં આવ્યુંછે. તે ભૂલું પડ્યા વગર શી રીતે પાછું પોતાને મુકામે આવેછે તે વિષે કોઈથી ચોકસ કહી શકાતું નથી.

સાધારણ પ્લાવર. (તખ્તી ૨૯ મી.)

પ્લાવર (જળચર) પક્ષીઓ દુનિયાના ઘણાખરા ભાગમાં દીઠામાં આવેછે. તેમનાં નાનાં નાનાં ટોળાં બહુધા દરિયાકાંઠાની પડોશમાં જોવામાં આવેછે. ઉનાળામાં તેમનાં જોડાં બંધાઈ નદીઓ તથા જમીનના માંહેલા ભાગમાંનાં સરોવરોને તીરે, પર્વતોપર અને ભેજવાળાં ખુલ્લાં મેદાનોમાં ફરતાં ફરેછે. તેમનો ખોરાક નાનાં જીવડાં, દરિયાઈ કીડા, ગોકળગાય, વગેરે છે. એ ભક્ષને તેઓ સમીસાંજે અથવા રાતે ખોળવા નીકળેછે. તેઓ ઉતાવળાં અને જોરથી ઊડેછે અને ઘણી ઝડપથી દોડેછે. તેઓ શોકાતુર અને સિસોટીના જેવો અવાજ ઘણીવાર ફરી ફરીને કરેછે. તેઓ ભોંયમાં નાનો ખાડો ખોદી તેમાં સૂકાં ઘાસના થોડાક સાંઠા પાથરીને માળો બાંધેછે. એનાં ઇંડાંપર ભૂરા રંગની છાંટ હોયછે.

પ્લાવર પોતાનાં બચ્ચાંનો બચાવ કરવામાં ઘણી હિંમત અને બંદાઈ દેખાડેછે. કોઈ છેડેછે તો માળાથી દૂર તેના

માં આગળ થોડેક છેટે ઉડેછે અને ઘાયલ થયું હોય તેવો ઢોંગ કરી જમીનપર રગડી પડેછે, અથવા લંગડું થયું હોય એવું ડોળ કરી પોતાની પાછળ આવવાને તેને લલચાવેછે, પરંતુ માળાથી તે ઘણે છેટે જાયછે તેવારે એકદમ ઉડી જાયછે.

जंगलनो मुरघो. (તખ્તી ૨૯ મી.)

આ પક્ષી ઈસ્ટ ઇંડિસના ટાપુઓમાં અને જંગલોમાં દીઠામાં આવેછે; અને વિલાયતના સાધારણ મુરઘા એના વંશના છે એવું ત્યાંના (વિલાયતના) લોકો ધારેછે.

चमचाना जेवी चांचवाळुं पक्षी. (તખ્તી ૩૦ મી.)

આ પક્ષી એશિઆ, યૂરોપ, અને આફ્રિકામાં થાયછે. એ ક્રૌંચ પક્ષીઓની જાતનું છે અને તેમના સંગાતે દેશાંતર જાયછે. નદીઓને તીરે અને સમુદ્રને કાંઠે એ પક્ષી ફરતું ફરેછે, પરંતુ હાલમાં ઇંગ્લાંડમાં જવલે દીઠામાં આવેછે. દરિયાકાંઠે કોઈ ઉંચા ઝાડપર એ પોતાનો માળો બાંધેછે. એનાં ઇંડાં ધોળાં હોયછે અને તેપર ફીકા રાતા રંગનાં ટપકાં હોયછે. નાનાં માછલાં, ગોકળગાય, દેડકાં, અને જળમાં રહેનારાં જીવડાં આહાર તે એ રહેછે.

शाहमृग. (તખ્તી ૩૦ મી.)

આ રાક્ષસમાં અને બીજાં પક્ષીઓમાં તેના પગને લીધે ભેદ પડેછે. એને પગે માત્ર બે આંગળાં હોયછે, તેમાંનું



૧. ચમચાના જેવી ચાંચવાળું પક્ષી. ૨. શાહમૃગ ૩. મૂગટ-વાળું સારસ. ૪. ક્રૌંચ. ૫. બિટ્ટર્ન. ૬. બગલું.

બહારનું આંગળું અંદરના આંગળાથી ઘણુંજ નાનું હોયછે. શિકારી પશુઓથી અને માણસથી બચવાનો પોતાના દોડવાના વેગ ઉપર વિશ્વાસ રાખી શાહમૃગનાં ટોળેટોળાં આફ્રિકાનાં વિશાળ રણમાં ભટકતાં ફરેછે. શાહમૃગનો માળો રેતીમાં આશરે એકવાર પહોળો અને થોડાક ઇંચ ઊંડો ખાડો માત્ર છે, પરંતુ એની માદા રેતીમાં અને ઘણી વેળા બીજા શાહમૃગના માળામાં પોતાનાં ઇંડાં મૂકેછે. એ એકલાં મૂકેલાં ઇંડાંને ઘણીવાર શિયાળવાં ખાઈ જાયછે. નર અને માદા બંને પોતાનાં ઇંડાંને રાતે સેવેછે. નર ઘણી વેરા પોતાનાં બચ્ચાંની સંભાળ રાખેછે અને પ્લાવર પક્ષીની પેઠે લંગડો થયાનું ડોળ કરી નાનાં બચ્ચાંને પકડવા આવનારાની આગળ દોડી તેમને લાલચમાં નાંખી તેમની કનેથી તેમને દૂર લેઈ જવાનો પ્રયત્ન કરેછે. શાહમૃગ પાંદડાં, બીઆં, અને શિંગો ખાયછે અને વળી કાંકરા ગળેછે તથા રાની તુમડી અને તડબૂચમાં પાણી હોવાથી તે ફળ ખાયછે. એની આંખ એટલી ઊંચી હોયછે કે તે બહુ છેટે જોઈ શકેછે અને શરતના ઘોડા કરતાં વધારે ઉતાવળું દોડેછે. આ પક્ષી ખરૂં જોતાં ઓછી બુદ્ધિનું છે.

मूगटवाळुं सारस. (તખ્તી ૩૦ મી.)

આ પક્ષી આફ્રિકામાં અને ભૂમધ્ય સમુદ્રમાં વસેછે અને માછલાં, કીડા, તથા જીવડાં ખાઇને રહેછે. એ બ-

રનો માળો બાંધેછે તેમાં બે ઇંડાં માયછે.

क्रौंच. (તખ્તી ૩૦ મી.)

આ પક્ષી છાછર નદીઓમાં ફર્યા કરેછે અને માછલાં, દેડકાં, તથા જીવડાં ખાઈને રહેછે. ઊંચાં ઝાડપર અથવા નદીમાંના બરૂમાં પોતાનો માળો બાંધેછે. લાકડીઓને સપાટ સેળભેળ કરીને એ માળો કરેછે. એને ઇંગ્રેજીમાં હેરન કહેછે.

बिट्टर्न. (તખ્તી ૩૦ મી.)

બિટ્ટર્ન એ ક્રૌંચ પક્ષીની જાતનું છે અને એકાંત ઊજડ મેદાનમાં તથા પોચી ભેજવાળી જગ્યામાં રહેછે. ત્યાં તે આખો દહાડો સંતાઈ રહેછે અને રાતે બહાર નીકળેછે. સાંઢના બરાડાના જેવો એનો સાદ છે. આ પક્ષી પેટે ચાલનારાં પ્રાણી, ખેતરના ઉંદર, અને માછલાં ખાઈને રહેછે. એ હાલમાં ઇંગ્લાંડમાં કોઈ કોઈ વખતે દીઠામાં આવેછે. પોચી ભેજવાળી જમીનમાં એ પોતાનો માળો બાંધેછે. એનાં ઇંડાં નીલાશ પડતાં લીલાં હોયછે.

बगलुं. (તખ્તી ૩૦ મી.)

બગલું એશિઆ, યુરોપ, અને આફ્રિકામાં થાયછે અને એક દેશથી બીજે દેશ જાયછે. આ પક્ષી પોતાનાં બચ્ચાં માબાપપર ઘણું હેત રાખેછે, અને પોતાની માદા તથા બચ્ચાંપર પણ માયા રાખેછે. તુર્ક લોકોને તેમજ હો-

તખ્તો ૩૧ મી.



૧. અગ્નિવર્ણું પક્ષી. ૨. માળા ઉપર બેઠેલી અગ્નિવર્ણું પક્ષીની માદા. ૩. લાલરંગનું આઇબિસ. ૪. પવિત્ર-આઇબિસ. ૫. કૂટ.

બાંડ અને ડેન્માર્કના લોકોને બગલું બહુ વહાલું છે. ઘરનાં છાપરાંપર અથવા ઊંચાં ઝાડ અને ખડકપર એ પોતાનો માળો બાંધેછે અને હંસનાં ઈંડાંનાં જેવડાં અને એવાજ રંગનાં બેથી ચાર ઈંડાં મૂકેછે. નર અને માદા વારા ફરતી ઈંડાં સેવેછે.

अग्निवर्ण पक्षी. (તખ્તી ૩૧ મી.)

આ પક્ષીનો રંગ ચળકતો રાતો હોવાથી એને એ નામ આપ્યુંછે. આ રૂપાળા જળચર પક્ષીના પગ એટલા લાંબા હોયછે કે એ લગભગ પાંચ ફુટ ઊંચું એટલે સાધારણ રીતે સ્ત્રી જેટલી ઊંચી હોયછે તેના જેટલું ઊંચું હોયછે. એ એશિઆ, આફ્રિકા,. અને અમેરિકાના ગરમ ભાગમાં વસેછે અને ઉજડ દરિયાંકાંઠે અને પાણથળ જગ્યામાં ફર્યાં કરેછે. ખાતી વખતે આ પક્ષીઓ લશ્કરી સિપાઈઓની પેઠે હારબંધ ઊભાં રહેછે અને ભય જણાય તેવારે ચેતવણી આપવાને એક પક્ષીને ચોકી કરવાને ખડું રાખેછે. બાનગી વેળાએ પહેરેગીર ગુરાઈના જેવો સાદ કાઢેછે એટલે તેઓ સઘળાં ઊડી જાયછે. એ ટોળું ત્રિકોણના આકારમાં ઊડેછે. અગ્નિવર્ણું પક્ષી છીપમાં રહેનારી માછલી, દેડકાં અથવા માછલાંનાં ઈંડાં, અને જીવડાં ખાઈને રહેછે. તેઓ પોતાની વાંકી ચાંચની ચમચો થાય એવી રીતે બાંની ડોકને વાળેછે.—ચિત્ર જુઓ. માદાની

નાની ટેકરી બનાવી તેઓ પોતાનો માળો કરેછે અને ઈંડાં રહે તેટલા સારૂ તેની ટોચે એક બાકું રાખેછે. માદા પોતાના લાંબા પગ દરેક બાજૂએ ટેકવીને આ ટેકરીપર બેસેછે. ચિત્રભણી નજર કરો. એનાં ઈંડાં હંસનાં ઈંડાંનાં જેવડાં અને સાફ ધોળાં હોયછે.

એને ઈંગ્રેજીમાં ફ્લામિંગો કહેછે.

आइबिस.

આંઈબિસ એ એશિઆ, આફ્રિકા, અમેરિકા, અને આસ્ટ્રેલિઆમાં થાયછે. આ પક્ષીઓ નદીઓ, સરોવરો, તથા કાંપ અને પાણીવાળી નીચી જગ્યાને તીરે, અથવા થોડી વારપર પૂર આવ્યું હોય એવાં સ્થળમાં પોતાનો ભક્ષ ખોળવાને ઘુંટણપૂર પાણીમાં ફરતાં નજરે પડેછે. એમનો ખોરાક દેડકાં, જળગરોળી, જીવડાં, અને ગોકળગાય છે. તેઓ દુરંદેશી અને ચોકસ છે. તેઓ કોઈ ઊંચા ઝાડપર માળો બાંધેછે.

લચટક રંગનું આ ાબિસ. (તખ્તી ૩૧ મી.)

આ પક્ષી ઘણું સુશોભિત છે, અને એનાં ટોળેટોળાં અમેરિકાના છેક ગરમ ભાગમાં દીઠામાં આવેછે.

पवित्र आइबिस. (તખ્તી ૩૧ મી.

મિસર દેશની નીલ નદીમાં પૂર આવેછે તે ... રસામાં

આં પક્ષી ત્યાં દેખા દેછે. પાણી ચડે ઉતરેછે તેમ એ પક્ષીની સંખ્યા વધેછે અને ઘટેછે; અને સોવરા એજ કારણથી અસલના મિસરવાસીઓ એ પક્ષીને પવિત્ર ગણી તેના માનની ખાતર દેવલો બંધાવતા અને તે મરી જતું તેવારે તેના મડદામાં મસાલો ભરી રાખી મેલતા. મિસરના લોકો એને પૂજતા તેનું બીજું કારણ એ પક્ષી સાપ ખાયછે તે હશે, કારણ કે તે સમે મિસરમાં પુષ્કળ સાપ હતા.

કૂટ. (તખ્તી ૩૧ મી.)

કૂટ પક્ષીઓમાં અને બીજાં પક્ષીઓમાં તેમનાં આંગળાંને લીધે ભેદ પડેછે. માંહેલા આંગળાને કોર કપાઇને ગોળ કાંગરા પડેલી બે, વચલાને ત્રણ, અને બહારના આંગળાને ચાર પાતળી ચામડી હોયછે. પાછલા આંગળાને તેની આખી લંબાઈ જેટલી સાદી ચામડી હોયછે.

કૂટ પક્ષી એશિઆ, યૂરોપ, અને અમેરિકામાં થાયછે. એનો ખોરાક જળમાં રહેનારાં જીવડાં અને વનસ્પતિ છે. જાડાં સૂકાં ઘાસના નાગરમોથના છોડવામાં બેશ ગૂંથીને અને ઘાસ પાથરીને એ પોતાનો માળો બાંધેછે. એનાં ઈંડાં ઝાંખાં ભૂરાશ પડતાં ધોળાં અને તેપર કાળાં ટપકાં હોયછે. માદા બારથી પંદર ઈંડાં મૂકેછે અને મોસમમાં બે વાર સેવેછે. કૂટ પક્ષી ઇંગ્લાંડમાં, તેમાં વિશેષે કરી સોધામ્પટન નદીમાં અને શેપ્પી બેટમાં સાધારણ છે; અને

ત્યાંના લોકો એવું માનેછે કે એ પક્ષી પ્રવાસી નથી. એનાથી ઘણું વધારે મોટું અને કાળું કૂટ પક્ષી સ્કાટ્લાંડમાં, લાંકાશાયરમાં, અને તેની પડોશનાં કેટલાંક પરગણાંમાં દીઠામાં આવેછે.

पेनग्विन. (તખ્તી ૩૨ મી.)

આ વિચિત્ર જળચર પક્ષીઓ ઉત્તર ધ્રુવની આસપાસના સમુદ્રોમાં થાયછે, અને બહુ જાડાં હોવાથી તેમને એ નામ આપ્યું છે. એના પગ એટલા તો વાંસે હોયછે કે તે ઊભું રહેછે તેવારે ટટાર બેઠેલું હોય એવું દેખાયછે. માદા પોતાના માળાને માટે રેતીમાં ખાડો ખોદેછે અને ઈંડાં સેવતી વખતેજ કાંઠે રહેછે. આ પક્ષી છાતીવાળું છે અને પાણીમાં બેશ તરેછે. એનો ખોરાક માછલાં અને જળમાં રહેનારાં જીવડાં છે.

पफिन. (તખ્તી ૩૨ મી.)

આ પક્ષી પેટ્રલની જાતનું છે અને એના પગનાં આંગળાં પાતળી ચામડીથી સંધાઈ ગયેલાં હોયછે. એ માર્ચ મહીનામાં ઈંડાં મૂકવાને ઠામે જાયછે અને આગસ્ટ મહીનામાં ત્યાંથી પાછું જતું રહેછે. રાબ્બિટના ખડામાં એ પોતાનાં ઈંડાં મૂકેછે; અને વેલ્સમાં બાંગોરની થડમાં, માન ટાપુમાં, સિલ્લિઓટમાં, અને સ્કાટ્લાંડમાં એ પક્ષીનાં ટોળેટોળાં દીઠામાં આવેછે.

તખ્તી ૩૨ મી.



૧. પેનગ્વિન. ૨. પફિન. ૩. છોગાવાળું ગ્રીબ. ૪. બતક. ૫. હંસ. ૬. ઉત્તર ધ્રુવનું મોટું પ્લાવી. ૭. રાજહંસ.

છોગાવાળું ગ્રીબ. (તખ્તી ૩ ૨ મી.)

આ પક્ષી યૂરોપની ઉત્તરે આવેલાં ઘણાંખરાં સરોવરોમાં દીઠામાં આવેછે, અને ઇંગ્લાંડના ઘણા ભાગ માંહેલાં ભેજવાળાં સ્થળોમાં અને સરોવરોમાં સાધારણ છે. આ પક્ષી પાણીમાં તરતા માળામાં ઇંડાં મૂકેછે. એ માળાને સરોવરને કાંઠે ઉગેલાં ઝાડવાં જોડે બાંધીને સ્થિર રાખેછે. એ માછલાં ખાઇને જીવેછે અને ક્રોઇકજ ફેરા પાણીની બહાર આવેછે. પીંછાંને લીધે એ ઘણું કીમતી છે. એનું માંસ ખાવા લાયક નથી તેથી ત્યાંના લોકો ખાતા નથી.

બતક અને હંસ. (તખ્તી ૩૨ મી.)

આ જાણીતાં જળચર પક્ષીઓ જીવડાં, વનસ્પતિ, ધાન્ય, દેડકાં, વગેરે ખાયછે.

હંસ પક્ષી કાંઇએ બુદ્ધિહીન નથી; એ સાવધ અને હેતાળ છે.

ઉત્તર ધ્રુવનું મોટું પ્લાવી અને રાજહંસ.

(તખ્તી ૩૨ મી.)

પ્લાવી (ડૂબકી મારનારૂં) પક્ષી ધ્રુવની આસપાસના પ્રદેશમાં વસેછે. એ સૂકાં ઝાડવાંનો માળો બાંધેછે અને કોઇવાર ખુલ્લી ભોંયપર, પરંતુ કિનારાની થડમાં ઇંડાં મૂકે-

છે. આ પક્ષી માછલાં, મુખ્યત્વે હેરિંગ માછલાં, ખાઈને જીવેછે.

આ પક્ષીને ઇંગ્રેજીમાં ડેવર કહેછે. એનું બીજું નામ લૂન છે.

રાજહંસ બંને ગોળાર્દ્ધમાં થાયછે. એ માછલાં અને જળછોડવા ખાઈને રહેછે અને સૂકા વનસ્પતિ પદાર્થના મોટા ઢગલાનો માળો કરેછે. એ ઢગલાપર માદા પાંચથી સાત ઇંડાં મૂકેછે.

બીજો ભાગ સમાપ્ત.

भाग ३ जो.

माछलां, जंतुओ, अने पेटे चालनारां प्राणीओ.

अनुक्रमणिका.

प्राणीवर्णन.

ભાગ ૩ જો.

दरियाई पक्षीओ, पेटे चालनारां जनावर, इत्यादि.

લાંબી પાંખવાળાં દરિયાઈ પક્ષીઓના પગનું પાછલું આંગળું છૂટું હોયછે અથવા બિલકુલ હોતુંજ નથી; તેમની પાંખ બહુ લાંબી હોયછે; અને કેટલીક જાતનાં પક્ષીઓની ચાંચ છેડેથી વળેલી અને કેટલીક જાતનાંની ફક્ત અણીઆળી હોયછે. દરિયાઈ પક્ષીઓનાં પીંછાં જાડાં અને ચળકતાં, તેલથી ભરેલાં, અને તેપર પુષ્કળ રૂવાંટી હોવાથી જે પાણીમાં તેઓ રહેછે તેનો તેમના શરીરને પાશ લાગતો નથી.

પેટે ચાલનારાં જનાવરોનું લોહી ઠંડું હોયછે. તેમને જીવતાં રહેવાને ગરમીની જરૂર નથી, અને તેમને ભીંગડાં અથવા નરી ચામડી માત્ર હોયછે. એમાંનાં ઘણાંક પ્રાણીઓ ઇંડાં મૂકેછે, પરંતુ તેમને સેવતાં નથી. એ . ાં

સૂર્યના તાપથી અથવા જમીનથી સેવાયછે. પેટે ચાલનારાં પ્રાણીઓ જમીન અને પાણી બંનેમાં રહેછે.


માછલાં ફેફસાંને બદલે ઝાલરવતી પાણીમાંના વાયુનો દમ લેછે અને પાંખવતી તરેછે. તેઓ પાણીમાંજ રહેછે.

જંતુ એ ઈશ્વરે સરજાવેલાં પ્રાણીઓના છેક નીચલા વર્ગમાંનો એક વર્ગ છે. તેઓ વાયુ, પૃથ્વી, અને પાણીમાં રહેછે.

વાવાંઝોડામાં રહેનારું પેટ્રલ. (તખ્તી ૧ લી.)

આ પક્ષી ઉત્તર મહાસાગરમાં વસેછે; પરંતુ જેમ જેમ શિયાળો પાસે આવતો જાયછે તેમ તેમ વધારે સમશીતોષ્ણ પ્રદેશોના સમુદ્રોમાં જાયછે. પવન જોરથી વાયછે તેવારે આ નાનાં પક્ષીઓ મોટાં મોજાંમાં તળે ઉપર જાયછે અને દરિયાનાં ઉછળતાં મોજાંમાં રમેછે તે જોવાની ત્યાંના લોકોને ઘણી રમુજ પડેછે. આ પક્ષી દરિયા કાંઠે એક ફુટ ઊંડો ખાડો ખોદી પોતાનો માળો કરેછે અને તેમાં એક નાનું ધોળું ઇંડું મૂકેછે. નાનું બચ્ચું ધોળી રૂવાટીના ફૂલેલા ગોળ દડા જેવું દેખાયછે. પેટ્રલની માદાના ગળામાંની અન્નની કોથળીમાં પુષ્કળ તેલ ઉત્પન્ન થાયછે તે તે પોતાનાં બચ્ચાંને ખવડાવેછે. પેટ્રલમાં એટલું બધું તેલ હોયછે કે દુનિયાના કેટલાક ભાગમાં રહેનારા લોકો એના શરીરમાં માત્ર દીવેટ ઘાલી તેનું દીવો કરવાનું કોડિયું બ-

તખ્તી ૧ લી.



૧. વાવાઝોડામાં રહેનારૂં પેટ્રલ. ૨. ટર્ન. ૩. સ્કિમ્મર.
૪. જળકૂકડી. ૫. ગાનેટ. ૬. જંગલી બતક.

નાવેછે. દીવેટમાં તેલ ચડેછે અને દીવો ઝગઝગાટ બળેછે.

આ પક્ષીને તોફાની પવન ઘણો ગમેછે, કારણકે પવન જોરથી વાવાથી તેનું ભક્ષ પાણીની સપાટીપર તણાઈ આવેછે; એ કારણથી ખલાશીઓ તેને જુએછે ત્યારે વહેમ અને ડર ખાયછે અને તેને "કેરી માતાનું બચ્ચું" કહેછે.

ટર્ન. (તખ્તી ૧ લી.)

ટર્ન પક્ષીઓ જળકૂકડીની જાતનાં છે અને બંને ગોળાર્દ્ધમાં થાયછે. ઋતુ પ્રમાણે તેમનાં ટોળેટોળાં એક દેશથી બીજે દેશ જાયછે. તેઓ દરિયાકાંઠે તથા ખારવાળી બીની જગ્યામાં ફર્યાં કરેછે, અને કોઇવાર સરોવરો તથા નદીઓની થડમાં જોવામાં આવેછે. તેઓ મુખ્યત્વે માછલાં ખાઇને રહેછે, પરંતુ કાંઠે નાંખી દીધેલું માંસ પણ ખાયછે. તેઓ ખડક માંહેલી નાની ખોભણમાં પોતાનાં ઇંડાં મૂકેછે અને દહાડે સૂર્યનો તાપ લાગે તેટલા માટે ઉઘાડાં રાખેછે. તેઓ રાતની વખતે અને ચોમાસામાં કે શિયાળામાં માત્ર ઇંડાં સેવવાને તેપર બેસેછે. બચ્ચાં સેવાયછે તેવારે તેમની તેઓ ઘણી માવજત લેછે.

સ્કિમ્મર. (તખ્તી ૧ લી.)

સ્કિમ્મર પક્ષીની ચાંચ જુદીજ તરેહની હોયછે. આ

પક્ષી નવી અને જૂની દુનિયાના ઉષ્ણ કટિબંધમાંજ થાય-છે. એ નાનાં માછલાં અને માંસરૂપી પ્રાણીઓ ખાઇને રહેછે. રેતીમાં ખાડો ખોદી તેમાં તે પોતાનાં ઇંડાં મૂકેછે. ટર્ન પક્ષીની પેઠે એ પણ રાતે અથવા ચોમાસામાં કે વા-વાઝોડાની વેળા માત્ર ઇંડાં સેવવાને તેપર બેસેછે. એનાં ઇંડાં ધોળાં હોઈ તેપર ભૂરાશ પડતા કાળા રંગનાં મોટાં ગોળ ટપકાં હોયછે.

જળકૂકડી. (તખ્તી ૧ લી.)

જળકૂકડીઓ દુનિયામાં બધે ઠેકાણે જોવામાં આવેછે. તેઓ દરિયાકાંઠે રહેછે અને માછલાં ખાયછે. આ પક્ષી-ઓ જાડા ઘાસનો અથવા ઘણી વખતે એક જાતના દ-રિયાઈ છોડનો માળો બાંધેછે.

ગાનેટ. (તખ્તી ૧ લી.)

ગાનેટ અથવા સોલન હંસ ઉત્તર ધ્રુવની આસપાસના સમુદ્રોમાં, હેબ્રિડીસમાં, સ્કાટ્લાંડની ઉત્તરે, અને નાર્વેમાં દીઠામાં આવેછે. એ મુખ્યત્વે માછલાં, તેમાં વિશેષે કરીને હેરિંગ અને પિલશાર્ડ માછલાં, ખાઇને જીવેછે. એ બહુ ઊંચેથી પોતાના શિકારપર તૂટી પડેછે. ખડકની ફાટ અને ગુફામાં દરિયાઈ છોડ અને ઘાસનો માળો બાંધેછે અને ત્રણ ધોળાં ઇંડાં મૂકેછે. હેબ્રિડીસના રહેવાશીઓ પોતાનો

તક્તી ૨૭.



૧. જહાજ પક્ષી. ૨. માછીગીર કે કરકોટ.
૩. આલ્બટ્રોસ.

જીવ જોખમમાં નાંખીને ગાનેટનાં ઈંડાં લેછે; ઈંડાં ખોળવાને તેઓ ઊભા ખડકોપર ચઢેછે અથવા કરાડાપર લટકેછે.

जंगली बतक. (તખ્તી ૧ લી.)

ઈંગ્લાંડની પાળેલી બતકો જંગલી બતકના વંશની છે. આ બતક એશિઆ, યૂરોપ, અને અમેરિકાના ઉત્તર ભાગમાં દીઠામાં આવેછે. એને ઇંગ્રેજીમાં માલાર્ડ કહેછે.

जहाज पक्षी. (તખ્તી ૨ જી.)

આ રૂપાળું અને જબરૂં પક્ષી માહીગીર કે કરકોટની જાતનું છે. એ ઉષ્ણ કટિબંધમાં જમીનથી બહુ છેટે ઘણીવેળા દીઠામાં આવેછે. ત્યાં એ ઊડતી માછલીનો શિકાર કરેછે અને ગાનેટ પક્ષી તથા જળકૂકડીપર હુમલો કરી તેમની કનેથી તેમનો શિકાર પાડી નંખાવેછે. ખલાશીઓએ એનું નામ જહાજપક્ષી અને મનવાર પક્ષી પાડ્યુંછે.

આ પક્ષી વસ્તી વગરના ટાપુઓમાં ઝાડપર રહેછે અને એકજ ગોળ ધોળું ઈંડું મૂકેછે. આ મોટું પક્ષી ચંડોળ કે ચક્રવાક પક્ષીના જેટલુંજ ઊંચું ઊડેછે અને ઘણુંખરૂં ઊડ્યાંજ કરેછે એવું કહેવાયછે; તે જમીનપર ભાગ્યે આવેછે અથવા દરિયાની સપાટીપર જવલે વિસામો લેછે! તે હવામાં આરામ લેછે. એના ગળાની નીચે મોટી કોથળી છે તેનો ફેફસાં જોડે તથા શરીરનાં નાનાં હાડકાં જોડે સંબંધ

છે. જહાજ પક્ષી આ કોથળીમાં અને તેમાં થઇને આખા શરીરમાં વા ભરી શકેછે; એમ અંગ ફૂલાવીને તથા મોટી પાંખ પસારીને હવામાં તે અધર રહી શકેછે અને વાવાઝોડામાં ઊંચે જઈ શકેછે. એને ઇંગ્રેજીમાં ફ્રિગેટપક્ષી કહેછે.

माहीगीर के करकोट. (તખ્તી ૨ જી.)

આ પક્ષીના પગના વચલા આંગળાના પંઝાને કરવતના જેવા દાંતા હોયછે તેણે કરીને માછલાંનાં લપશી જાય એવાં શરીરને તે ઝાલી શકેછે. આ પક્ષી માછલાં ખાઇને જીવેછે. એ બહુ ભૂખાળવું છે અને દહાડામાં ત્રણ શેર કે ચાર શેર માછલાં ખાઈ જાયછે એવું કહેવાય છે. કરકોટ દરેક દેશમાં થાયછે અને ઊજડ રાંનમાં રહેછે; પરંતુ એ હળી શકેછે, અને હળી જાયછે તેવારે હેતાળ અને ખુશકારક બનેછે. અમેરિકાના ઇંડિયનો માછલાં પકડવાના ભાલાને પાણીમાં નાંખ્યા કેડે તેમને તરતા રાખવાને માહીગીરની કોથળીનો ફુક્કો કરેછે; તેની મજબૂત ચામડીનાં પહેરવાનાં લૂગડાં બનાવેછે, અને તેનું માંસ ગંધાતું અને બદસ્વાદ હોવા છતાં તે તેઓ ખાયછે. એને ઇંગ્રેજીમાં કોર્મોરાંટ કહેછે.

आल्बट्रोस. (તખ્તી ૨ જી.)

આલ્બટ્રોસ એ દરિયાઈ પક્ષીઓમાં સૌથી મોટું છે અને બંને ગોળાર્દ્ધમાં, વિશેષે કરીને હાર્ન ભૂશિરની પડોશમાં, કેપ

આત્ ગુડ હોપમાં, અને દક્ષિણ મહાસાગરમાં, વસેછે. આલ્બટ્રોસ પક્ષીઓ ઘણીવાર જમીનથી બહુ છેટે ઊડતાં નજરે પડેછે. પવન જોરથી વાયછે તેવારે જહાજ પક્ષીની પેઠે તેઓ આકાશમાં ઊંચે હવા વધારે શાંત હોયછે ત્યાં ઊડેછે. તેઓ માછલાં, માંસરૂપી પ્રાણીઓ (અથવા છીપમાં રહેનારાં જનાવર), અને ઊડતી માછલી પુષ્કળ ખાયછે. તેઓ અકરાંતિયાં થઇને એટલું ખાયછે કે તેમનાથી ઊડી શકાતું નથી. એ વેળા બીજાં દરિયાઈ પક્ષીઓ તેમને હેરાન કરી ખાધેલું ઓકાવી દેછે. તેઓ માટીના અને વનસ્પતિના શેષના માળા બે કે ત્રણ ફૂટ ઊંચા બાંધેછે અને એક શેર ભારનું મોટું ઇંડું મૂકેછે. બચ્ચું નવ મહીનાનું થાયછે ત્યાંલગી માદા તેની સંભાળ લેછે. આલ્બટ્રોસ પક્ષી ઘણું છાતીવાળું છે, અને નાંખી દેવાના કે તાજા માંસનો ભક્ષ ઝુંટવી લેવા જતાં ઝટ પકડાઈ જાયછે. ચાર શેર કે પાંચ શેર ભારની સામન માછલી તે એકજ કોળીએ ગટ કરી જાયછે. આ પક્ષી પાણીમાં પડેલા માણસપરે હુમલો કરેછે અને તેનો ભયંકર શત્રુ છે. એક બાપડો ખલાશી દક્ષિણ મહાસાગરમાં સેંટ પૉલના ટાપુની નજીક વહાણમાંથી દરિયામાં પડી ગયો એટલે બે કે ત્રણ આલ્બટ્રોસ પક્ષીઓ લાગલાં તેની ભણી ધશી આવ્યાં. તેને ઉગારવાને તાબડતોબ હોડી મૂકી; પરંતુ જ્યાં તે પડ્યો હતો ત્યાં ખલાશીઓ

જઈ પહોચ્યા તેવારે તે તેમને મરી ગયેલો જણાયો; તેની ટોપી થડમાં તરતી હતી તેમાં આલ્બટ્રોસ પક્ષીઓએ ચાંચવતી કાણાં પાડ્યાં હતાં તેપરથી એવું ધાર્યું કે તેમણે તેની ખોપરી કોચીને તેનો પ્રાણ લીધો.

આલ્બટ્રોસ પક્ષીનો સ્વર ગધેડું ભૂંકે છે તેના જેટલો મોટો કહેવાય છે.

पेटे चालनारां प्राणीओ.

સામાન્ય રીતે બોલીએ તો આ જનાવરો અકલ વગરનાં અને હિંસક છે અને સઘળા જમાનામાં માણસ જાતનો એમનાપર અભાવ થયેલો છે. તથાપિ એમનાપરે પરમેશ્વરની કૃપા સ્પષ્ટ જણાઈ આવેછે.

भूचर काचबो. (તખ્તી ૩ જી.)

ભૂચર એટલે જમીનપર રેહેનારા કાચબાને તેમની પીઠ ઉપર બહુ ઉંચે કવચ કે ઢાલ હોયછે; તેમના પગ ટૂંકા અને થાંભલાના જેવા છે, અને તેમના પંઝા શિંગડાંના જેવા કઠણ અને ખરીના જેવા છે. તેઓ કેવળ વનસ્પતિ, પાંદડાં, અને ફળ ખાઇને રેહેછે અને પાણીમાં ન રેહેતાં જમીનમાં ખાડો ખોદી તેમાં આખો શિયાળો ભરાઈ રેહેછે.

તખ્તી ૩ જી.



૧. ભૂચર કાચબો. ૨. લીલો ટર્ટલ કાચબો. ૩. ચામડાની પીઠવાળો ટર્ટલ કાચબો.

તેઓ ઘણાં વરસ લગી જીવેછે. ઇંગ્લાંડમાં લામ્બેથ મહેલની વાડીમાં એક કાચબો રહેતો હતો તે સોથી વધારે વરસ લગી જીવ્યો હતો અને પછી અકસ્માતથી મરી ગયો. જમીનપર રહેનારા કાચબાનાં ઈંડાંપર કઠણ, ખરડ અને ધોળી કપોટી હોયછે અને તેમને તે ગરમ રેતીમાં મૂકેછે ત્યાં તેઓ સૂર્યના તાપથી સેવાયછે. ભૂમધ્ય સમુદ્રને કાંઠે આવેલા તમામ ગરમ દેશોમાં એ કાચબો દીઠામાં આવેછે.

टर्टल काचबो.

ટર્ટલ કે દરિયાઈ કાચબાના પગનાં આંગળાં છૂટાં હોયછે અને તેમને તીણા પંઝા હોવા છતાં ચપટી, બેશી ગયેલી પાંખ જેવા બનેછે અને તરવાને માટે માત્ર કામ આવેછે.

ટર્ટલ કાચબા દરિયાઈ છોડવા ખાઈને રહેછે અને ઈંડાં મૂકવાને માટેજ દરિયામાંથી બહાર નીકળેછે. તેઓ સારી રીતે તરેછે અને ઘણીવાર જમીનથી સેંકડો મૈલ દૂર મહાસાગરની સપાટીએ તરતા દેખાયછે. તેઓ એ રીતે ઊંઘી શકેછે; ડૂબકી મારવામાં એ કુશળ છે. તેઓ પોતાની આગલી પાંખવતી રાતની વખતે રેતીમાં ખાડો ખોદી તેમાં પોતાનાં ઈંડાં મૂકેછે. ઈંડાંને ભરતીના પાણીની હદની ઉપલીમેર નિયમસર હારબંધ ગોઠવી સંભાળથી રેતીમાં ઢાંકી દેછે. એમ કર્યા પછી ટર્ટલ કાચબો પાછો દરિયામાં જાયછે. એ કાચબા પુષ્કળ—કોઈવાર બસેં—ઈંડાં મૂકેછે અને

વરસમાં બે કે ત્રણવાર મૂકેછે. પંદર કે વીસ દિવસમાં એ ઈંડાં સેવાઈ રહેછે અને નાજુક તથા કવચ વગરનાં નાનાં બચ્ચાં પાણી ભણી દોડી જાયછે, પરંતુ ટાંપીને બેશી રહેલાં પક્ષીઓ તથા મગર અને માછલાં એટલી બધીવાર તેમને ખાઈ જાયછે કે મુકાબલે ઘણાંજ થોડાં બચ્ચાં બચી જાયછે.

કાંસકીઓ, છીકણી (તપખીર)ની દાબડીઓ, વગેરે બનાવવાના કામમાં આવતું કચકડું બાજના જેવી ચાંચવાળા ટર્ટલ કાચબાની પીઠ ઉપરની ઢાલમાંથી નીકળેછે.

लीलो टर्टल काचबो. (તખ્તી ૩ ૭.)

લીલો અથવા ખાવા લાયક ટર્ટલ કાચબો ઉષ્ણ કટિબંધમાં, પરંતુ મુખ્યત્વે વેસ્ટ ઈંડીસમાં અને આસેન્શનમાં થાયછે. એને "લીલો" કહેવાનું કારણ એ છે કે એની ચરબીનો રંગ લીલો હોયછે. એને ત્યાંના પૈસાદાર લોકો ખાયછે.


ટર્ટલ કાચબો છથી સાત ફુટ લાંબો અને વજનમાં સત્તરથી વીસ મણ થાયછે.

चामडानी पीठवाळो टर्टल काचबो. (તખ્તી ૩ ૭.)

લીલા ટર્ટલ કાચબાને ડિલે ભીંગડાં હોયછે તેમ ચામડાની પીઠવાળા ટર્ટલ કાચબાને ભીંગડાં નહોતાં જાડી ચામડી હોયછે. બધા ટર્ટલ કાચબામાં એ સૌથી મોટો છે

તખ્તી ૪ થી.

૧



૨

૧. મગર. ૨. અમેરિકાનો મગર.

અને મોટો તથા તરેહવાર સાદ કહાડેછે. ટર્ટલ કાચબો ચત્તો થઈ જાયછે તેવારે તેનાથી પાછું પાંખપર ફરાતું નથી તેથી સહેલથી પકડાઈ જાયછે.

મગર. (તખ્તી ૪ થી.)

મગરે આફ્રિકાની અને એશિઆની સઘળી મોટી નદીઓમાં થાયછે. ગરોળીની જાતનાં પ્રાણીઓમાં સૌથી મોટું એ છે. એને ડિલે બખ્તરની પેઠે શિંગડાં જેવાં કઠણ ભીંગડાં હોયછે તેને લીધે એ પ્રાણી ભયંકર છે અને એને મારવું મુશ્કેલ છે. માણસને મગર આખો ને આખો ગળી જઈ શકેછે અને આફ્રિકાની તથા એશિઆની નદીઓમાં તરનારાનો ભયંકર શત્રુ છે. પેટે ચાલનારાં તમામ પ્રાણીઓમાં એ સૌથી મોટો છે.

જે નદીઓમાં મગર રહેછે તેમને કાંઠે રેતીમાં અથવા કાદવમાં એ ઈંડાં મૂકેછે. બચ્ચાં સેવાતાં વારને પાણી ભણી દોડી જાયછે, પરંતુ ટર્ટલ કાચબાનાં બચ્ચાંની પેઠે એનાં સેંકડો બચ્ચાંને પક્ષીઓ વગેરે ખાઈ જાયછે. મગરનું ઈંડું હંસના ઈંડા કરતાં કાંઈક મોટું અને વધારે લંબચોરસ હોયછે. એ ઈંડાનો રંગ ધોળો હોયછે. મગર મુખ્યત્વે માછલાં ખાયછે, પરંતુ જમીનપર રહેનારાં પ્રાણીઓ તેના સપાટામાં આવેછે તેવારે તેમને પણ પકડેછે, અને ઉપર કહ્યું તેમ તે જેટલી સહેલાઈથી માછલાં ખાયછે તેટ-

લીજ સહેલાઇથી માણસને પણ ખાઈ જશે. એ પ્રાણીઓ કેવળ માંસ ખાનારાં છે અને કાંઈક સડવા માંડેલું માંસ તેમને વધારે ભાવેછે.

એટલું ઠીક છે કે મગરનું શરીર અને પૂછડી લાંબાં હોવાથી તેનાથી સહેલથી ફરાતું નથી અને તે કાંઠે આવેછે તેવારે પાછા ફરતાં બહુ અઘરૂં પડેછે, તેથી કરીને માણસ અને જનાવર ઝટ નાશી જઈ શકેછે. પરંતુ પાણીમાં વધારે ઝડપથીં એ હરેફરેછે.

હાલમાં મિસરી મગર મિસર દેશના ઉપલા ભાગમાંજ દીઠામાં આવેછે; પરંતુ સેનીગાલ નદીમાં અને આફ્રિકાની બીજી નદીઓમાં એ હજુએ વસેછે અને છેક હાલમાં ત્યાં જઈ આવેલો એક મુસાફર લખેછે કે ન્યૂગિનીમાં તે સંખ્યાબંધ થાયછે.

अमेरिकानो मगर. (તખ્તી ૪ થી.)

અમેરિકાનો મગર ત્યાંની નદીઓમાં સાધારણ છે. એને કામન પણ કહેછે. એનાં વિકરાળ જડબાંમાં જે કાંઈ સપડાઈ જાયછે તેને તે ઝટ કરી જાયછે, તેથી ત્યાંના લોકો એનાથી બહુ ડરેછે. આ મગરમાં અને આફ્રિકાના મગરમાં જડબાંની રચનામાં માત્ર ફેર છે. અમેરિકાની મગરી નદીઓને રેતાળ કાંઠે ઘણુંકરીને પચાસ કે સાઠ ઈંડાં મૂકેછે. ત્યાં તેઓ સૂર્યના તાપથી સેવાયછે; એમાંનાં ઘણાંક

ઈંડાં સુભાગ્યે પક્ષીઓ અને શિકારી પશુઓ ખાઈ જાયછે.

અમેરિકાનો તથા આફ્રિકા અને એશિઆનો મગર મોટી ઉમર લગી જીવેછે એવું લોકો ધારેછે અને તેમની વૃદ્ધિ ઘણીજ ધીમી છે. અમેરિકાનો મગર ઘણો ખંદો છે. કાંઠે ડાભના જેવા ઘાસમાં તે ભરાઈ રહેછે અને કોઈ જનાવર પાણી પીવા આવેછે એટલે તેને પોતાના દાંત અને ભયંકર પંઝાવતી ઝટ પકડીને પાણીમાં ઘસડી લેઈ જઈ પેશી જાયછે અને પછી ફુરસદે તેને ખાયછે.

અમેરિકાના એક મગર વિષે મી. વાટર્ટન નીચેની વાત કહેછે. તે જણાવેછે કે "આંગસ્ટુરાના ગવર્નર ડાન ફેલેપ ડી ઘનશિઆર્ટી જોડે ઓરિનોકો નદીને કાંઠે હું ફરતો હતો તેવામાં તેણે મને કહ્યું 'ડાન કાર્લોસ, લગીર અહીં ઊભા રહો, હું તમને એક ખેદકારક બનાવ કહુંછું તે સાંભળો. ગયે વરસે એક દહાડો સંધ્યાકાળે આંગસ્ટુરાના લોકો અહીં આલામીડામાં ફરતા હતા તે વખતે હું આ સ્થળથી વીસ વારને છેટે હતો. એ વેળા નદીમાંથી એક કામનને બહાર ધશી આવી એક માણસને ઝાલતાં તથા હરકોઈ માણસ તેની મદદે જઈ પહોચે તે પહેલાં તો તેને પાણીમાં ઘસડી લેઈ જતાં મેં જોયો. કામન તેને તાણી લઈ ગયો તેવારે તે બાપડાએ ત્રાસ છૂટે એવી ચીસો પાડી. તે મગર પોતાના શિકાર સુદ્ધાં પાણીમાં પેશી ગયો, અને પછી અમે

તે માણસને દીઠો નહિ કિંવા તેની બૂમ સાંભળી નહિ."

ગરોળી. (તખ્તી ૫ મી.)

સુંદર નાની ગરોળી એ મોટા મગરની જાતની છે, પરંતુ એ પેટે ચાલનારૂં જનાવર કોઇને ઇજા કરતું નથી. આપણાં ઘરોમાં ગરોળી ફરેછે તે તો તમે દીઠી હશે. એને ચાર પગ, લાંબી ગોળ પુછડી, લાંબું ગોળ શરીર, અને છૂટી તથા છેડે ઓછાવત્તા કાંટાવાળી જીભ હોયછે. એને ડિલે ભીંગડાં હોયછે. આ પ્રાણી આસ્ટ્રેલિઆ અને પાસિફિક મહાસાગરમાંના દ્વીપો સિવાય દુનિયાના તમામ ગરમ ભાગમાં થાયછે. ઇંગ્લાંડમાં એ જાતની ગરોળી થાયછે અને તે ઝાડીમાં રહેછે.

ઇગ્વાના. (તખ્તી ૫ મી.)

આ મોટી ગરોળીયો અમેરિકાના ગરમ ભાગમાં થાયછે. એમાંની કેટલીક વનસ્પતિ ખાયછે અને તેમને ત્યાંના લોકો ખાધામાં સ્વાદિષ્ટ ગણેછે. કેટલીક હરકોઈ વસ્તુ ખાયછે. તેઓ ઘણીવાર પાંચ ફુટ લાંબી હોયછે. તેઓ સહેલથી પાણીમાં તરી શકેછે, પરંતુ બહુધા ઝાડપર રહેછે. ઇગ્વાના રેતીમાં પોતાનાં ઈંડાં મૂકેછે ત્યાં તેઓ સૂર્યના તાપથી સેવાયછે. આપણા દેશમાં પાટલાઘો થાયછે તેના જેવી એ છે.

તખ્તી ૫ મી.



૧. ગરોળી. ૨. ઇગ્વાના. ૩. અળશિયું. ૪. ચંદનઘો, ૫. સરડો કિ કાંકીડો.

अळशियुं. (તખ્તી ૫ મી.)

આ પેટે ચાલનારૂં પ્રાણી ગરોળી અને સાપને જોડનારી કડી છે. એ સાપના જેવું દેખાયછે ખરૂં તથાપિ કોઇને ઇજા કરતું નથી, ભોંયમાં રહેનારા કીડા અને જીવડાંનો આહાર કરેછે. શિયાળામાં એ સુસ્ત પડી રહેછે. એને આંધળો કીડો પણ કહેછે.

चंदनघो. (તખ્તી ૫ મી)

ચંદનઘો એ ઊડતી ગરોળી છે અને એક ઝાડપરથી બીજા ઝાડપર ઠેકડા મારીને જાયછે. એનાથી મોટી અને ચપટી ઘો થાયછે તેને પાટલાઘો કહેછે. ચંદનઘો અને પાટલાઘો આપણા દેશમાં ઠામઠામ જોવામાં આવેછે.

सरडो के कांकीडो. (તખ્તી ૫ મી.)

પેટે ચાલનારાં પ્રાણીઓમાં સરડો કે કાંકીડો ઘણોજ અજાયબ જેવો છે. એ એશિઆમાં, ઉત્તર આફ્રિકામાં, સ્પેનની દક્ષિણે, અને સિસિલીમાં થાયછે અને જીવડાં ખાઇને રહેછે. એના પગ પોપટના જેવા હોવાથી ઝાડની ડાળીઓને તે ઝાલી શકેછે. એની રંગ બદલવાની શક્તિ અદ્ભૂત છે; જે પાંદડાં અને ડાળીઓમાં તે ભરાઈ રહેછે તેમના રંગના જેવોજ આબેહૂબ એનો રંગ થાયછે. ડાળીપર તે હાલ્યા ચાલ્યા વગર પડી રહી પોતાનો શિકાર થ-

ડમાં આવેછે કે લાગલો ચીકણી લાળવાળી જીભ બહાર ક્હાડેછે અને જીવડાને પકડી લેઈ ખાઈ જાયછે. પરંતુ સરડાની જીભજ માત્ર ચપળ છે; બાકી એ પ્રાણી ઘણુંજ ધીમું, મંદબુદ્ધિનું, અને ઢીલું છે, ચાલવામાં થાંથું છે અને ઘણી વેળા તડકામાં બિલકુલ હાલ્યા ચાલ્યા વગર કલાકના કલાક પડી રહેછે. એની એક આંખ બીજી આંખને ફેરવ્યા વગર ફરી શકેછે અને આંખ ઉપર સદા પોપચાં જેવું ઢાંકણ હોઈ તેમાં આંખની કીકીના જેવું નાનું છિદ્ર હોયછે. એની આંખ બહુ મોટી અને આગળ પડતી છે.

સરડો પોતાનો રંગ શી રીતે બદલેછે તે હજુ સૂધી બરાબર જાણવામાં આવ્યું નથી. ઘણુંકરીને તેનો (હમેલી સ્થિતિમાં) આસમાની ખાખી રંગ બદલાઇને લીલો અને વખતે પીળચટો થાયછે અને તેપર નાનાં મોટાં લાલ ટપકાં હોયછે. એ પ્રાણી તડકામાં બેઠેલું હશે તો જે ભાગ **છાંયડામાં** હશે તેનો રંગ ઝાંખો ભૂરો અને રતુમડી ભૂરી છાંટવાળો હશે; અને જે ભાગ **સૂર્યભણી** હશે તે ભૂરો અથવા ખાખી રંગનો હશે. આ રંગને લીધે તેને ઝાડમાં સંતાઈ રહેવાનું સહેલું પડેછે.

કાંકીડા ઘણા દિવસ લગી ખાધા વગર રહી શકેછે; આજ કારણથી તેઓ વાનું ભક્ષણ કરીને જીવેછે એવી કલ્પના ઊઠી હશે. તેમનાં ફેફસાં મોટાં છે અને ચામડીની

નીચે વાનાં કાણાં જોડે એ ફેફસાંનો સંબંધ છે. એ કાણાં વાથી ભરેલાં કે ખાલી હોય તે પ્રમાણે એ પ્રાણી ફૂલેલું કે પાતળું દેખાયછે.

साप.

આ પેટે ચાલનારાં જનાવરને બિલકુલ પગ હોતા નથી, તથાપિ અજાયબ જેવા ઘાટને લીધે તેઓ જળ અને સ્થળ બન્નેમાં સહેલાઇથી ચાલી શકેછે.

સઘળાં જીવતાં પ્રાણીઓમાં ઝેરી સાપ ઘણાજ ભયંકર છે. સુભાગ્યે તેમનો દેખાવ કાંઇક કંટાળો આપે એવો અને હિંસક હોવાથી માણસ અને પશુ એ બંને તેમનાથી ખંચાયછે. તેમનાં જડબાં ઘણુંકરીને નબળાં હોયછે; પરંતુ કેટલાક સાપના જડબામાં તીણા અણીઆળા અને ઉપલા જડબામાં હાલે એવા મોટા અણીઆળા ઝેરી દાંત હોયછે; અને કેટલાક સાપ એટલા જબરા હોયછે કે વાઘને પણ પોતાની ચૂડ ભેરવીને કચરી નાંખી શકેછે.

अजगर. (તખ્તી ૬ ઠી.)

અજગર એ ગંજાવર સાપ છે. મોટાં પશુઓને, વાઘ સુદ્ધાંને, તે ગળી જાયછે; પોતાના શિકારને તે એટલા જોરથી ચૂડ ભેરવેછે કે તે પ્રાણીને ગુંગળાવી નાંખી તેનાં હાડકાંના ચૂરેચૂરા કરી નાંખેછે.પછી પ્રથમ તેનું માથું ખાય-

છે અને ત્યાર કેડે બીજા ભાગ થોડે થોડે ગળી જાયછે. તે ખૂબ ધરાયછે ત્યારે ખાવેલું પચ્યો પાછી ભૂખ લાગતાં સૂધી સુસ્ત પડી રહેછે.

આ સાપની કેટલીક જાત ગાયેનાનાં તથા અમેરિકા ખંડના બીજા ગરમ ભાગનાં કાદવ અને ભેજવાળાં નીચાં સ્થળોમાં થાયછે; અને કેટલીક જાત ભરતખંડમાં, આ-ફ્રિકામાં, અને મોટા હિંદી ટાપુઓમાં વસેછે. એમને ઝેરી દાંત હોતા નથી; પરંતુ ઉપર કહ્યું તેમ પોતાની મોટી ચૂડના સ્નાયુઓના બળથીજ પ્રાણીઓને મારી નાંખેછે. અજગર ત્રીસથી પાંત્રીસ ફુટ લાંબો હોયછે. એની આખી પીઠપર વારાફરતી કાળાં અને પીળાં ટપકાં હોયછે.

पाइथन. (તખ્તી ૬ ઠ્ઠી.)

આ સાપ અજગરની જાતનો અને તેના જેટલોજ મોટો છે. અજગરની પેઠે એને પણ ઝેરી દાંત હોતા નથી; પરંતુ એના તીણા દાંતની ધાર પાછલીમેર હોયછે, અને દાંતવતી કાંઈ પણ ઝાલેછે તો તેને છોડવવું મુશ્કેલ પડેછે. તે પોતા-ના શિકારને દાબીને મારી નાંખેછે. જેમ અજગર લાળ ચોપડેછે તેમ એ પણ તેને લાળ ચોપડેછે અને પછી ગળી જાયછે. પાઇથનનાં ઈંડાં નાના પક્ષીનાં ઈંડાં જેવડાં મોટાં હોયછે.

પાઇથન આફ્રિકામાં અને ઇસ્ટ ઈંડીસમાં થાયછે.

તખ્તી ૮ મી.



૧. સાધારણ ભેક. ૨. દક્ષિણ અમેરિકાનો ભેક. ૩. દેડકો.
૪. મોટો સમંડર.

રની માળાને આકારે તે પોતાનાં ઈંડાં મૂકેછે. એ ઈંડાં નાનાં, પારદર્શક, એક જાતના ખનિજ પત્થરના કાળા મણકા જેવાં દેખાયછે. ચૌદ દિવસમાં ઈંડાંમાંથી બચ્ચાં નીકળેછે અને પૂછડી ખરી પડતાં લગી પાણીમાં તર્યા કરેછે, અને (શરદ ઋતુમાં) કાંઠે આવેછે તેવારે મોટા ભેક જેવા ભેક હોયછે. ભેક એ જળસ્થળચારી એટલે પાણીમાં અને જમીનપર રહી શકે એવું પ્રાણી છે. ખાધાવગર ઘણી લાંબી મુદત સૂધી એ જીવી શકેછે. અમુક મુદતને અંતરે તે પોતાની ખાલ ઉતારેછે. શિયાળામાં પોલાં ઝાડમાં અને ખાડામાં ભરાઇને તે સુસ્ત પડી રહેછે.

ભેક જીવડાં ખાઇને રહેછે. સરડાની પેઠે પોતાની જીભ ઝડપથી તેમની વચ્ચે નાંખી તેમને તે પકડી લેછે. એની જીભનું ટેરવું ચીકણું હોયછે તેમાં જીવડાં વળગી આવેછે તેમને તે જીવતાંને જીવતાં ગળી જાયછે.

दाक्षिण अमेरिकानो भेक. (તખ્તી ૮ મી.)

આ ભેકની અને સાધારણ ભેકની ટેવ પરસ્પર મળતી આવેછે. પરંતુ દક્ષિણ અમેરિકાનો ભેક કદે બહુ મોટો હોયછે અને એનો ગણગણતો અવાજ મોટો, કઠોર, અને દુખીઆરૂં બાળક રડેછે તેના જેવો છે.

देडको. (તખ્તી ૮ મી.)

દેડકો ચંચળ છે. એ ઠેકડા મારેછે અને ભેક હળવે હ-

ળવે ચાલેછે. દેડકાને પાણીને બદલે જમીનપર રહેવું બહુ ગમેછે. દેડકી પોતાનાં સ્વચ્છ, ગોળ, કાળા મણકા જેવાં ઈંડાં માર્ચ મહીનામાં પાણીમાં મૂકેછે. ત્યાં આશરે પાંચ અઠવાડીઆંમાં બચ્ચાં સેવાઈ રહેછે. દેડકો જીવડાં ખાઈને રહેછે. એકની પેઠે તે તેમને પોતાની લાંબી વેગવાળી જીભ વતી પકડી લેછે. જીભના ટેરવાને જાણે તે ગળી જતો હોય તેમ તેની જીભ મોંની અંદર છેક પાછળ રહેછે. ઘણા દેશોમાં લોકો દેડકાં ખાયછે.

દેડકાંનો ગણગણતો અવાજ ઘણોજ મોટો અને કંટાળો છૂટે એવો છે, અને ઘણાં દેડકાં ભેગાં મળેછે તેવારે તેઓ કાન ફોડી નાંખે એવો કઠોર અવાજ કહાડેછે.

મોટો સમંડર. (તખ્તી ૮ મી.)

મોટો સમંડર જાપાનમાં થાયછે; ખરૂં જોતાં નિફોન બેટનાં સરોવરો અને વહેળામાં માત્ર દીઠામાં આવેછે. આ સમંડર યૂરોપના સાધારણ સમંડરની જાતનો છે. યૂરોપી સમંડરવિષે ત્યાંના લોકો પહેલાં એવું માનતા હતા કે તે અગ્નિમાં જીવી શકતો; પરંતુ એ માત્ર વહેમ છે.

ઉત્તર અમેરિકાનાં મીઠાં પાણીમાં બીજી જાતનો સમંડર થાયછે તેને ત્યાંના લોકો કાદવનો સેતાન કહેછે.

આ સમંડર હમેશાં પાણીમાં રહેછે, પરંતુ વગર ગાલરે વાનો દમ લેછે.



૧. કરવતી માછલું. ૨. ટપકાંવાળું શ્વાન માછલું. ૩. મોજો તંતુ. ૪. હથોડા જેવા માથાવાળો તંતુ. ૫. સુકાની માછલું.

મોટો સમંડર ઘણીવાર પોતાની ખાલ ઉતારેછે અને તેના મોટા કડકા પોતાના મોંમાં પકડીને પાછલીમેર પૂછડીપર ખેંચેછે. એ ઘણીવાર ત્રીસ ફુટ લાંબો હોયછે. એનાં બચ્ચાં જન્મેછે તેવારે દેડકાંનાં બચ્ચાંના જેવો તેમનો આકાર હોયછે. આ સમંડરની આંખ ઘણીજ નાની હોયછે અને તેની ચામડીપર કાળાં ટપકાં ટપકાં હોવાથી ઘણી ફેરા દેખાતી પણ નથી. એના શરીરનો હરકોઇ ભાગ અકસ્માતથી કપાઈ જાયછે તેવારે તેને ફરી પેદા કરવાની એનામાં અસાધારણ શક્તિ છે.

માછલં.

માછલાંને પાણીમાં રહેવાને અને તરવાને માટે ઉત્પન્ન કર્યાંછે; તેથી તેઓ ફેફસાંને બદલે ઝાલરવતી દમ લેછે; તેઓ પાંખવતી તરેછે અને તેમની પૂછડી તેમને તરવામાં મદદ કરેછે. વળી તેમના શરીરની અંદર ઘણુંકરીને વાનો ફુગ્ગો હોયછે તેને ફુલાવીને તેઓ પાણીની ઉપર તરી આવેછે અથવા દબાવીને નીચે જતાં રહેછે.

કરવતી માછલું. (તખ્તી ૯ મી.)

કરવતી માછલું વિશેષે કરીને તેના અતિશય લાંબા નાકને લીધે ઓળખાઇ આવેછે. એ નાકનો તરવારના પાનાના જેવો આકાર હોયછે અને તેની પ્રત્યેક ધાર ઉપર

મજબૂત, તીણા, અણીઆળા હાડકાના કાંટા કાંટા હોયછે. આ ભયંકર શસ્ત્રને લીધે મોટામાં મોટા વ્હેલને મારવાની તે છાતી ચલાવેછે. એનાં જડબાંમાંના દાંત નાના કાંકરાની ફૂશઁઅંદીના જેવા દેખાયછે. કરવતી માછલું લગભગ પંદર ફુટ લાંબું હોયછે. તંતુઓ (શાર્ક માછલાં) જોડે એનો બહુ પાસેનો સંબંધ છે.

ટપકાંવાળું શ્વાનમાછલું. (તખ્તી ૯ મી.)

ટપકાંવાળું શ્વાનમાછલું તંતુની એક જાત છે, વિલાયતમાં શ્વાન માછલાંનાં ઈંડાં ઘણીવાર છોકરાંને દરિયાકાંઠે જડેછે તેમને તેઓ જળસ્ત્રીઓની કોથળીઓ કહેછે. શ્વાનમાછલાના ભેજામાં પુષ્કળ તેલ હોયછે. સાધારણ તંતુના શરીરપર પત્થરના જેવા કઠણ નાના પુષ્કળ કાંટા હોયછે તેમ શ્વાનમાછલાના અંગની ચામડીપર પણ હોયછે. એ ચામડી સૂકાયછે તેવારે ઘણીજ ખડબચડી થઇ જાયછે તેથી એક પ્રકારની કાનસ બનેછે. એને સાઘરી (ઇંગ્રેજી શગ્રીન) કહેછે. આ કાનસ હુનરોમાં હાથીદાંત જેવા નક્કર પદાર્થોને ઓપવામાં ઘણી ખપ લાગેછે.

ધોળો તંતુ. (તખ્તી ૯ મી.)

હિંદી મહાસાગર, આટ્લાંટિક મહાસાગર, અને દક્ષિણ સમુદ્રોમાં ફરનારા વહાણવટીઓ ધોળા તંતુઓથી બહુ

ત્રાસ પામેછે. એના મોટા મોંની અંદર ત્રિકોણાકાર હાલતા દાંત હોયછે તેમની સંખ્યા જેમ જેમ તંતુ ઉમરે મોટો થતો જાયછે તેમ તેમ વધેછે. એ દાંત ચપટા અને નસ્તરના જેવા હોયછે અને કાપનારી ધારને કરવતના જેવા દાંતા હોયછે. નાના માછલાને દાંતની એકજ હાર હોયછે અને મોટા માછલાને છ હાર હોયછે. તંતુ અતિશય ખાવરોછે. માણસ તેના સપાટામાં આવેછે તો તે તેના બે કોળિયા કરેછે; અને ખાવા લાયક હોય કે ન હોય તેવી હરેક વસ્તુ ગટ કરી જાયછે. સિડ્નીમાં એક તંતુ ઝલાયો હતો તેના પેટમાંથી ડુક્કરની અડધી જાંગ, ઘેટાંના કેટલાક પગ, ડુક્કરનો પગ સુદ્ધાં પાછલો ભાગ, ગળે બાંધેલી દોરી સુદ્ધાં બુલડૉગનું માથું અને આગલા પગ, ઘોડાનું થોડુંક માંસ, ટાટનો કડકો, અને વહાણની ખુરપી, એટલાં વાનાં નીકળ્યાં હતાં. તંતુ ઘણોજ જોરાવર અને વીસ કે ત્રીસ ફુટ લાંબો હોયછે. એના કલેજામાંથી લગભગ ત્રણ મણ તેલ નીકળી શકેછે.

હથોડાના જેવા માથાવાળો તંતુ (તખ્તી ૯ મી.) એનાથી ઓછો જોરાવર અને વિકરાળ છે. તંતુને ઈંગ્રેજીમાં શાર્ક કહેછે.

સુકાનાં માછલું. (તખ્તી ૯ મી.)

આ માછલું વહાણોમાંથી જે કાંઈ નાંખી દે તે લેવાને તેમની પાછળ પાછળ જાયછે તેથી એને સુકાની માછલું

કહેછે; અને એવું કહેવાયછે કે એ માછલું તંતુને તેનો શિકાર દેખાડેછે. સુકાની માછલું શુમારે એકજ ફુટ લાંબું હોયછે. એને ઈંગ્રેજીમાં પિલટફિશ કહેછે.

शंकुचिओ.

માછલાંના જે વર્ગમાં તંતુઓ છે તેજ વર્ગમાં શંકુચિ માછલાં છે. તેમનાં જડબાંમાં પુષ્કળ દાંત હોયછે; અને તેઓ ઈંડાં મૂકેછે તેમની કપોટી શિંગડાંના જેવી કઠણ હોયછે. શંકુચિની જાતનાં માછલાંમાં, શંકુચિ, કંટકપૃષ્ટી (કાંટા કાંટાવાળી પીઠવાળાં) માછલાં, અને ટાર્પીડો અથવા વીજળિક રે માછલાંનો સમાવેશ થાયછે. શંકુચિને ઈંગ્રેજીમાં સ્કેટ કહેછે.

टार्पीडो. (તખ્તી ૧૦ મી.)

વીજળીના આંચકા આપવાની ટાર્પીડો માછલામાં શક્તિ છે. એનાં વીજળીનાં સાહિત્યમાં પાતળી ચામડીવાળી કેટલીક નળીઓ છે તેઓ મધપૂડાનાં છિદ્રોની પેઠે એક એકની બહુજ થડમાં હોયછે. એ છિદ્રોમાં ચોકણો પ્રવાહી ભરેલો હોયછે અને પુષ્કળ જ્ઞાન તંતુઓ હોયછે.

વીજળિક બામ માછલીને અડકવાથી જેવો જબરો આંચકો લાગેછે તેના કરતાં ટાર્પીડોને અડવાથી ઓછો જબરો લાગેછે, તથાપિ જે કોઇ શખ્સ એને અડેછે તેનો

તખ્તી ૧૦ મી.



૧. ટારપીડો. ૨. કંટકપૃષ્ઠી. ૩. ખડ્ગ મચ્છ.
૪. ગોળ માછલું.

હાથ જૂઠો પડી જાયછે. એ કારણથી એને તાણ ઉત્પન્ન કરનારૂં માછલું કહેછે. ટાર્પીડો ઘણુંકરીને પોતાનો શિકાર ઝાલવાને પોતાના વીજળિક યંત્રનો ઉપયોગ કરેછે,કેમકે બીજાં માછલાં, છીપમાં રહેનારાં માંસરૂપી પ્રાણી, વગેરેનો એ આહાર કરેછે. ટાર્પીડો ભૂમધ્ય સમુદ્રમાં અને આટ્‌લાંટિક મહાસાગરમાં રહેછે, અને ઘણી વખતે ઈંગ્લાંડના દક્ષિણકાંઠાપર દેખા દેછે. અસલના વખતમાં માથાનું દરદ મટાડવાને ત્યાંના લોકો એને કામમાં લેતા.

कंटकपृष्ठी. (તખ્તી ૧૦ મી.)

શંકુચિ માછલાંની જાત બહોળી છે અને તેમાં કંટકપૃષ્ઠી માછલાનો સમાસ થાયછે.

આ માછલાની આંખ તેના માથાની પાછલીમેર હોયછે. એની પૂછડી ઘણી નાજુક હોયછે.

એની પૂછડીપર કાંટા કાંટા હોવાથી એને એ નામ આપ્યું છે. એ પૂછડી વતી તે પોતાના દુશ્મનથી પંડનો બચાવ કરેછે. એને ઇંગ્રેજીમાં થોર્નબેક કહેછે.

खड्ग मच्छ. (તખ્તી ૧૦ મી.)

આ માછલાનું ઉપલું જડબું લાંબું થઈને તેનો તરવારના જેવો આકાર બનેછે તેપરથી એને ખડ્ગમચ્છ કહેછે. આ માછલું (એની ભયંકર તરવાર પંદર ફુટ લાંબી હોયછે) આટ્‌લાંટિક મહાસાગરમાં જેટલીવાર દીઠામાં આવેછે તેના

કરતાં ભૂમધ્ય સમુદ્રમાં વધારેવાર જોવામાં આવેછે. એ ભાલાવતી પકડાયછે. એનું માંસ પોચું અને ઘટ્ટ છે તેને ત્યાંના લોકો સ્વાદે સ્વાદે ખાયછે. ખડ્ગમચ્છ કોઈ કોઈવાર પોતાની મોટી તરવાર વહાણોમાં અને મનવારોના તળિયામાં ભોકેછે. એ તરવાર ઘણીવાર વહાણના તળિયામાં ભાગી ગયેલી જોવામાં આવીછે. આ માછલું કોઇ કોઈ પ્રસંગે વહાણને ગાબડાં પાડી ડૂબાવી દેછે એ ઘણું સંભવિત છે. એને ઇંગ્રેજીમાં સોર્ડફિશ કહેછે.


ગોળ માછલું, ઇત્યાદિ.

આ વર્ગનાં માછલાંને સ્પષ્ટ દાંત હોતા નથી, પરંતુ તેમનાં જડબાંમાં ચાંચના જેવું હોયછે. માંહેલી કોરે એ ચાંચનાં ચકતાંમાં વિભાગ થઈ સપાટી બનેછે તેવડે ખોરાક દળાયછે.

ગોળ માછલું. (તખ્તી ૧૦ મી.)

પોતાના શરીરમાં વા ભરીને બલૂન (વિમાન)ની પેઠે ફૂલવાની ગોળ માછલામાં શક્તિ છે. એ તેના બચાવનું એક સાધન થઈ પડેછે; કારણ કે તેની ચામડી એ રીતે ફૂલેછે તેવારે તેપરના કાંટા ઊભા થાયછે અને સામું થવાને જાણે તે સજ્જ થાયછે. તે એ રીતે ફૂલેછે ત્યારે પીઠપર ચત્તું થઈ દરિયાની સપાટીપર તર્યા કરેછે. ગોળ માછલાં ઉષ્ણ કટિબંધમાં થાય છે.

તખ્તી ૧૧ મી.



૧. વીજળિક બામમાછલી. ૨. બામમાછલી ૩. લામ્પ્રે.
૪. મ્યુરિના. ૫. રીમોરા. ૬. લમ્પસકર.

તેમનાં જડબાં આખાં હોયછે અને દરેકમાં દાંતના જેવો માત્ર એકેકો કડકો હોયછે.

ગોળ માછલાંને ફૂલનારાં માછલાં, શાહુડી માછલાં, અને બલૂન માછલાં કહેછે. આ સઘળાં નામ તેમને બરાબર લાગુ પડેછે.

वीजाळिक बाम माछलीओ. (તખ્તી ૧૧ મી.)

ખુશીમાં આવે તેવારે વીજળીના જબરા આંચકા આપવાની વીજળિક બામ માછલીમાં શક્તિ છે.

વીજળીના યંત્રનો વિસ્તાર પીઠ અને પૂછડીના તમામ ભાગપર છે. એમાં છિદ્રોની ચાર ઓળો હોઈ તેઓમાં ચીકણો પદાર્થ ભરેલો હોયછે તથા બહુ મોટી જ્ઞાનતંતુઓ હોયછે. આ ભયંકર માછલાં દક્ષિણ અમેરિકામાં એટલાં સાધારણ છે કે જે નદીઓ ઓળંગીને સામેપાર જવું હોયછે તે નદીઓમાં કોઇવાર તેમની સંખ્યા વધી પડવાથી જવા આવવાનો રસ્તો બંધ પડેછે. પાણીમાં વીજળી ઉતાવળે પ્રસરેછે, તેથી કેટલેક છેટે ઊભેલા માણસને તેનો આંચકો લાગવાનો સંભવ છે, અને નાનાં માછલાં તો પંદર ફુટને અંતરેથી એ વીજળીથી પૂરાં થાયછે.

बाम माछलीओ. (તખ્તી ૧૧ મી.)

બામ માછલીઓની એકજ જાત છે. તેમના શરીરનો ઘાટ લાંબો હોયછે અને તેમની ચામડી જાડી, નરમ, અને કાંઇક ભીંગડાંવાળી હોયછે.

બામ માછલીઓ ઘણીજ ખાવરી અને અતિશે ચંચળ છે. તેઓ આગળ અને પાછળ બેશ તરેછે અને તેમની ચામડી એટલી લીશી હોયછે કે તેમને પકડવી મુશ્કેલ પડેછે. તેઓ પોતાની જિંદગીનો ઘણો ભાગ મીઠા પાણીમાં રહેછે અને તળાવ, સરોવર, તથા નદીઓમાં આવજા કરેછે. ઘણુંકરીને હમેશા તેઓ દહાડે કાદવમાં દટાઈ અથવા કાંઠાની નજીક ખાડા ખોદી તેમાં ભરાઈ રહેછે. પાણી સ્થિર થાયછે તેવારે તેઓ બહાર નીકળી જમીનપર સાપની પેઠે પેટ ઘસડીને કોઈ સારે ઠેકાણે જાયછે. તેઓ પાણીની બહાર ઘણીવાર લગી રહેછે, પણ મરી જતી નથી. તેઓ દરિયામાં ઈંડાં મૂકેછે અને મીઠા પાણીમાં રહેવાને બચ્ચાં વસંત ઋતુમાં નદીઓમાં જાય છે.

लाम्प्रे. (તખ્તી ૧૧ મી.)

દરિયાઈ લાંપ્રે માછલું બે કે ત્રણ ફુટ લાંબું હોયછે. એ યૂરોપ અને અમેરિકાને કાંઠે વસેછે અને વસંત ઋતુમાં પોતાનાં ઈંડાં નદીઓમાં જઈને મૂકેછે. દરિઆઈ પ્રાણીઓ અથવા મુએલાં જનાવરોના કડકાનો એ આહાર કરેછે; પરંતુ મોટાં માછલાંનેએ બાઝેછે અને તેમની ચામડી કોચી તેમને મારી નાંખેછે. યૂરોપ અને અમેરિકાના લોકો એના માંસને ખાધામાં સ્વાદિષ્ટ ગણેછે.

લાંપ્રેની જે જાત નદીઓમાં રહેછે તે નાની હોયછે.

मुरीना, रीमोरा, अने लम्पसकर. (તખ્તી ૧૧ મી.)

મ્યુરીના માછલાં ભૂમધ્ય સમુદ્રમાં પુષ્કળ થાયછે. એ માછલાંને અસલના યૂરોપી લોકો ઘણાંજ કીમતી ગણતા હતા. રૂમી લોકો માછલાં પાકે તેવાં મોટાં તળાવોમાં સેંકડો મ્યુરીના માછલાંને રાખીને ઉછેરતા, તેમને ઘરેણાં પહેરાવતા, અને તેમને પોતાના ધણીનો સાદ સાંભળી તેની કને દોડી આવતાં શીખવતા.

રીમોરા માછલાને તેના માથાના પાછલા ભાગપર ચપટું ચક્ર હોયછે તે વડે તે ચૂશીને ખડક, વહાણ, અથવા તંતુ અને બીજાં માછલાંનેએ બાઝી શકેછે. કહેછે કે કાફ્રેરિઆને કાંઠે લોકો એની કને માછલાં પકડવાનું કામ કરાવેછે. એને માછલાં અને ટર્ટલ કાચબાની પાછળ ફેંકી તે તેમને બાઝેછે કે તુરત તેના પૂછડીએ બાંધેલી દોરી તાણીને તેને ખેંચી લેછે.

લમ્પસકર માછલાને પણ ચીકણું ચક્ર હોયછે તે વડે તે ખડક અથવા પ્રાણીઓને સજડ વળગેછે, અને બાઝ્યા કેડે તેને છોડવવું ઘણું કઠણ પડેછે. થોડાક ગ્યાલન× પાણી ભરેલી કૂંડીને એક લમ્પસકર બાઝ્યું હતું તેને પકડીને કૂંડીને ઊંચકી, પરંતુ તે ઊંચકાયું તેવારે તેણે કૂંડીને ફેંકી દીધી નહિ.


× એક ગ્યાલનમાં દશ શેર પાણી માયછે.

चपटां माछलां. (તખ્તી ૧૨ મી.)

જીભી માછલું (સોલફિશ) આ વર્ગનું છે. એનો ઘાટ પહોળો પણ પાતળો છે, અને બીજાં માછલાં જેમ પીઠ ઉપલે પાસે રાખીને તરેછે તેમ નહિ તરતાં એ માછલું એક પાસાપર તરેછે. એ સાગરને તળિયે રહેછે, અને પોતાનું ચપટું અને પાંખની ઝાલરવાળું શરીર હલાવીને આગળ ચાલેછે.-એની ચાલ કાંઇક ધીમી છે તેને લીધે એને પોતાના શત્રુથી બચવાને સંતાઈ રહેવું પડેછે. એના સૌથી ઉપલા પડખાનો રંગ ધુંધળો ભૂરો હોવાથી જે કાદવમાં તે રહેછે તેની અને એની વચ્ચે ભેદ જણાતો નથી તેથી કરીને શત્રુથી એનો બચાવ થાયછે; અને કઈ જગ્યામાં ભરાઈ રહેવાથી પંડનો બચાવ થશે તે તે એટલું સારૂં જાણેછે કે તેને સંકટ આવી પડેછે તેવારે દોડીને નાશી ન જતાં છેક તળિયે પેશી જઈ જરાએ હાલ્યા ચાલ્યા વગર પડી રહેછે.

વળી એ પ્રાણીની તંગીઓ પૂરી પાડવાને તેના માથાનો ઘાટ બીજાંઓથી જુદોજ અને અજાયબ જેવો કરેલો છે. બીજાં બધાં જનાવરોને તેમના માથાને દરેક પડખે એકેકી આંખ હોયછે તેમ એની આંખ હોત તો સ્પષ્ટ છે કે ચપટાં માછલાં જેઓ ઉપર કહ્યા પ્રમાણે હમેશા પેટ ઘસડીને ચાલેછે તેમનાથી એક આંખે તો દેખી શકાતજ નહિ, કાર-

તખ્તી ૧૨ મો.



૧. જીભી માછલું. ૨. ટબી માછલું. ૩. કાનસ માછલું.
૪. સ્ટર્જન. ૫. સૂર્યમુખી માછલું.

ણુ કે તે સદા કાદવમાં દટાયલી રહેવાથી કેવળ નકામી થાત. આ મુશ્કેલી મટાડવાને તેના માથાની ચડમાંનું હાડપિંજર એક પડએ એકાએક વળી જાયછે, તેથી જે પડખું સૌથી ઉપલીમેર રહેછે તેમાં બન્ને આંખ હોવાથી બેઉ કામમાં આવેછે.

टन्नी माछलुं. (તખ્તી ૧૨ મી.)

ટન્ની માછલાનો આકાર ગંજાવર માકરેલ માછલાના જેવો છે. એ મુખ્યત્વે ભૂમધ્ય સમુદ્રમાં વસેછે. એનું માંસ યુરોપી લોકોને ઘણું ભાવેછે. ટન્ની માછલું બહુજ મોટું હોયછે; એનું વજન પચીસ મણ થાયછે.

कानस माछलुं. (તખ્તી ૧૨ મી.)

કાનસ માછલાનું નાક તેની આંખ આગળથી લાંબું થયેલું હોયછે અને તેને છેડે નાનું મોં હોઈ તેમાં છૂટા છૂટા થોડાક દાંત હોયછે તેપરથી એ ઝટ ઓળખાઈ આવેછે. એના દાંતને કાનસના જેવા દાણા દાણા હોવાથી એને કાનસ માછલું કહેછે. એની ચામડી બહુધા ખડબચડી અથવા તેનાપર કઠણ ભીંગડાં ભીંગડાંવાળી હોયછે. કાનસ માછલું ઉષ્ણ કટિબંધમાં થાયછે. એને ઈંગ્રેજીમાં ફાઈલફિશ કહેછે.

स्टर्जन. (તખ્તી ૧૨ મી.)

સ્ટર્જન માછલાને ડિલે ઓછાં વત્તાં હાડકાનાં ચકતાં હોઈ

ચામડી જોડે લાંબી હારમાં સજડ વળગેલાં હોયછે. એનું મોં ચૂસવાને માટે કરેલું છે અને તેમાં એકે દાંત નથી. આ માછલાં ઘણાં જોરાવર છે. તેઓ ઘણાજ વેગવાળા પ્રવાહને સામે વહોએ સહેલથી જાયછે અને પૂછડી વતી જબરા ઘા મારી શકેછે; પરંતુ તેઓ ઘણુંકરીને શાંત છે, અને જે નાનાં પ્રાણીઓને રક્ષણનાં સાધનો હોતાં નથી તેમને માત્ર પીડા કરેછે. તેઓ હેરિંગ, માકરેલ, અને વખતે સામન માછલાંનો આહાર કરેછે અને વળી કીડા તથા માંસ રૂપી પ્રાણીઓને કાદવમાંથી કહાડીને ખાયછે. વસંત ઋતુમાં તેમનાં ટોળેટોળાં ઇંડાં મૂકવાને દરિયામાંથી અમુક નદીઓમાં જાયછે. બચ્ચાં બહુ વહેલાં દરિયામાં જાયછે અને મોટાં થતાં લગી ત્યાં રહેછે. મુખ્યત્વે કરીને આ માછલાંના ફુક્કામાંથીજ આઇસિંગ્લાસ* બનેછે.

કેટલીક જાતનાં સ્ટર્જન માછલાં ઉત્તર યૂરોપ, કાળા અને કાસ્પી સમુદ્રો અને તેમને મળનારી નદીઓ, ઉત્તર અમેરિકાનાં સરોવરો, ઇત્યાદિમાં થાયછે.

सूर्यमुखी माछलुं. (તખ્તી ૧૨ મી.)

આ માછલું કોઇવાર ઇંગ્લાંડને કિનારેથી પકડાયછે. માછલાનો પાછલો ભાગ કપાઈ ગયો હોય તેના જેવું એ દેખાયછે. એનો આકાર લગભગ ગોળ અને પૃષ્ટ ચળકતું

* એક પ્રકારનો સરેસ.



૧. ઊડતી માછલીઓ. ૨. કોરીફીના. ૩. આંગ્લર.
૪. આંકોવી. ૫. હેરિંગ. ૬. કાડ.

હોવાથી એને એ નામ આપ્યું છે. આ માછલું મોટું છે અને એની પાંખ નરમ હોયછે. એને ઈંગ્રેજીમાં સનફિશ કહેછે.

ऊडती माछली. (તખ્તી ૧૩ મી.)

પાઇક માછલાં જે વર્ગમાં છે તેજ વર્ગમાં ઊડતી માછલી છે. આગલી પાંખ ઘણીજ લાંબી હોવાથી એ તુરત ઓળખાઈ આવેછે. એ પાંખ એટલી લાંબી હોયછે કે તે વડે પક્ષીની પાંખની ગરજ સરેછે અને થોડાક ક્ષણ લગી હવામાં તે અધર રહી શકેછે. આ માછલાંનાં ટોળેટોળાં પાણીમાં તરેછે અને ફાડી ખાનારા શત્રુઓનાં ઝુંડ તેમની કેડે પડેછે તેમનાથી બચવાને તેઓ પાણીની બહાર કૂદેછે, પરંતુ તુરત પાછાં પડેછે, કારણ કે તેમની પાંખ છત્રી તરીકે માત્ર કામ લાગેછે. વળી તેઓ દરિયામાંથી બહાર જાયછે તેવારે પક્ષીઓ ઘણીવાર તેમને મારીને ખાઈ જાયછે. ઊડતાં માછલાં ઉષ્ણ કટિબંધના તમામ સમુદ્રોમાં થાયછે.

कोरीफीना. (તખ્તી ૧૩ મી.)

કોરીફીના એ યૂરોપી કવિઓનો શિશુમાર છે. એ માછલું આરિયનને કાંઠે મૂકી આવ્યું હતું એમ કહેવાય છે, અને મરતી વેળા એના ઘણા ઘણા ચળકતા રંગ થાયછે. જે શુદ્ધ શિશુમાર વિષે આપણે પાછળ કહી ગયા છીએ તે એ ન હોય.

આંગ્લર. (તખ્તી ૧૩ મી.)

સાધારણ આંગ્લર મોટું માછલું છે. એ કોઇવાર પાંચ ફુટ લાંબું હોયછે. એના માથાપર નાજુક સળિયા હોઈ તેમને છેડે કીડાના જેવાં લાંબાં હાલતાં ફૂમતાં હોયછે. એ ફૂમતાંનો ઉપયોગ ઘણો અજાયબ જેવો છે. આ માછલીની ગતિ ઉતાવળી ન હોવાથી તે પોતાના શિકારની પાછળ જઇને તેને પકડી શકતું નથી; પરંતુ ઘણુંકરીને તળિયાના કાદવમાં અથવા તરતા દરિયાઈ છોડવાના સાંઠામાં સંતાઈ રહી પોતાના વિચિત્ર માંસલ ગલને હલાવ્યાં કરેછે. એ ગલ કીડાના જેવા હોવાથી તથા હાલેછે તેને લીધે બીજાં માછલાં તેમની કને આવવાને લલચાયછે. માછલાં થડમાં આવેછે એટલે સંતાઈ બેઠેલું દેડકા-માછલું તેમને મોટા મોંવતી ઝાલીને એકજ કોળિયે ગટ કરી જાયછે.


આંકોવી. (તખ્તી ૧૩ મી.)

આ નાનું માછલું ભૂમધ્ય સમુદ્રમાં અને સ્પેન તથા ફ્રાન્સના પશ્ચિમ કિનારાપર દીઠામાં આવેછે. એને પકડવાનો મોટો ધંધો થઈ પડ્યોછે. યૂરોપી લોકો એને મીઠામાં આથીને ખાયછે.

હેરિંગ. (તખ્તી ૧૩ મી.)

હેરિંગ માછલાં યૂરોપની ઉત્તરના સમુદ્રોમાં થાયછે. એ

તખ્તો ૧૪ મો.



૧. મલેટ. ૨. ટેન્ચ. ૩. કાર્પ. ૪. ટ્રાઉટ. ૫. સામન.
૬. પાઈક. ૭. ગારફિશ. ૮. મ્યાનવાળું માછલું.

વખતે વખત કાંઠાથી દૂર જાયછે, પરંતુ એપ્રિલ તથા મે મહીનામાં તેમનાં ઝુંડનાં ઝુંડ શેટ્લાંડ દ્વીપોથી થોડે છેટે દેખા દેછે. હેરિંગ માછલાં પકડવાને આખા કાફલાના કાફલા કામે વળગેછે. હેરિંગને ત્યાંના લોકો તાજાં અથવા મીઠામાં આથીને કિંવા સૂકવીને ખાયછે.

કાડ. (તખ્તી ૧૩ મી.)

જે દેશોમાં તાપ અને ટાઢ સરખાં હોયછે તે દેશોના દરિયામાં કાડ માછલું સાધારણ છે. એ ઘણું રૂપાળું છે. એને દશ કરતાં ઓછી પાંખ હોતી નથી. આખી દુનિયામાં કાડ માછલાંને પકડવાનો ધંધો સૌથી કીમતી છે—એમને પકડવામાં, આથવામાં, અને પરદેશ મોકલવામાં હજારો મજૂરીઆત લોકોને અને વહાણોના આખા કાફલાના કાફલાને ઉદ્યોગ મળેછે.—ન્યુફૌંડલાંડને કાંઠેથી બ્રિટિશ પ્રજા જે માછલાં પકડેછે તેમનું મૂલ વરસે પાંચ લાખ પૌંડ એટલે પચાસ લાખ રૂપિઆથી ઓછું ઉપજતું નથી. કાડ માછલાં દોરી અને ગલ વતી પકડાયછે. એના કલેજામાંથી તેલ નીકળેછે તે ક્ષયરોગપર ઘણુંજ ગુણકારી છે.

મલેટ. (તખ્તી ૧૪ મી.)

મલેટ માછલાંને આખે ડિલે મોટાં ભીંગડાં હોયછે અને હેઠલા જડબાની નીચેથી બે લાંબી દાઢી લટકેછે તેપરથી

તેઓ ઝટ ઓળખાઈ આવેછે. રાતું મલેટ અને સર મલેટ એવી બે જાત યૂરોપના સમુદ્રોમાં વસેછે.

ટેન્च. (તખ્તી ૧૪ મી.)

ટેન્ચ માછલાંને ઘણાંજ નાનાં ભીંગડાં અને બહુજ ટૂંકી દાઢી હોયછે. સાધારણ ટેન્ચ સ્થિર પાણીમાં રહેછે; એ ઘણું-કરીને એક ફુટ લાંબું હોયછે. યૂરોપી લોકો કાર્પ માછલાંને ખાધામાં જેટલાં સારાં ગણેછે તેનાથી ટેન્ચને ઓછાં સરસ ગણેછે.

कार्प. (તખ્તી ૧૪ મી.)

આ વર્ગનાં માછલાંનાં જડબાંમાં એકે દાંત હોતો નથી. તેમની પીડપર એક લાંબી પાંખ હોયછે, અને ભીંગડાં બહુ મોટાં હોયછે. એમાંનાં ઘણાખરાં માછલાં અનાજ અને વનસ્પતિ પદાર્થ ખાઇને રહેછે. તેમના મોંના પાછલા ભાગમાં ખોરાકને કચરવાને અજાયબ તરેહનાં સાધનો છે. સાધારણ કાર્પ આખા યૂરોપ ખંડમાં થાયછે; એને શાંત પાણીમાં રહેવું બહુ ગમેછે અને નદીઓ તથા તળાવોમાં સહેલથી ઊછરેછે. એ ઘણાં વરસ જીવેછે. બચ્ચું બહુ વહેલું મોટું થાયછે અને છ વરસનું થાયછે તેવારે તેનો લગભગ ત્રણ શેર ભાર હોયછે. કાર્પ માછલાં શિયાળામાં કાદવમાં ભરાઈ રહેછે અને વગર ખાધે ઘણા મહીના લગી પડી રહેછે.

ટ્રાઉટ. (તખ્તી ૧૪ મી.)

મીઠાં પાણીમાં રહેનારાં માછલાંમાં ટ્રાઉટ માછલું સૌથી સરસ ગણાયછે. એને કાંકરીપર થઈને વેગથી વહેતી સ્વચ્છ પાણીવાળી નદીઓમાં રહેવું ગમેછે.

सामन. (તખ્તી ૧૪ મી.)

સામન માછલાં ઉત્તર ધ્રુવની આસપાસના સમુદ્રોમાં સંખ્યાબંધ વસેછે. ત્યાંથી તેમનાં ટોળેટોળાં દર વસંત ઋતુમાં નદીઓમાં જાયછે. સામન ઘણી ઝડપથી તરેછે અને તેના માર્ગમાં બાર કે પંદર ફુટની ઊંચાઇના પ્રતિબંધ આવેછે તેમને તે એક છલંગે ઓળંગી જઈ શકેછે. સામન માછલાં ઈંડાં મૂકવાનાં યોગ્ય સ્થળે આવી પહોંચેછે તેવારે તેઓ તળિયે રેતીમાં પોતાનાં ઈંડાં મૂકેછે અને પછી પ્રવાહ જેમ તાણી જાયછે તેમ દરિયામાં તણાયાં જાયછે. તેઓ ત્યાં તાજાં થવાને જાયછે અને આવતી વસંત ઋતુમાં તે ઠેકાણે ફરીને આવેછે. એ કારણથી સામનનાં બચ્ચાં નદીઓમાં જન્મેછે; તેઓ બહુ ઉતાવળે મોટાં થાયછે, અને કદમાં બારેક ઈંચ લાંબાં વધેછે એટલે મોટાં માછલાંની પેઠે દરિયામાં જાયછે.

पाइक. (તખ્તી ૧૪ મી.)


પાઇક માછલાં યૂરોપ અને ઉત્તર અમેરિકાનાં મીઠાં

પાણીનાં જળાશય એટલે સરોવર, નદી, વગેરેમાં દીઠામાં આવેછે, અને તેમનું માંસ પુષ્ટિકારક અને ગ્રટ પચે એવું હોવાથી ત્યાંના લોકો ખાવાને માટે દરેક ઠેકાણે તેમને પકડે-છે. મીઠાં પાણીમાં રહેનારાં સઘળાં માછલાંથી એ ઘણુંજ ખાવરૂં અને નાશકારક છે; દેડકાં, બતકનાં બચ્ચાં, અને જે માછલાં તેની નજરે પડેછે તે સર્વને તે હોંસે હોંસે ખાઈ જાયછે. ચાર કે પાંચ ફુટ લાંબાં પાઇક માછલાં ઉ-ત્તર યૂરોપનાં મોટાં સરોવરોમાં સાધારણ છે, અને એથી-એ વધારે મોટું માછલું એકવાર જોવામાં આવ્યું હતું. સને ૧૪૯૭ માં માનહીમની નજીક કૈસરલોટનમાંથી એક માછલું પકડાયું હતું તે લગભગ ઓગણીસ ફુટ લાંબું હતું. આ ગંજાવર માછલું કદે તેમજ ઉમરે મોટું હતું, કારણ કે તેના અંગપર ત્રાંબાની રંસેલી કડી દીઠામાં આવી હતી તેમાં નીચેનો લેખ કોતરેલો હતો—"સને ૧૨૩૦ ના અ-કટોબર માસની પાંચમી તારીખે બીજા ફ્રેડરિકે મનેજ પ-હેલ વહેલું આ તલાવમાં નાંખ્યું હતું." એથી એ બસેંને સડસઠ વરસની ઉમરનું હતું. ગારફિશ (જુઓ તખ્તી ૧૪મી) એ દરિયાનું પાઈક છે; એનાં હાડકાંનો રંગ લીલો હોયછે.

म्यानवाळुं माछलुं. (તખ્તી ૧૪મી.)

આ માછલું ચપટું અને પાતળું હોયછે; એને કોઈવાર ફીતવાળું (રિબંડ) માછલું કહેછે. ઇંગ્રેજીમાં એનું નામ સ્કા-બર્ડફિશ છે.

તખ્તી ૧૫ મી.



૧. હાડૂક. ૨. માકરેલ. ૩. ઊડતું ગર્નાર્ડ. ૪. ટર્બોટ.
૫. જોનડોરી.

हाद्दक. (તખ્તી ૧૫ મી.)

હાડ્ડક એ કાડની જાતનું ઉત્તમ માછલું છે. એ બ્રિટન દેશના સમુદ્રોમાં થાયછે અને ત્યાંના લોકો એને તાજું અને મીઠામાં આથીને ખાયછે.

माकरेल. (તખ્તી ૧૫ મી.)

માકરેલ માછલાં એક દરિયામાંથી બીજા દરિયામાં જાયછે, અને કેટલીક ઋતુઓમાં યૂરોપ અને અમેરિકાને કાંઠે સંખ્યાબંધ દીઠામાં આવેછે. ઇંગ્લાંડના પશ્ચિમ કિનારાપર લોકો રાતે મસાલ સળગાવીને માકરેલને જાળમાં પકડેછે. માછીઓ કેટલાક મૈલ લગી ઊભા રહી જે દિશામાં માકરેલનાં ટોળેટોળાં જતાં હોય તે દિશામાં જાળ પાથરેછે. એ જાળનો વિસ્તાર કોઇવાર ત્રણ મૈલથી વધારે હોયછે. જાળનાં કાણાં મધ્યમ કદના માછલાનું માથું આવે એવડાં મોટાં હોયછે, પરંતુ એ કાણાંમાં તેની પાંખ ભરાયછે, અને તે નીકળવાનું કરેછે તે વારે તેનાં ઝાલર તેમાં ભરાઇ જવાથી તેનાથી નીકળી શકાતું નથી.

માકરેલ ગલ અને દોરીથી પણ પકડાયછે. જેમાં ચૈતન્ય દેખાતું હોય એવી દરેક વસ્તુને—ચળકતી માછલીને, ચળકતી ધાતુના કડકાને, અથવા લાલચટક રંગના લૂગડાના કડકાને—તે કરડી ખાયછે. ગલની દોરી ટૂંકી હોયછે, પરંતુ તેને છેડે સીસાનું લટકણીયું બાંધીને ભારે કરેછે,


અને એ રીતે બે માછીઓ એક દહાડામાં હજાર માછલાં પકડી શકેછે. પવન જોરથી વાય એવું માછીઓ ચહાયછે અને તેને "માકરેલ લહેર" કહેછે. પવનનો વેગ જેમ વધારે તેમ વધારે માછલાં પકડાયછે, કારણ કે વહાણને ઊડતો શિકાર જાણી માકરેલ માછલાં વીજળીની પેઠે તેની કેડે ધસેછે. "પશ્ચિમના જંગલી શિકાર" નામે ગ્રંથનો કર્તા લખેછે કે "આ આનંદદાયક ખેલ જોડે મુકાબલો કરી શકાય એવી—સામન માછલાંને પકડવાની ગમત બાતલ કરીએ તો—દરિયા અથવા નદીપરની એકે રમત નથી. આ રમતમાં માછીઓ મચ્યા રહેછે અને ધાંધલ મચાવેછે, ચારે ગમની દરેક વસ્તુ ઉત્સાહ અને ઉલ્લાસમાં વધારો કરેછે, પવન જોરથી વાયછે અને આકાશ નિર્મળ હોયછે, વહાણ ઉતાવળું ચાલ્યાં કરેછે—આ સર્વથી માછીઓ ઉશ્કેરાયછે અને તેમને રમુજ પડેછે."

ऊडतुं गर्नार्ड. (તખ્તી ૧૫ મી.)

આ માછલાની છાતીની પાંખનાં હાડકાં પાતળી ચામડીથી જોડાયલાં હોવાથી છાતીની મોટી પાંખો બનેછે, તે વડે તેઓ શત્રુથી બચવાની આશાએ પાણીની બહાર છલંગ મારેછે તેવારે હવામાં અધર રહી શકેછે. એ માછલાં ભૂમધ્ય સમુદ્રમાં સફર કરનારાની નજરે પડેછે, પરંતુ ઉષ્ણ કટિબંધની આસપાસના સમુદ્રોમાં ઘણી વખતે

તખ્તી ૧૯ મી.

૧
૨
૩
૪
૫



૧. મોટું વીવર. ૨. સ્પ્રાટ. ૩. સ્મેલ્ટ. ૪. મિન્નો.
૫. બુલહેડ અથવા મિલ્લર્સ થંબ.

દીઠામાં આવેછે. તેમનાં ટોળેટોળાં તરેછે તેમની પાછળ પડી બોનિટો અને બીજાં અકરાંતિયાં માછલાં તેમને મારીને ખાઈ જાયછે.

ટર્બોટ. (તખ્તી ૧૫ મી.)

ટર્બોટ એ ચપટાં માછલાંના વર્ગમાં સૌથી કીમતી છે. એનો ઘાટ બ્રિલ માછલાને ઘણો મળતો આવેછે. એનું વજન વીસ કે ત્રીસ શેર થાયછે. એને બર્ટ અથવા થોર્નબેટ પણ કહેછે.

જોન ડોરી. (તખ્તી ૧૫ મી.)

સઘળાં માછલાંમાં જોનડોરી બહુજ કદરૂપું છે અને એને એપિક્યુરસના શિષ્યો સ્વાદિષ્ટ ગણેછે. ટર્બોટની પેઠે એ પણ બ્રિટન દેશના સમુદ્રોમાં, તેમજ ભૂમધ્ય સમુદ્રમાં અને આટ્લાંટિક મહાસાગરમાં થાયછે. આ માછલું બહુ ખાવરૂં છે, અને ઇંગ્લાંડમાં ડેવનશાયર તથા કાર્નવાલને કાંઠેથી, વિશેષે કરી ટોર્બેના અખાતમાંથી, પકડાયછે.

આ નામ ફ્રેંચ ભાષાના શબ્દ જૈનેડોરીપરથી પડ્યુંછે. જોને ડોરીનો અપભ્રંશ જોનડોરી છે.

મોટું વીવર. (તખ્તી ૧૬ મી.)

મોટું વીવર અથવા ડંખ મારનારો સાંઢ એ નાનું માછલું હોઈ દશ કે બાર ઇંચ બાંબું છે. કાંટાવાળી પાંખવતી

માછીઓના હાથને ઘા મારવાની એનામાં શક્તિ છે. એ ઘા મારેછે તે સૂજી આવી તેમાં ઘણું કળતર થાયછે.

સ્પ્રાટ. (તખ્તી ૧૬ મી.)

સ્પ્રાટ એ હેરિંગની જાતનું માછલું છે અને બહુ નાનું હોવા છતાં બ્રિટન દેશનું કીમતી માછલું છે. ગરીબ લોકો એને મસ ખાયછે; અને એના શરીરમાં પુષ્કળ ચરબી હોવાથી પુષ્ટિકારક છે. આંકોવી માછલાંને મીઠું દઈને રાખી મેલેછે તેમ સ્પ્રાટ માછલાંને પણ કોઈવાર આથીને રાખેછે.

સ્મેલ્ટ. (તખ્તી ૧૬ મી.)

સ્મેલ્ટ એ સામન માછલાંના વર્ગનું છે અને સામનની બધી ખાસિયત એનામાં છે. એને યૂરોપી લોક બહુ સ્વાદિષ્ટ ગણેછે. એના શરીરનો વાસ કાકડી (ખીરા) ના જેવો કાંઇક છે.

મિન્નો. (તખ્તી ૧૬ મી.)

મિન્નો એ લગભગ ત્રણ ઇંચ લાંબું નાનું માછલું છે, અને ઘણુંકરીને કાંકરાવાળી નાની નદીઓમાં અને જે નાળાંમાં ટ્રાઉટ માછલાં રહેછે તેઓમાં જોવામાં આવેછે. એનાં ભીંગડાં બહુ નાનાં હોયછે. પાઇક અને ટ્રાઉટ માછલાં પકડવાને એનો ગલ કરેછે.

મિન્નોને યૂરોપી લોકનાં છોકરાં ઘણીવાર પકડેછે. એ કીડાને ઝટ કરડી ખાયછે. પૂર્વે આઇઝાક વાલ્ટનના સમયમાં આ નાનાં માછલાંને ઇંડાં અને કાઉસ્લિપ† જોડે ભેળી એક પ્રકારની રોટલી બનાવીને ત્યાંના લોકો ખાતા.

बुलहेड अथवा मिल्लर्सथंब. (તખ્તી ૧૬ મી.)

આ નાનું માછલું ચાર કે પાંચ ઇંચ કરતાં લાંબું હોતું નથી. એ પ્રાણી દેખાવડું નથી અને એને બેડ-માછલું કહેછે.

એનું માથું શરીરના પ્રમાણમાં બહુ મોટું અને ચપટું હોયછે; એનું મોં ઘણું પહોળું છે અને ઘણુંકરીને વકાસેલું રહેછે. એને એકે દાંત નથી પરંતુ એના હોઠ કાનસના જેવા ખડબચડા છે.

બુલહેડ શિયાળામાં કાદવમાં સંતાઇ રહેછે અને ઉનાળામાં હમેશા સ્વચ્છ નદી નાળાંમાં દીઠામાં આવેછે. પાણીમાં મોટા પથરાની થડમાં કાંકરાપર તડકામાં પડેલું ઘણીવાર નજરે પડેછે. પાણીમાં ગલ નાંખ્યો કે તે લેવાને ત ઝટ દોડી આવેછે, એ કારણથી અણઘડ માછીઓ પણ બુલહેડને પકડી શકેછે.

---

† એક જાતનો પ્રિમરોઝ નામે વિલાયતી છોડ થાયછે તે ગાયને બહુ ભાવેછે.

પૃથ્વીની સપાટીના બે તૃતીયાંશ કરતાં વધારે ભાગપર દરિયો છે અને જમીનપરે નદીઓ, સરોવરો, અને તળાવો પુષ્કળ છે, તેથી તેઓમાં એટલાં બધાં માછલાં થાયછે કે આ નાની ચોપડીમાં તેઓમાંનાં થોડાંકના બહુજ ટૂંકા વર્ણનથી વધારે આપી ન શકાય એમાં આશ્ચર્ય નથી. પ્રત્યેક સાગરમાં નવી નવી જાત વસેછે. હાલમાં પૃથ્વીપર પાણીના જે મોટા જથા છે તેઓમાં અમારા તરુણ વાંચનારા તેમની રીતભાત અને ખાસિયતની નિરીક્ષા સહેલથી કરી શકશે અને આ ચમત્કારી પ્રાણીઓનો અભ્યાસ કરવાથી તેમને ઘણો આનંદ થશે એમાં જરાપણ શક નથી. માછી પાણીમાં ગલ નાંખેછે તે અને તિરંદાજ જે ઠેકાણે ઉભો રહેછે ત્યાંથી ત્રણચાર ફુટને છેટેથી જંતુને ચોટ લગાવી પાણીના ટીંપાથી તેનો શિકાર કરેછે તે તેમના જોવામાં આવશે; પાણીમાં જે બીજાં અનેક ચમત્કારી પ્રાણીઓ વસેછે તેમને તો આપણે ગણતરીમાં લેતાજ નથી.

जोगी करचलो. (તખ્તી ૧૭ મી.)

આ પ્રાણીને પોતાની છીપ ન હોવાથી પંડે માઇશકે એવડી લાંબી હરકોઈ ખાલી છીપ જડેછે તેને બથાવી પડેછે. એ ઘણુંકરીને ખાંગડાઘાટી છીપ પસંદ કરેછે અને તેમાં રહેછે, અને સમાસ થતો નથી ત્યારે વધારે મોટી છીપની ખોળ કરેછે.

તખ્તી ૧૭ મી.



૧. જોગી કરચલો. ૨. કરચલો. ૩. પૂંછડીઓ કાચબો.
૪. ચિંગેટ. ૫. ઝિંગા. ૬. માંટિસચિંગેટ.

करचलो. (તખ્તી ૧૭ મી.)

કરચલાને દરિયાને તળિયે પેટે ચાલવાને બનાવ્યોછે. એને બે ઘણા જબરા ચીપિયા છે અને તેના આગલા બે પગ હલેસાંના જેવા ચપટા હોઈ સારી રીતે તરવામાં તેને મદદ કરેછે. કરચલો વધેછે ત્યાંલગી વરસોવરસ પોતાની છીપ બદલેછે.

पूछडीओ काचबो. (તખ્તી ૧૭ મી.)

પૂછડીઆ કાચબાને જીવડાની આંખના જેવી સંયુક્ત આંખ હોયછે અને મોંની દરેક પડખે સાંધાવાળા પાંચ જોડ પગ હોયછે તે તેને ખોરાક ઝાલી મોંમાં મૂકવાને મદદ કરેછે. પગને જબરા ચીપિયાવાળા બે મોટા પંજા હોયછે તેમાંના એકને તીણા નખ હોયછે અને બીજો બૂઠો હોઈ લંગરનું કામ કરેછે. એ વડે પૂછડીઆ કાચબો ખડકને સજડ બાઝી રહેછે અને દરિયામાં તોફાન થાયછે તે વારે ઘસડાઈ જતો નથી. અણીઆળા પંજાવતી ખોરાકને ફાડી કડકા કરેછે. પૂછડીઓ કાચબો પૂછડીવતી આગળ ચાલેછે.

चिंगेट. (તખ્તી ૧૭ મી.)

ચિંગેટ બે ઇંચથી વધારે લાંબું હોતું નથી અને રંગે ઝાંખું નીલાશ પડતું લીલું હોઈ તેપર કાબરા રંગનાં ટપકાં ટપકાં

હોયછે. એ જીવતું હોયછે ત્યાં લગી એનું શરીર અડધું પારદર્શક હોયછે અને દરિયાના પાણીને એટલું બધું મળતું આવેછે કે એ પ્રાણીને ઓળખી કહાડવું મુશ્કેલ પડેછે. એ સાધારણરીતે ઠેકડા મારીને ચાલેછે. ચિંગેટ દરિયાકાંઠે રેતીમાં પુષ્કળ થાયછે અને અનેક માછલાં જળચર પક્ષીઓ વગેરેનું ભક્ષ થઈ પડેછે એટલુંજ નહિ, પણ ઈંગ્રેજ લોકોએ એને ખાયછે. ઈંગ્લાંડના કાંઠાના ચપટા રેતાળ ભાગપર છોકરા અને બાયડીઓ ચિંગેટને પકડવાનો ધંધો કરેછે. ચિંગેટને ઈંગ્રેજી ભાષામાં શ્રિમ્પ કહેછે.

झिंगा. (તખ્તી ૧૭ મી.)

ઝિંગા એ છીપમાં રહેનારૂં પ્રાણી છે અને ઉનાળામાં નદીઓના મુખ આગળ જોવામાં આવેછે. કરચલા અને પૂછડીઆ કાચબાની પેઠે એ પ્રાણી વખતે વખત પોતાની છીપ બદલેછે. ઝિંગાની અને ચિંગેટની વચ્ચે કદમાં ફેર છે અને વળી ઝિંગાના માથાના પાછલા ભાગપર દાંતા દાંતાવાળી હાર હોયછે. ઈંગ્રેજી બોલીમાં ઝિંગાને પ્રૉન કહેછે.

मांटिसाचिंगेट. (તખ્તી ૧૭ મી.)

આ ચિંગેટના આગલા પગ માંટિસનામે જીવડાના જેવા હોવાથી એને એ નામ આપ્યું છે.

દાક્તર લેકિસે એક વાસણમાં દરિયાનું પાણી ભરી તેમાં બે દહાડાલગી માંટિસચિંગેટ રાખ્યું હતું તેની ટેવવિષે



૧. બ્રાઝિલનો આગિયો. ૨. હિંદી થેરવંદો. ૩. સાબરવંદો. ૪. આગિયાની માદા. ૫. બ્રાઝિલનો ચટાપટાવાળો ગણુંગણુતો વંદો. ૬. સુરધાં પિડક વંદો. ૭. મરણુસૂચક વંદો. ૮. તીડ. ૯. કસારી. ૧૦. ઘાસ ચેકડીયું અથવા તીતીઘોડો. ૧૧. કાનકીડો. ૧૨. તમરૂં. ૧૩. હિંદી કોશીઓવંદો. ૧૪. ભાંયવંદો.

તેના જોવામાં જે આવ્યું તે સંબંધી તે આ પ્રમાણે લખે-છેઃ—"વાસણમાં તે રમતું અને ધારી શકાય નહિ એવી હિંમત બતાવતું. જ્યારે તેને ભય લાગતું ત્યારે ઘણા વેગથી વાંસે કૂદતું અને પછી બીવડાવતું હોય તેવો ચહેરો કરતું. એની આગળ પડતી આંખ, તેમનો ચળકાટ, અને ધ્યાન દઇને ટગટગ જોયાં કરવું, એની લાંબી મૂછની લાગવાની શક્તિ, એ સર્વપરથી તેની તીવ્ર સમજ અને અંગજ્ઞાન જણા-ઈ આવતાં હતાં. એની મૂછ આગળ મેં ચમચો ધર્યો તેને તેણે વીજળીના આચકાના જેટલા બળથી અને ઝડપથી ઘા મારીને મારા હાથમાંથી પાડી નંખાવ્યો. એ ઘા મોટા હા-થવતી માર્યો હતો. હાથ વાળેલા હતા, પરંતુ વીજળીના જેટલા વેગથી ક્ષણવારમાં લાંબા કર્યા હતા. માથું અને પંઝા આગલીમેર રાખવાની કાળજીપરથી મને એમ લાગ્યું કે એ પ્રાણી પોતાના પાછલા ભાગ દરમાં અથવા ગોખલામાં રાખી તેમાંથી પોતાના શિકારને અથવા બીજા જે પદાર્થો તેની કને થઇને જાય તેમને મારી શકેછે."

आगिया. (તખ્તી ૧૮ મી.)

આગિયા કીડા આપણા દેશમાં તેમજ અમેરિકાના બ્રા-ઝિલ દેશમાં થાયછે. એમની છાતીની પછવાડે દરેક પડખે લીસો બાહ્યગોળ વર્તુલાકાર ડાઘો હોયછે તેમાંથી રાતની વેળા એટલો બધો પ્રકાશ નીકળેછે કે તેની મદદથી બહુજ

ઝીણું છાપેલું હોય તે વાંચી શકાયછે; તેમાં વિશેષ કરીને કાચના પ્યાલામાં કેટલાક કીડાને મૂકેછે તો વધારે સારી રીતે વાંચી શકાયછે. એના પ્રકાશથી બ્રાઝિલની સ્ત્રીઓ ભરત ભરી શકેછે; અને તેઓ સંધ્યાકાળે સહેલ કરવા નીકળેછે તેવારે પ્રકાશ આવવા માટે ઘણીવાર એ કીડાને પોતાના વાળમાં ગુંથેછે. અમેરિકાના ઇંડિયનો પોતાના જોડા સાથે આગિયાને બાંધેછે તેથી માર્ગમાં અજવાળું પડેછે.

સોનેરી કીડામાંએ બળે પણ દઝાય નહિ એવો પ્રકાશ આપવાની શક્તિ છે. એની માદા ઘણોજ પ્રકાશ આપેછે. તેને (માદાને) પાંખ હોતી નથી. સોનેરી કીડો મરણમાં આવે તેવારે પ્રકાશ ઓછો વત્તો કરી શકેછે. પ્રકાશ આપવાની આ શક્તિ તેમના ઇતિહાસની ઘણીજ ગુંચવણ ભરેલી બિનાઓમાંની એક બિના છે—તે વડે શો અર્થ સરેછે તેની અટકળ કરી શકાતી નથી.

वंदा अने काळा वंदा. (તખ્તી ૧૮ મી.)

જે ચોપગા પશુ (વાઘ)ના નામપરથી શેરવંદાનું નામ પડ્યુંછે તેનું એ આબેહૂબ સ્વરૂપ છે. શેરવંદો પોતાની જાતના તમામ વંદાથી ઘણોજ હિંસક અને લોહીનો તરસ્યો છે. રંગની ખૂબસુરતી, અતિશય ચંચળાઈ, અને વિકરાળ સ્વભાવને માટે એ એટલોજ જાણીતો છે. આ વંદા ઉનાળાના

તાપમાં હીથનામે એક જાતના છોડવાના વનમાં અને બી-જાં ભેજ વગરનાં અને સૂર્યનો તાપ પડતો હોય એવાં સ્થ-ળોમાં સાધારણ છે. તેમનાં કામળીઆની અવસ્થામાંનાં બચ્ચાં ભોંયમાં ખાડા ખોદેછે. એમાંના ઘણાક ખાડા એક ફુટ કરતાં ઊંડા હોયછે. આ રેહેઠાણ બનાવવામાં તેમની અસાધારણ ચતુરાઈ જણાઈ આવેછે—પોતાનાં જબરાં જડબાં વતી માટીને છૂટી કરી તેને પોતાનાં પહોળાં માથાં-પર મૂકીને સપાટીપર આણેછે. જેવી રીતે વિલાયતમાં ધૂ-માડીયું સાફ કરનારો ધૂમાડીઆપર ચડેછે તેવી રીતે તેમની પીઠ ઉપર આંકડીઓ હોયછે તે તેમને ખાડાને મથાળે આવવામાં મદદ કરેછે. પોતાનું દર ખોદાઈ રહ્યા કેડે તેઓ તેના મોં આગળજ બેશી ત્યાં થઈને જતા કોઈ ગરીબ જંતુની રાહ જોતાં પડી રહેછે. કોઈ જંતુ ત્યાં આગળ થ-ઈને જાયછે તેને તેઓ ઝટ પકડી દરને તળિયે ઘસડી લઈ જાયછે અને પછી તેને ખાઈ જાયછે. સઘળા વંદા ઘણા હિંસક અને વિકરાળ છે. તેઓ ઘણા કામના છે, કારણ કે તેઓ નુકશાનકારક જીવડાંને મારી નાંખેછે, અને કેટ-લાક વંદા કોહી ગયેલા પદાર્થને સાફ કરી મૂકી અને પક્ષી-ઓ, ઊંદર, કોળ, છછુંદર, વગેરેને દાટી દઈ ભંગીઆનાં જેવું કામ કરેછે. મરણસૂચક શબ્દ કરનારો વંદો ભીંતની પાછળ અજબ તરેહના ઠકોરા મારેછે.


तीड, घासनां तीड, तमरां, इत्यादि. (તખ્તી ૧૮ મી.)

કાળો વંદો જે ઠેકાણે ફર્યાં કરેછે, જે પદાર્થ ખાયછે, અને તેની જે ખાસિયતો છે તેજ ઠેકાણે ઘરનાં તમરાં ફર્યાં કરેછે, તેજ પદાર્થ ખાયછે, અને તેના જેવીજ તેની ખાસિયતો છે. તેઓ તીણો અવાજ કરેછે તે નર પોતાની પાંખ એક એકની જોડે ઘસેછે તે થકીજ થાય છે. ઘાસનાં તીડ પોતાના ખાડા બનાવવામાં પોતાના પાછલા પગનો ઉપયોગ કરેછે. તમરાં અને ઘાસનાં તીડ જે વર્ગમાં છે તેજ વર્ગમાં તીડ છે, અને એક એક તીડ લઇએ તો તેઓ બિલકુલ હાનિકારક નથી; પરંતુ એશિઆના દેશોમાં આકાશ છવાઈ જાય એવડાં મોટાં ટોળાં ઘણીવાર દેખા દેછે. તેઓ તમામ લીલોતરી ખાઈ જાયછે તેથી માણસ જાતપર પડતી ભયંકર આફતોમાં તેમની ગણતરી થાયછે. કાનગોજર કે કાનકીડો આ જંતુઓ ફૂલની પાંખડીઓ તથા ફળ ખાઈ જઈ બાગમાં ઘણી ખરાબી કરેછે. એ માણસના કાનમાં થઈ મગજમાં જાયછે એવી ભૂલ ભરેલી કલ્પનાને લીધે એને એ નામ આપ્યું છે.

कीडीओ. (તખ્તી ૧૯ મી.)

ઉધાઇઓ.—આ નાશકારક જીવડાંને કીડીઓ જોડે જરાએ સંબંધ નથી. તેઓ સઘળા ગરમ દેશમાં પુષ્કળ થાય-

તખ્તા ૧૯ મા.



૧. ઉધાઈના રાફડા. ૨. ઝૂલતો ભમરાનો માળો. ૩. સાધારણ ભમરો. ૪. ઘ્રામાખી. ૫-૬. સિપાઈનું કામ કરનાર ઉધેઈના કીડા. ૭. મુછાળો ભમરો. ૮. મજુરીઆ ઉધાઈ. ૯. કાટકીડી. ૧૦. રાતીકીડી.

છે. ત્યાં તેઓ કામળીઆની અવસ્થામાં હોયછે ત્યાં લગી ઘણો કેર કરેછે. તેમનાં કામળીઆની અવસ્થામાંનાં બચ્ચાંને **કારીગર** કે **મજૂર** કહેછે. તેઓ પરિપૂર્ણ સ્થિતિમાં આવેલી ઉધાઇને ઘણાંજ મળતાં આવેછે, પરંતુ તેમનાં અંગ વધારે નરમ હોયછે, તેમને પાંખ હોતી નથી, અને તેમના માથાપર આંખ હોતી નથી, અથવા હોયછે તો અતિશય ઝીણી હોયછે. તેમનું માથું શરીરના પ્રમાણમાં મોટું દેખાયછે. આ જીવડાંનાં એવડાં ટોળાં બંધાયછે કે તેમની ગણતરી થઈ શકતી નથી. તેઓ ભોંયની અંદર અથવા લાકડાની બનેલી હરકોઈ વસ્તુમાં-પછી તે ઝાડ, પાટીઆં, અને બારોટીઆ ગમે તે હોય તેમાં ભેગાં રહેછે; મેજ, ખુરશી, વગેરે સામાનમાં પણ પોતાનું ઘર કરેછે. આ વસ્તુઓમાં તેઓ હરેક દિશામાં ચઢતી ઊતરતી બેડકો ખોદેછે, પરંતુ તેમનાં પૃષ્ટને નુકશાન થવા દેતાં નથી. એથી કરીને જે વસ્તુઓને ઉધાઈ લાગેછે તે બહારથી સંગીન દેખાયછે, તથાપિ જરાક હાથ અડકવાથી તેમના કડકા થઈ જાયછે. કોઇવાર તેઓ જમીનપર સ્તંભ અથવા મિનારાને આકારે ઈમારતો બનાવેછે, અને તેમનાપર વખતે નક્કર છાપરૂં કરેછે; એ ઘરોનાં કદ અને સંખ્યાને લીધે તેમને લોકો ભૂલથી ગામડાં લેખેછે. **મજૂરો** સુદ્ધાં દરેક જમાતમાં કેટલાક આસામી હોયછે તેમને **ખોજા** અથવા

સિપાઈ કહેછે. સંસ્થાનનું રક્ષણ કરવાનું કામ એ સિપાઇઓનું છે. તેમનાં માથાં મોટાં અને જડબાં ભારે હોયછે તેપરથી તેઓ ઝટ ઓળખાઈ આવેછે. એ ઉપરાંત કેટલાક પાંખવાળા નર અને એક રાણી હોયછે. તેઓ સર્વે પૂર્ણ અવસ્થામાં આવેછે ત્યારે તેમને સર્વેને પાંખ હોયછે, અને રાતની વખતે તેમનાં અસંખ્ય ટોળાં બહાર નીકળેછે તેવારે જાણે આખા દેશપર જીવતો પ્રલય પ્રસર્યો હોય એવું ભાસેછે. પરંતુ ઉગતા સૂર્યનાં કિરણથી તેમની આંખ સૂકાઈ જાયછે તેથી તેઓ પુષ્કળ દુશ્મનના ભોગ થઈ તેમનો ખોરાક થઈ પડેછે. ઉધાઇઓ ભોંયની અંદર અદ્ભૂત ભોંકો બનાવી ત્યાં પોતાનો ખોરાક ભરી રાખેછે અને પોતાનાં બચ્ચાંને ઉછેરેછે. આ નાનાં જીવડાંની ચમત્કારી કૃતિઓમાંની અડધીનુંએ વર્ણન આ નાના પુસ્તકમાં થઈ શકે તેમ નથી.

भमरा अने मूछाळा के शिंगडांवाळा भमरा.

(તખ્તી ૧૯ મી.)

ભમરાનાં પણ ટોળાં ભેગાં રહેછે. ભમરીઓ માત્ર નવાં સંસ્થાન વસાવેછે. વસંત ઋતુમાં તેઓ ઇંડાં મૂકેછે તેમાંથી બચ્ચાં નીકળેછે તેમને મજુરો કહેછે. એ મજૂરો પોતાની સામાન્ય માને સહાય કરેછે. આ જીવડાં પોતાનો માળો બાંધવાને ઝાડની છાલ અથવા જૂના લાકડાના કડકા જુદા

તખ્તી ૨૦ મી.



ચિત્રપતંગ.

ફરી તેમને કૂટીને કાગળના જેવી લાહી બનાવેછે. એ લા-
હીનાં તેઓ ઘર કરેછે; એ ઘરને ઘણુંકરીને આડાં અને
લટકતાં રાખેછે, તથા તેઓમાં કાણાં કાણાં હોયછે તેમાં
તેમનાં ઇંડાં અને બચ્ચાં રહેછે. એ ઘરને તેઓ નિયમસર
અંતરે એક એકની સમાંતર ગોઠવેછે અને આંતરે આંતરે
નાના ટેકા મૂકીને તેમને જોડી દેછે. તેઓ વખતે ઉઘાડા-
માં અને વખતે ઝાડની બખોલમાં પોતાનાં ઘર બાંધેછે,
અને જાત પ્રમાણે કેટલાંક ઘરને એકજ ઢાંકણુ રાખેછે.

ઘોમાખી. (તખ્તી ૧૯ મી.)

આ રૂપાળો જંતુ ઘણો વિકરાળ અને ખાવરો છે. એ
ડાંસનો, માખીનો, અને પતંગીઆંનો પણ ભક્ષ કરેછે. એને
ઇંગ્રેજીમાં ડ્રેગન ફ્લાઈ કહેછે.

ચિત્રપતંગ. (તખ્તી ૨૦ મી.)

ચિત્રપતંગ એ સૂર્યનાં ખરેખરાં છોકરાં જેવાં છે. એમનો રંગ
ઘણોજ ભભકાદાર છે. એમની ચાર વિશાળ અને પહોળી
પસારેલી પાંખ ઉપર ભિન્ન ભિન્ન નમૂનામાં ગોઠવાયલા દરેક
પ્રકારના ચળકતા રંગની છાંટ હોયછે. કોઇવાર એ રંગની
ધાતુના જેવી ઝલક મારેછે અને ઘણી વખતે મેઘ ધનુષના
રંગના જેવા ચકચકિત હોયછે. પ્રકાશ બદલાયછે તેમ એ
રંગ દીપી ઊઠેછે, અને એક એકની ખોટ પૂરી પાડે એવા

રંગ એકઠા મળવાથી જુદાજ પ્રકારનો જેવો મોહ ઉપજેછે તેવો મોહ ઉપજેછે. ચિત્રપતંગની પાંખો ઉપર પીંછાંનાં જેવાં બારીક ભીંગડાં ભીંગડાં હોયછે તેપર આ જુદા જુદા રંગનો આધાર છે. નરી આંખે તો એ ભીંગડાં આંગળીવતી ઝટ ઘસાઈ જાય એવી ઝીણી રજ જેવાં માત્ર દેખાયછે, પરંતુ સૂક્ષ્મદર્શક યંત્રમાંથી જોતાં તેઓ પાતળી પારદર્શક ચામડી દીસેછે. પ્રત્યેક ચામડી પાંખના પૃષ્ટ જોડે નાના સાંઠાવતી જોડાયલી છે. તમામ ચામડી બહુ પાસે પાસે હોઈ માછ-લાંનાં ભીંગડાંની પેઠે એક એકપર લાંબી પથરાયલી હોયછે.

ખરેખરાં ચિત્રપતંગ તેમની મૂછના ઘાટપરથી ઓળખા-ઈ આવેછે. તેમની મૂછ લાંબી અને તાંતણા જેવી હોય-છે અને બહુધા છેડાપર ધોકા (લાકડી)ના જેવો તેમનો ઘાટ હોયછે; પરંતુ કોઇ વખતે તે સળંગ સરખી જાડી અથવા છેડાપર છેકજ પાતળી હોયછે અને વાંકી અણી નીકળેલી હોયછે. ઘણાંક ચિત્રપતંગ બેસેછે તેવારે પાંખ ઊભી રાખેછે, તેથી તેમની પીઠ એક એકને અડેછે, અને તેમનું મહિલું પૃષ્ટ માત્ર દેખાયછે, બીજું કશું દેખાતું નથી.

चित्रपतंगनुं रूपांतर अथवा बदलायला रंगनां चित्रपतंग. (તખ્તી ૨૧ મી.)

ઘણાક જંતુઓ તેમની હયાતીમાં રૂપમાં ઘણો વિકાર પામેછે, તેમજ તેમની ખાસિયતો અને વાસનાઓએ બદ-

તખ્તી ૨૧ મી.



બદલાયલા ૨૫ રંગનાં ચિત્રપતંગ.

જાયછે. આ રૂપાંતરને લીધે તેનાતેજ જંતુને જુદી જુદી ઉમરે ભૂલથી જુદાં જુદાં ત્રણ પ્રાણીઓ ગણવામાં આવેછે. ઉદાહરણ, કામળીઓ પાંદડાં ખાઇને મોટો થયા પછી કોઈ એકાંત સ્થળે જાયછે, પોતાની કામળીઆની ચામડી કહાડી નાંખેછે, અને તેનું કેવળ જુદુંજ રૂપ થઈ જાયછે. એ રૂપમાં તેનામાં ચાલવાની કે ખાવાની શક્તિ હોતી નથી. આ તેની બીજી અથવા કોશસ્થિતિ (ક્રિસંલિસ)માં તે ચૈતન્યવિનાનો દીસેછે, તેને સ્પષ્ટ માથું કે હાલે એવા અવયવ હોતા નથી—થોડીવાર કેડે કોશસ્થિતિની ચામડી ફાટી તેમાંથી ચિત્રપતંગ નીકળેછે. એની પાંખ પ્રથમ તો નાજુક અને કરચોલી વળેલી હોયછે, પરંતુ તરતજ લાંબી અને સખ્ત થવાથી ફૂલમાંના મીઠા રસની ખોળ કરવા તે જંતુ ઊડીને જઈ શકેછે. એ કારણથી હરકોઈ જંતુની હયાતીના ઓછા વત્તા સ્પષ્ટ જણાઈ આવે એવા ત્રણ નિરાળા ભવ હોયછે. પહેલા ભવમાં એટલે તેની બાલ્યાવસ્થામાં હરકોઈ જંતુને કામળીઓ કહેછે. ઇંગ્રેજીમાં એને લાર્વા, શબ્દાર્થ બુરખો, કહેછે તેનું કારણ એ કે તેનું હવે પછી થવાનું રૂપ તેમાં ઓછું વત્તું ઢંકાયલું હોયછે. કામળીઆ, ઘેળ, વગેરેને, અને પાંખ આવ્યા પહેલાંના તમામ જંતુઓને આ નામ લગાડવામાં આવેછે. એ કારણથી આ પહેલા ભવમાં જંતુઓને પાંખ હોતી નથી,

તેઓ ઘણોખરો વખત ખાવામાં કહાડેછે, ઉતાવળે મોટા થાયછે, અને મોટા થવા માટે પોતાની ખાલ વારે વારે ઉતારી દેછે. પહેલો ભવ તેમની હયાતીનો લાંબામાં લાંબો કાળ છે.

બીજા ભવમાં કેટલાક જંતુઓની ચંચળાઇ અને ભૂખ જારી રહેછે, તેઓ મોટા થતા જાયછે અને પાંખનાં બીજ ધારણ કરેછે; પરંતુ કેટલાક જંતુઓનું કામળીઆનું રૂપ એ સમે કેવળ જતું રહેછે અને તેઓ મોતના જેવી ઊંઘમાં સ્થિર પડી રહેછે. આ અવસ્થાને તે જંતુની બાળાવસ્થા કહેછે, કારણ કે આ સ્થિતિમાં તેઓ લૂગડામાં વીંટાયેલા બાળકના જેવા છે. કામળીઆમાંથી જે બચ્ચાં નીકળેછે તેમને સુવર્ણરંગી (ક્રિસલિડ) કહેછે, કેમકે તેમાંનાં કેટલાંક બચ્ચાંપર સોનેરી ટપકાં હોયછે; પરંતુ જે બચ્ચાંના પગ રહેછે અને જેઓ ચાલી શકેછે તેમને પરીઓ (નિમ્ફ) કહેછે; આ નામ આપવાનું કારણ સ્પષ્ટ જણાતું નથી.

બીજો ભવ પૂરો થયે જંતુઓ પોતાની ખાલ પાછી ઉતારી નાંખેછે અને પાંખવાળા મોટા જંતુ જેવા જંતુ થઇને રહેછે. (થોડાકનેજ પાંખ હોતી નથી.) એમ તેઓ છેલ્લી અવસ્થામાં આવેછે. એ અવસ્થામાં તેઓ કદમાં વધતા નથી અને પોતાનાં બચ્ચાંને ખાવાનું પૂરૂં પાડેછે.

આ ભવ થોડી મુદ્દતજ પહોચેછે, કારણ કે ઘણાખરા જંતુઓ ઇંડાં મૂક્યા પછી તુરત મરણ પામેછે. તથાપિ મધમાખીઓ, ભમરા, અને કીડીઓ, જેઓ ટોળાંમાં રહેછે, અને બધાંના સુખને કાજે ભેગાં મળીને ઉદ્યોગ કરેછે, તેઓ પુખ્ત અવસ્થામાં ઘણી વધારે લાંબી મુદ્દત જીવેછે.

ચિત્રપતંગોને બાલ્યાવસ્થામાં બહુધા બહારનું એકે રક્ષણનું સાધન હોતું નથી; ઘણાંકના કોશ રેશમના . નાના બોરીઆમાંથી લંબ સ્થિતિમાં પૂછડીએથી છૂટા લટકતા હોયછે, અથવા એ ટેકા ઉપરાંત તેમના શરીરની આસપાસ રેશમનો પટો વીંટળાઇને દરેક પડખે વળગેલો હોયછે તેને લીધે તે કોશ આડા અથવા ત્રાંસા રહેછે. પાછલા પાનામાં મોર ચિત્રપતંગની કોશસ્થિતિ અને કામળીઆની અવસ્થાનાં ચિત્ર નં. ૧૧ અને નં. ૧૨થી આપ્યાંછે. આ વિચિત્ર ફેરફારને લીધે અસલના ગ્રીક લોકો ચિત્રપતંગને આત્માનો નમૂનો ગણતા.

ચિત્રપતંગનું મો ફૂલમાંથી મધ ચૂસવાને લાયક કરેલું છે. એને ચાબકાની સાટના જેવડા ગુંછળાના જેવી સૂંઢ હોયછે તેનો ખપ હોતો નથી તે વારે માથાની નીચે વીંટાળી દેછે.

પાછલી બે તખ્તીઓમાં મુખ્ય ચિત્રપતંગોનાં ચિત્ર છે.

ચિત્રપતંગના જાંબુઆ રંગના રાજાને મોટાં જૂનાં ઓક ઝાડની ટોચે રહેવું બહુ ગમેછે; અને ત્યાંથી ઊંચે ઊડી

ભારદ્વાજ નામે પક્ષીની પેઠે દેખાય નહિ એટલો ઊંચે ગગનમાં જાયછે.

ધોળાં અને પીળાં ચિત્રપતંગ વસંતઋતુ બેસતાં દેખા દેછે. કાપણીની વખતે નાનું આસમાની ચિત્રપતંગ (નં. ૮) ઊડતા રજના જેવું ઘાસપર ઊડતું દેખાયછે.

ખરેખરાં ચિત્રપતંગ દહાડેજ ઊડેછે; અને પતંગિયાં સવારે કે સાંજે ઝળઝળું હોયછે તે વખતે અથવા રાતે ઊડેછે.


મધમાખીઓ.

મધમાખીઓને તો તમે સારી પેઠે ઓળખોછો માટે આ ચોપડીમાં તેમનું ચિત્ર આપ્યું નથી. એમની ટેવ વિષે પણ તમને ખબર છે. તેઓ ફૂલમાંથી મધ ચૂસેછે; પોતાનાં ભીંગડાંની નીચે મીણ રાખેછે; અને મીણનાં છિદ્રોનો મધપૂડો બનાવેછે. એ છિદ્રોમાંનાં કેટલાંકમાં તેમનાં બચ્ચાં રહેછે, અને કેટલાંકમાં મધ અને ફૂલનો પરાગ ભરેલો હોયછે. મધનાં કેટલાંક છિદ્ર ખુલ્લાં રાખેછે અને કેટલાંકને જોઇએ તે વારે કામ આવે માટે ખાલી રાખી મીણના ઢાંકણવતી સંભાળથી બંધ કરી લેછે.

પતંગિયાં. (તખ્તી ૨૨ મી.)

આ રૂપાળાં જીવડાં સંધ્યાકાળે અને રાતે ઊડેછે. તેઓ દીવાના તેજથી અંજાઈ તેમાં ઝંપલાવી બળી મરેછે. ઇંગ્લાંડમાં સંધ્યાકાળે ઊડનારાં પતંગિયાંમાં સૌથી મોટું પતં-

તખ્તી ૨૨ મી.



પતંગીઆં, ફૂદાં, કામળીઆ, રેશમના કીડા.


ગિયું થાયછે તેને મુએલા માણસના જેવા માથાવાળું બાજપતંગિયું કહેછે. એના છાતીના પાછલા ભાગમાં ખોપરી અને ત્રાંસાં હાડકાંના જેવું વિચિત્ર ચિન્હ હોયછે તેને લીધે એને એ નામ આપ્યુંછે. ત્યાંના અજ્ઞાન લોકો સોવસા એજ કારણથી આ સુંદર જીવડાને દેખીને વહેમ અને ડર ખાયછે, અને તે કોઇ કોઇ વખતે ઘરમાં આવેછે તેવારે ત્રાસ પામેછે. તથાપિ એ પતંગિયું કોઇને ઇજા કરતું નથી; ફક્ત મધપૂડામાં કોઇવાર ઘૂસી મધ ખાંઇ જાયછે. મધમાખીઓ તેને ચટકા ભરીને સહેલથી મારી નાંએ એમ હોવા છતાં તે આવીને મધ ખાયછે તેની તેઓ ફ્નવાર કરતી નથી તેનું કારણ સમજાતું નથી. કામળીઓ બહુ મોટો હોયછે, અને પાંચ કે છ ઇંચ લાંબો વધેછે. એનો રંગ પીળો હોઈ પડખાંપર આસમાની રંગના ચટાપટા હોયછે.

રાતે ઊડનારાં પતંગિયાં બેસતી વખતે હમેશા પોતાની પાંખ આડી અથવા ઢળતી રાખેછે; આ બાબતમાં તેઓ સંધ્યાકાળે ઊડનારાં પતંગિયાંને મળતાં આવેછે; પરંતુ એ બેઉની વચ્ચે તેમના મોં આગળના વાળના આકારમાં ભેદ પડેછે. રાતે ઊડનારાં પતંગિયાંના વાળ મૂળથી છેડા લગી કદમાં નાના થતા જાયછે. આ પતંગિયાં રાતે અથવા સંધ્યાકાળે સૂર્ય અસ્ત પામ્યા પછીજ ઊડેછે. કેટલીક

જાતનાં પતંગિયાંની માદાને પાંખ હોતી નથી અથવા બહુજ નાની હોયછે. તેમના કોશ ઘણુંખરૂં હમેશ ગોળ હોયછે, અથવા કોશીટામાં રહેલા હોયછે. પતંગિયાંની અસંખ્ય જાતો છે. એની જુદી જુદી બે હજાર જાત તો એકલા બ્રિટન દેશમાંજ થાયછે.

રેશમનો કીડો ઘણુંજ કીમતી પતંગિયું છે. એના કામળીઆનું શરીર લીસું હોયછે, અને તે જન્મેછે ત્યારે ભાગ્યે જરા લાંબો હોયછે, પરંતુ ત્રણ ઇંચ કરતાંએ વધારે લાંબો વધેછે. રેશમનો કીડો આ રૂપમાં લગભગ ચોત્રીસ દિવસ લગી રહેછે અને એટલી મુદ્દતમાં ચારવાર ખાલ બદલેછે. એ કીડો શેતુરનાં પાંદડાં ખાઇને જીવેછે. ખાલ બદલવાની થાયછે તેવારે તે કશું ખાતો નથી, પરંતુ ખાલ બદલ્યા કેડે તેની ભૂખ બમણી વધેછે. જ્યારે એની કોશસ્થિતિ થવાની હોયછે ત્યારે એ સુંવાળો અને પોચો થાયછે, અને કોશીટો બાંધવાને યોગ્ય સ્થળ ખોળેછે. એ કોશીટામાં તે ભરાઈ રહેછે. પહેલે દહાડે પાસેના પદાર્થો જોડે રેશમના તાંતણા જેમ તેમ વીંટાળેછે; બીજે દિવસે એ તાંતણા ઉપર પોતે અંદર લપેટાઈ જાય એટલા આંટા વીંટાળેછે અને ત્રીજે દહાડે તે પોતાના કોશીટામાં પૂરેપૂરો ઘેરાઈ રહેછે. રેશમનો એકજ તાર તે પોતાની આસપાસ વીંટાળીને માળો બાંધેછે અને તેના આંટાને એક પ્રકારના ગું-

તખ્તી ૨૩ મી.



1. બગાઈ. 2. સાધારણ માખી. 3. લીલી માખી. 4. સેટસી માખી. 5. ડાંસ અથવા મચ્છર. 6. માંકડી-કૂકડી. 7. કાનખજુરો. 8. વિંછી.

દરથી ચોંટાડી દેછે. એવો અડસટ્ટો કહાડ્યો છે કે સાધારણ કોશીટાનો તાંતણો નવસેં ફુટ લાંબો હોયછે. કોશીટો અંડાકાર હોઈ તેનો રંગ પીળો કે ધોળો હોયછે.

રેશમનો કીડો કોશસ્થિતિમાં લગભગ વીસ દિવસ લગી કોશીટાની અંદર રહેછે, અને તેનું રૂપાંતર પૂરૂં થાયછે ત્યારે તે પોતાના માળાપર એક પ્રકારની રસી ઓકી કહાડેછે તેણે કરીને તે નરમ થાયછે અને માંહેથી બહાર નીકળી જવાને તેમાં ગોળ કાણું પાડી શકેછે. માટે આ પ્રાણીઓએ બનાવેલું રેશમ લેવું હોય તો તેઓ કોશીટાને કોચાંને બહાર નીકળી જાય તે પહેલાં તેમને મારી નાંખી કોશીટાના તારને ફીરકીપર વીંટાળી લેવા જોઇએ. ચોંટેલું રેશમ છૂટું કરવાને કોશીટાને ઉના પાણીમાં બોળી બે કે ત્રણ કોશીટાના તારને સાંધીને એક તાંતણો કરેછે.

माखीओ. (તખ્તી ૨૩ મી.)

બગાઇઓ મધમાખીના જેવીજ છે, અને તેમની પેઠે એમના શરીરપર વાળની વચ્ચે વચ્ચે પીળા રંગના આડા પટા હોયછે. સુભાગ્યે બગાઇઓ બહુ સાધારણ નથી. આ દારૂણ માખીઓની કેટલીક જાત થાયછે, તેમાંની દરેક કામળીઆની સ્થિતિમાં અમુક પશુનું લોહી ચૂશીને રહેછે. ઘોડા, બળદ, ગધેડાં, રેનડીયર, સાબર, આંટીલોપ, ઊંટ, ઘેટાં, અને સસલાંની ચામડીપર આ પ્રાણીનાં ઇંડાં વળ-

ગેલાં હોયછે અને તેઓ તેમનું લોહી ચૂસેછે તેથી એ ઘણાં હેરાન થાયછે.

સાધારણ માખી અને આસમાની રંગના મોટા પેટવાળી માખી જેને આપણે લીલી માખ કહીએ છીએ તેનું વર્ણન કરવાની જરૂર નથી.આ માખને ઇંગ્રેજીમાં બ્લુ બૉટલ કહેછે.

સેટસી એ સાધારણ માખીથી બહુ મોટી હોતી નથી, અને મધમાખીના જેવીજ લગભગ ભૂરા રંગની હોયછે. આ ઝેરી જીવડાના ડંખથી બળદ, ઘોડા, અને સાબર નક્કી મરણ પામેછે; પરંતુ માણસને, સાવજને, અને જ્યાંલગી વાછરડાં ગાયને ધાવેછે ત્યાંલગી તેમને પણ એ જરાએ ઇજા કરતું નથી. એની સૂંઢના ત્રણ ભાગ છે તેમાંના વચલા શૂળમાંથી ઝેર ચામડીમાં પેસેછે. ડાંસ કે મચ્છરની સૂંઢ જેવી રીતે ચામડીમાં પેસેછે તેવીજ રીતે એ સૂંઢ ચામડીમાં ઊંડી પેસાડી તે ભરાતાં લગી લોહી ચૂસેછે. જે ભાગમાં તે કરડેછે ત્યાં થોડીક લાય બળેછે અને ખણજ આવેછે, પરંતુ ડાંસ કે મચ્છર કરડવાથી જેટલી લાય બળેછે તેનાથી વધારે બળતી નથી. આ ડંખથી માણસના શરીરમાં જેટલી અસર થાયછે તેનાથી બળદને વધારે તાત્કાલિક અસર થતી નથી, પરંતુ થોડા દહાડામાં એ બાપડું પ્રાણી માંદુ પડીને મરણ પામેછે. આ ભયંકર જંતુ આફ્રિકાના અમુક ભાગમાંજ થાયછે એટલું ઠીક છે.

ડાંસ અથવા મચ્છરનો ડંખ તીક્ષ્ણ હોવાથી લોકો તેનાથી ત્રાસ પામેછે. લાંબા ખોભણવાળા અને વળે એવા ઢાંકણમાંથી લાંબી નાજુક ભાલા જેવી સૂંઢ બહાર નીકળેછે તે એટલી તીણી હોયછે કે આપણી પાતળી ચામડીમાં ઝટ પેશી જાયછે; થોડીવારમાં આપણા હાથ અને મોંપર ઢીમડાં થઈ આવી તેમાં બળતરા બળેછે તેપરથી એ ભયંકર હથિઆર કેવું જબરૂં છે તે જણાયછે.

માકડીકૂકડી કે ખડમાકડી ઘાસમાં રહેછે. એનું શરીર નાનું અને પગ લાંબા હોયછે. ઈંગ્રેજીમાં એને દાદીલૉંગ લેગ્સ અથવા ક્રેન ફ્લાઈ કહેછે.

कानखजुरा. (તખ્તી ૨૩ મી.)

કાનખજુરાનું અંગ પહોળું અને ચપટું હોયછે અને તેમાં શુમારે ચોવીસ ખંડ હોયછે. દરેક ખંડને સાંધાવાળા બે મજબૂત પગ હોયછે. આ પ્રાણીનું મોં તેનું નાશકારક ભયંકર હથિયાર છે. મોંની અંદર શિંગડાં જેવાં કઠણ જડબાં હોયછે એટલુંજ નહિ, પણ બે ભારે અને વાંકા જબરા ઝેરી દાંત હોયછે તેમના તીણી અણી નીકળેલી હોયછે અને છેડાની થડમાં ઝીણું છિદ્ર હોયછે તેમાંથી તે જેને કરડેછે તેમાં ઝેરી પ્રવાહી પેસેછે.

રાક્ષસી કાનખજુરો દક્ષિણ અમેરિકામાં થાયછે. તે એક ફુટ ઉપરાંત લાંબો અને સવા ઇંચ પહોળો હોયછે.

વીંછી. (તખ્તી ૨૩ મી.)

વીંછીની પૂછડીને છેડે તીણો અણીઆળો આંકડો હોયછે તે તે મારેછે ત્યારે તેમાંથી ઘામાં ઝેર પેસેછે. એના ડંખથી બહુ વેદના થાયછે. વીંછણ પોતાનાં બચ્ચાંને થોડા દહાડા લગી પીઠપર રાખેછે અને એક મહીના લગી તેમને ખવડાવેછે. ત્યાર કેડે તેઓ પોતાની મેળે પોતાની સંભાળ લઈ શકેછે.

करोळीआ. (તખ્તી ૨૪ મી.)

કરોળીઆ ખંધા અને બાવરા છે, અને વળી તેમની કને અજાયબ જેવું યંત્ર છે તે વડે તેઓ પોતાનાં જાળાં બાંધી શકેછે. એ યંત્ર ચાર અવયવનું બનેલું છે તેઓમાંથી કરોળીઓ એક પ્રકારની નરમ રશી કહાડી જાળું બનાવેછે.

કરોળીઆનું મોં બહુ બીહામણું છે. એના પ્રત્યેક જડબાને છેડે હાલે એવો ઝેરી દાંત હોયછે તે છેડા આગળ તીણો હોઈ તેમાં નાનું કાણું હોયછે તેમાંથી કરોળીઓ કરડેછે ત્યારે ઝેર નીકળેછે તેને લીધે કરડતાંનેવાર જીવડું મરી જાયછે.

ક્લોથો ડ્યુરંડી કરોળીઓ એક પ્રકારનો તંબુ બાંધી તેમાં રહેછે અને પોતાનાં બચ્ચાંને ઉછેરેછે. એ તંબુ રેશમી ગાજ (ફા. તાફતાહૂ, ઇં. ટફેટા)ના જેવા પદાર્થનો કરેછે અને રેશમી તાંતણા વતી જમીન જોડે તેને બાંધી લેછે. કોઇની



૧. વરૂ જેવો કરોળીઓ. ૨. કલોથોડયુરંડી. ૩. માછગેલ.
૪. સાધારણ કરોળીઓ. ૫. કડીઆ કરોળીઆ.
૬. જળ કરોળીઆ અને ઈંડાં.

નજરે પડે નહિ તેટલા સારૂ તુંબુનું બહારનું પડ જાણી જોઇને મેલું રાખેછે, પરંતુ માંહેલું પાસું ધોળું અને બહુજ સ્વચ્છ હોયછે. એ તંબુમાં ઘણીજ અજાયબ જેવી યુક્તિ કરેલી હોયછે તેથી કરીને માદા ખોરાક શોધવાને માળામાંથી બહાર જાયછે તેવારે તેનાં બચ્ચાંને જરાએ હેલો હરકત આવતી નથી. તંબુનાં કેટલાંક પડને કોર આગળથી એક એક જોડે બાંધી લીધેલાં હોયછે અને કેટલાંકને ફક્ત એક એકપર મૂકેલાં હોયછે; અને એ પડોને ઉંચકીને તેમાં પેસવાની કળની એકલી માદાનેજ ખબર હોવાથી પ્રવેશ થઈ શકે નહિ એવા તેના રહેઠાણમાં પેસવાનો બીજા કોઈ પ્રાણીને રસ્તો જડતો નથી.

માઇગેલ. (તખ્તી ૨૪ મી.)

આ કરોળીઓ પોતાનું નળાકાર ઘર એવા મજબૂત અને ઘટ્ટ કુલેવર લૂગડાનું બનાવેછે કે તે ધોળી મલમલના જેવું દેખાયછે, અને એજ પદાર્થના બનાવેલા અખોડના જેવડા કોશીટામાં તે પોતાનાં બચ્ચાંને રાખેછે. આ ભયંકર પ્રાણીઓ તેમના નામના અર્થ પ્રમાણે પક્ષીઓને મારી તે ખાઇને રહી શકેછે. તેમના જાળામાં ફિન્ચ નામે પક્ષીઓ જોવામાં આવ્યાંછે.

સાધારણ કરોળીઆ. (તખ્તી ૨૪ મી.)

સાધારણ કરોળીઆ ઘરની અંદરના ભાગમાં, ભીંતના

ખૂણામાં, અથવા છોડવા અને વાડ ઉપર અને વખતે પથરાની નીચે પોતાનાં જાળાં બાંધેછે. તેમનું જાળું બહુ મોટું અને લગભગ આડું હોયછે અને હમેશાં તેના ઉપલા ભાગમાં એક નળી હોયછે તેમાં મોટો કરોળીઓ હાલ્યા ચાલ્યા વગર સંતાઇને બેશી રહેછે અને કોઈ જીવડું તેની જાળમાં સપડાઈ જાયછે તેને પકડી લેછે.

कडीआ करोळीआ. (તખ્તી ૨૪ મી.)

આ કરોળીઆ ભોંયમાં નળ ખોદી તેમાં પોતાના ભક્ષને માટે ભરાઈ રહેછે. એ નળને ઢાંકણું ઢાંકેલું હોયછે. પાસેના ચિત્રમાં એક કરોળીઓ એમાંના એક નળમાંથી બહાર નીકળેછે.

जळ करोळीओ. (તખ્તી ૨૪ મી.)

કરોળીઆનો વર્ગ બહોળો છે અને તેમાં જળ કરોળીઓ છે. આ કરોળીઓ સ્થિર પાણીમાં રહેછે અને વાના પરપોટામાં પોતાનું શરીર ઘેરાયલું રાખી નિરાંતે પાણીમાં તર્યા કરેછે. રૂપાના નાના ગોળાની પેઠે એ પરપોટો ચળક ચળક થાયછે. પાણીમાં ડૂબકી મારવાના ઘંટાકાર યંત્રના જેવો અંડાકાર કોશીટાને આકારે માદા પોતાને માટે માળો બાંધી તેમાં રેશમ પાથરેછે, અને આજુબાજૂના છોડ જોડે બધી દિશામાં દોરી બાંધી લેઈ તેને ડગવા દેતી નથી. આ માળામાં શિકારની રાહ જોતી તે બેશી રહેછે અને



૧. કાંઠલાવાળા પોકા. ૨. ઓક ઝાડનાં ફળના જેવા પોકા. ૩. સ્કાલ્લપ. ૪. મોતી બનાવનાર કાલુ. ૫. દરિયાઈ-પિન્ના. ૬. સાધારણ કાલુ.

ઈંડાંનો કોશીટો મૂકેછે; એ કોશીટાની તે અધારી થઇને ચોકી કરેછે. વળી એજ ઠેકાણે આખો શિયાળો તે ભરાઈ રહેછે.

પોકા. (તખ્તી ૨૫ મી.)

જે લોકો દરિયા કાંઠે ફરેછે તેઓ આ પ્રાણીઓને ઓળખેછે; એ ખડક, પથરા, અથવા લાકડાના કડકાને વળગેલાં દીઠામાં આવેછે.

કાંઠલાવાળા પોકા દરિયામાંની લગભગ દરેક વસ્તુ, ટર્ટલ કાચબા, વ્હેલ, અને દરિયાઇ સાપ, તેમજ જડ પદાર્થોપર, દીઠામાં આવેછે. તેઓ જીવતાં ઝીણાં પ્રાણીઓ ખાઇને રહેછે. એ પ્રાણીઓને તેઓ પોતાના પીંછાંના જેવા પરવાળા હાથને બબે કે ત્રણ ત્રણ સેકંડો બહાર કહાડીને તે વતી પકડેછે.

ઓક ઝાડનાં ફળના જેવા પોકાઓને થડ હોતાં નથી. કાંઠલાવાળા પોકા જે રીતે પોતાનો નિર્વાહ કરેછે તેજ રીતે આ પ્રાણીઓ પોતાનો નિર્વાહ કરેછે. પોકાને ઇંગ્રેજીમાં બાર્નેકલ કહેછે.

સ્કાલ્લપ. (તખ્તી ૨૫ મી.)

સ્કાલ્લપ પોતાની છીપની અંદર પાતળી પારદર્શક ચામડીમાં વીંટલાયલું હોયછે. એ ચામડીને તેનો **ઝભ્ભો** કહેછે. એ ઝભ્ભાનાં પડની વચ્ચે ચાર ઝાલર હોઈ બહારની મેર

અણીઆળી હોયછે અને બહારની કોરે છૂટી હોવાથી પાણીપર તરેછે. છેક અંદરની બે ઝાલરો જ્યાં એકઠી મળેછે ત્યાં તેનું મોં છે. એ મોં માત્ર કાણું હોઈ તેની આસપાસ ચાર પાતળા અને સ્પર્શજ્ઞાનવાળા હોઠ છે. ઝાલરના દરેક તાંતણાપર પાંપણના જેવા અસંખ્ય ઝીણા વાળ (સૂક્ષ્મદર્શક યંત્રમાંથી) સદા હાલતા જણાયછે. એ વાળ ઝાલરની સપાટીપર હાલ્યાં કરેછે અને જે કાંઈ તરતાં ઝીણાં જીવડાં અથવા બીજો પુષ્ટિકારક ભક્ષ થડમાં થઈને જાયછે તેમને મોં ભણી ધકેલેછે.

मोती बनावनारा कालु. (તખ્તી ૨૫ મી.)

મોતી બનાવનારા કાલુ નામે જીવ મુખ્યત્વે ઇરાની અખાતમાં અને લંકાથી થોડે દૂર જોવામાં આવેછે. આ પ્રાણીમાંથી સુંદર મોતી નીકળેછે. પાતળી ચામડીનાં પડ અને લેમ કાર્બોનેટનાં મોતી બનેછે. "કાલુ કોઈ કારણથી ચેળ ઉત્પન્ન થાયછે તે મટાડવાને મોતી બનાવેછે. જેમ કે, કાલુના ઝભ્ભાની અને છીપની વચ્ચે રેતીનો કણ ભરાયછે તો એ પ્રાણી લાગલું તેનાપર ચામડીનું લીસું પડ ચઢાવે છે અને પછી નેકરનું પડ ચઢાવેછે." એ રીતે મોતી બને છે. મોતી બનાવનારા કાલુની છીપમાં મોતીની છીપનું અસ્તર હોયછે.

તખ્તી ૨૬ મી.



૧. અષ્ટપદી. ૨. નાટિલસ. ૩. નાનું સિપિયાન.

दरियाई पिन्ना. (તખ્તી ૨૫ મી.)

દરિયાઈ પિન્ના એ બે કડકાની છીપમાં રેહેનારૂં માંસરૂપી પ્રાણી છે, અને ભૂમધ્ય સમુદ્રમાં તથા કેટલાક બીજા સાગરમાં થાયછે. બારીક તાંતણાની રેશમી જાળ (એને ઇંગ્રેજીમાં બિસ્સસ કહેછે) ને પાણીમાં નાંખી તેવતી તે પોતાનો ખોરાક ઝાલેછે. માછલું પકડાયછે ત્યારે આ જાળનું ગરમ અને સુંવાળું કપડું બનેછે. પિન્નાને સિસિલી બેટના લોકો પણ ખાયછે.

साधारण काल्लु. (ખ્તી ૨૫ મી.)

કાલ્લુ એ માંસરૂપી પ્રાણી છે. પહેલાં એવું ધારવામાં આવતું હતું કે આ પ્રાણી જે ઠેકાણે રેહેતું ત્યાંથી ખશી શકતું નહિ; અને ખરૂં જોતાં છીપમાં રેહેનારાં પ્રાણીઓમાં એ સૌથી જડ છે, પરંતુ એકદમ છીપને બંધ કરીને તથા પાણીને એકદમ બહાર કહાડી નાંખીને તે ચાલી શકેછે; એમ એ પાછળ અથવા પડખાપર ચાલેછે. કાલ્લુ ઇંગ્લાંડના કેંટ, એસેક્સ, હાન્ટ્સ, અને ડાર્સેટશાયર પરગણાંના કિનારાથી થોડે છેટે જોવામાં આવેછે.

अष्टपदी. (તખ્તી ૨૬ મી.)

અષ્ટપદી એ પ્રાચીન કુદ્રતી તવારીખ જાણનારાનું બહુપગું પ્રાણી છે. એને આઠ હાથ હોયછે, તેમાંનો દરેક તેના

શરીરથી છગણો લાંબો છે અને તેને એકસો વીસ જોડ એટલે બસેં ચાળીસ ચૂસક નળીઓ હોયછે. પ્રત્યેક નળીને માંહેલી બાજૂએ છિદ્ર હોયછે. એ છિદ્રમાં હાલે એવો ગોળ દટ્ટો હોયછે તે વાયુને શોષી લેછે. એની રચના સુંદર છે. અષ્ટપદીના સપાટામાં ગરીબ માછલું આવી જાયછે ત્યારે તેનાથી છૂટી શકાતું નથી; કારણ કે એ નળીઓ એટલા જોરથી વળગી જાયછે કે તેઓ તૂટી જાય પણ છૂટે નહિ, અને પછી પેલા શિકારને તે પોતાની તીણી ચાંચવતી ફાડી નાંખેછે. અષ્ટપદી ઘાતકી, વિકરાળ, અને ખાવરૂં રાક્ષસી પ્રાણી છે.

એના અંગમાં શાહીના જેવો અતિશય કાળો અજબ તરેહનો પ્રવાહી હોયછે તેને તે મરજીમાં આવે ત્યારે ફેંકી શકેછે. આ પ્રવાહી થકી તેની ઉપરનું પાણી કાળું થાયછે તેથી કરીને એ પ્રાણી પોતાનો દુશ્મન ન દેખે તેમ નાશી જઈ શકેછે. એની આંખ બીહામણી છે અને ટગટગ જોયાં કરેછે, તથા એની દૃષ્ટિ ઘણીજ તીવ્ર છે. અષ્ટપદી રાતની વખતે ઘણું ચંચળ છે; જે ખલાશીઓએ એને પાણીના ખાડામાં ચાંદરણામાં પોતાના ભક્ષનો શિકાર કરતાં જોયું છે તેઓ કહેછે કે અંધારામાં બિલાડીની આંખ જેવી ચળકેછે તેવી એના મોટી આંખ એ વેળા ચળકેછે. અષ્ટપદીને ઇંગ્રેજીમાં ઓક્ટોપસ અથવા પોલ્પ કહેછે.

નાટિલસ. (તખ્તી ૨૬ મી.)

આ દરિયાઈ પ્રાણીની છીપ ઘણીજ સુંદર હોઈ તેની માહેલી કોરે મોતીની છીપ હોયછે. આ જનાવર ઉષ્ણ કટિબંધના તમામ સમુદ્રોમાં થાયછે. એક નાટિલસની છીપના કેટલાક ખંડ થઈ તેમનો પરસ્પર સંબંધ હોયછે. આ પ્રાણીને પુષ્કળ મૂછ હોયછે તેવતી તે દરિયાને તળિયે ચાલેછે અથવા હવા શાંત હોયછે તેવારે પાણીની સપાટીપર ચાલેછે. એ પોતાનું માથું નીચું અને છીપ ઉપલીમેર રાખીને ચાલેછે. પરંતુ સપાટીપર તરેછે તેવારે તેની છીપ નીચલી બાજૂએ હોયછે. ખુશીમાં આવે ત્યારે ફક્ત પોતાની મૂછને અંદર ઘાલી દઈ અને છીપને ઊંધી કરી ખરાબાપરના પોતાના રેહેઠાણમાં તે સહેલથી ઉતરી પડેછે.

અષ્ટપદી અને નાટિલસ એકજ વર્ગનાં પ્રાણી છે, તથાપિ નાટિલસને શાહીની કોથળી અથવા નળીઓ નહોતાં બહુ જાડી સખ્ત ચાંચ હોયછે તે વતી છીપમાં રેહેનારાં અથવા પરવાળાંનાં જીવડાંને મારી નાંખેછે. એ જીવડાં સોવસા તેનો ખોરાક છે. ફિજિ બેટના, ન્યૂકાલીડોનિઆના, અને ન્યૂ હેબ્રિડીસના રેહેવાસીઓ એને પકડીને ખાયછે.

નાનુંસિપિયન. (તખ્તી ૨૬ મી.)

આ દરિયાઈ પ્રાણી એશિઆના સમુદ્રોમાં તેમજ ઇંગ્લાંડને તમામ કાંઠે વસેછે. લાંબા હાથ અને ચૂસક નળી-

એ વડે તે ઝડપથી આગળ ચાલી શકેછે, અને હરકોઈ પદાર્થને બાઝેછે તેને છોડતું નથી. એના વર્ગના ભયંકર અષ્ટપદી પ્રાણીની પેઠે એને શાહીની કોથળી હોયછે તેમાં કાળી લાલાશ પડતી ભૂરી શાહી હોયછે તેને મરજીમાં આવે તેવારે તે ફેંકી શકેછે અને તેને લીધે તેની ઉપલું પાણી ડાળું થવાથી તે પોતાના દુશ્મનની નજર ચૂકવીને નાશી જઈ શકેછે. આ શાહીને સૂકવીને ચિતારાનો રંગ બનાવેછે. ચીનાઈ શાહી સોવસા એની બનેછે એવું કહેછે. સિપિયાનનું હાડકું બહુ વિચિત્ર હોયછે. એ તેના પડદાની અંદર છેક છૂટું રહેછે, અને એટલું હલકું તથા તરે એવું હોયછે કે તે સિપિયાનનો સરસ તરાપો થઇને રહેછે. એ હાડકું ઘણીવાર કાંઠે પડેલું નજરે પડેછે; અને કેટલાક લોકો એને છોલીને લીલા અક્ષરપર શાહીસૂચક કાગળ (બ્લાટિંગ પેપર) દાબવાને બદલે તે સૂકાઈ જાય તેટલા સારૂ તેનો ભૂકો તેપર ભભરાવેછે; એ ભૂકો નરમ ધાતુઓપર ઓપ ચઢાવવાને પણ કામ આવેછે. સાન્ડવિચ ટાપુના રહેવાશીઓ સિપિયાનને મિષ્ટાન્ન ગણેછે. એને ઇંગ્રેજીમાં કટલ માછલું કહેછે.

वातपुष्प. (તખ્તી ૨૭ મી.)

આ પ્રાણીઓ ફૂલોને એટલાં બધાં મળતાં આવેછે કે તેમને દરિયાઈ વાતપુષ્પ કહેછે.

તખ્તી ૨૭ મો.



૧. ગુલાબી વાતપુષ્પ. ૨. ઓપલેટ. ૩. નારંગી રંગનું ચક્રાકાર વાતપુષ્પ (બિડેલું). ૪. નારંગી રં. ચ. વા. (ખુલ્લું). ૫. લિમ્પેટ. ૬. રતુંમડી વાદળી. ૭. મોટી ફનલ વાદળી. ૮. લીલી વાદળી. ૯. જળસ્ત્રીના મોજા જેવી વાદળી.

ગુલાબી વાતપુષ્પ બહુ મહનોર છે; અતિ ચળકતાં તમામ વાતપુષ્પ પાણીનાં ઊંડાં ખાબોચિયાંમાં દીઠામાં આવેછે તેમ એ પણ ત્યાં જોવામાં આવેછે; કારણ કે ભરતીનાં પાણી ઉતરી ગયા કેડે જે ખડક ખુલ્લાં દેખાયછે તેપર તેઓ રહેછે તેવારે તેમનાપર ધુંધળા ભૂરા અને પીળા રંગનાં ટપકાં ટપકાં હોયછે અને ઘણીવેળા તેમનાં શરીરપર કાંકરી, છીપ, અને દરિયાઈ છોડના કડકા ચોંટેલા હોયછે. વાતપુષ્પોના નીચલા ભાગ બહુધા ખડકોને વળગેલા હોયછે તોપણ તેઓ છૂટાં પડી નવાં સ્થળોમાં તરીને જઈ શકેછે; અથવા હળવે હળવે આગળ ચાલેછે.

વાતપુષ્પોમાં ગુલાબી, ઓપલેટ, અને નારંગી રંગનાં ચક્રાકાર વાતપુષ્પો સૌથી રૂપાળાં હોયછે. વાતપુષ્પના ઝપાટામાં નાનું જીવડું એકવાર આવ્યું કે તેનું તેને ઝેર ચઢેછે એમ દીસેછે; કારણ કે તે તેની ચામજૂ જેવી પકડમાંથી છટકી જાયછે તોએ મરણ પામેછે.

વાતપુષ્પના કાપીને કડકા કરીએ તોપણ તે મરી જતું નથી. પ્રત્યેક છૂટા કડકાનું નવું પ્રાણી થઇને રહેછે. દરિયાઈ વાતપુષ્પો દરેક સાગરને કાંઠે થાયછે અને સુંદર રંગીન પીંછવાઈ બિછાવી હોય તેની પેઠે ખડકોપર પથરાઇને રહેછે. દરેક જાતને પોતાનું રહેવાનું સ્થળ હોયછે; અને ગરમ દેશોમાં રહેનારાં વાતપુષ્પો ઠંડા દેશોમાંનાથી ઘણાં વધારે ચળકતા રંગનાં હોયછે. વાતપુષ્પને ઇંગ્રેજીમાં આનીમન કહેછે.

લિમ્પટ. (તખ્તી ૨૭ મી.)

આ દરિયાઈ માંસરૂપી પ્રાણીઓ દુનિયાના દરેક ભાગમાં થાયછે.

કહેછે કે એક મોટા સ્નાયુવડે તેઓ ખડકોને સજડ બાઝી રહેછે. એ સ્નાયુ થકી આ પ્રાણી ચાલેછે અથવા ચોટી રહેછે; કારણ કે એમાંથી ચીકણી રશી નાકળેછે તેને લીધે તે સરેસની પેઠે ચોટી જાયછે, પરંતુ તે તેનાપર પાણી છાંટેછે તેવારે તે ઓગળી જાયછે.

વાદળી. તખ્તી ૨૭ મી.)

વાદળીઓ દરેક દેશમાં થાયછે અને તેમના રંગ અને આકાર વિધ વિધ પ્રકારના હોયછે. દરિયામાં રહેનારાં, દેખાય નહિ એવાં ઝીણાં બહુપગાં પ્રાણીઓ વાદળી ઉત્પન્ન કરેછે.

આ પ્રાણીઓ વાદળીપર ચીકણા પ્રાણી પદાર્થની પેઠે પથરાયલાં હોયછે અને સ્પર્શ લાગવાથી લગીર સંકોચાયછે અથવા હાલેછે. મરી ગયા પછી આ નરમ ચીકણો પદાર્થ જતો રહેછે.

વાદળીમાં શિંગડાનું અથવા શુદ્ધ ચકમકનું ઘર હોયછે. નાની વાદળી ઉત્પાદક વાદળીથી છૂટી પડી યોગ્ય સ્થળે તરીને જાયછે અને ત્યાં સદા ચોટીને રહેછે.

કાળ જતે વાદળીઓનો ચકમક બનેછે. આપણો સા-

ધારણ ચકમક પૂર્વે વાદળીઓને રૂપે હતો. આ વાતનો સૂક્ષ્મદર્શક યંત્રવડે તપાશીને નિશ્ચય કર્યોછે. જીવતી અને સ્વાભાવિક સ્થિતિમાં વાદળીઓની નિરીક્ષા કરવાથી મોટાં બાકાંમાંથી પાણીનું નિરંતર અને ઉતાવળું ઝરણ બહાર નીકળતું જણાયછે, અને છિદ્રોમાંથી પાણી સદા અંદર જાયછે. વાદળીમાં પાણીનું આ ભ્રમણ ચાલ્યાં કરેછે તે પર તેના જીવનનો આધાર હોય એમ દીસેછે. સુકાઈ ગયેલી વાદળી જીવતા પ્રાણીનું ખોખું માત્ર છે.

વાદળીઓ ઘણી રૂપાળી હોયછે; પાસેના પાનામાં મોટી ફુનલ વાદળી, લીલી વાદળી, અને જળસ્ત્રીના મોજાનીનાં ચિત્ર આપ્યાંછે.

દર વરસે ભૂમધ્ય સમુદ્રમાંથી પુષ્કળ વાદળીઓ આવેછે.

માંસરૂપી પ્રાણીઓ.

જે અસંખ્ય પ્રાણીઓ છીપમાં રહેછે અને છીપ બનાવેછે તેમને આ નામ આપ્યુંછે. તેમનાં અંગ સુંવાળાં હોયછે, તેમને એકે હાડકું હોતું નથી, અને તેમનાપરની ચામડી લાંબી ટૂંકી થાયછે. એમાંથી ચીકણો પદાર્થ નીકળેછે તેનાં પડ બંધાઈ ઝભ્ભાની માફક તે પ્રાણીની આસપાસ લપેટાઇને રહેછે. કેટલાંક પ્રાણી જમીનપર રહેછે અને વાનો દમ લેછે; પરંતુ તેમનો મોટો ભાગ પાણીમાં રહેછે અને તેમાંથી તેઓ ખોરાક મેળવેછે અને ઝાલર જેવાં અંગવડે દમ લેછે.

व्हेल्क. (તખ્તી ૨૮ મી.)

વ્હેલ્ક એ છીપમાં રહેનારૂં બહુ સાધારણ માંસરૂપી પ્રાણી છે અને તેનું મોં નળી અથવા સૂંઢને આકારે હોયછે અને તેને છેડે કાનસના જેવું હોયછે તેવડે બીજાં જે માંસરૂપી પ્રાણીઓને ખાવાની તેને ઇચ્છા થાયછે તેમની છીપની આરપાર કાણું પાડી શકેછે. એને ઇંગ્લાંડના લોકો મસ ખાયછે. એની છીપ એક કડકાની, પેચના જેવી, અને બાહ્યગોળ હોયછે, અને તેને અંડાકાર છિદ્ર હોયછે.

मस्सल. (તખ્તી ૨૮ મી.)

મસ્સલ એ બે કડકાની અને ચળકતા પૃષ્ટવાળી છીપમાં રહેનારૂં માંસરૂપી પ્રાણી છે. એને એક પગ હોયછે તેવડે તે હળવે હળવે ચાલેછે અને વળી શિંગડા જેવા કઠણ તાંતણાનું દોરડું બનાવી તેવડે ખડકોને વળગી રહેછે. મસ્સલની બે જાત થાયછે તે યૂરોપ અને અમેરિકાને કાંઠે જોવામાં અવેછે.

पेइटन कोकल. (તખ્તી ૨૮ મી.)

કોકલને પણ એક પગ હોયછે તેને તે લાંબો કરી શકેછે (ચિત્ર જુઓ), અને તેને છેડે આંકડી હોયછે તેવડે તે ચાલી શકેછે. એક પ્રકારની વહાણની આંકડીના જેવો એનો ઉપયોગ કરીને સાગરને તળિયે પણ ઝડપથી તે ઉતરી પડેછે; અને તેને જોરથી વાળીને અને પછી એકદમ

તખ્તો ૨૮ મો.



૧. વ્હેલક. ૨. મસ્સલ. ૩. પેક્ટિન કોકલ. ૪. વેન્ટલ-ટ્રૂપ. ૫. કોડાઓ. ૬. ગૌકુળગાય. ૭. અસ્સાઘાટી છીપ.

છોડી દઈને સપાટીપર અને હવામાંએ કૂદકો મારીને જઈ શકેછે. તે કોઈવાર એને રેતીમાં ખાડો ખોદવાના કામમાં લેછે.

કોકલને યૂરોપી લોકો ખાયછે, અને યૂરોપના કેટલાક ભાગમાં એને "રાતું નાક" કહેછે. ઈંગ્લાંડના પશ્ચિમ ભાગના લોકો એનું અથાણું કરેછે.

वेन्टलट्राप. (તખ્તી ૨૮ મી.)

વેન્ટલટ્રાપ એ પેચના જેવા આમળાવાળી છીપમાં રહેનારૂં માંસરૂપી પ્રાણી છે. પ્રાચીન કાળમાં એનો શંખ બહુ કીમતી ગણાતો. આ પ્રાણી હાલમાં એશિઆના સમુદ્રોમાં સાધારણ છે. પેચના જેવી લીટીના આંટા એક એકથી છૂટા હોયછે.

कोडीओ. (તખ્તી ૨૮ મી.)

કોડીઓ સુંદર નાની છીપો છે અને એશિઆ તથા આફ્રિકામાં બહુ જૂના કાળથી નાણા તરીકે વપરાયછે. મી. લેયર્ડને નિમરોડનાં ખંડેરોમાંથી કેટલીક કોડીઓ જડી હતી.

खांगडाघाटी छीपमां रहेनारी गोकळगाय.

(તખ્તી ૨૮ મી.)

એ એક જાતની દરિયાઈ ગોકળગાય છે અને ભરતી ઉતરી જાયછે તેવારે કાદવના થરને બાઝેલી નજરે પડેછે.

એને યૂરોપી લોકો મસ ખાયછે.

अस्तराघाटी छीप. (તખ્તી ૨૮ મી.)

અસ્તરાઘાટી છીપમાં રહેનારાં માંસરૂપી પ્રાણીઓને એક પગ હોયછે તેવડે તેઓ ચાલેછે. તેમને યૂરોપી લોકો ખાધામાં સ્વાદિષ્ટ ગણેછે; અને તેમનાં કાણાંમાં થોડું લુણ (મીઠું) નાંખવાથી પકડાયછે. મીઠું નાંખવાથી એ પ્રાણી ખીજવાઇને સપાટીએ આવેછે એટલે ટાંપી રહેલો માછી તેને તુરત પકડી લેછે. આ પ્રાણી રેતીમાં બે ફુટ ઊંડો ખાડો ખોદી તેમાં રહેછે; પરંતુ ભરતી ઉતરી જાયછે તેવારે રેતીના હાલવાથી તે ભય પામેછે ત્યારે પાણીની ઝીણી ધાર ઊંચે ફેંકેછે તેપરથી તેનું છૂપું રહેઠાણ જણાઇ આવેછે.

परवाळां. (તખ્તી ૨૯ મી.)

પરવાળાં એ બહુપગી નામે હજારો નાના જંતુનાં રૂપાળાં ઘર છે. એ ઘરનાં બારીક છિદ્રોમાંના દરેકમાં એકેકું જીવડું રહેછે તે તેમાંથી ભક્ષ ઝાલવાને આઠ હાથ બહાર કાઢેછે. એ જીવડાં મરી જાયછે, પરંતુ ખોખાં—પરવાળાં પાછળ રહેછે, અને નવાં નવાં જીવડાં ઉત્પન્ન થાયછે તેઓ તેનાથી ઊંચે ઊંચે ઘર બાંધતાં જાયછે તેથી તેમાં સદા વધારો થયાં કરેછે અને સુંદર રાતી ડાળીઓમાં પુષ્કળ જીવડાં રહેવાથી વાસ્તવિક રીતે તેઓ વંશનાં ઝાડ થઇને રહેછે. પરવાળાંનાં જીવડાં સાગરની સપાટીની ઉપર ઘર



૧. ઝાડ જેવાં પરવાળાં. ૨. રાતાં પરવાળાં. ૩. ડેવનશાય-રના પાલા ઘાટનાં પરવાળાં. ૪. ગુચ્છાદાર પરવાળાં. ૫. મેડ્યુસા. ૬. દરિયાઈ તારો.

બાંધતાં નથી; પરંતુ મોજાંને લીધે તેમનાં ઘર સપાટીની ઉપર રહેછે, અને છીપ તથા પરવાળાંની રેતીનો પરવાળાંના ખડક અથવા કાંઠાપર જમાવ થાયછે; એમાં દરિયાઈ છોડવા મૂળ ઘાલેછે; દરિયામાં છોડ અને કચરપચર તણાઈ આવેછે; જે ભૂચર પક્ષીઓ એક દેશથી બીજે દેશ જાયછે તેઓ એ ઠેકાણે ઝાડ અને છોડવાનાં બીજ મૂકેછે; કાંઠે તણાઈ આવેલું નાળિએર ત્યાં ઉગેછે; વાની લહેરમાં કાંઇને કાંઈ વસ્તુ ઘસડાઈ આવેછે; અને પરવાળાંનાં જીવડાંનાં ઘરનો ધીમે ધીમે બેટ બની દક્ષિણ મહાસાગરની ઉપર આવેછે અને છેવટે ત્યાં માણસ જઇને વસેછે.

પુષ્કળ લોકો પરવાળાં પકડવાનો ધંધો કરેછે.

રાતાં પરવાળાં ભૂમધ્ય અને રાતા સમુદ્રમાં અને નીઓ ભૂશિરથી થોડે દૂર થાયછે. સિંહના જેવા આકારનો ધોળાં પરવાળાંનો ઘણોજ મોટો ખડક એડન બંદરથી થોડે છેટેછે.

ઝાડ જેવાં પરવાળાંની નાની ડાળીઓ દરિયાના તળિયાની નજીક ગુફાઓમાં માત્ર જોવામાં આવેછે, અને તેમને ડૂબકી મારનારા બહાર ઘસડી આણેછે. એ ગુફાઓનાં મોં દક્ષિણ બણી હોયછે.

ડેવનશાયરનાં પ્યાલાઘાટી પરવાળાં, તેમજ ગુચ્છાદાર પરવાળાં ઘણાંજ સુંદર હોયછે.

मेड्युसा. (તખ્તી ૨૯ મી.)

મેડ્યુસા એ ચક્રાકાર પ્રાણીની જાતનું ચીકણું નાનું દરિયાઈ પ્રાણી છે અને વ્હેલનો મુખ્ય ખોરાક છે. આ પ્રાણીનાં ટોળેટોળાં ઉત્તર ધ્રુવની આસપાસના સમુદ્રોમાં વસેછે અને ગ્રીન્લાંડની આસપાસના મહાસાગરને કેટલાક મેલ લગી લીલા અર્દ્ધપારદર્શક રંગથી કાળો કાળો કરી દેછે. આ અપારદર્શક પાણીમાં વ્હેલનાં ઝુંડનાં ઝુંડ ભેગાં થાયછે. એ પાણી તેમનો સેરવો (સૂપ)છે. ખુશીમાં આવેછે તેવારે મેડ્યુસા પોતાના ચળકતા તાંતણાવતી સજડ ચોંટી રહી શકેછે.

दरियाइ तारो. (તખ્તી ૨૯ મી.)

આ પ્રાણી દરેક કાંઠે જોવામાં આવેછે. અડધા નીતર્યા ચીકણા પદાર્થના લોચા જેવું એ પ્રથમ દેખાયછે. પરંતુ એ પ્રાણી છે અને એને સેંકડો નાના પગ અને ચૂસક નળીઓ છે તેમને તે પોતાના તાંતણાના મધ્ય બિંદુમાંથી ખડકોને ઝાલવાને અથવા આગળ ચાલવાને બહાર કહાડેછે.

સ્ટાર-ફિશ બહુ ખાવરૂં છે. શિકાર પકડવો હોયછે તેવારે તે પોતાના તાંતણાનો પ્યાલાનો આકાર બનાવેછે અને પોતાની ચૂસક નળીઓવતી તેને મજબૂત પકડી રાખેછે. કાલુ નામે જીવપર ઝેરી પ્રવાહી નાંખીને તેમને ઝાલી લેવાની સ્ટાર-ફિશમાં અજાયબ જેવી શક્તિ છે; એ પ્રવાહી નાંખવાને તે સવળું થઈ જાયછે, ઝેરથી કાલુ બેભાન થ-

વાથી પોતાની છીપ બંધ કરી શકતું નથી તેથી સ્ટાર-ફિશ તેને પોતાનાં પડમાં વીંટાળી દઈ ખાઈ જાયછે. સ્ટાર-ફિશ બહુ ઉપયોગી છે, કારણ કે મુએલા અથવા બગડેલા પદાર્થો ખાઈ જઈ કાંઠો ચોખો કરી મૂકેછે, અને તેઓ પુષ્કળ હોવાથી કાંઠાપર નાંખી દીધેલું માંસ એકઠું થવા પામતું નથી. તેમનું જઠર જેટલું મોટું કરવું હોય તેટલું મોટું થાયછે તેથી તેઓ નાના કરચલા અને છીપમાં રહેનારાં પ્રાણીઓને આખાંને આખાં ગળી જઈ શકેછે.

છીપ કે શંખલા.

છીપ કે શંખલા એ માંસરૂપી પ્રાણીઓનાં રૂપાળાં ઘર છે. લોકોને હમેશા તેમનો સંગ્રહ કરી રાખી મેલવાં ગમેછે; અને તેમના અભ્યાસને શંખવિદ્યા કહેછે. પરંતુ ખાલી શંખલાનાં ખરાં નામ માત્ર જાણવા કરતાં જે પ્રાણીઓ પૂર્વે તેમાં રહેતાં તેમને વિષે કાંઈક જ્ઞાન પ્રાપ્ત કરવામાં વધારે રમુજ પડેછે.

શંખલામાં જે પ્રાણી રહેછે તે તેને બનાવેછે. જે "ઝભ્ભા" અથવા ચીકણા પ્રવાહી વિષે આપણે પાછળ કહી ગયા તેવડે એ પ્રાણી પોતાનું શંખલાનું ઘર બનાવેછે. તે જેમ મોટું થતું જાયછે તેમ એ ઝભ્ભાને શંખ ઉપર વીંટાળેછે. પ્રાણી મોટું થાયછે તેમ તે તેને સખ્ત કરી મોટો કરેછે.

બહુ કડકાના, બે કડકાના, અને એક કડકાના, એવા

શંખ કે છીપના વિભાગ કરેલાછે. બહુ કડકાના શંખમાં છીપના ઘણા ભાગ હોયછે; એક કડકાના શંખમાં એક છીપ હોયછે; અને બે કડકાના શંખમાં બે છીપ હોયછે તેમને બડવાં હોઈ એક એકપર વસાયછે; જેમ કોકલ, કાલુ, અને મસ્સલની છીપ વસાયછે તેમ.

એક કડકાની છીપમાં રહેનારૂં પ્રાણી પોતાના ઘરનું બારણું જાડા શિંગડાના જેવા કઠણ ઢાંકણા વતી બંધ કરી શકેછે; બાંગડિયા ગોકળગાયની ઉપર એવું ઢાંકણું હોયછે.

રણશિંગાના ઘાટનો મોટો શંખ. (તખ્તી ૩૦ મી.)

રણશિંગાના ઘાટના મોટા શંખમાં રહેનારા પ્રાણીને શિંગડા જેવું કડણ (બાંગડિયા ગોકળગાયના માથાપર હોયછે તેના જેવુંજ) બારણું હોયછે તેને બંધ કરીને તેમાં તે ભરાઈ રહેછે. એના શંખનો આકાર તુરાઈના જેવો લોકોએ ધાર્યાથી એને એ નામ આપ્યું છે.

બાદશાહી હાર્પવાજાના જેવો શંખ. (તખ્તી ૩૦ મી.)

વિલાયતી હાર્પ વાજાના જેવા શંખ બહુ રૂપાળા હોયછે. આ શંખમાં જે પ્રાણી રહેછે તેને એક મોટો પગ હોયછે તે આગળથી ચપટો અને પાછળથી અણીઆળો હોયછે. એને ત્રણ મૂછ છે અને તેમના તળિયાની થડમાં તેની આંખ છે. એની છીપને "બારણું" કે ઢાંકણું હોતું નથી.



૧. રણશિંગાના ઘાટનો મોટો શંખ. ૨. બાદશાહી હાર્મ વાજાના જેવો શંખ. ૩. સદરહુ શંખની નીચેનો ભાગ. ૪. લડાઈની ટોપીના જેવો શંખ. ૫. ટ્રોક્સ. ૬. મોટો શંખ.

लडाइनी टोपीना जेवो शंख. (તખ્તી ૩૦ મી.)

ટોપીના જેવા શંખનું બાકું લાંબું અને સાંકડું હોયછે તે- માંથી તેમાં રહેનારૂં પ્રાણી પોતાનો મોટો પગ બહાર કહા- ડેછે અને બહારની મેર જ્યાં તેનો પગ અડકેછે ત્યાં તેની મજબૂત અને નક્કર છીપની સપાટીપર લીશી કઠણ પોપડી પાથરેછે. મોટા અને ભારે ટોપીશંખ કેમીઓ* કરવામાં કામ આવેછે. કેમીઓને તેમના જાડા ભાગમાંથી કોરી કહાડેછે. શંખના ધોળા બહારના ભાગમાં ઉપસેલી આકૃતિઓ કોરી કહાડેછે, અને અંદરનો ભાગ બહુધા ગુલાબી અથવા રતુ- મડા ભૂરા રંગનો હોયછે તેને ચિત્રનો ઉપલો ભાગ રાખેછે.

ट्रोकस. (તખ્તી ૩૦ મી.)

ટ્રોકસ શંખમાં રહેનારા પ્રાણીને પુષ્કળ મૂછ હોયછે. એને બે આંખ અને નળીના જેવું મોં હોયછે. મોંને છેડે કાનસ હોયછે તે વડે બીજી છીપોને કોચી તેમાં રહેનારાં પ્રાણીઓને તે ખાયછે.

मोटो शंख. (તખ્તી ૩૦ મી.)

મોટા શંખને સુંદર છાંટવાળી કોર હોયછે.

पाणीमां रहेनारा अति सूक्ष्म जंतु. (તખ્તી ૩૧ મી.)

આ જીવતાં પ્રાણી નરી આંખે દેખાતાં નથી. તેઓ

---

* સપાટ ભોંયમાં ઊપસેલું કોરી કહાડેલું મણી. પહેલાં ગોમેદ કે શિવધાતુ અને પછીથી અકીક વાપરતા.


સૂક્ષ્મદર્શકયંત્ર વડેજ દેખાયછે અને ગંદા પાણીમાં રહેછે. કહેછે કે પાણીના એક ટીંપામાં લાખો જીવ હોયછે !

આ આકારોમાંના કેટલાક (થોડુંક આયોડીન નાંખવાથી) વનસ્પતિ પદાર્થ માલૂમ પડ્યા છે; પરંતુ કેટલાક તો એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાયછે, પોતાનો શિકાર ઝાલી તેને ખાઈ જાયછે, અને કેવળ પ્રાણીઓ છે. તેઓ નરી આંખે દેખાતાં નથી અને નાનાં છિદ્રોનાં બનેલાં છે; અથવા નાનો પોલો કણ હોઈ તેમાં વધારે નાનું છિદ્ર હોયછે અને એ છિદ્રમાં વળી તેનાથી નાનું છિદ્ર હોયછે.

કપૂરકાચલીનાં થોડાંક પાંદડાં અથવા ઘાસની થોડીક ડાંખળીઓની જૂડી બાંધીને પાણી ભરેલા લોટામાં મૂકી બે દહાડાલગી ઉઘાડામાં રહેવા દઈશું તો બીજે દિવસે તેના સપાટીપર ફૂગ વળેલી દેખાશે અને પાણી જાડું અને લીલાશપર જણાશે. એમાંનું એક ટીંપું સોયની અણીપર લઈને સૂક્ષ્મદર્શકયંત્રમાંથી જોઈશું તો તેમાં સેંકડો નાના જંતુઓ નજરે પડશે. જેટલો વખત એ પાણીને રહેવા દઈશું તેટલો વખત દરરોજ નવાં નવાં પ્રાણીઓ દૃષ્ટિએ પડશે; પહેલાંનાં પ્રાણી મરી જઈ તેમને ઠામે નવાં ઉત્પન્ન થાયછે, અને જેઓ છેલ્લાં ઉત્પન્ન થાયછે તેઓ ઘણીજ પૂર્ણ અવસ્થામાં હોયછે.

આ જંતુઓને પાંપણના જેવા ઝીણા વાળ હોયછે. એ

નક્શો ૩૧ મી.



I. સ્ટેન્ટર 2. વોર્ટિસેલ્લા. 3. આમીબા. 4. સાધારણ રોટિફોર. 5. ચાર શિંગડાંવાળાં રોટિફોર. 6. આમીબા રાડિઓસા, પારામીશિયમ, મૂળિયાંના જેવા પગવાળાં પ્રાણી.

વાળ તેમનાં અંગમાંથી ફૂટેલા હોયછે, તથાપિ તેઓ પાણીમાં સારી રીતે હરેફરેછે; એ વતી તેઓ પોતાનો ભક્ષ ઝાલેછે, કારણ કે તેઓ એક એકનો આહાર કરેછે.

સ્ટેન્ટર જંતુ થડને બાઝી આસપાસ અસંખ્ય ઝીણા જંતુઓ ઊડેછે તેમને ઝાલવાને પોતાનાં રણશિંગાના જેવાં પહોળાં મોં લાંબાં કરેછે. એ જંતુઓ તેમનો ખોરાક છે.

વોર્ટિસેલ્લા નાના પ્યાલાના ઘાટનાં હોયછે. તેમનું શરીર નાની નાની ઘૂઘરીઓનું બનેલું હોયછે તેમને તેઓ ખોરાક ઝાલવાને લાંબી કરેછે, અને ભય જણાયછે તેવારે તેમનાં થડનું ગુંછળું વાળી પાછાં હઠેછે.

આમીબા બદલાતાં વાદળાંનાં પાતળાં પડને મળતાં આવેછે.

પારામીશિયમ ખરતા તારાની પેઠે આગળ નીકળેછે.

કેટલાંકના શરીરમાંથી મૂળિયાંની પેઠે તાપપર ધરવાથી વળે એવા કાચની સળીના જેવા તાંતણા નીકળેછે. એ તાંતણા તેમના પગનું કામ કરેછે તેથી કરીને એ પ્રાણીઓને મૂળિયાંના જેવા પગવાળાં કહેછે.

આ મૂળિયાંના જેવા પગવાળાં પ્રાણીઓ કેટલાક સમુદ્રોમાં, વિશેષે કરી હિંદી મહાસાગરમાં, એટલો બધો પ્રકાશ આપેછે કે દરિયાનાં મોજાં અગ્નિ જેવાં દેખાયછે. તેમની નાની છીપો ઘણીજ સુંદર હોયછે અને તેમનો ઘાટ પ્રાચી-


ન ગ્રીક લોકોનાં નકશીદાર વાસણોના જેવો છે અને ચીના લોકોની કોતરણીની નકશીથીએ તેમની નકશી ચઢે.

બાંધ્યા પાણીની ખાઈ કે મોરીઓમાં એવાં લાખો પ્રાણી નજરે પડેછે. જેની પાસે સાધારણ સૂક્ષ્મદર્શક યંત્ર હોય તે આ વાતની સહેલથી ખાતરી કરી શકે; અને એ પ્રાણીઓની ગતિનાં નિરીક્ષા કરવાથી ઘણી રમુજ પડેછે.

सूक्ष्मदर्शक यंत्रमांथी देखाता पदार्थो.(તખ્તી ૩૨ મી.)

સૂક્ષ્મદર્શક યંત્રમાંથી જોતાં પ્રાણીઓની નવી દુનિયા આપણી દૃષ્ટિએ પડેછે. દુનિયામાં લાખો જીવતાં પ્રાણીઓ વસેછે તેમને વિષે નરી આંખે જોઇને આપણે કશું જાણી શકતા નથી; તેમજ જાણીતા પદાર્થોને સૂક્ષ્મદર્શકયંત્રમાંથી જોવાથી જેટલું જ્ઞાન મળેછે તેના મુકાબલામાં જે થોડુંઘણું જોઇને આપણે જાણીએ છીએ તે નહિ જેવું છે. ઉદાહરણ, સાધારણ કરોળીઆનો પગ જુઓ (1) અને તેનો કરવતના જેવો ભયંકર પંઝો તપાસો. વળતી માખીના પગ ભણી દૃષ્ટિ કરો (6).એ પગની રચના કેવી ચતુરાઇથી કરી છે! તે છત ઉપર ચાલેછે, તથાપિ પડી જતી નથી. બ્લોમાખીની ભયંકર જીભ (11), વંદાનો પંઝો (8), કરોળીઆનો ઝેરી દાંત (18), જુઓ, અને માણસ જાતના જોવામાં આવેલી નહિ અને મનમાં શંકાએ આવેલી નહિ એવી ઉત્પાદક શક્તિ અને ચતુરાઇના ચમત્કાર જોઇને તમને તાજુબી લાગ્યા વગર

(નં. 1થી 6-8-11,14 થી 16-18-20-21 એનાં નામ વર્ણનમાં આવ્યાંછે.ત્યાં



નંબર લખ્યાછે તે ઉપરથી ચિત્ર જોઈ લેવાં.) 7. આગીઆનો પગ. 9. કચકડા જેવા-

પતંગિયાનું ઇંડું. 10. નાની પાંખના રાતા પતંગિયાનું ઇંડું. 12. માખીની આંખનો ભાગ. 13. કરોળીઆનું માથું. 17. જળ ચાંચડ. 19. ખુલ્લા ખડકને વળગી રહેતી એક જાતની છીપવાળી માછલીનો દાંત.

રહેશે નહિ. હવે "આપણા માથાના વાળ ગણી શકાયછે" એટલુંજ નહિ, પણ તેમાં અને બીજાં બધાં જનાવરના વાળમાં ફેર પડેછે. એમાંના એક (5) વાળને સેબલના (4), વાગોળના (2), અને કસ્તૂરીમૃગના (3) વાળ જોડે ચમત્કારી સૂક્ષ્મદર્શકયંત્રમાં જોઇને સરખાવો.

નં. ૧૪ (14) અને ૧૫ (15) એ પાણીમાં રહેનારા જે સૂક્ષ્મ જંતુઓ વિષે આપણે પાછળ કહી ગયા તેમાંના નમૂના છે; એ જંતુ મૃષ્ટિમાંના હરકોઈ બીજા પ્રાણીના જેટલાજ રૂપાળા છે. વળી નં. ૧૬ (16) ભણી નજર કરો; એ નાના આસમાની ચિત્રપતંગનાં ભીંગડાંમાંનું એક ભીંગડું છે; પાંખને હાથ લગાડોછો તેવારે રજ ચોંટેછે તેની પેઠે પુષ્કળ ભીંગડાં તમારી આંગળીએ વળગી આવેછે. તથા ખાંગડાધાટી ગોકળગાય અને વ્હેલ્કના દાંત જુઓ (20-21). ઇશ્વરે ઉત્પન્ન કરેલું દરેક પ્રાણી તેના વર્ગનાં પ્રાણીઓમાં રૂપાળું અને પરિપૂર્ણ છે એવું તમે કબૂલ કરશો.

આ ચમત્કારોના લેશમાત્રની યોજના માણસથી થઈ શકત નહિ.

વળી પ્રાણીઓની ગરજો, સલામતી, અને સુખને અર્થે સૃષ્ટિકર્ત્તાએ કેવી સંભાળથી તજવીજ કરેલી છે! તેમના વર્ગ નિયમસર ગોઠવેલા છે અને એક એકની જોડે સાંકળી સર્વેને માથે માણસને મૂક્યો છે. માણસને તેના ઊંચા પ્રકારના જાતિ સ્વભાવની નિશાની દાખલ વાચાની

બક્ષીસ કરેલી છે. હરકોઈ બીજા પ્રાણીની બક્ષીસથી એ બક્ષીસ વધારે અદ્ભૂત છે; અને તેને અમર× આત્મા આપ્યોછે તેને લીધે પ્રાણી માત્રનો રાજા થવાને તે લાયક છે.

×ખ્રીસ્તી લોકોનું માનવું એવું છે કે માણસ સિવાયના બીજા પ્રાણીઓને આત્મા નથી.

ત્રીજો ભાગ સમાપ્ત.

ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીનાં વેચવાનાં પુસ્તકોની યાદી.

નીચે લખેલાં પુસ્તકોમાંથી પચીસ રૂપિઆનાં અથવા તેથી વધારે કીમતનાં રોકડી કીમતે સામટાં લેનારને સેકડે વીશ ટકા પ્રમાણે કમીશન તથા બુકપોસ્ટનું ટપાલ ખર્ચ આપવામાં આવશે. અને ઓછામાં ઓછાં દશથી પચીસ રૂપિઆનાં રોકડેથી સામટાં લેનારને દશાંશ કમિશન તથા બુકપોસ્ટનું ટપાલખર્ચ આપવામાં આવશે. પણ ટપાલમાં મોકલતાં ગેરવલ્લે પડે અથવા કંઇ જોખમ થાય તે મગાવનારને શીર છે. દરેક પાકીટ પોસ્ટઓફિસમાં પહોંચાડ્યાની પહોંચ દાખલ અરધા આનાની ટીકીટ ઉપર પોસ્ટઓફિસની છાપ લેવામાં આવેછે. માટે મગાવનારે તે બાબતનો અરધો આનો વધારે મોકલવો. પૂરેપૂરાં નાણાં પ્રથમથી આવ્યા સિવાય પુસ્તકો મોકલવામાં આવશે નહિ. પોસ્ટની ટીકીટો વગેરે અવેજ મોકલનારે અમને પહોંચતા સુધી પોતાને જોખમે મોકલવો. પોસ્ટની ટીકીટોમાંથી રૂપિએ અરધો આનો વટાવનો કાપી લેવામાં આવશે. નાટપેડ પત્ર લેવામાં નહિ આવે.

મનિઓરડરો, પોસ્ટલ નોટો, અને આ સંબંધી કામકાજના સઘળા કાગળ પત્રો નીચે સહી કરનારના નામના મોકલવા. એક વખત વેચેલું પુસ્તક પાછું લેવામાં નહિ આવે.

ગૂ. વ. સોસાઇટીની ઓફિસ. અમદાવાદ, તા૦ ૨૫ મી માહે જાન સને ૧૮૯૫.	કૃપાશંકરદોલતરામત્રવાડી. આસિ. સેક્રેટરી, ગૂ. વ. સોસાઇટી.

	કીમત.	પોસ્ટેજ.
૧. ઉત્સર્ગમાળા. (ગૂજરાતી ભાષાના શબ્દો કેવી રીતે થયા તેની સમજુતી.)	૦-૮-૦	૦-૧-૦
૨. અંગઉધારનો ઝઘડો. (કવિતા)... ...	૦-૦-૪	૦-૦-૬
૩. કથનાવળી એટલે કેહેવતો. (૧૮૦૦ કેહેવતો છે.)	૦-૪-૦	૦-૧-૦
૪. કવિતાવિલાસ અથવા ફારબસવિલાસ	૦-૧૨-૦	૦-૧-૦
૫. કીમિયાગર ચરિત્ર...	૦-૮-૦	૦-૧-૦
૬. કેફી વસ્તુનું વર્ણન...	૦-૫-૦	૦-૧-૦
૭. ગરબાવળી...	૦-૧-૦	૦-૦-૬
૮. ગૂજરાતી ભાષાનો ઇતિહાસ.......	૦-૫-૦	૦-૧-૦
૯. ગુજરાતના ભીખારી વિશે નિબંધ...	૦-૫-૦	૦-૧-૦
૧૦. ગુજરાતનો ઉત્કર્ષ થવાનાં સાધન...	૦-૮-૦	૦-૧-૦
૧૧. જમણવાર વિશે નિબંધ...	૦-૮-૦	૦-૧-૦
૧૨. જાદવાસ્થળી. (કવિતા)...	૦-૦-૬	૦-૦-૬
૧૩. તાર્કિકબોધ...	૦-૪-૦	૦-૧-૦
૧૪. વૈદસદ્દર્પણ, એટલે જોષીઓનું સાચ જૂઠ દેખાડી આપનારી આરસી...	૦-૫-૦	૦-૧-૦
૧૫. પુનર્વિવાહ પ્રબંધ.	૦-૫-૦	૦-૧-૦
૧૬. ફારબસ વિરહ. (કવિતા)........	૦-૧-૦	૦-૦-૬
૧૭. બાળવિવાહ નિબંધ......	૦-૪-૦	૦-૧-૦
૧૮. બુદ્ધિપ્રકાશ પુસ્તક ૨જું, ૩જું, ૪થું, દરેક પુસ્તકના...	૧-૦-૦	૦-૧-૬
૧૯. " " ૧૧મું. અને ૧૨મું દરેકના.	૧-૨-૦	૦-૨-૦

૨૦. ભિક્ષુક વિષે નિબંધ............	૦-૮-૦	૦-૧-૬
૨૧. ભૂત નિબંધ...	૦-૬-૦	૦-૧-૦
૨૨. માતપિતાની સ્તુતિ (કવિતા)... ...	૦-૦-૪	૦-૦-૬
૨૩. મિથ્યાભિમાન નાટક	૦-૭-૦	૦-૧-૦
૨૪. રાજ્યવિદ્યાભ્યાસ...	૦-૧-૦	૦-૦-૬
૨૫. રાણીજીના છંદ (કવિતા)...	૦-૦-૩	૦-૦-૬
૨૬. લક્ષ્મી નાટક...	૦-૩-૦	૦-૧-૦
૨૭. વચન વિવેકબાવની (કવિતા)......	૦-૦-૬	૦-૦-૬
૨૮. વિદ્યાબોધ.	૦-૪-૦	૦-૧-૦
૨૯. શામળ શતસાહી (કવિતા શામળ ભટની)...	૦-૩-૦	૦-૧-૦
૩૦. સંપ લક્ષ્મી સંવાદ...	૦-૧-૬	૦-૦-૬
૩૧. સ્ત્રીસંભાષણ એટલે ગુજરાતી બાઈડીઓની વાતચીતનું વર્ણન.	૦-૨-૦	૦-૦-૩
૩૨. સ્ત્રીનીતિધર્મ...	૦-૮-૦	૦-૧-૬
૩૩. હુન્નરખાનની ચઢાઈ (કવિતા)......	૦-૧-૦	૦-૦-૬
૩૪ જ્ઞાતિ નિબંધ	૦-૬-૦	૦-૧-૦
૩૫. કરૂગરબાવળી. (કવિદલપતરામકૃત)	૦-૬-૦	૦-૧-૦
૩૬. ફ્રાન્સદેશ માંહેલી રાજ્યની ઉથલ-પાથલનો ઇતિહાસ...	૦-૧૨-૦	૦-૨-૦
૩૭. ખેતીવાડીના સુધારા વિષે નિબંધ.	૦-૧૨-૦	૦-૨-૦
૩૮. ખેડુત, કારીગરો, અને મજુર વગેરે મહેનતુ લોકોને પૈસા સંગ્રહ કરવાની જરૂર, અને તે રાખવાને સેવિંગ		

(ઉપરનાં પુસ્તકોના ગ્રંથસ્વામીત્વના સર્વ હક ગૂ. વ. સોસાઇટીએ સ્વાધીન રાખેલાછે.)

बुद्धिप्रकाश.

ઉપલા નામનું મોટાં ૨૪ પૃષ્ટનું માસિક ચોપાનિયું ગૂ. વ. સોસાઇટીની તરફથી દરમાસે પ્રગટ થાયછે. એમાં વિદ્યા, હુન્નર, સુનીતિ, સંસારસુધારો, અને બીજા ઉપયોગી અને મનોરંજક ગદ્યપદ્યના વિષયો દાખલ કરવામાં આવેછે. એનું વાર્ષિક મૂલ્ય રૂ૧-૮-૦ તથા ટપાલ ખર્ચના રૂ૦-૩-૦ મળી રૂ૧-૧૧-૦ છે. ગ્રાહક થવા ઇચ્છનારે "બુદ્ધિપ્રકાશના મેનેજર" ના નામથી લવાજમ પોસ્ટેજના પૈસા મોકલી લખવું. લવાજમ પ્રથમથીજ લેવાનો રિવાજ છે. દશ અને તેથી વધારે ચોપાનિયાં સામટાં મંગાવનારને સેંકડે દશ ટકા પ્રમાણે કમિશન તથા ટપાલખર્ચ સોસાઇટી તરફથી આપવામાં આવશે.

૧૧ માણસોએ વેચવા મૂકેલાં પુસ્તકોની યાદી.

નીચે લખેલાં પુસ્તકોનું ટપાલખર્ચ કે કમિશન કાંઇ પણ આપવામાં આવશે નહિ. એ સિવાયના સોસાઇટીનાં પુસ્તકો વેચવાના બીજા બધા નિયમો પ્રમાણે આ પુસ્તકો વેચવામાં આવેછે.

૧ અર્થશાસ્ત્ર	...૧-૦-૦	૦-૩-૦
૨. આર્યસદુપદેશ... ...	...૦-૪-૦	૦-૦-૬
૩. આર્યોત્કર્ષ તથા વિક્રમોદય નાટક	...૦-૯-૦	૦-૧-૦
૪. પારસી પ્રકાશ. ભાગ ૧ થી ૫ સુધી. દરેક ભાગનો...	...૧-૦-૦	૦-૨-૦
૫. પ્રબોધ ચંદ્રોદય નાટક... ...	...૧-૪-૦	૦-૨-૦
૬. જોર્જ વાશિંગટન અને વિલિયમ ટેલનાં ચરિત્ર... ...	...૧-૦-૦	૦-૨-૦
૭. ઇંગ્લાંડની મુસાફરી. (રા.સા.મ.રૂ.કૃત.)	૦-૧૨-૦	૦-૧-૬
૮. પાર્વતીકુંવર આખ્યાન. (")	૦-૪-૦	૦-૦-૬
૯. વનરાજચાવડો. (")	૧-૮-૦	૦-૨-૬
૧૦. સાસુ વહુની લડાઇ- (")	૧-૦-૦	૦-૨-૦
૧૧. કુરગારામ ચરિત્ર. (")	૦-૮-૦	૦-૨-૦
૧૨. ભવાઇસંગ્રહ. (")	૧-૮-૦	૦-૩-૦
૧૩. સધરાજેશંગ. (")	૧-૪-૦	૦-૨-૬
૧૪. ટુંકીકહાણીઓ. ભાગ ૧લો.(")	૦-૮-૦	૦-૧-૦
૧૫. એજન ભાગ ૨ જો. (")	૦-૮-૦	૦-૧-૦
૧૬. બોધવચન. (")	૦-૨-૦	૦-૦-૬

૧૭. ઉત્તર રામચરિત્ર નાટક (મ. ન.)...	૧-૮-૦	૦-૦૧-૦
૧૮. કાન્તા. (નાટક.) ... ... (")...	૦-૧૨-૦	૦-૧-૬
૧૯. માલતી માધવ નાટક (")...	૨-૮-૦	૦-૨-૬
૨૦. પ્રતાપ નાટક .. ...(ગ. રા.) ...	૧-૮-૦	૦-૩-૦
૨૧. સંપ વિજય (કવિતા.)... ...	૦-૬-૦	૦-૧-૦
૨૨. ખાંડ બનાવવા વિષે નિબંધ ...	૦-૪-૦	૦-૦-૬
૨૩. એડાવાળ દોષદર્શક...	૦-૪-૦	૦-૦-૬
૨૪. સ્વપરાક્રમ	૦-૮-૦	૦-૧-૦
૨૫. દ્રવ્ય તથા રૂપાના મૂલ્યની ન્યૂનતા વિષે ભાષણો...	૩-૦-૦	૦-૩-૬
૨૬. પ્રેમરાય નાટક...	૦-૮-૦	૦-૧-૦
૨૭. રાસમાળા ભાગ ૧ લો (ર. ઉ.) ..	૭-૮-૦	૦-૫-૦
૨૮. " " ૨ જો. (") ...	૭-૮-૦	૦-૫-૦
૨૯. દેશીરાજ્ય અને મનુસ્મૃતિ માંહેનો રાજ-નીતિસાર (મ. સુ.)	૦-૮-૦	૦-૧-૦
૩૦. કરસનદાસ અનેતત્સંબંધમાંવિચાર,,	૦-૬-૦	૦-૧-૦
૩૧. ફારબસજીવનચરિત્ર... (") ...	૦-૧૨-૦	૦-૧-૬
૩૨. અસ્તોદય,-નળદમયંતિ (") ...	૦-૧૨-૦	૦-૧-૬
૩૩. મુક્તગોકુળજીઝાલા અને વેદાંત (")	૧-૦-૦	૦-૩-૦
૩૪. સેલ્ફ હેલ્પ સ્ટ્રક્ચર	૦-૨-૦	૦-૦-૬
૩૫. મોહકાવળી	૦-૪-૦	૦-૧૧-૦
૩૬. બ્રહ્મઆરાધના	૦-૪-૦	૦-૧-૦
૩૭. વ્યભિચાર નિષેધબાવની ...	૦-૫-૦	૦-૧-૦
૩૮. માલવિકાગ્નિમિત્રનાટક (રણ. ઉદ.)	૧-૪-૦	૦-૧-૬

	વિક્રમોર્વશી ત્રોટક (") ...	...૧-૮-૦	૦-૨-૬
૪૦.	નળદમયંતિ નાટક (") ...	...૦-૮-૦	૦-૧-૬
૪૧.	લઘુસિદ્ધાંત કૌમુદી, ગૂ.ટીકાસાથે(")	૫-૦-૦	૦-૫-૦
૪૨.	હરિશ્ચંદ્ર નાટક ... (")	...૧-૮-૦	૦-૨-૬
૪૩.	" સાર (") ...	...૦-૧-૦	૦-૦-૬
૪૪.	લલીતાદુઃખદર્શક નાટક (,,)	...૦-૮-૦	૦-૧-૬
૪૫.	સંગીત લલીતા દુઃખદર્શક નાટક(,,)	૦-૮-૦	૦-૧-૦
૪૬.	પ્રેમરાય ને ચારૂમતિ નાટક.(")	૦-૧૨-૦	૦-૧-૬
૪૭.	મદાલસા અને રૂતુધ્વજ. (")	૦-૮-૦	૦-૧-૬
૪૮.	બર્થોલ્ડ... ... . (")	૦-૮-૦	૦-૧-૦
૪૯.	બાણાસુર મદમર્દન (ઓખાહરણ નાટક) ... ...(")	૦-૧૨-૦	૦-૧-૬
૫૦.	જયકુમારી વિજયનાટક. ...(")	૦-૧૨-૦	૦-૧-૬
૫૧.	પંચદશી ૧૫ પ્રકરણ પૂરાં, બે ભાગ. હિંદુસ્તાની ટીકાસાથે (શ. સા.)	૧૫-૦-૦	૦-૧૨-૦
૫૨.	" પ્રથમ પ્રકરણ—(")...	૦-૧૨-૦	૦-૨-૦
૫૩.	" પ્રથમ તથા પાંચમું (")	૧-૦-૦	૦-૨-૦
૫૪.	પંચદશી મૂળમાત્ર સંસ્કૃત. (")	૦-૧૨-૦	૦-૨-૦
૫૫.	ઇશાદ્યષ્ટોપનિષદ ... (")	૪-૦-૦	૦-૬-૦
૫૬.	યોગવાશીષ્ઠ, બે પ્રકરણ (")	૦-૧૪-૦	૦-૨-૦
૫૭.	શ્રીવિચારચંદ્રોદય ... ...(")	૦-૧૦-૦	૦-૧-૬
૫૮.	૧૦૦૦ વરસનું પંચાંગ— (")	૦-૪-૦	૦-૦-૬
૫૯.	શ્રીસટીકબાળબોધ વેદાંતી(")	૧-૦-૦	૦-૨-૦
૬૦.	રસીકરૂપકાવ્ય ભાગ ૨ જો. ...	૦-૨-૦	૦-૦-૬

૬૧. વનિતાવિયોગ	૦-૪-૦	૦-
૬૨. વહેમ ખંડન ગ્રંથ	૦-૩-૦	૦-૦-૬
૬૩. આર્યદેશજનતા	૦-૧૨-૦	૦-૧-૦
૬૪. મલ્હારવિરહશતક (ક. દ. ડા.) ...	૦-૨-૦	૦-૦-૬
૬૫. દરજીની અરજી (")	૦-૧-૦	૦-૦-૬
૬૬. વેદાંતસારસંગ્રહઅનેતત્વબોધ(")	૦-૨-૦	૦-૦-૬
૬૭. શ્રવણાખ્યાન (હિંદુસ્તાની) (")	૧-૦-૦	૦-૧-૬
૬૮. વેન ચરિત્ર... ... ...(")	૧-૦-૦	૦-૧-૬
૬૯. દલપતકાવ્ય... ... ...(")	૬-૦-૦	૦-૧૨-૦
૭૦. રેલનો ભયંકર ખેલ. (ક. ર. ગ.)	૦-૧-૦	૦-૦-૬
૭૧. અશૌચ નિર્ણય. (")... ...	૦-૪-૦	૦-૧-૦
૭૨. પ્રાકૃત એકાદશી મહાત્મ્ય (")	૧-૦-૦	૦-૨-૦
૭૩. દેવી મહાત્મ્ય... ... ..(")	૦-૧૨-૦	૦-૧-૦
૭૪. કાવ્યસુધા. ... ...(")	૧-૧૨-૦	૦-૩-૦
૭૫. સ્વદેશહિતદર્શક	૦-૬-૦	૦-૧-૦
૭૬. વિનાશકાળેવિપરિતબુદ્ધિનાટક(કે.ન.કા.)	૦-૮-૦	૦-૧-૦
૭૭. નિંદાખાનું ... ...(")	૦-૧૦-૦	૦-૧-૬
૭૮. હાજરજવાબી પ્રધાનની વાર્તા ...	૦-૮-૦	૦-૧-૦
૭૯. લીલાવતીની કથા.	૦-૧૨-૦	૦-૧-૬
૮૦. જાદુકપટ પ્રકાશ પુસ્તક ૧ લું ...	૨-૮-૦	૦-૩-૦
૮૧. " " " ૨ જું ...	૩-૦-૦	૦-૩-૦
૮૨. " " " ૩ જું ...	૨-૦-૦	૦-૩-૦
૮૩ અક્ષરમાળા	૦-૮-૦	૦-૧-૦
૮૪. ભક્તિ ભાસ્કર ગ્રંથ	૦-૬-૦	૦-૧-૦

	પેહેલીચોપડી(વેદધર્મસભાની)ચિત્રોસાથે	૦-૧-૦	૦-૦-૬
૮૬.	વસંતતિલકાખ્યાન	૧-૦-૦	૦-૧-૬
૮૭.	વૈતાળપચીશી...	૧-૦-૦	૦-૧-૬
૮૮.	શીવસાર સંગ્રહ	૧-૦-૦	૦-૧-૬
૮૯.	ઉદીચ્ય પ્રકાશ	૧-૦-૦	૦-૨-૬
૯૦.	ચાવડા ચરિત્ર	૦-૬-૦	૦-૧-૦
૯૧.	ભોળાભીમની વાર્તા ...	૦-૩-૦	૦-૦-૬
૯૨.	આર્યદુઃખદર્શક	૦-૪-૦	૦-૦-૬
૯૩.	પ્રિયા-પ્રેમદર્શક	૦-૮-૦	૦-૧-૦
૯૪.	નૃસિંહ નાટક	૧-૦-૦	૦-૧-૦
૯૫.	પૃથિરાજ ચહુઆણ ...	૧-૦-૦	૦-૧-૬
૯૬.	બુદ્ધિ અને રૂઢીની કથા	૦-૧-૬	૦-૦-૬
૯૭.	કોયડા સંગ્રહ	૦-૬-૦	૦-૧-૦
૯૮.	સંયોગ જન્યરોગ...	૧-૧૨-૦	૦-૨-૬
૯૯.	શીરસ્તેદાર	૦-૬-૦	૦-૧-૦
૧૦૦.	મનુસ્મૃતિ. (ગૂજરાતી)	૪-૮-૦	૦-૪-૬
૧૦૧.	અભિજ્ઞાન શકુંતલા નાટક. ...	૧-૮-૦	૦-૩-૦
૧૦૨.	યોગતત્વ	૦-૧-૬	૦-૦-૯
૧૦૩.	પુસ્તકમાળાનો સંગ્રહ ભાગ ૧ લો	૦-૪-૦	૦-૧-૦
૧૦૪.	સુબોધચિંતામણી	૦-૧૫-૦	૦-૧-૬
૧૦૫.	સર્વોપયોગી સૂચના દ્વિતીયખંડ	૦-૮-૦	૦-૧-૦
૧૦૬.	ગૂ. ભાષાનું વ્યાકરણ,(લા.ઉ.અને હ.દ)	૧-૪-૦	૦-૨-૦
૧૦૭.	સ્ત્રીના નીતિ ધર્મ	૦-૫-૦	૦-૧-૦
૧૦૮.	સ્ત્રીમિત્ર...	૦-૮-૦	૦-૧-૦

૧૦૯. સિકંદરનામું	...૧-૪-૦	૦-
૧૧૦. હુન્નર રત્નાકર	...૧-૧૪-૦	૦-૩-૬
૧૧૧. કાવ્ય કૌસ્તુભ પ્રથમ ભાગ.	...૧-૦-૦	૦-૨-
૧૧૨. માંગલીક ગીતાવળી ...	...૦-૬-૦	૦-૨-૦
૧૧૩. ભાવીવિલાસ	...૦-૧-૬	૦-૧-૦
૧૧૪. જ્ઞાનબોધ નિર્વાણ કીર્તનાવળી	...૧-૦-૦	૦-૨-૦
૧૧૫. સ્ત્રીધર્મનીતિ (રમાબાઇ કૃત.)	...૧-૪-૦	૦-૨-૬
૧૧૬. બાળરોગ ચિકિત્સા ...	...૧-૦-૦	૦-૪-૦
૧૧૭. કાદંબરી.	...૨-૮-૦	૦-૫-૦
૧૧૮. કજોડા દુઃખદર્શક નાટક ...	...૧-૮-૦	૦-૨-૦
૧૧૯. કૃષ્ણ વિરહ	...૦-૪-૦	૦-૦-૬
૧૨૦. અજીર્ણ મંજરી	...૦-૨-૦	૦-૦-૬
૧૨૧. કચ્છમહોદય	...૦-૪-૦	૦-૦-૬
૧૨૨. મુસલમાની સેહ્‌લું	...૧-૦-૦	૦-૨-૬
૧૨૩. લલીત લલના	...૦-૫-૦	૦-૧-૦
૧૨૪. શ્રવણપિતૃભક્તિ નાટક	...૦-૧૦-૦	૦-૧-૬
૧૨૫. ખજાને હુન્નર.	...૧-૪-૦	૦-૧-૬
૧૨૬. મિત્રતા વિશે નિબંધ	૦-૬-૦	૦-૧-૦
૧૨૭. સુખદુઃખ વિશે નિબંધ... ...	૦-૫-૦	૦-૧-૬
૧૨૮. દ્રષ્ટાંત ચિંતામણી ...	...૦-૧૦-૦	૦-૧-૬
૧૨૯. પ્રશ્નોત્તર વ્યાકરણ ...	... ૦-૫-૦	૦-૦-૬
૧૩૦. ગૂજરાત રાજસ્થાન. ...	... ૮-૦-૦	૦-૬-૦
૧૩૧. ચંદ્રહાસનું આખ્યાન....	... ૦-૫-૦	૦-૧-૦
૧૩૨. પ્રેમાનંદ કૃત રણયજ્ઞ ...	... ૦-૫-૦	૦-૧-૦

.૩. તોમેહુનમુહ.	૧-૮-૦	૦-૨-૦
૧૩૪. પતિવ્રતા સ્ત્રી. (ગુણસુંદરી.)...	૦-૬-૦	૦-૧-૦
૧૩૫. બ્રિટિશહિંદુસ્તાન	૦-૧૩-૦	૦-૧-૬
૧૩૬. મુંદ્રા અને કુલિન... ...	૧-૦-૦	૦-૨-૦
૧૩૭. વાયુચક્રશાસ્ત્ર.	૪-૦-૦	૦-૪-૦
૧૩૮. શ્રીપદાર્થમંજુષા (વેદાંતનું) ...	૪-૦-૦	૦-૬-૦
૧૩૯. વિચારમાળા. (")	૦-૪-૦	૦-૧-૬

कलकत्तेथी आवेलां संस्कृत पुस्तको.

काव्य संग्रह भाग १ लो.	१—०—०	०—१—६
" " २ जो.	१—०—०	०—१—६
कीरातमूळ.	०—४—०	०—१—०
केनोपानिषद्.	०—२—०	०—०—६
द्रव्यगुण.	१—०—०	०—१—६
परिभाषा प्रदीप....	०—८—०	०—१—०
पाण्डवगीता, भाष्यटीका स.	०—४—०	०—१—०
पिंगळ.	१—०—०	०—१—६
प्रश्नउपनिषद्.	०—६—०	०—१—०
भाषापरीच्छेद.	०—६—०	०—१—०
माण्डुक्योपानिषद...	१—०—०	०—१—६

मुग्धबोध.	....	०—८—०	०—१
मुणुउपानिषद्.	....	०—३—०	०—०—
मुद्राराक्षस.	....	०—१२—०	०—१—
मेदिनीकोष.	....	१—०—०	०—१—६
रत्नावळी.	....	१—०—०	०—१—६
वाभट.	....	१—०—०	०—१—६
शब्द शक्ति प्रकाशिका.		१—०—०	०—१—६
शारंधर.	....	१—०—०	०—१—६
सवदर्शन संग्रह	....	१—०—०	०—१—०
सूर्यशतकम्मयुरभट्ट कृत		०—२—०	०—०—६
,, गोपाळ ,,		०—१—०	०—०—६
हितोपदेश.	....	०—८—०	०—१—०